॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥





સદ્ગુરુશ્રી ઇમામશાહ મહારાજની દિવ્યવાણી આધારિત

શ્રી સત્પંથ નવનીત

-: પ્રકાશક :-

સત્પંથ પ્રકાશન સમિતિ

સત્પંથ પ્રેરણા પીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જી. અમદાવાદ - ૩૮૨૪૨૫.

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમ : ॥

ૐ



સદ્‌ગુરુશ્રી ઇમામશાહ મહારાજની દિવ્યવાણી આધારિત

શ્રી સત્‌પંથ નવનીત

-: પ્રકાશક :-

સત્‌પંથ પ્રકાશન સમિતિ

સત્‌પંથ પ્રેરણા પીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જી. અમદાવાદ - ૩૮૨૪૨૫.

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

સદ્‌ગુરુશ્રી ઇમામશાહ મહારાજની દિવ્યવાણી આધારિત

શ્રી સત્‌પંથ નવનીત

-: પ્રેરક :-

પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ

શ્રી સત્‌પંથ પ્રેરણાપીઠ - પીરાણા.



-: પ્રકાશક :-

સત્‌પંથ પ્રકાશન સમિતિ

સત્‌પંથ પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ - ૩૮૨૪૨૫.

પ્રકાશન :-
શ્રી સત્પંથ પ્રકાશન સમિતિ,
શ્રી સત્પંથ પ્રેરણાપીઠ, પીરાણા,
તા. દસક્રોઈ, જિ. અમદાવાદ-૩૮૨ ૪૨૫.
ફોન નં. : (૦૨૭૧૮) ૨૮૮૨૨૭, ૨૮૮૨૨૯

શ્રી સત્પંથ નવનીત

પ્રથમ આવૃત્તિ :- સં. ૨૦૬૬, અષાઢ સુદ-૧૫,
તા. ૨૫-૦૭-૨૦૧૦, રવિવાર. - પ્રત - ૧૫૦૦
દ્વિતીય આવૃત્તિ :- સં. ૨૦૬૯, અષાઢ સુદ-૧૫,
તા. ૨૨-૦૭-૨૦૧૩, સોમવાર. - પ્રત - ૧૫૦૦

પ્રેરક : પ.પૂ. જગદ્‌ગુરૂ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
શ્રી સત્પંથ પ્રેરણાપીઠ - પીરાણા.

મૂલ્ય : રૂા.

મુદ્રક : - સ્મૃતિ ઓફસેટ,
જી/૧૨, ન્યુ માધુપુરા માર્કેટ, પોલીસ કમિશ્નર કચેરી પાસે,
શાહીબાગ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૬૨૪૩૯૦/૯૨

અનુક્રમણિકા

॥ ॐ श्री निष्कलंकी नारायण जनार्दनाय ॥

કલિયુગ પ્રમાણ = ૪,૩૨,૦૦૦ વર્ષ
અવતાર કાર્ય = ૪,૩૨,૦૦૦ વર્ષ
પ્રાધાન્યભૂત વેદ = અથર્વવેદ
કલિયુગમાં પ્રધાનપદે = શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન



हनिष्यति कलेरंते म्लेच्छोतुरंगवाहनः। धर्म संस्थापनार्थाय तस्मै कल्क्यात्मने नमः ॥

પંચરત્ન ગીતા-૧૦

ભાવાર્થ : ધર્મની થયેલી હાની પછી ધર્મની પુનઃ સ્થાપના માટે કલિયુગને અંતે અશ્વારૂઢ થઈને જે અવતાર ધારણ કરશે તે શ્રી નિષ્કલંકી ભગવાનને હું નમસ્કાર કરું છું.


realpatidar.com
અથર્વવેદ આધારીત
સત્પંથ વારિયજ્ઞ
તેતરીસ કરોડ દેવો
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ
આદ્ય-શક્તિ
realpatidar.com

"ओम - दर्शन"




त्रयः सुपर्णास्त्रिवृता यदायन्नेकाक्षरभिसंभूय शक्राः ।
प्रत्यौहन्मृत्युममृतेन साकमन्तर्दधाना दुरितानि विश्वा ॥

(अथर्ववेद : कांड;-५, सू.-२८, मं.-८)

जब समर्थ तीन सुवर्ण तिहरे होकर एक अक्षर में सब प्रकार मिलकर रह रहे हैं । वे अमृत के साथ सब अनिष्टों को मिटाकर मृत्यु को दूर करते है।

तीन बड़ी शक्तियाँ है जो एक अक्षर (ॐ) में रहती हैं । उस अमृत से सब अनिष्ट दूर होते है और मृत्यु का भी भय नहीं रहता है । एक अक्षर ओम् में अ-उ-म् रूपी तीन महा शक्तियाँ निहित है । ये अकार, उकार व मकार रूपी तीन शक्यिाँ है, जो तीन अक्षर यज्ञोपवीत के तीन सूत्र समजने चाहिए । इन तीनों के संयोग से ओंकार रूपी महानाद उत्पन्न होता है । ये तीन अक्षर-तीन अवस्थाए जाग्रत स्वप्न व सुषुप्ति के प्रतिक हैं । जो मानव जीवन में व्याप्त है । ओंकार नाद से आनन्द की अनुभूति करनी चाहिए और मन की एकाग्रता बढ़ानी चाहिए । स्थिर बुद्धि से किये गये पुरुषार्थ अनिष्ट से बचातें हैं और मृत्यु नहीं होने देते हैं ।



एतद् वै विश्वरूपम् सर्वेरूपम् गोरूपम् ॥२५॥ (अथर्व. : कांड.-९, सू.,-१२, मं.-२५)

अर्थ : (एतत् वै गोरुपं) यह निःसन्देह गौ का रूप है, यही (विश्वरुपं सर्वरुपं) गौ का विश्व रूप और सर्व रूप है॥ ॥२५॥

वशा घौर्वशा पृथिवी वशा विष्णुः प्रजापतिः ।
वशाया दुग्धमपिबन्त्साध्या वसवश्च ये ॥३०॥ (अथर्व. : कांड.-१०, सू.-९, मं.-३०)


अर्थ : (वशा घौः) वशा घौ है, (वशा पृथिवी) वशा ही पृथिवी है, (वशा प्रजापति विष्णुः) वशा ही प्रजापालक विष्णु है। (ये साध्याः वसवः च) जो साध्य और वसु है, वे - (वशायाः दुग्ध अपिबन्) वशा गौका दूध पीते हैं ॥३०॥

वशाया दुग्धं पीत्वा साध्या वसवश्च ये ।
ते वै ब्रध्नस्य विष्टपि पयो अस्या उपासते ॥३१॥ (अथर्व. : कांड.-१०, सू.-९, मं.-३१)

अर्थ : (ये साध्याः वसवः च) जो साध्य और वसु है वे (वशायाः दुग्धं पीत्वा) वशा गौका दुध पीकर पश्चात् (ते वै ब्रध्नस्य विष्टपि) वे स्वर्ग के स्थान में (अस्याः पयः उपासते) विष्णुः इसके दूधकी प्राप्ति करते है ॥३१॥



realpatidar.com
કર્તાયુગેશ્રી મ.ક.વ.શ્રી નરસિંહ
સત્ પંથ ધર્મ ઋગ્વેદે પ્રવર્તતે.
ॐ
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...
ત્રેતા યુગે શ્રી વા.પ.શ્રી.રામ
સત્ પંથ ધર્મ યજૂર્વેદે પ્રવર્તતે.
દ્વાપર યુગે શ્રી કૃષ્ણ, બુધ્ધ
સત્ પંથ ધર્મ સામવેદે પ્રવર્તતે.
કલિયુગે શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ
સત્પંથ ધર્મ અથર્વવેદે પ્રવર્તતે.
શ્રી આધશક્તિ
त्रि देव ज्योति दर्शन
તેત્રીસ કોટી દેવતાઓ
॥ શ્રી નિષ્કલંકી નારાયણ નું આસન ॥
महा यज्ञ पूजार्यै अथर्ववेदी मोक्षलम
जांबुद्विपे कुवारीका क्षेत्रे
પૂજાની ગાદી
સત્યમેવ જયતે
ઘટ પાટ
શ્રી૧ા
શ્રી૧૦૮
realpatidar.com


સદ્ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ
સદ્ભક્તોને દિવ્યજ્ઞાનનો ઉપદેશ આપે છે.



॥ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ॥

બ્રહ્મ આશિષ



પ.પૂ. બ્રહ્મલીન જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ

'શ્રી સત્‌પંથ નવનીત' સર્વમાં લોકપ્રિય અને ઉપયોગી બને એવી અંતરની બ્રહ્મ અભિલાષા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સત્‌પંથ પ્રકાશન સમિતિને આવા ધર્મપ્રવણ સાહિત્ય પ્રકાશનને માટે શક્તિમાન બનાવે એ જ મારા સપ્રેમ બ્રહ્મ આશીર્વાદ.....

શુભ આશીર્વાદ



પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
પ્રેરણાપીઠ - પીરાણા

વહાલા ભાવિક ભક્તજનો.....

વેદ પરમેશ્વરની અમરવાણી છે. વેદ દ્વારા શાસ્ત્રો અને પુરાણો જેવાં ધાર્મિક સાહિત્યોની રચના થઈ. ધાર્મિક સાહિત્યો દ્વારા મનુષ્યને સાંસારિક અને આત્મિક આ બંને પ્રકારનાં શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ધર્મશાસ્ત્રોનો અભ્યાસ મનુષ્ય માત્રને દુષ્કર્મોથી દૂર રાખી જીવનને શાંત-પવિત્ર બનાવી આત્મ કલ્યાણના સુપથ પર લઈ જાય છે. આપણું મન વ્યાકુળ બને છે ત્યારે ધાર્મિક ગ્રંથો મનને સચેત કરી શ્રેષ્ઠ માર્ગદર્શન આપે છે.

આપણા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના દિવ્ય વિચારોથી સર્જીત આ 'શ્રી સત્‌પંથ નવનીત' ધર્મગ્રંથનું શ્રધ્ધા પૂર્વક વાચન, ચિંતન, મનન કરી કર્તવ્ય પથ પર આગળ વધવાનો નિશ્ચય કરશો તો જરૂર જીવનમાં દિવ્ય શાંતિનો આભાસ થશે.

આ ગ્રંથને પ્રકાશિત કરવાનો નમ્ર પ્રયાસ પૂ. શ્રી શામજીદાદાના માર્ગદર્શન મુજબ સત્‌પંથ પ્રકાશન સમિતિએ જે પ્રયાસ કર્યો છે તેને મારા અંતઃકરણપૂર્વક આશિષ પાઠવું છું કે આવા મનુષ્ય આત્મ કલ્યાણ માટેનાં પથદર્શક ધાર્મિક શાસ્ત્રોને સૌના સહિયારા પુરુષાર્થ થકી પ્રકાશમાં લાવી સૌના કલ્યાણમાં સહયોગી બન્યા છે. ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણ આપ સૌનું કલ્યાણ કરો....

शुभेच्छा



ब्रह्मलीन प.पू. आचार्य श्री जगन्नाथजी महाराज



प.पू. महामंडलेश्वर श्री जनार्दनहरिजी महाराज

सत्पंथ धर्म वैदिक धर्मके परंपराका तत्त्वोपदेश करने-वाला एक महान मार्ग है। युगो युगोसे चले आ रहे इस धर्मको ब्रह्मावतार सद्‌गुरु श्री इमामशाह महाराजने युगके अनुसार परिवर्तीत करके नया रुप दिया है। युग गुरु सद्‌गुरु श्री इमामशाह महाराज वेद और उपनिषदोके तत्त्वज्ञानको जानने वाले ज्ञानी महात्मा थे। सत्पंथमे मुक्तिमार्ग, देवयान मार्गका उपदेश दिया गया है।

ये 'श्री सत्पंथ नवनीत' ग्रंथको संकलित करके प्रकाशित करनेका पुरुषार्थ श्री सत्पंथ प्रकाशन समितिने किया है। यह अभिनंदनीय है, हम आशीर्वाद देते है की ऐसा मानव कल्याणके लिये भविष्यमे भी साहित्य प्रगट करनेकी भगवान श्री निष्कलंकी नारायण उसे शक्ति प्रदान करे।

નમ્ર નિવેદન



- દાદાશ્રી શામજીભાઈ કે. પટેલ

વહાલા ભાવિક બાંધવો.....

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની પ્રેરણા, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપા, પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી આ શ્રી સત્‌પંથ જ્ઞાન પ્રકાશનો નાનકડો "શ્રી સત્‌પંથ નવનીત" પુષ્પકુંજ પ્રેમાળ ભાવિક વાચક હરિભક્તોના કરકમળમાં અર્પિત કરતાં અત્યંત આનંદ થઈ રહ્યો છે. આજ સુધી આપણા સત્‌પંથ ધર્મનાં જે કોઈ સાહિત્યો પ્રકાશિત થયાં તેનાથી આ ગ્રંથ કંઈક અલગ સ્વરૂપે તરી આવે છે.

સતપંથ ધર્મનું જ્ઞાન સાહિત્ય અગાધ, અગમ્ય, ગૂઢ એવા જ્ઞાન ભંડારથી ભરેલું છે. તેને સમજવું ખૂબ જ કઠિન છે. કારણ કે તેનું લખાણ ૫૫૦ વર્ષ પૂર્વનું હસ્તલિખિત છે. પૂરી મહેનત, દ્રઢ નિશ્ચય અને પરમ શ્રધ્ધાથી ભાવિક અલ્પ શિક્ષિત લોકોનું લેખન કરેલું હોવાથી તેને શુધ્ધ ભાષામાં પરિવર્તિત કરવું અતિ કઠિન હોય છે. ઘણું સાહિત્ય કાવ્યમય હોવાથી તેનું રૂપાંતર કરી સામાન્ય વાચક સમજી શકે તેવો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં સત્‌પંથના મૂળ સ્વરૂપ ઉપર પ્રકાશ પાડવાનો પ્રયાસ રહ્યો છે. તેમજ સત્‌પંથ ધર્મના સદ્‌ભક્તો સંત નાચાજી, સંત શ્રી ભાભારામ મહારાજ, સંત સાધ્વી શ્રી કીકીબાઈ, સંત સેવક શ્રી હાજરવીર મહારાજ, સંત શ્રી શાણાકાકા વગેરેની સંક્ષિપ્તમાં ચરિત્રાત્કમ જીવન રેખા આલેખવાનો પ્રયાસ કર્યો છે. જે ભાવિક વાચકોને રુચિકર રહેશે.

આજના હળાહળ કલિયુગમાં જ્યાં ધર્મ અને સંસ્કૃતિનો ક્ષય થઈ રહ્યો છે ત્યારે આપણા સત્‌પંથ ધર્મના પ્રબોધક સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજે અવિદ્યા, માયા અને અજ્ઞાનના નિવારણ માટે મહાન તત્ત્વજ્ઞાન સંપદા આપણા માટે નિર્માણ કરી છે. આપણે ભૌતિક સુખોમાં ગમે તેટલા આળોટતા હોઈએ પરંતું આત્મિક માનસિક શાંતિ સિવાય બધા પ્રકારનાં સુખો ક્ષણિક હોય છે. ભૌતિક અથવા લૌકિક સુખથી માનવ જીવનની પૂર્ણતા આવી શક્તી નથી. આત્મિક કે માનસિક સુખથી મનુષ્ય તૃપ્ત બની શ્રેય લાભનું નિર્માણ કરી શકે છે તે આ "શ્રી સત્‌પંથ નવનીત" ગ્રંથનો મૂળભૂત હેતુ રહેલો છે.

સંસ્કૃતિના વિવિધ સમયે જ્ઞાની અને ધીર પુરુષો દ્વારા લોકોને સાત્ત્વિક જીવન અને પરમ તત્ત્વ વિશે બોધ આપવા જે રચનાઓ રચાઈ તે આપણા ગ્રંથોમાં સમાવિષ્ટ છે. કોઈ ચોક્કસ જાતિ, સંપ્રદાય માટે જ ધર્મગ્રંથોનું જ્ઞાન સીમિત નથી બલ્કે તેના પર સર્વનો સમાન અધિકાર છે. ધર્મગ્રંથોનો વિસ્તાર કે ક્ષેત્ર સમગ્ર વિશ્વને સ્પર્શે છે. તે મનુષ્ય માત્રને માટે કલ્યાણકારી અને ઉધ્ધારક સાબિત થાય છે.

આ 'શ્રી સત્પંથ નવનીત' ગ્રંથ તૈયાર કરવામાં સત્પંથ ધર્મના મૂળભૂત સાહિત્યમાંથી કઠિન પરિશ્રમ થકી જ્ઞાન સાહિત્યનું સંકલન કરી આ ગ્રંથને સૌ ભાવિક વાચકો સમક્ષ સમર્પિત કરવાનું યથા શક્તિ, યથા બુધ્ધિથી ભગીરથ કર્તવ્ય કર્યુ છે જે નવી દિશાની પ્રેરણા આપી સૌનો રાહબર બનશે. આ ગ્રંથ તૈયાર કરવામાં પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદ સદાય અમારી સાથે જ રહ્યા છે.

આ પવિત્ર ગ્રંથની ગરિમા જળવાય તે માટે તેને પવિત્રતા જળવાય તેવા સ્થળે મૂકવો, ગ્રંથ ફાટી તૂટી ન જાય કે ગંદુ ન થાય તેની કાળજી રાખવી. આપણી આ જ્ઞાન ગ્રંથ ધર્મ સંપતિ દરેકના ઘેર હોવી આવશ્યક છે. જેથી ભાવિ પેઢીને પરંપરાગત આ જ્ઞાન સંપદાનો લાભ થતો રહે. આ ગ્રંથ તૈયાર કરવામાં કોઈ વ્યાકરણ ભૂલ કે સમજણના અભાવે ભૂલચૂક રહી ગઈ હોય તો આપ સર્વ ભાવિક જ્ઞાનગ્રાહી વાચક બંધુઓની ક્ષમા ચાચું છું.

આ ગ્રંથ લખવાના કાર્યમાં સમય તથા શ્રમ કોઈને પણ લાગ્યો હશે અને તેમાં જે કોઈ વિચારો રજુ થયેલા હશે તે સહુ કોઈનો સહિયારો પુરુષાર્થ છે. આ ગ્રંથ લખવાના કાર્યમાં શ્રી છગનભાઈ સોમદાસજી પટેલ (વડોદરા) તથા શ્રી બાબુભાઈ શીવજીભાઈ પટેલ (મેઘકંપા)નો પૂર્ણ સહયોગ રહેલો છે. તેમના સાથ અને સહકાર બદલ હું તથા આપ સૌ વાચક મિત્રો આભારી છીએ. આ ગ્રંથ થકી કોઈના પણ વિચારમાં અલ્પ માત્ર પરિવર્તન આવી સત્માર્ગે ચાલવાનો પ્રયાસ કરશે ત્યારે જ અમારો આ પુરુષાર્થ લેખે લાગશે.

જય શ્રી નિષ્કલંકી નારાયણ.....

: પ્રકાશક :
સંપાદક : દાદાશ્રી શામજીભાઈ કાનજીભાઈ પટેલ
સંપાદક શ્રી
સત્પંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ-પીરાણા.

॥ श्रीमत्परमात्मने नमः ॥

❋ सुमंगलम स्तुति ❋

१. ॐ नमो श्री निष्कलंकी नारायणाय जनार्दनाय भस्मायुधाय विद्महे दिव्यनेत्राय
धीमहि । तन्नोज्वरहरः प्रचोदयात् ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

२. परब्रह्म परमात्मा स्तुति :
यं ब्रह्मा वरुणेन्द्र रुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैस्तवै :
वैदैस्साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थित तद्‌गतेनमनसा पश्यन्ति यं योगिनो ।
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

३. ॐ कारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

બિંદું સહિત ૐકાર (જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વથી ટૂંકુ અને સર્વોપરી નામ છે.) જેનું યોગી પુરુષો નિત્ય ધ્યાન કરે છે અને જે કામ તથા મોક્ષના દાતા છે, તે પરબ્રહ્મ ૐકારને હું નમસ્કાર કરું છું.

४. नाम संकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥

જેમના નામનું કીર્તન સઘળાં પાપોનો નાશ કરે છે અને જેમને કરેલા પ્રણામ સર્વ દુઃખોને શાંત કરે છે. તે પરમ શ્રેષ્ઠ શ્રી હરિને હું નમસ્કાર અને પ્રણામ કરું છું.

५. ईश स्तुति :
मुकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥

६. श्री विष्णु नारायण स्तुति :
शांताकारं भुजगशनयं पद्मनाभं सुरेशम् ।
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभांगम् ॥
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्घ्यानगम्यम् ।
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥

realpatidar.com

७.	श्री महेश्वर : ध्यान	वन्दे देव उमापतिं सुरगुरुं वन्दे जगत्कारणं । वन्दे पन्नगभूषणं मृगधरं वन्दे पशूनां पतिम् ॥ वन्दे सूर्यशशांक वन्हिनयनं वन्दे मुकुन्दप्रियं । वन्दे भक्तजनाश्रयंच वरदं वन्दे शिवं शंकरम् ॥
८.	श्रीआद्यशकित : देवी स्तुति	माया कुंडलिनी क्रिया मधुमति कालि कलामालिनी । मातंगी विजया जया भगवती देवी शिवाशाम्भवी ॥ शक्तिशंकरवल्लभा त्रिनयना वाग्वाहिनी भैरवी । ॐकारि त्रिपुरासुरासुरमयी माता कुमारीश्वरी ॥ नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः । नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥
९.	श्री सद्गुरु : ब्रह्मदेव स्तुति	ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम् । द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्य ॥ एकं नित्यं विमलमचलं सर्वधिसाक्षिभूतं । भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

॥ ॐ श्री सद्‌गुरुवे नमः ॥

॥ ॐ श्री निष्कलंकी नारायण जनार्दनम् ॥

ॐ શ્રી સત્પંથ નવનીત ॐ

(સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પ્રણિત સત્પંથનું પ્રમુખ સ્વરૂપ દર્શન)

પ્રકરણ-૧

❖ સત્પંથ ધર્મનો ઉદય ❖

સત્પંથ ધર્મને વૈદિક સનાતન કાળથી માનવામાં આવે છે. વેદ અનાદિ અને અપૌરુષેય હોવાથી સત્પંથ ધર્મ અનાદિ કાળથી જ આ મહત્તમ પદને પામ્યો છે. આજે દુનિયામાં પ્રચલિત થયેલા મોટા ભાગના બધા જ ધર્મોનો કાળ વૈદિક કાળ પછી જ નિશ્ચિત થયેલો છે. તેથી સત્પંથ ધર્મ જેટલો અનાદિ ધર્મ આ ધરતી પર બીજો કોઈ નથી. સત્પંથ ધર્મ વેદ પ્રણિત અને વેદ અપૌરુષેય હોવાથી સત્પંથ ધર્મના પ્રણેતા કોઈ વિશિષ્ઠ વ્યક્તિ નથી. પ્રાચીન માન્યવર ઋષિમુનિઓને આધ્યાત્મિક અનુભૂતિમાંથી તેમને સ્ફુરેલા આંતરિક પ્રેરણાથી માનવ જીવનને સુખી અને સમૃદ્ધ કરવા માટે જરૂરી સાધનોની જાણકારી તેઓએ માનવ સમાજને આપી; તે સર્વ જાણકારીને ધર્મનું સ્વરૂપ પ્રાપ્ત થયું. વેદ પ્રણિત માર્ગને વૈદિક ધર્મ, સનાતન ધર્મ, વેદાન્ત, શ્રુતિસ્મૃત્યૂક્ત ધર્મ અથવા આર્ય ધર્મ કહેવા લાગ્યા. આ સનાતન આર્ય સંસ્કૃતિના મૂળભૂત તત્ત્વોનું અનુકરણ પ્રત્યક્ષ અથવા રૂપાંતર થઈને ઘણું જ થયું છે, અને તેથી આ ધર્મને વિવિધતા આવી છે.

કોઈ એક રાજમંદિરને અનેક પ્રવેશ માર્ગો હોય અથવા કોઈ એક વિશાળ વૃક્ષને અનેક શાખા ઉપશાખા હોય તે રીતે સત્પંથ ધર્મ સમાન ભારતવર્ષમાંના વિશાળ ધર્મમાં અનેક ધર્મ

પંથ નિર્માણ થયા. કોઈ પણ ધર્મ હોય તો પણ તેમાં ભિન્ન ભિન્ન એવા ધર્મ પંથ નિર્માણ થતા જ હોય છે. કારણ કે સાધુ, સંત મહાત્માઓ કે તપસ્વીઓ આત્મોન્નતિના બળ પર પરમોચ્ચ પદને પહોંચેલા હોય છે. પરંતુ ચીલાચાલુ ધર્મ માર્ગથી સંસારનો અનુભવ લેતા લેતા મંદ ગતિને ક્યારેય અનુસરતા નથી. એવા સાધુ સંતો પાસે સામાન્ય જન અનેક ચમત્કાર જોતા હોય છે અને આ ચમત્કારોથી તેમના પ્રત્યે ભક્તિ નિર્માણ થાય છે અને તે મહાત્માને અને તેઓએ અનુસરેલ પરમાર્થ માર્ગને અનુસરે છે. સિવાય જે સુલભ માર્ગથી પોતાનું જીવન સફળ થયું તે માર્ગનું જ અનુસરણ લોકોએ કરવું એવી તેમની સદિચ્છા હોય છે. તે જ ઉદ્દેશથી નવા નવા ધર્મપંથોનો ઉદય થતો રહે છે.

દુનિયામાં અનેક મહાપુરુષો થઈ ગયા છે. દરેકે પોતાનું જીવન એક વિશિષ્ઠ ધ્યેયને સમર્પિત કરેલું હોય છે. સાધુ સંતો પણ પોતાનું જીવન ધર્મના કાર્ય માટે સમર્પિત કરતા હોય છે. પોતાના જીવનમાં અનેક કષ્ટમય સાધના કરીને તેઓ પોતાની આત્મોન્નતિ કરી લેતા હોય છે. તે પછી ચૈતન્યમય બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ બાદ તેમને પોતાનું જીવન કૃતાર્થ થયેલું જણાય છે. પોતાને પ્રાપ્ત થયેલી આ અમૂલ્ય શાંતિનો લાભ અન્ય સામાન્ય લોકોને આપવાના ઉદ્દેશથી તેઓ ઉપદેશ આપવાનું શરૂ કરે છે અથવા લોકો તેમના પ્રત્યે આપોઆપ આકર્ષિત થઈ જાય છે. તેમના નિર્મળ આચાર વિચારોનો લોકો પર પ્રભાવ પડે અને લોકો તેમની ભક્તિ કરવા લાગે છે. સામાન્ય લોકો ચમત્કાર જોઈને પ્રભાવિત થતા હોય છે અને આ સાધુ સંતોના માર્ગનું આચરણ કરી પોતાનું કલ્યાણ કરી લે છે. આવા જુદા જુદા સંતોના ભક્ત સમુહથી જુદા જુદા પંથ નિર્માણ થતા હોય છે.

વર્ણાશ્રમ ધર્મ વ્યવસ્થા વિખેરાઈ જવાનું કારણ ભારતમાં જ અનેક સંપ્રદાયો નિર્માણ થયા તે છે. કાલ પ્રવાહ સાથે ધર્મની પુરાતન ઘડી વિખેરાઈ જાય છે. માનવ આચાર ધર્મના ઉન્મત્ત મહાત્માઓ તેમના જીવનની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે અને આ પ્રયત્નને જ આગળ જતાં સંપ્રદાયનું સ્વરૂપ આવે છે અને તેથી તમામ સંપ્રદાયો એક જ વૃક્ષમાંથી નીકળેલી શાખાઓ અને પ્રશાખાઓ છે. આ વૃક્ષનું મૂળ સનાતન વૈદિક ધર્મ જ છે. પરંતુ દરેક મનુષ્ય પોતાનું અલગ અસ્તિત્વ દર્શાવવાનો પ્રયત્ન કરતો હોય છે, આ વૃત્તિમાં જ તેનો વિકાસ થાય છે. જે પ્રમાણે ફૂલો અને ફળો વૃક્ષની શાખા ઉપશાખાઓ પર આવતાં હોય છે, તેનું મૂળ ફક્ત ફૂલો ફળોનું પોષણ કરવાનું કાર્ય કરે છે. તે પ્રમાણે જ ધર્મ પ્રચાર સંપ્રદાય સ્વરૂપથી જ

વિસ્તાર પામે છે. પરંતુ કોઈ સંપ્રદાય મૂળ ઉપર જ પ્રહાર કરવાનો પ્રયત્ન કરે તો તેનો પોતાનો જ નાશ થાય છે.

આજે દુનિયામાં ઘણા ધર્મ-પંથ-સંપ્રદાય પ્રચલિત છે. સનાતન ધર્મ, જૈન, બૌદ્ધ, ઈસ્લામ, ખ્રિસ્તી, કેથોલિક, યહુદી વગેરે અનેકાનેક ધર્મ-વૈષ્ણવ, શૈવ, શાકત્ય, બ્રાહ્મય વગેરે અનેક દેવતાઓની ઉપાસના પરથી પંથ નિર્માણ થયા. તે દરેક પંથમાંથી અનેક ઉપપંથ, વારકરી, નાથ, મહાનુભાવ, સ્વામીનારાયણ, પ્રણામી નિર્માણ થયા, દરેકે અલગ અલગ સાધનોથી ઈશ્વરોપાસના કરવાનું ધ્યેય નક્કી કરી સાધનાઓ કરી. આ ઉપપંથો અલગ અલગ સંપ્રદાયના રૂપમાં પ્રચલીત થયા. 'સત્પંથ' એક વિશેષ રૂપે અલગ સ્વરૂપનો સંપ્રદાય (ધર્મ) છે. ભાગવત ધર્મમાંના વૈષ્ણવ માર્ગની ઉપાસના કરાવવા જણાવનારો આ સંપ્રદાય (ધર્મ) છે. પરંતુ તેને વિશિષ્ઠ સ્વરૂપ કેમ પ્રાપ્ત થયું તે આપણે જોવાનું છે.

સત્પંથ ધર્મના પ્રવર્તક તેના નિર્મિતો વિષે માહિતી આપતાં કહે છે કે, આ સત્પંથ ધર્મ આજકાલનો કે સો, પાંચસો હજાર વર્ષનો નથી પરંતુ અનાદિ કાળથી છે. તેમાં નવું કંઈ જ કહ્યું નથી, માત્ર મૂળ સનાતન યુગ ધર્મને જ ઉજળો કર્યો છે.

આદ્ય નિરંજન નારાયણ અવતરીયા, તેનું થાનક છે એરા ખંડ માંહે,
સદ્ગુરુજીયે સોહી દેખાડીયા, તે સેવીયા નવે ખંડ માંહે.

તે નૂર માંહેથી નૂર પ્રગટયા, તેનો વાસો છે નૂર જ માંહે,
તેમણે આ સત્પંથ પેદા કીધા, અલખ નિરંજન સ્વામી રાયે.
(ઋષિવર ચેતામણી)

સત્પંથ જુગા જુગે આવીયા, કી ભાઈ યુગા યુગે આવીયા,
તો સત્ માર્ગ દિખલાયા, લોભી રે તમે માયામાં કાં રહ્યા.
(ગુરુવાણી)

तीस पहिले एक ज्योत जो होती, तीस आगल चंद्र सूर्य नहीं होता ।
तीस पहिले सत्पंथ निपाया, आप शरीर सत्गुरु किया ।।
(गुरुवाणी)

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓ, પૃથ્વી જ્યારે ન હતા, ત્યારે એક અવિનાશી સત્- ચિત્-આનંદ સ્વરૂપ પોતાના જ સ્વરૂપમાં ધ્યાનમાં મગ્ન, અનંત તેજો રાશી ચૈતન્ય રૂપ પ્રકાશથી વિલસતું હતું. તેના જ સંકલ્પ માત્રથી અનાદિ પ્રકૃતિ, સર્જનાત્મક માયાશક્તિ નિર્માણ કરી. તે માયા દ્વારા પંચમહાભૂતો, પંચ પ્રાણ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર મહત્ત્વાદિ પ્રકૃતિ નિર્માણ થઈ. તે જ પ્રકૃતિથી સમષ્ટિ એટલે સૃષ્ટિ અને સૃષ્ટિ એટલે પ્રાણીમાત્રનો પિંડ તૈયાર થયો. આ પ્રકારે તમામ જડ વસ્તુઓની ઉત્પત્તિ એકમેવ સત્ચિત્ અવિનાશી બ્રહ્મ પાસેથી થઈ છે. ઉપનિષદોમાં જીવ અને બ્રહ્મનો સંબંધ એવો દર્શાવેલો છે કે, -

तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः, सहस्त्रशः, प्रभवन्ते सरूपाः । तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ॥
मुंडक. २/१/१

सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः । ......एतदात्म्यमिदं सर्वं सत्सत्यं स आत्मा तत्त्वमसि ॥
छान्दोग्य. ६/८/४.

જે પ્રમાણે બળતા અગ્નિમાંથી તેના સમાન રૂપના હજારો અગ્નિ શિખા નીકળતી હોય, તે પ્રમાણે હે સૌમ્ય ! અવિનાશી બ્રહ્મથી નાના પ્રકારના જીવો નિર્માણ થતા હોય છે અને તેમાં જ તે લીન થતા હોય છે. હે સૌમ્ય ! આ સર્વ પ્રજા સત્ રૂપ કારણથી નિર્માણ થઈ સત્માં જ નિવાસ કરે છે અને અંતે સત્માં જ પ્રતિષ્ઠિત થાય છે. આ સર્વ બ્રહ્મ રૂપ છે. તે બ્રહ્મ જ સત્ય છે, તે બ્રહ્મ જ આત્મા છે અને તે બ્રહ્મ તું પણ છે.

सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ॥
छान्दोग्य. ६/२/१.

હે સૌમ્ય ! પ્રારંભમાં આ એક માત્ર અદ્વિતીય સત્ જ હતું. સર્વનું મૂળ કારણ સત્ જ છે. તે જ પરમ આશ્રય અને અધિષ્ઠાન છે. જે પ્રમાણે અત્યંત સૂક્ષ્મ વટબીજ બહુ વિશાળ વટવૃક્ષનો આધાર છે તે પ્રમાણે સૂક્ષ્મ સત્ આત્મા આ સમસ્ત સ્થૂળ જગતનો આધાર છે. એવા તે અવિનાશી સૂક્ષ્મ મહાન સત્ને જાણવાનો જે માર્ગ તેને જ સદ્ગુરુ શ્રી ઈમામશાહ

મહારાજે સત્પંથ તરીકે સ્વીકાર કરી ઉપદેશ કર્યો છે.

सत्पंथ धर्म सो कहीये जेणे ओळख्या सत्गुरु नूर रे ।
परिब्रह्मा विष्णुने ओळख्या ते तो अमर हुवा ततखेव रे ॥
– गुरुवाणी

પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપની જાણકારી બાદ જે વ્યક્તિ તેના ધ્યાન ચિંતનથી સદ્રૂપ-તત્રૂપ થઈ જાય છે તે જ મુક્ત થાય છે.

यं यं वाऽपि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥
– भगवद्गीता ८/६.

જે મનુષ્ય અંત કાળે જે જે અભિલાષાનું સ્મરણ કરી દેહનો ત્યાગ કરે છે, તે તે અભિલાષાને જ તે પ્રાપ્ત થાય છે.

अन्तकाले च मामेव स्मरन् मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥
– भगवद्गीता ८/५.

જે મનુષ્ય અંત કાળે મારું જ એટલે કે સત્ રૂપ પરમાત્માનું જ ચિંતન કરી આ દેહ છોડી જાય છે, તે મારા - પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત થાય છે, એમાં કોઈ શંકા નથી.

તેથી સત્સાધકે કેવળ માત્ર સત્ની જ ઉપાસના કરીને તેવા સત્ પદને - અવિનાશી એવા મોક્ષ પદને પ્રાપ્ત થઈ શકશે. પૂર્ણ બ્રહ્મ પરમેશ્વરની નિષ્કામ ભાવનાથી ઉપાસના કરતા મુમુક્ષુજન સીધા આ મોક્ષધામ પહોંચી જાય છે. યોગવાણી શાસ્ત્રમાં યોગીજનોને ઉપદેશ કરતાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમને જણાવેલ છે કે;

આદ ઉનાદ જો સત્ગુરુ સરજા, ત્રણ મૂરત તારે સરજી,
ત્રણ મૂરત એક જ્યોતસું ખેલે, તેણે આદ ઉનાદ લેજો જોઈ,
રે જોગેશ્વરો ! તો જોગના મર્મ કોઈ ના જાણે.

સત્પંથ મધ્યે સત્ગુરુ આવીયા, તો સત્ને સંતોષ બેહુ લાવીયા,
ધર્મ પ્રકાશીને પાપ પ્રજાળીયા, તો સૃષ્ટિના ગુરુ કેવાયા.
સત્પંથ પાળીને પાવળ પીધાં, તે ચારે ખાણીથી છૂટા,
દુનિયાના લોક તો દુનિયાસુ લાગા, તે સત્પંથ માંહેથી ત્રૂટા.
રખેશર તે જે રતનને પિછાણે, અને કંચન કામિનીને તજે,
સત્પંથ માંહે ધ્યાન ધરીને, અલખ પુરુષને ભજે.
વિષ્ણુને ઓળખીને પાત્રને પૂજે, તો દુનિયાની તજે આશા,
આદ પુરુષનું ધ્યાન જ રાખે, જેણે હોયે અમરાપુરી વાસા.
આદ પુરુષ સત્પંથમાં આવ્યા, એ યોગી સો રખેશર પાયા,
કહેત ઈમામશાહ સુણો રે તમે યોગી, ભેટે અમર થાયે કાયા.

પૂર્ણ પુરુષ પરમાત્માની પ્રાપ્તિ જે સાધનોથી થઈ શકે છે તે પૈકી પ્રમુખ સાધન એટલે આત્મશુદ્ધિ હોય, આત્મશુદ્ધિ ન હોય તે સાધકને તેની પ્રાપ્તિ થઈ શકતી નથી.

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।
अन्तः शरीरे ज्योतिर्मयो हि शुभ्रो यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥
मुंडक. ३/१/५

દરેકના શરીરમાં એટલે હૃદયમાં બિરાજમાન રહેલા પરમ વિશુદ્ધ પ્રકાશમય, જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માને સર્વ પ્રકારના દોષોથી રહિત પ્રયત્નશીલ સત્સાધક જ જાણી શકે છે. સદૈવ સત્ય ભાષણ, તપશ્ચર્યા, સંયમ, સ્વાર્થ ત્યાગ કરનારા અને બ્રહ્મચર્યનું પાલન કરનારા, યથાર્થ જ્ઞાનથી જ તેને પ્રાપ્ત કરી શકે છે. આ સદ્ગુણ વિના જે ભોગમાં આસક્ત રહે છે, પરમાત્માની પ્રાપ્તિ માટે જે મિથ્યા ભાષણ કરે છે અને ભોગ વિલાસમાં આસક્ત થઈને બ્રહ્મચર્યનો ત્યાગ કરે છે, તે સ્વાર્થ પરાયણ અવિવેકી માણસ પરમાત્માનો અનુભવ કરી શકતો નથી, કારણ કે તે માણસ પરમાત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા જ કરતો નથી.

सत्यमेव जयति नानृतं सत्येन पन्था विततो देवयानः ।
येनाक्रमन्त्यृषयो ह्याप्तकामा यत्र तत्सत्यस्य परमं निधानम् ॥
मुंडक. ३/१/६

સત્યને જ વિજય મળે છે, અસત્યને નહીં. પરમાત્મા સત્ય સ્વરૂપ છે, તેથી તેની પ્રાપ્તિ માટે માણસે સત્યની જ આશ ધરવી. બુદ્ધિમાન માણસ સત્ય ભાષણ અને સદાચારને જ સર્વ શ્રેષ્ઠ માને છે, અસત્યને નહીં. કારણ કે જેની ભોગવાસના નષ્ટ થયેલી છે એવું પૂર્ણ કામ વિતરાગ ઋષિમુનિઓ જે માર્ગનું આચરણ કરીને તે પરમ નિધાન પૂર્ણ બ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરી લે છે તે જ આ દેવયાન માર્ગ, અચ્યુત પથ કે નિર્વાણ પદનો માર્ગ છે. તે જ આ સત્પંથ ધર્મ છે.

સત્પંથ આપણા સત્ કરી સેવો, સત્ગુરુ બ્રહ્માને આદેશે હો,
સત્પંથમાં આવીને જે કોઈ ભૂલ્યા, તે જાસે ઘોર અંધારા હો.
- ગુરુવાણી.

અસત્ય-અજ્ઞાનયુક્ત માર્ગનો ત્યાગ કરીને જીવાત્માએ આત્મજ્ઞાનનો માર્ગ લેવો જોઈએ. પ્રાચીન સમયથી ઋષિમુનિઓ અને સત્સાધકગણ આ માર્ગનું જ આચરણ કરી પરબ્રહ્મ સ્વરૂપમાં લીન થયા છે. આ જ માર્ગનું આચરણ કરી તપસ્વી, યોગી, સત્પુરુષોએ પોતાના જીવનનું અંતિમ સાધ્ય સાધીને બ્રહ્મ રૂપ થયા છે. એ જ આ અનુભવનો માર્ગ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સદ્ભક્તોને દિગ્દર્શિત કરેલો છે. તેઓ કહે છે -

સત્પંથ સદાય છે રે ઉત્તમ, સત્પંથ વિના મોક્ષ કોઈ ના થાય,
અમો બ્રહ્માને અમો મહેશ્વર, અમો નિરંજનની કળાએ મળ્યા,
રે યોગેશ્વરો, જેણે સરજ્યા તેણે સેવો.

એક આત્મારામ ગુરુને, મારું મન પ્રધાન,
ઉમિયા અમારી માતા અને, નિરંજન અમારા તાત,
ૐ કાર દેવને કાયાપુરી નગરી, એણી સેવાયે ખેલો સાક્ષાત્.
રે યોગેશ્વરો, જેણે સરજ્યા તેણે સેવો.
- યોગવાણી.

'अहं ब्रह्माऽस्मि,' 'शिवः केवलोऽहम्', મારો આત્મા એ જ ગુરુ, મન એ જ પ્રધાન, શક્તિ એ જ મારી માતા અને નિરંજન એ જ પિતા, ૐ પ્રણવ બ્રહ્મ એ જ મારો દેવ, એવી આ મારી કાયાપુરી નગરીમાં કેવળ પ્રારબ્ધ કર્મની રમત રમવા માટે હું આ દુનિયામાં

આવેલો છું. પરંતુ આ દુનિયાના વ્યવહારથી પર મારી સ્થિતિ છે. આ સ્વરૂપ સ્થિતિને યોગીઓએ જોવી જોઈએ અને આ માર્ગનું આચરણ કરી મુક્ત થાવ, એ જ માર્ગ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે દિગ્દર્શિત કરેલો છે.

અવધૂત સત્ય અમારા ગુરુ ભણીયે, બ્રહ્મ અમારા રે જ્ઞાન,
ત્રિલોક અમારા સ્થાનક ભણીયે, વિષ્ણુ અમારા ધ્યાન.

સુણો રે યોગી સુણો રે અવધૂત, તે જ ભેદકા કહું વિચારી,
કહે સદ્‌ગુરુ ઈમામશાહ એસે પંથ પ્રગટાવ્યો, સત્પંથ લઈ જાંબુદ્વિપમાં આવ્યા.

બ્રહ્મપણું ભેદીને બ્રહ્મકળા કીધી, ત્યારે યોગી એ યુક્તિ જાણી,
કહે ઈમામશાહ ચરણે લાગ્યા, અંતે સદ્‌ગોર બોલ્યા વાણી.

અમે સદ્‌ગોર બ્રહ્માના આસન પૂજીએ, અને કળા રે સેવું તમારી,
અથર્વવેદના વાક્યે અમે ભાખ્યું, અને સત્પંથ સેવું વિચારી.

❋ ❋ ❋

તમ મન વારોને વિષયા વારો, સોહી આવે અમરાપુરના વાસા,
અમે ધર્મ તપાસીને ઘટપાટ સ્થાપ્યો, ત્યાં બાંધી જીવોની આશા.
રે યોગેશ્વરો ! સદ્‌ગુરુ બ્રહ્મા વિના મોક્ષ ના હોવે.
- યોગવાણી

❋ ❋ ❋

એવા અનેક પ્રમાણોથી પુરવાર થાય છે કે, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ સત્પંથ સનાતન વૈદિક ધર્મનું જ અને મુક્તિ માર્ગનું જ માર્ગદર્શન કરેલું છે. તેઓએ જે યોગમાર્ગની પોતાના સદ્‌ભક્તોને શિખામણ આપી છે તે અપ્રતિમ છે. માણસે ગૃહસ્થાશ્રમ સંભાળી આ યોગમાર્ગનું આચરણ કરી જીવન નૌકા ભવસાગરના પેલે પાર લઈ જવી જોઈએ. આ જીવન નૌકા સદ્‌ગુરુને નાવિક બનાવવાથી જ પાર થઈ શકશે. અન્યથા ષડ્‌વિકારોના આવર્તનમાં ક્યારે ભમ્મર ખાઈ ને નષ્ટ ભ્રષ્ટ થઈ જશે તેની ખબર પણ પડશે નહીં.

संसार तो सागर है, माया मोह महाजाल ।
सत्की नावे बेठीया, ते उतरी गया पार ॥

नाव कीजे हरि नामकी, सत्का तो भरीये भार ।
पवन जो चाले प्रेमका, तो सत्गुरू उतारे पार ॥
- गुरुवाणी

સત્પંથના આચરણથી અને સદ્ગુરુ મહારાજની કૃપા દ્રષ્ટિથી સત્સાધક પંચકોષોનું આવરણ ભેદીને પરમાનંદ સ્વરૂપમાં વિલીન થઈ જાય છે. અર્થાત્ સત્પંથનું આચરણ કરવું ઘણું જ મુશ્કેલ ભરેલું છે.

મોક્ષ માર્ગ દોહેલા, ચલના ખંડાધાર,
શૂલી ઉપર ખેલના, કોઈ ખેલે ખેલનહાર.

ઈયળ-ભ્રમરી પઠંતરો, લઈ મંદરમાં જાય,
ભ્રમરી ચટકો ઈયળ ખમે, તો આપ સમાના થાય.
- અમૃતવાણી.

ઈયળ-ભ્રમરીના દષ્ટાંતથી સદ્ગુરુ મહારાજે સત્પંથ-મોક્ષમાર્ગનું આચરણ કેવી રીતે કરવું એ સ્પષ્ટ કરેલું છે. તન મનની ઉચ્છૃંખલ વૃત્તિ ભૂલી જઈ સતત એકાગ્રતાથી માત્ર ઈશ્વરનું જ ધ્યાન ધરવાથી સાધક ત્વરીત તદ્રુપ થઈ શકે છે. બ્રહ્માકાર વૃત્તિ બ્રહ્મને ન જાણતા કેવી રીતે થઈ શકે ? તે બ્રહ્મને જાણવા માટે જ્ઞાન રૂપ સાધનોની જરૂર રહે છે, તે 'સત્' જ્ઞાન અનુભવી ગુરુ વગર થવાનું કદાપી શક્ય નથી, શ્રવણ, મનન અને નિદિધ્યાસન અને આત્મચિંતન એ જ જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. સત્પંથ માર્ગનું વિશેષ સ્પષ્ટીકરણ કરતાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે એક ભજનમાં કહેલું છે કે, -

સત્પંથનું મૂળ સત્ છે, અને જીભ્યા હેત પ્રીત,
નાસિકા તે ગુરુ નરનું નામ છે, ક્ષમા દયા બે દરૂષ્ટ.

દેવને સુગુણ સુરતા શ્રવણ છે, જપ તપ છે બે પ્રાણ,
ધરમ દેવની દેહી છે, ચાર પાવ છે પરમાણ.

જ્ઞાન દેવનું મન છે, અને વલણ વિવેક વિચાર,
સંતોષ દેવનો ઝાંજ છે, અને દત્ત દેવનો આહાર.

દેવને આકાશ મંડળ મુખ છે, અને પાતાળ છે દેવના પાયે,
દેવને કાળ નહીં નિંદ્રા નહીં, મહાઋષિ દેવને ધાયે.

વીર મન પુષ્પથી પૂજા કરે, સત્‌ગુરુ મુખ પ્રસન્ન થાયે,
તમે સતિયા લોક સેવજો, આવાગમનના ભય જાયે.

સત્‌પંથની સેવા કરતાં, હોવે તારણ ભવ સંસાર,
ગુરુ નરના નામથી બહુ ઉતર્યા, તેની ગણત્રી નાવે પાર.

જાહાં કલશ પાયે રે સ્થાપના, ગત્ કરો રે અમૃતપાન,
આ ગુરુ નરના ચરણ થકી પ્રાછત હરે, અને ઉપજે તે પ્રાણ સમાન.

ગત્ સૌ તમે હેતે મળો, અને રાખો હરિસું રે ધ્યાન,
માંહે મોહના મેલ મેલો, અને એક એકનો સિરદો માન.

એવા રે મન ઓરાધ કરતા, હોવે હરિજીની સુધ,
મનખા દેહી જેણે મળ્યા, તેણે હોઈ નવ નિદ્ધ.

ગુરુ મળે તો ફેરા ટળે, ગુરુ નર જપતા ઉતરીયે પેલે પાર,
સુખે અમરાપુરી પામસો, સહી જાણજો નિરધાર.

સત્‌પંથની શોભા ઘણી, દિન દિન અદક જો થાય,
ગુરુ ઈમામશાહ વચન બોલીયા, તમે જોઈ લેજો રે જાણ.

- ગુરુવાણી

સત્‌પંથનું મૂળ સ્થાન - સત્ (નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ સ્વરૂપ) છે. આ સત્‌ના આધારથી જ આ અખિલ બ્રહ્માંડ નિર્માણ થયું છે. સત્ એ ત્રિકાલાબાધિત નિરૂપમેય માત્ર અદ્વિતીય બ્રહ્મ હોય. તે સગુણ સાકાર - નિર્ગુણ નિરાકાર ઈશ્વરની નારાયણ રૂપની મૂર્તિ કલ્પવામાં આવે તો સત્ આ તેનું શિર કમલ એટલે કે તાલુસ્થાન હોય. તેની જીભ હેત-સ્નેહભાવ અને પ્રેમ, નિર્વિષયી - નિરીચ્છ પ્રેમ હોય. સદ્‌ગુરુનું સ્મરણ, ધ્યાન ચિંતન જ તે સત્ નારાયણનું નાક હોય. ક્ષમા અને દયા તેની બે આંખ છે. સદ્‌ગુણ અને ધારણા તેના બે

કાન હોય. જપ એટલે કે નામ સ્મરણ-નામ ચિંતન અને તપ એટલે સંયમ એ તેના શ્વાસ અને ઉચ્છ્વાસ હોય. સચ્ચિદાનંદ નારાયણનો દેહ એટલે ધર્મ હોય. દાન (નિરહંકાર બુદ્ધિથી ત્યાગ), દયા (પ્રાણીમાત્રનું ભરણપોષણ અને સંરક્ષણ કરવું), તપશ્ચર્યા (ઈન્દ્રિયદમન અને આત્મનિગ્રહ કરવું) અને શુચિર્ભૂતતા (અંતર્બાહ્ય પાવિત્ર્ય) આ તે ધર્મરૂપ ઈશ્વરના ચાર પગ છે. તે દેવનું મન જ્ઞાન વિજ્ઞાન-આત્મજ્ઞાન હોય. વિવેક અને વિચાર એ દેવની વૃત્તિ છે. સંતોષ એ દેવનું સ્વરૂપ છે, દેહાત્મબુદ્ધિનો ત્યાગ એ જ દાન આ દેવનો આહાર છે. આકાશમંડળ દેવનું મુખ છે તો પાતાળ પગ હોય (આકાશમાં પાતાળમાં તે પરમેશ્વર જ ભરીને રહેલો છે). દેવને કાળ (જન્મ, જરા, મૃત્યુ-વ્યાધિ), નિંદ્રા વગેરે કશું જ નથી. મન પુષ્પથી તેની માનસિક પૂજા કરવી જોઈએ જેથી પરમેશ્વર પ્રસન્ન થઈ દર્શન આપશે. જેથી તમારા જન્મમરણનાં બંધ તૂટી જશે અને તમે અવિનાશી પરમ સુખમાં સત્ ચિત્ આનંદ સ્વરૂપમાં નિમગ્ન થશો. **આ પ્રકારનો દિવ્ય અવિનાશી એવો આ સત્પંથ માર્ગ છે.** આ માર્ગ પર જીવન વ્યતીત કરતાં કરતાં જીવાત્મા ભવસાગર પાર કરે છે. આજ પર્યંત અનેકાનેક સદ્ભક્ત આ જ મૂળ સનાતન સત્પંથ ધર્મનું આચરણ કરી મોક્ષ અને મુક્તિ પામ્યા છે. આના માટે સદ્ભક્તો, જ્યાં કલશ સ્થાપિત કરી અને તેની પૂજા અર્ચના માટે જ્ઞાનગંગા (ગત્ગંગા) એકત્ર થઈ હોય, સત્સંગ થતો હોય ત્યાં ચરણામૃત-વચનામૃતનું પાન કરો, કારણ તેનાથી સર્વ પાપો પ્રાયશ્ચિત નામોહરમ થઈ જીવાત્માના ચિત્તમાં નિર્મળ વિશુદ્ધ આત્મજ્ઞાન જાગૃત થાય છે. તે યોગથી તેઓ અપાર અપરિમિત એવું અમર પદનું સુખ પ્રાપ્ત કરી લે છે, તે જીવાત્મા અજર અમર એવા સચ્ચિદાનંદ સ્વરૂપ મોક્ષ સુખ અનુભવે છે. આ પ્રકારનો આ અમરપદ પ્રાપ્તિનો મુક્તિનો માર્ગ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સત્પંથ અનુયાયીઓને દર્શાવેલ છે, તેઓએ એક પદમાં કહ્યું છે કે;

આ સત્પંથ સેવો સત્ ભાવસું, અને મલીયા તે સત્ગુરુ બ્રહ્મા,
જેણે દર્શન કીધા ગત્ તીર્થનાં, તેના વૈકુંઠ પોતા જીવ.
- ગુરુવાણી

જીવન મુક્તિનો લાભ ન મળે ત્યાં સુધી જીવાત્મા અમર થતો નથી અને આત્મજ્ઞાનની પૂર્ણ અનુભૂતિ ન થાય ત્યાં સુધી જીવાત્મા જીવન મુક્ત થતો નથી. જીવન મુક્તિનો લાભ મેળવનારા મુમુક્ષુને અપરિમિત જ્ઞાન સાધના, સત્સંગ, ગુરુ સેવા કરવી પડે છે. મન ઉન્મન કરી પ્રેમધન ઈશ્વરના સ્વરૂપમાં જોડાવું પડે છે. બુદ્ધિ સ્થિર કરી સતત આત્મચિંતન, વૈરાગ્ય વિચાર જાગૃત રાખવા પડે છે ત્યારે જ જીવાત્માનું મન શાંત અને સ્થિર થાય છે અને તેઓ

મોક્ષ સાધનાનું એક પછી એક પગથીયું ચઢી મોક્ષ મંદિર પહોંચે છે.

એવા આ દિવ્ય અમરત્વના માર્ગમાં મૂર્તિપૂજા, પ્રતિકોપાસના અન્યોન્ય દેવદેવતાઓની ઉપાસના, સાધારણ કર્મકાંડ આ બધું ગૌણ માનેલું છે. આ સર્વ સાધનો સત્પંથમાં નથી એવું નથી, પરંતુ તેને ગૌણ માનવામાં આવેલ હોવાથી પ્રધાનભૂત નથી. કેટલાક લોકો આ અનુસંધાનથી સત્પંથ વિષે ગેરસમજ કરે છે. કેટલાક લોકો સત્પંથ શાસ્ત્રમાંના અવતરણો (ઉદાહરણો) લઈને જ સત્પંથ પ્રવર્તક સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને મૂર્તિપૂજા માન્ય નથી એવું પ્રતિપાદન કરે છે. ઉદાહરણ :

'પાષાણની પૂજા કરવી નહીં.' 'પ્રાણી પથ્થર પૂજે નહીં પામે મોક્ષ.'
'જુવો જુવો પંડિતો વેદ પુરાણ, કીયે અવતાર હરિ હોતે પાષાણ.'

વગેરે પદોનું સ્પષ્ટ શબ્દશઃ અર્થ એવો થાય છે કે, સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને મૂર્તિપૂજા અભિપ્રેત નથી. પરંતુ વસ્તુતઃ જે મહાત્માએ પોતાના જ્ઞાનપદ સંગ્રહમાં આ પદો કહેલાં છે તેમાં જ તેઓએ કહેલું છે કે :

પાષાણની પૂજા કરવી નહીં, આત્મા પૂજા કરવી સહી,
કુંભ કલશ તમે સાચો કરી પૂજો, તે સોળ કળા છે ઘટમાંહી.

આવા શૂન મંડલ માંહે શોધો, પણ પરતમા (પ્રતિક) પૂજે પાપ ન જાયે,
જોગ કમાવો તમે જોગી જોઈ, ધરણી કરણી જીવને સાથે થાયે.

અડસઠ તીર્થ પરવતને નીર, અને તાહાં નિવેડા નહીં થાયે,
કહેત ઈમામશાહ સુનો મારા જોગી, ગુરુ મળે તો સાંસા ટળે.

સો ક્રિયાની તમને જનોઈ આપી, બ્રહ્મ જાણો બ્રાહ્મણ થાવો,
માત્ર તીર્થે ન્હાયા તો પાપ ન જાયે, સ્વયં બ્રહ્મને પીછાણો.

પાંચમો વેદ તે મુક્તિનો ભેદ, પણ સ્વર્ગ મૃત્યુની આશા જેણે,
નિર્મળ મને પાળો ગુરુનાં વચન, હેતે પ્રીતે હાંસલ હોશે તેણે.

- યોગવાણી

પિંડ પખાળી હિરદા જો માયેલા, ચોખા કેમ કરી થાયે,
ઉદક ઉછાલીને પાથર પૂજે, કાહે કારન તમે ધ્યાવે.

સજીવન છોડીને નિર્જીવ પૂજે, ભૂલડા નરકે જાવે,
વિભૂત ઉછાલીને ટીલા લગાવે, પાખંડ પ્રિથમી ખાવે.

સત્ છોડીને અસત્ પૂજાવે, તે પાખંડે મૂળ ગમાવે,
કહેત ઈમામશાહ સાંભલો મુનિવર, રખેશર અમરાપુરી જાવે.

બ્રહ્મ હોઈને બ્રહ્મ ના જાણે, તો ક્રિયા ભ્રષ્ટના મેળા રે,
ગાયત્રીનો જાપ તો જાણે, બ્રહ્મવર તે માનો રે.

આવો મોરા ભાઈ તમે ગત્માં મળો, અડસઠ તીરથનો છે મહિમા સાર,
અહીં બેઠા ગુરુ મુખી દેવને દ્વાર, પંચ નિવારો હરિ વેદ વિચાર.

સત્ગુરુ બ્રહ્મા ગીનાન સંભળાવીયા, તમે સાંભલો મુનિવર ભાઈ,
પરગટ વેલાએ આવી મળો, તો સાચી તમારી કમાઈ.

પરગટ ઠામ જેણે કહીયે, ભાઈ ઘટપાટની વેળા થાયે,
દેવ તેત્રીસ કરોડી આવી મળે, તો સ્વામી વાસો પૂરે ત્યાંયે.

હિરદા માંહે પ્રભુજી બૈઠા, પિત્તલ પાત્તરને ના પૂજો,
મારું તારું મેલીને છાંડો, વાદ ન કરશો વીરા રે.

આત્મારામ તમે અવિગત સેવો, સર્વ હી ભૂત નિવાસી હો,
સહેજ તણા પરમારથ જાણો, તો કાહે હિંડો વનવાસી હો.

જપ તપ તીરથ વ્રત ઉપવાસી, મૂળ ન જાણે સો અંધા હો,
મદ મત્સર અહંકાર ન મૂકે, પ્રથમી પાખંડ ધંધા હો.

પિંડ પખાલી દાહી દિશા નિહાળી, મિથ્યા વાદ ન મૂકે હો,
વેદ સત્ગુરુ મુખે ભેદ ન જાણે, તો એક હી અર્થ ન સૂઝે હો.

જોગી જુગત ના જાણે જોગ વખાણે, બૈઠા હી લોચન તાને હો,
ગગનનાથ ગુરુ ભેદ ન જાણે, તો શિંગી સૂર તાને હો.

આપ ન સૂઝે ન કાહે શિર લોચે, સચ્ચિદ્ જ્ઞાન ના જાણે હો,
હિરદે દયા નહીં કર્મ વખાણે, મનસા કર્મે લાગ્યા હો.

ત્રિગુણ ટાળો ને પંચ નિવારો, તો શૂન મંડલ માંહે વાસા હો,
કહેત ઈમામશાહ નિર્મળ સેવો, તો જ્યોત બીંબ પ્રકાશા હો.

આ દલ પ્યારમે રાચા રે ભાઈ, ગુરુ કે શબ્દસે રાચા રે ભાઈ,
અબ મૈં સમજા રે ભાઈ, ગુરુ કે શબ્દ સે રાચા રે ભાઈ.

તીરથ ના જાઉં ને ડૂબકી ના ખાઉં, ના ડાલું ઉપર પાણી,
દેવલ ભીતર લાગી છે ટાલી, જહાં મેરી સુરતા સમાઈ.

ઘંટા બજાઉં ના પાતી ચઢાઉં, ના ફેરું હાથમે માલા,
આસન માંડીને જુગતસે બેસું, ચવુ દિશ કરું અજવાલા.

ધુંડત ધુંડત ધુંડત થાકા, જબ માર્ગ લીયા વિસરામા,
ઉલટ ભેદકી સૂઝ જો લાગી, કોટિ કલપ અહીં રામા.

નેમ હી થાકે પ્રેમ હી થાકે, થાકે લોક બઢાઈ,
કહેત ઈમામશાહ સુનો મોરા ભાઈ, અટલ પદવો પાઈ.

-ગુરુવાણી.

ઉપર પ્રકાશિત કરેલ સર્વ પદો પરથી સિદ્ધ થાય છે કે, સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે મૂર્તિપૂજાનો નિષેધ કરેલો નથી. સંત રામદાસ, સંત કબીર, સંત જ્ઞાનેશ્વર મહારાજ, સંત તુકારામ મહારાજ વગેરે અનેક સંતોએ ઠેકઠેકાણે પોતાની વાણીમાં મૂર્તિપૂજા અંગે સખત ટીકા કરેલ છે. એનો અર્થ એવો નથી કે તેઓએ મૂર્તિપૂજા અંગે નિષેધ કરેલો છે. પરંતુ સમાજમાં મૂર્તિપૂજા અંગે અથવા પ્રતિકોપાસનામાં જે અવાસ્તવ આડંબર દર્શાવવામાં આવે છે, તેનાથી સાચી યોગ ક્રિયાથી કે ઈશ્વરના અનુસંધાનથી સત્સાધક વિમુખ થાય છે અને એવા સત્સાધકની બહુજન સમાજમાં કનડગત થાય છે. તેથી ઈશ્વર ભક્તિનું એવું આડંબર કે સ્તોમ (દંભ) ન દર્શાવતાં મનોમન ભગવાનના દર્શનની સાધના કરો. મૂર્તિપૂજાના સમયે કોઈ પણ ઉપાસક પોતાની પૂજા નૈવેદ્ય વગેરે ઉપચાર આ પત્થરને કે ધાતુને અર્પણ કરે છે એવું સમજતો નથી, પરંતુ આ ઈશ્વરના સ્વરૂપને હું આ બધું અર્પણ કરી રહ્યો છું, આ જ ભાવના શ્રદ્ધાથી

તમામ ઉપચાર અર્પણ કરે છે, એટલે કે તે મૂર્તિની જગ્યાએ ઉપાસકને ઈશ્વરી ભાવના ધારણ કરવી પડે. અજ્ઞાની લોકો માત્ર અજ્ઞાનથી મૂર્તિ એ જ દેવ અને મૂર્તિ એ જ આપણું સર્વસ્વ માને છે અને અંત સુધીમાં અંધશ્રદ્ધાથી બદ્ધ થઈ પોતાની ભાવનાઓની - મનની ઉન્નતિ કરી શકતો નથી. તેથી તેને આત્મજ્ઞાન, આત્માનુભૂતિ થતી નથી, તેનો આત્મવિકાસ થઈ શકતો નથી અને તેના વિચારો ટૂંકા અને સંકુચિત બનતા જાય છે. બીજાના દ્વેષ, મત્સર, તિરસ્કાર, નિંદા વગેરે દુર્ગુણોના ભોગ બને છે, તેથી મૂર્તિપૂજાનું તત્ત્વ રહસ્ય સમજવું જોઈએ. આત્મજ્ઞાનથી આત્મમય બની પરમાત્માને પામવા માટે મૂર્તિપૂજાથી વિશેષ જે કંઈક કરવાનું છે તેના માટે સદ્‌ગુરુશ્રીએ સુચન કર્યું છે.

મૂર્તિપૂજા એટલે મૂર્ત સ્વરૂપની ઉપાસના છે. મૂર્ત એટલે પ્રત્યક્ષ મૂર્તિમંત વ્યક્ત સ્વરૂપ. ભગવાનના વ્યક્ત અને અવ્યક્ત એવા સ્વરૂપો છે. વ્યક્ત એટલે કે જે આંખોથી જોઈ શકાય છે, આકારમાં આવે છે, પ્રકટ થઈ શકે છે અને પ્રત્યક્ષ રૂપથી દર્શન આપે છે એવું સ્વરૂપ. અર્થાત્ એવું ભગવાનનું ચૈતન્યમય વ્યક્ત સ્વરૂપ એટલે કે એની વિભૂતિઓ જ હોય. જડ સ્વરૂપને પ્રત્યક્ષ પ્રગટ અથવા વ્યક્ત સ્વરૂપ કહી શકાતું નથી. એટલે મૂર્તિ આ ભગવાનનું ચૈતન્ય સ્વરૂપ નથી પણ જડ સ્વરૂપ કલ્પવામાં આવે છે. વસ્તુતઃ ભગવાનનું વ્યક્ત ચૈતન્ય સ્વરૂપ એટલે તેનું અવતાર પાત્ર છે. સમયે સમયે અધર્મનો ઉચ્છેદ, ધર્મની સ્થાપના, સૃષ્ટિનું પાલન અને દુષ્ટોનો (ધર્મ વિઘાતક એવા દુર્જનોનો) સંહાર કરવા માટે અને મૂળ સત્ ધર્મમાં દુર્જનોને લીધે આવેલી વિસંગતા દૂર કરી સત્ધર્મ સ્થાપવા માટે શ્રી વિષ્ણુ ભગવાનના જે ગુપ્ત કે પ્રકટ અવતાર થતા હોય છે, તે જાણીને તે જ વ્યક્ત સગુણ સાકાર અવતાર પાત્રની પૂજા, ધ્યાન, સેવા, સ્મરણ કરવું એ જ ખરેખર મૂર્તિ પૂજા હોય, પરંતુ એવા અવતારી પુરુષ વ્યક્ત રૂપમાં હોય કે તેની સમજણ પડવી ઘણી જ કઠિન હોય છે, તેથી તેનું માર્ગદર્શન કરનારા સંત, મહાત્મા, સત્પુરુષ, અનુભવી ગુરુ, સદ્‌ગુરુઓની શરણાગતી સિવાય તેઓ તેમનું સ્થાન દર્શાવી શકશે નહિં. **"સદ્‌ગુરુ વિના સાંપડે ના સોય । ધરાવે તે પાય આધી આધી ॥"** આ માટે જ સંત પુરુષો કહેતા હોય છે.

"गुरु गोविंद दोनो खडे, किसे लागु पाय ।
बलिहारी उस गुरुदेवकी, जिन्हे गोविन्द दियो बताय ॥"

ગોવિંદની - ભગવાનની ઓળખાણ અથવા પ્રાપ્તિ સહેલાઈથી થઈ શકતી નથી. ગુરુ, સંત કે મહાત્માઓના અનુગ્રહથી જ ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે. શાસ્ત્ર જ્ઞાન શ્રવણ, ગુરુ ઉપદેશ ગ્રહણ કરીને આત્માના ભાવથી જ ઈશ્વર દર્શન આપે છે, એટલે ગુરુએ દર્શાવેલા માર્ગમાં મૂર્તિ પૂજા ગૌણ સ્થાન માનવામાં આવેલ છે.

સત્‌પંથ ધર્મમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પ્રબોધેલ ૐ પ્રણવ બ્રહ્મનું સ્મરણ - ચિંતન, જ્યોતિનું ધ્યાન, કલશ પૂજન અને દશ અવતાર ઉપાસના આ પ્રમુખ તત્ત્વોને પ્રાધાન્ય આપવામાં આવેલું છે.

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद् यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ।
- गीता. ८/११

❋ ❋ ❋

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥
- गीता ८/१३

વેદવેત્તા પુરુષ જે સચ્ચિદાનંદ ઘનસ્વરૂપ પરમ પદને અક્ષર (અવિનાશી) કહે છે, વિરક્ત અને યત્નશીલ યતિ જેમાં પ્રવેશ કરે છે અને જેની ઈચ્છા કરનારા (મુમુક્ષ) બ્રહ્મચર્ય વ્રતનું આચરણ કરે છે તે પદ સંક્ષેપમાં એવું છે કે, સર્વ ઈન્દ્રિયો દ્વારા મનને રોકીને હૃદયમાં સ્થિર કરી, પ્રાણ મસ્તકમાં સ્થાપન કરી અને મારું સ્મરણ કરી જે દેહ છોડે છે, તેને ઉત્તમ ગતિ મળે છે.

ૐ કાર મધ્યે ધ્યાન જો ધરીયા, અને ધુંધુકાર રચિયા,
ધ્યાન માંહેથી જોગ જો સરજા, જોગમાંથી નિપની કાયા.
રે જોગેશ્વરો, તો જોગની જુગતી અનેરી.

આદે ઉનાદે અહુંકાર ઉપના, તારે શબ્દમાં સર્વે સમાયા,
આદેથી ઉપના તે અંતે સમાયા, તેજ મધ્યે બાંધી કાયા.
રે જોગેશ્વરો, તો જોગના મરમ ના જાણે કોઈ.
- યોગવાણી.

❋ ❋ ❋

સત્ શબ્દ હે ગુરુ હમારા, તાકો લીખે ન યે સંસારા ॥
સત્ શબ્દ કા કરો વિચારા, ૐ સોહં કરોજી વારંવારા ॥
પ્રથમ ધ્યાન રસનાસું કીજે, નિસ દિન ૐ સોહં ભણી લીજે ॥
- બ્રહ્મપ્રકાશ

ૐ પ્રણવ બ્રહ્મનું સ્વરૂપ સ્વયં જ્યોતિ રૂપ હોવાથી અને આત્મજ્યોતિ સ્વરૂપ ભગવાનનું ધ્યાન કરવાનું માધ્યમ જ્યોતિ, તેજ, સૂર્ય, તારાઓ જેવા હોવાથી જ્યોતિનું ધ્યાન સત્પંથ ધર્મમાં મુખ્યતઃ કરેલું છે.

हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलम् ।
यच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद्यदात्मविदो विदुः ॥
- मुंडक. २/२/९

***

न तत्र सूर्यो भाति चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयग्नि
तमेव भीन्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥
- मुंडक. २/२/१०

***

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।
अन्तःशरीरे ज्योतिर्मयो हि शुभ्रो यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥
- मुंडक. ३/१/५

***

જ્યોતિ સ્વરૂપે જાણીયે, આદબુંદ વિંડ કેવાય રે,
નિરાકાર રૂપે તો પોતે છે, તે તો અકળ કહાવ્યા નવ જાય રે.

ઝવેરી હોવે તો પારખે, અને હીરા ચઉટે બાજાર,
મુનિવર હોવે તો પારખે, ગીનાનની સુરતી લગાય રે.
- ગુરુવાણી.

તે નિર્મળ અવયવ વિનાનું પરબ્રહ્મ પ્રકાશમય પરમકોષમાં પરમધામમાં બિરાજમાન છે. તે સર્વમાં વિશુદ્ધ સર્વ જ્યોતિની પણ જ્યોતિ છે. આત્મજ્ઞાની જ ફક્ત તેને ઓળખે છે. ત્યાં તે બ્રહ્મને સૂર્ય પ્રકાશી શકતો નથી. ચંદ્ર, તારાઓ અથવા વિજળી પણ તેના પર પ્રકાશ કરી શકતી નથી, તો પછી અગ્નિનો સવાલ ક્યાં ? કારણ કે તે બ્રહ્મના પ્રકાશથી જ સંપૂર્ણ જગત પ્રકાશમય થતું હોય છે. આ શરીરમાં રહેલા હૃદયમાં બિરાજમાન જ્યોતિ સ્વરૂપ પરમ

વિશુદ્ધ પરમાત્મા નિઃસંદેહ સત્ય ભાષણ, તપ અને બ્રહ્મચર્યપૂર્વક યથાર્થ જ્ઞાનથી જ હંમેશાં પ્રાપ્ત થનારા છે. તેને સર્વ પ્રકારના દોષ વિનાના યત્નશીલ સાધક જ જોઈ શકે છે.

ૐ પ્રણવ બ્રહ્મના ચિંતન સાથે જ્યોતિ સ્વરૂપ પરબ્રહ્મનું ધ્યાન કરવું, તે સત્પંથ ધર્મમાં પ્રામુખ્યથી ગણવામાં આવે છે. સત્પંથ ઘટપાટ પૂજા વિધિના સમયે શુદ્ધ ઘીની ત્રણ જ્યોતિ બ્રહ્મા, વિષ્ણુ, મહેશના પ્રતિકાત્મક રીતે પ્રગટાવી તેમનું એકરૂપતાથી ધ્યાન કરવું, આ નિર્ગુણ નિરાકારની ઉપાસના કહેવામાં આવેલી આ ધર્મની મહત્ત્વની ઉપાસના - સાધના છે. આ ધર્મમાં કળશ ઘટપાટ પૂજા પણ એક ઉપાસના પદ્ધતિ છે. આ વિષે હિંદુ ધર્મ શાસ્ત્રમાં આ પ્રમાણેનો મંત્ર આપવામાં આવેલ છે.

कलशस्य मुखे विष्णुः कण्ठे रुद्रः समाश्रितः ।
मूले तत्र स्थितो ब्रह्मा मध्ये मातृगणाः स्मृताः ॥

कुक्षौ तुं सागरा सर्वे सप्तद्विपा वसुंधरा ।
ऋग्वेदोऽथ यजुर्वेदः सामवेदो अथर्वणः ॥

अंगैस्च सहिताः सर्वे कलशं तु समाश्चिताः ।
अत्र गायत्री सावित्री शांतिपुष्टिकरी तथा ॥

आयान्तु देवपूजार्थं दुरितक्षयकारकाः ।
गंगे च यमुने चैव गोदावरी सरस्वती ॥

नर्मदे सिंधु कावेरी जले ऽ स्मिन्सभिधि कुरू ।
वरुणाय नमः सर्वपचारार्थे गंधाक्षतपुष्पं समर्पयामि ॥

કળશ પૂજા એટલે સર્વ દેવતાઓની ઉપાસનાનું સાધન કહેવાય. મંત્રોપચારોથી સર્વ દેવદેવતાઓને આવાહન, પૂજન, અર્ચન, વંદન, કરી નૈવેદ્ય સમર્પણ કરીને તેનું ધ્યાન ચિંતન સ્મરણ કરવામાં આવે છે. અર્થાત મૂર્તિ પૂજા મુજબ આ કળશ પૂજન પ્રતિકોપાસના જ છે, પરંતુ તે દ્વારા કોઈ પણ ઈચ્છા કરેલ દેવતા સ્વરૂપની આરાધના કરી ઈચ્છિત હેતુ પૂર્ણ કરી શકાય છે. અનાદિ કાળથી આ કળશ પૂજન યજ્ઞવિધિ ચાલતી આવેલ છે. કળશ ઘટપાટ પૂજા એટલે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદ્યશક્તિ અને આદ્યનારાયણ આ સત્પંથ પંચાયતનની પૂજા એવો સત્પંથ ધર્મનો સંકેત છે. તે અંગે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે :

સંસાર સાગર ભૂલી મત જાવો, ઘટ પૂજોને ઘટ તીરથ ન્હાવો.
એણે ઘટે બ્રહ્માને એણે ઘટે વિષ્ણુ, એણે ઘટે દેવ મહેશ્વર સોયે.
એણે ઘટે જ્યોતિ એણે ઘટે જુગતી, એણે ઘટે પ્રાણી પાવે મોક્ષ મુગતી.
- ગુરુવાણી.

આવ્યા રે નારાયણ દેવ, આ ઘટ સ્વામી.
આવ્યા રે નિષ્કલંકી દેવ, આ ઘટ સ્વામી.
આજકાલ વારા પુરુષ, તમે સેવો રે સારંગધર,
સેવો તમે પાત્ર નિષ્કલંકી રે ભાઈ, દુઃખીયાને તારણહાર.
- ગુરુવાણી.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે યુગધર્માનુસાર અલગ અલગ યુગમાં અલગ અલગ ઉપાસના પદ્ધતિઓ કહેલ છે. ‘મૂળ સ્તંભ’ આ ઘણા જ પ્રાચીન ગ્રંથમાં પણ યુગ ધર્મની માહિતી આપવામાં આવી છે. તેની સાથે સરખાવતાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે દર્શાવેલ યુગ ધર્મ પરંપરા પ્રમાણે મળતો છે એવું જણાય છે. **સત્યયુગનો યુગ ધર્મ એવો છે. -**

યુગ પુરુષ બ્રહ્મદેવ. ઋગ્વેદ પ્રાધન્યભૂત. ઉત્તર દિશા ધ્યાનગમ્ય. સુવર્ણના ઘટ-પાટની કળશ પૂજા ઉપાસના. અવતાર ચાર - મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ. પ્રત્યેક અવતારની કાલમર્યાદા ચાર લાખ બત્રીસ હજાર વર્ષ. જેથી સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર વર્ષ સત્યયુગનું પ્રમાણ. પ્રાધાન્યભૂત અવતાર-નરસિંહ એટલે નરસિંહ મૃત્યુંજય ગાયત્રી મંત્રનો જાપ યુગતારક મંત્ર. ભક્ત ચાર - રુકમાગદ, અંબરીષ, ધ્રુવ અને પ્રહલાદ. વ્રત-ગુરુવાર. એકાદશીના દિવસે યુગ આરંભ થયેલ હોવાથી તે યુગ તિથિ ગણવામાં આવી. દાનનો પ્રકાર-હાથીદાન (હાથીના કિંમતનું દાન). શરીરમાં વાયુ તત્ત્વનો પ્રાદુર્ભાવ વધુ એટલે વન દાગ પ્રાધાન્યભૂત. ક્ષેત્ર-હંસપુર. દ્વારામતી અવતાર કાર્યનું ક્ષેત્ર. મનુષ્ય શરીરનું પ્રમાણ એકવીસ હાથની ઊંચાઈ, ગાયના દૂધનું વિપુલ પ્રમાણ, તે પર આશ્રમ ધર્મ વ્યવસ્થાનો નિર્વાહ. ધર્મનીતિ નિયમોનું પ્રમાણ સેંકડે (સોએ) સાડા સતાણું અને પાપ કર્મનું પ્રમાણે સેંકડે (સોએ) અઢી એવું હતું.

ત્રેતાયુગમાં યુગ પુરુષ વશિષ્ઠ મુનિ. પ્રાધાન્યભૂત વેદ-યજુર્વેદ. પૂર્વ દિશા પૂજનીય-ધ્યાન કર્મ માટે શ્રેષ્ઠ, રૂપાના ઘટ-પાટની કળશપૂજા ઉપાસના. અવતાર પાત્ર ત્રણ-વામન,

પરશુરામ અને શ્રીરામ. પ્રાધાન્યભૂત અવતાર શ્રીરામ. જેથી રામતારક ગાયત્રીમંત્ર, આ મુક્તિનો જાપ. પ્રત્યેક અવતારનું કાર્ય ચાર લાખ બત્રીસ હજાર વર્ષ એટલે ત્રેતાયુગનું પ્રમાણ બાર લાખ છન્નું હજાર વર્ષ. સદ્‌ભક્ત-કમલધ્વજ, કમલાપતિ અને હરિશ્ચંદ્ર હતા. રવિવાર ચતુર્દશીના રોજ યુગની શરૂઆત, જેથી તે ત્રેતાયુગની યુગ તિથિ છે. શરીર રચનામાં જલ તત્ત્વ વધુ એટલે જલ દાગ પ્રાધાન્યભૂત. ક્ષેત્ર-મહાપુર, બગપુર આ અવતાર કાર્યનું ક્ષેત્ર. મનુષ્ય શરીરનું પ્રમાણ ચૌદ હાથ ઊંચું. દાન કર્મ અશ્વને ગણવામાં આવતું હતું. આશ્રમ ધર્મ વ્યવસ્થા ગાયો પર ચાલતો હતો. ધર્મ નીતિ નિયમ પાલનનું પ્રમાણ સેંકડે (સોએ) પંચોત્તેર અને પાપાચરણનું પ્રમાણ સેંકડે (સોએ) પચ્ચીસ હતું.

દ્વાપર યુગમાં પ્રાધાન્યભૂત વેદ-સામવેદ, યુગ પુરુષ-વેદ મૂર્તિ વ્યાસ. દક્ષિણ દિશા પૂજનીય. તાંબાના ઘટ-પાટની કળશ પૂજા ઉપાસના. અવતાર પાત્ર બે - શ્રીકૃષ્ણને અને બુદ્ધ. પ્રાધાન્યભૂત અવતાર શ્રીકૃષ્ણ એટલે શ્રીકૃષ્ણનો તારક ગાયત્રી મંત્ર મુક્તિનો જાપ. દરેક અવતારનું કાર્ય ચાર લાખ બત્રીસ હજાર વર્ષ એટલે યુગનું પ્રમાણ આઠ લાખ ચોસઠ હજાર વર્ષ. સદ્‌ભક્ત પાંડવ-યુધિષ્ઠિર, સોમવાર અમાસના દિવસે યુગની શરૂઆત એટલે સોમવતી અમાસ યુગ તિથિનું વ્રત. વિપુલ દુધાળ ગાયો આ દાનનું પ્રમાણ. આશ્રમ ધર્મ અન્ન ધાન્ય અને દૂધ ઉપર ચાલતો હતો. શરીર રચનામાં અગ્નિ તત્ત્વ વધુ એટલે અગ્નિ દાગ પ્રાધાન્યભૂત. મનુષ્ય શરીરનું પ્રમાણ સાત હાથ ઊંચું. ધર્મ નીતિ નિયમોનું અને પાપનું પ્રમાણ અર્ધુ-અર્ધુ એટલે સેંકડે (સોએ) પચાસ-પચાસ એવું હતું. ક્ષેત્ર શામપુર (ગોકુળ), કુરુક્ષેત્ર આ અવતાર કાર્યનું ક્ષેત્ર હતું.

કલિયુગમાં પ્રાધાન્યભૂત વેદ અથર્વવેદ, પશ્ચિમ દિશા પૂજનીય-ધ્યાન કરવા માટે શ્રેષ્ઠ. માટીના ઘટ-પાટની કળશ પૂજા ઉપાસના. અવતાર પાત્ર એક જ શ્રી નિષ્કલંકી નારાયણ. તેનું પ્રમાણ ચાર લાખ બત્રીસ હજાર વર્ષ એટલે યુગનું પ્રમાણ પણ તેટલું જ. સદ્‌ભક્ત કમળાકુંવર. કાર્ય ક્ષેત્ર કુંવારીકા ભૂમિ. શુક્રવારે સુદ બીજના દિવસે યુગની શરૂઆત એટલે તે યુગ તિથિ. દાનનું પ્રમાણ અજીવા અને આયુધ લોઢાનું. શરીર રચનામાં ભૂમિ (પૃથ્વી) તત્ત્વ વધુ એટલે ભૂમિ દાગ પ્રાધાન્યભૂત. ક્ષેત્ર-હેમપુર, ભરતખંડ-કુંવારિકા આ અવતારનું કાર્ય ક્ષેત્ર. મનુષ્ય શરીરનું પ્રમાણ સાડા ત્રણ હાથ ઊંચાઈ. ધર્મ નીતિનું પ્રમાણ સેંકડે (સોએ) અઢી અને પાપ કર્મનું પ્રમાણ સેંકડે (સોએ) સાડા સતાણું એવું છે.

એવા પ્રકારનો યુગ ધર્મ સત્પંથ સંપ્રદાયના ધર્મ સાહિત્યમાં માર્ગ પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી

ઈમામશાહ મહારાજે દર્શાવેલો છે. તેનું ટૂંકમાં સમર્થન નીચે જણાવ્યા પ્રમાણે સમજવું.

ભરતખંડ જાંબુદ્વિપમાંના કુંવારીકા ક્ષેત્રના પશ્ચિમ દિશા તરફ રહેલા શ્વેત દ્વિપ અથવા સહસ્રદ્વિપમાં ભગવાન શ્રી વિષ્ણુ નારાયણનું શેષ શૈયા ઉપર વાસ્તવ્ય સ્થાન છે એવું આપણા વિષ્ણુપુરાણ, માર્કન્ડેયપુરાણ, બ્રહ્મવૈવર્તકપુરાણ વગેરે અનેક હિંદુ ધર્મ ગ્રંથોમાં ગ્રંથીત કરેલું છે. કલિયુગમાં પ્રાધાન્યભૂત અવતાર એ તે જ શેષશૈયા વિષ્ણુ નારાયણનો હોવાથી અને તે હજી સુધી પ્રકટ ન થયેલ હોવાથી, તેના આગમન માટે પશ્ચિમ તરફ મુખ કરીને કલિતારક શ્રી નિષ્કલંકી ગાયત્રી મંત્રનો જાપ કરવો એવી સત્પંથ પ્રવર્તકોની આજ્ઞા છે. કલિયુગમાં ઘેરાયેલા ઘોર અજ્ઞાન અંધકારમય સ્થિતિમાંથી પાર જવા માટે સોળ કળાઓથી યુક્ત એવા ભગવાનના ષોડશાક્ષર મંત્રનો જાપ કરવો એવું કલિસંતરણોપનિષદમાં પણ કહેલું છે. સત્પંથમાંના ષોડશાક્ષર મંત્ર "**॥ ॐ श्री निष्कलंकी नारायण जनार्दनम् ॥**" એવો છે અને ગાયત્રી મંત્ર '**ॐ नमो श्री निष्कलंकी नारायण जनार्दनम्, भस्मायुधाय विद्महे दिव्यनेत्राय धीमहि तन्नोज्वरहः प्रचोदयात् ॐ शांतिः शांतिः शांतिः ।**' એવો છે. આ ષોડશાક્ષર મંત્રથી અને ગાયત્રી મંત્રના ધ્યાન ચિંતન અને જાપથી ષોડશકલાથી યુક્ત એવા જીવાત્માને પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે એવું પ્રશ્નોપનિષદ્ (૬/૪), મુંડકોપનિષદ્ (૩/૨/૭), શ્વેતા શ્વરોપનિષદ (૫/૧૪) વગેરે અનેક ગ્રંથોમાં કહેલું છે. એ જ સત્પંથ પ્રવર્તકોએ ઉપદેશ કરેલું છે. શ્વેત દ્વિપ અથવા સહસ્રદ્વિપ ભૂમંડલના સપાટી ઉપર ઉત્તર ધ્રુવ પ્રદેશ શ્વેત બરફથી આચ્છાદિત પ્રદેશ (થાઉજંડલેંડ તરીકે) સહસ્રદ્વિપ પ્રદેશ પ્રસિદ્ધ છે. નારદ સનકાદિ ઋષિઓનું આ વાસ્તવ્ય સ્થાન છે એવો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતમાં પણ છે અને આ પ્રદેશ જાંબુદ્વિપના પશ્ચિમ તરફ હોવાથી મોટાભાગના મંદિરોમાં મૂર્તિની સ્થાપના પૂર્વાભિમુખ હોય છે અને પૂજા કરનારનું મુખ પશ્ચિમ તરફ જ હોય એવું ધ્યાનમાં આવે છે.

શુક્રવાર શુદ્ધ (સુદ) બીજ એટલે ચંદ્રદર્શન. આ કલિયુગનું યુગ તિથિનું વ્રત છે. તેને અજવાળી બીજ અથવા થાવર બીજ એવું પણ કહેવામાં આવે છે. શુક્રવાર બીજના દિવસે કલિયુગની પ્રત્યક્ષ શરૂઆત થઈ. તેથી ચંદ્રદર્શન અને શુક્રવાર હોય તે દિવસે ઉપવાસ વ્રત કરી દાન ધર્મ કરવું, એવી સત્પંથ પ્રવર્તકોની આજ્ઞા છે. શુક્રવાર આ ઘણા જ માનવ સમાજોના 'દેવોનો' દિવસ ગણવામાં આવે છે. આ ચંદ્રદર્શનનું વ્રત હિંદુ ધર્મશાસ્ત્રમાં 'બાલેન્દુ વ્રત' તરીકે પ્રસિદ્ધ છે. તેમજ ચંદ્રદર્શન, સહસ્ર ચંદ્રદર્શન વ્રત વિષે પંચાંગમાં વિસ્તૃત માહિતી આપેલી હોય છે.

શુદ્ધ (સુદ) બીજનો ચંદ્ર કર્તૃત્વનો પ્રતિક છે. શુદ્ધ (સુદ) બીજની ચંદ્રકલા મુજબ આપણા જીવન કલાનો પણ ઉત્તરોત્તર વિકાસ થાય છે. તે માટે બીજના ચંદ્રનું દર્શન કરવું. ભારતીય સંસ્કૃતિ ઉદારપણું અને કર્તૃત્વની પૂજક છે. ચંદ્ર શુદ્ધ (સુદ) પક્ષમાં કમાવે છે અને વધ (વદ) પક્ષમાં પોતાની કળાઓનું દાન કરે છે. અમાસના દિવસે તે ખાલી થઈ જાય છે અને શુદ્ધ (સુદી) બીજથી પાછો કળા કમાવવાના ઉદ્યોગને લાગી જાય છે. એવા આ વિશ્વજીત યજ્ઞ કરનારા કર્મયોગીને જેણે સમસ્ત વિશ્વનું વૈભવ પ્રાપ્ત કર્યું છે પરંતુ સમસ્ત વિશ્વના કલ્યાણ માટે તે વૈભવનું દાન કર્યુ છે એવા આ કર્મયોગીને ભગવાન શિવે પોતાના માથા પર ધારણ કર્યો છે. શુદ્ધ (સુદ) બીજના ચંદ્રનું દર્શન કરી લોકો કૃતાર્થ થઈ જાય છે. તેનું દર્શન પવિત્ર, મંગળમય, પાવનકારી અને અમૃતોપમ છે. ચંદ્રના કિરણો અમૃતનો સ્રાવ કરે છે તેથી તેનું દર્શન પુષ્ટિમય અને તુષ્ટિદાયક છે. ઔષધીની વનસ્પતીમાં તેનું અમૃત રેડાય છે. તેના સેવનથી મનુષ્ય, પશુઓ પુષ્ટ અને તુષ્ટ થાય છે તો પછી પ્રત્યક્ષ તેના દર્શનથી કેમ ન થાય ? તેથી દર માસના ચંદ્રદર્શનને અને શુક્રવારના ચંદ્રના દર્શનને સત્પંથ પ્રવર્તકોએ ખાસ મહત્ત્વ આપ્યું છે. શુક્રવાર અથવા ચંદ્ર આ દુનિયાના કોઈ અમુક સમાજ માટે કે ધર્મ-પંથ માટે ભગવાને નિર્માણ કરેલા નથી પરંતુ અખિલ વિશ્વ ભૂત પ્રાણી માત્ર માટે તેની નિર્મિતી છે.

યુગધર્મને અનુસરીને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અથર્વવેદને પ્રાધાન્ય આપેલ છે. અર્થાત્ સત્પંથ ઘટ-પાટ કળશ પૂજાવિધિ મંત્રો, અથર્વવેદના અનુરોધ મુજબ તૈયાર કરેલા છે એવો ઉલ્લેખ સત્પંથ સાહિત્યમાં દેખાય છે. અથર્વવેદ અને તેના ઉપનિષદોને આધાર માની સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ સત્પંથ ધર્મ દિગ્દર્શિત કરેલો છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મન ચિત્તવરણી (ચિંતામણી), ગુરુવાણી, યોગવાણી જેવા અને તત્ત્વગ્રંથો પરથી આ સ્પષ્ટ જણાય છે.

ચાર વેદ ચારે મુખેથી બોલીયા, સતુગુરુ બ્રહ્મા તે સરવે આયે,
એ ગીનાન તો શ્રીનારાયણે આપીયાં, જે છે સર્વે વેદ માંહે.

તે બ્રહ્માના મુખમાંહેથી ઉપના, તે તો પરવરીયા પૃથ્વીની માંહે,
ઋગ્વેદ યજુર્વેદ સામવેદ કહીયે, અને તેની માયેની છે અથર્વવેદ માંહે.

અથર્વવેદ માંહેથી કાઢી કરી, તે તો આપી સત્પંથીયોને આજ,
રેહેણી રાખો તમે નિશ્ચે કરી, તો સરસે આપણા જીવનાં કાજ.

- ઋષિવર ચેતામણી.

સત્‌પંથ સેવો મારા મુનિવરો, તો પામીયે મુગત દરશન,
આજ કલજુગ સંઘે મત ભૂલજો, હરિને માનસ રૂપે અવતાર.

અથરવવેદ ભણે મારા મુનિવરો, તમે સતસું જાગો મારા વીર,
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર જેણે જાણીયા, આજ કલિમાં સાચા સદ્‌ગોર.

ભાઈ અમર દેહા કીજિયે, અને હેતે વરસે મેહ,
અથરવવેદ માંહે એમ ભાકીયા, હવે જુગનો આવ્યો છેહ.

- ગુરુવાણી.

* * *

અનંત રૂપે ચૌદ ભુવનના ભૂપ, વેદ પરમાણો રૂપ ખોલો.
અથર્વવેદની જુગતી જાણી, એણી જુગતીયે જોગને સાધો.
રે જોગેશ્વરો, નિરંજન લાધે તો જોગને કાઢે.

- યોગવાણી.

* * *

અથરવવેદમાં એમ ભાકીયા, અને મુનિવર કીજે ઉત્તમ કામ,
જો મન મુંડન કીજીયે, તો વૈકુંઠમાં પામીયે ઠામ.

નાભી કમલથી દમ ઊઠે, શ્વાસ ઉશ્વાસ હોય રે,
દમે દમે હરિને જપીએ, તો અમર હોયે સોય રે.

ત્રિવેણી ત્રિપુટીમાં ન્હાઈએ, અને પૂરા સંગમ હોય રે,
ચાંદો સૂરજ બે દીપ કહીયે, તો જ્યોતમાં જ્યોત સમાય રે.

સુરત લગાડીને ચહડીયે, અને પૂરા ગુરુને સાથ રે,
અજંપા જાપને જપીએ રે, તો પ્રાછત સઘલાં જાય રે.

કહેત ઈમામશાહ સુનો મુનિવરો રે । તમે સાચું જાણો નિર્ધાર,
અથરવ વેદમાં એમ ભાકીયા, આગળ નથી અગીયારમો અવતાર રે.

- ગુરુવાણી

* * *

અમર થવા તો જપવો અજંપા જાપ, અથર્વવેદની કાંડી ભણી ઉતારવાં પાપ.

આ અને એવા અનેક અવતરણો પરથી પ્રમાણિત થાય છે કે સત્‌પંથ પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અથર્વવેદ અને તેના જ્ઞાનગમ્ય ઉપનિષદ ગ્રંથ આધારભૂત ગણેલા છે. અથર્વવેદમાં અને ઉપનિષદોમાં સત્‌પંથનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોવા છતાં પણ દેવયાન માર્ગ, આત્મજ્ઞાન યોગમાર્ગ અથવા મુક્તિમાર્ગનો ઉલ્લેખ તો સ્પષ્ટ જ જણાય છે. અર્થાત્ તે માર્ગનું અવલંબન કરીને ચોર્યાશી લાખના ફેરા મટાડી જીવાત્મા સ્વયં પ્રકાશ આત્મ સ્વરૂપને ઓળખી શકે છે અને સ્મરણ ચિંતન ધ્યાનથી તે સ્વરૂપમાં લીન થઈ શકે છે. આ બ્રહ્મ વિદ્યાની ક્રિયા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સત્‌પંથ જ્ઞાન સાહિત્યમાં નિવેદન કરેલી છે. એવો બ્રહ્મ વિદ્યાથી ઓતપ્રોત ભરેલો આ અથર્વવેદ યુગ ધર્માનુસાર કલિયુગમાં પ્રમુખ છે. તેમાંનો કુંભ કલશ ઘટપાટ એટલે વરુણયજ્ઞ-જલયજ્ઞ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સ્વીકારી તે દ્વારા મૂળ સત્ ચિત્ આનંદઘન ઈશ્વરની ઉપાસના અને અન્યોન્ય દેવતાઓનું પૂજન, અર્ચન, નમન, નૈવેદ્ય, સમર્પણ, વંદન અને તે દ્વારા તેની કૃપા આશીર્વાદ ગ્રહણ કરવાનું સાધન સત્‌પંથ પૂજા વિધિ દ્વારા માર્ગદર્શીત કરેલું છે. નિત્ય નૈમિતિક અને કામ્ય કર્મો કરીને નિષ્કર્મ થઈને છેલ્લે આત્મજ્ઞાન શ્રવણ, સત્સંગ, જ્ઞાનચર્ચા, મનન, નિદિધ્યાસન વગેરે સાધનોથી મન શાંત સ્થિર કરી ભગવાનના નિર્ગુણ નિરાકાર સત્ ચિત્ સ્વરૂપનું ધ્યાન ચિંતન કરતાં કરતાં પોતાની તમામ વૃત્તિઓની - કામનાઓનું લય તેમાં કરવાની યોગિક ક્રિયાઓનો આ વેદના આધારે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ઉપદેશ પ્રબોધેલ છે.

अष्टचक्रा नवद्वारा देवानां पूरयोध्या ।
तस्यं हिरण्ययः कोशः स्वर्गो ज्योतिषावृतः ॥
- अथर्ववेद. १०/२/३१

❋ ❋ ❋

आत्मानं रथिनं विद्धि, शरीरं रथमेव तुं ।
बुद्धिं तु सारथिं विद्धि, मन प्रग्रहमेव च ॥

इंद्रियाणि हयानाहुर्विषयास्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्त भोक्तेत्याहुर्मनीषिणः ॥
- कठोपनिषद्. १/३/३-४

શ્રી સત્પંથ જ્ઞાનપદ સાહિત્યના એક પદમાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે :

મુંડ કમંડલ કો હી થર કરી રાખો, નાભી કમલથી જગાવો.
સત્ગુરુ શબ્દકા માંહે બાજાં બજાઈએ, સુરતી સુહાગ ચઢાઈએ.
મુખ વિના ગાઈયે શ્રવણ વિના સુણીયે, બીન કરતાલ બજાઈએ.
ઝાંજ પખવાજ મૃદંગ બાજે, બીન રસના ગુણ ગાઈએ.
ઈંગલા પિંગલા સુષુમ્ના નાડી, ત્રિવેણી તિરથ પર રહીએ.

ભ્રમર ગુફા ઉપર તખત વિરાજે, બાજાં નિશાણ બજાઈયે.
કહેત ઈમામશાહ સુણો મોરા ભાઈ, એમ કરી દર્શન પાઈયે.

※ ※ ※

ગુરુવાણીના એક જ્ઞાન પદમાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ યોગ અંગેના ક્રિયા વિષે ક્રમશઃ વિવેચન કરેલું છે, તેઓ કહે છે :

આદ ઉનાદના નાથ રે, સ્વામી તમે છો કરતાર.
ભરતખંડ જાંબુદ્વિપ માંહે, દસમે છો નિષ્કલંકી રૂપ.

સત્ગુરુ કેરા હાટમાં, જડી ગીનાન શબદ કેરી જડ.
ગીનાન દીપક સમારીયે, સત્ગુરુ દેખાડસે અમર ભેદ.

અમરપદ ગુરુ ગમ જડી, ત્યાં તો પાપ તે પરળા જાય રે.
પાંચ તત્ત્વની રચના બની, તારે ત્રાણ જગ કર્યા પ્રકાશ.

પાંચ હી રસને વારીયે, તેના રૂપ છે સહસ્ર પચાસ.
નાભી કમલથી ઉપજે, તાહાં ગૈબી તે ગર્જના થાય.

શૂન શિખરમાં સુરતા ધરી, તાહા થાયે છે અજંપા જાપ.
ઈંગલા પિંગલા સંગમ માંહે, તાહા સુષુમ્ના વહે અતિ સાર.

અનહદ બાજાં તાહાં ગડગડે, તાહાં વરતાયે જયજયકાર.
બંક નાલના ઘાટ માંહે, તાહા અનહદ થાયે પ્રકાશ.

આ ઘેરથી અમી ઉતરે, તાહાં પીયે હરિજન વિરલા કોય.
સુરત નુરતની જુગત ભણી, પરિબ્રહ્મા છે પોતાને પાસ.

અખંડ જયોત તાહાં ઝગમગે, એ તો અલખ પુરુષ કેરા મેલ.

અલખ નિરંજનને સેવીયે, તારે જનમ મરણનો ભય જાયે.
કહેત ઈમામશાહ સુણો મોરા ભાઈ, તમે ગાવો શીખો સાંભળો ભાઈ.

❋ ❋ ❋

આ પદો પરથી અને એવા જ સ્વરૂપનું વર્ણન જેમાં છે તે શ્રી નિષ્કલંકી ગીતા, ચિદ્દવિચાર, શ્રી દેવી નારાયણ સંવાદ, બ્રહ્મપ્રકાશ, ગુરુવાણી વગેરે અનેક ગ્રંથોમાં કથન કરેલા આ યોગ માર્ગ અથવા બ્રહ્મ વિદ્યા પ્રાપ્તિનો માર્ગ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અથર્વવેદનો આધાર લઈને જ કથન કરેલો છે. જેથી તેઓએ અથર્વવેદ અને તેના ઉપનિષદોને પ્રમુખ માનીને સત્પંથનું શિક્ષણ આપતાં તેઓ સૂચવે છે કે :

શુદ્ધ બુદ્ધે રાચો હો મુનિવરો, દિલથી મેલ જ થાયે દૂર,
હૃદયથી જો મેલ દૂર થાયે, તો સ્વામીજી હોવે હજૂર.

સ્વામીએ દયા સારું તને સર્જિયો, કાયે ભૂલો વારોવાર,
મનુષ્ય દેહી ફરી નહીં મળે, તમે ચેતીને ચાલો ગેમાર.

ભાઈ જેના દિલમાં દયા નહીં, તેના દિલમાં નાખો ધૂલ,
તે તો ફૂટી હાંડી તોલ છે, તેનું કોડી ના આવે મૂલ.

જેના હૃદયમાં ક્ષમા આવશે, તેણે જાણો અરીસા પ્રમાણ,
અરીસામાં જેમ પ્રકાશ છે, તેમ સ્વામી ભીતર તું જ રે જાણ.

ભાઈ સત્પંથે સાચા ચાલસો, તેના જીવ અમરપુરમાં જાયે,
અમરાપુર તમે એમ પામસો, જો જીવતા મૃતક થાયે.

ભાઈ કાચી કાયા છે તારી કારમી, તેણે જાતાં નહીં લાગે વાર,
જેમ સપનાંતરનું પેખણું, તેવો છે રે આ સંસાર.

અંધ ભાવે તેણે કાહી ના સુજે, એ સ્વામી છે તુજ પાસ,
કામ ક્રોધ મત્સર પરહરો, અને થાવો સત્‌ગુરુજીના દાસ.

ગુરુ ઈમામશાહ એમ બોલીયા, સાંભલો મુનિવર એ ગીનાન,
સત્‌ગુરુના કહ્યા જે કોઈ માનશે, તેના થાસે એકોત્તરસોનાં કામ.
- ગુરુવાણી.

શુદ્ધ બુદ્ધિનો ઉપયોગ કરી કર્મો કરવાં, હૃદય નિર્મલ પવિત્ર રાખવું. આંતરબાહ્ય મલીનતાનો ત્યાગ, દયામય અંતઃકરણનું અવલંબન કરવું, સદ્‌વિચાર સતત જાગૃત રાખી અમૂલ્ય માનવ જન્મને સાર્થક કરવો. દયા, ક્ષમા, યથાશક્તિ દાન અને યથાલાભ સંતોષથી પોતાનું અંતઃકરણ અરીસા માફક નિર્મળ સ્વચ્છ કરી આત્મ પ્રકાશ તેમાં જોવો. સત્‌પંથ સત્ય ધર્મનું આચરણ કરી જીવનમુક્તિ પ્રાપ્ત કરવી અને તે યોગે અમરપદનું - આત્માનંદનું સુખ અનુભવવું જોઈએ. શરીર નાશવંત છે. જીવન એ દીર્ઘ સ્વપ્ન છે. જગત આ એક દીર્ઘ નાટય છે. આપણે બધાને તેમાં પોતપોતાની ભૂમિકાઓ ભજવવાની છે. નટ જે પ્રમાણે પોતાનું સ્વત્ત્વ કાયમ રાખી અલિપ્ત રહી નાટક ભજવે છે તે પ્રમાણે આ સંસાર મોહજાળમાંથી આપણે બધા કર્મો કરી અલિપ્ત રહેવાનું છે. તે માટે અવિદ્યા-અજ્ઞાનનો ત્યાગ કરવો, જ્ઞાન દૃષ્ટિનો આધાર લઈ કામ, ક્રોધ મત્સરને આશરો ન આપો. સદૈવ સદ્‌ગુરુ જેવા અનુભવી ગુરુના આશ્રિત થઈને રહો. તેમનો અનુગ્રહ પ્રાપ્ત કરી આ જ્ઞાન આત્મ સાક્ષાત્કાર કરો. તે યોગે આપણે પોતાનો ઉદ્ધાર કરવો અને આપણી સાથે એકસો એક પેઢીનો પણ ઉદ્ધાર થશે. આ પ્રકારનો અમરપદનો અમર માર્ગ અસ્થિર - ચંચલ એવા મનને સ્થિર કરનારો, સાધનાની જાણકારી આપનાર અથર્વવેદ પરથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ઉપદેશ કરેલો છે.

કલિયુગના યુગધર્મની જાણકારી આપતાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ઘટ પાટ સ્થાપનાના એક મંત્રમાં કહ્યું છે કે :

સ્વામી તમે ૐકાર માંહે આપોઆપ, શક્તિ રૂપી જપાવ્યો જાપ.
શક્તિ રૂપી રચ્યો સંસાર, શક્તિ વેદ ઉત્તમ આચાર.
હેઠે શક્તિને ઉપર કલા, પાંચે દેવ તો સભરે ભર્યા.
આસન શક્તિ નૂરે તેજ, નૂરે સરજા નિરંજન હેત.
શ્રેષ્ઠ શક્તિ માટી સહી, માટી વિના ન ઉપન્યા કોઈ.
માટી ઘટ ને માટી પાટ, માટી મોક્ષ મુક્તિની વાટ.

આ સ્થૂલ શરીર પૃથ્વી તત્ત્વના વધુ પ્રમાણથી બનેલું છે. યુગ ધર્માનુસાર પૃથ્વી તત્ત્વ આ શરીરમાં વધુ પ્રમાણમાં છે. સત્યયુગમાં વાયુ તત્ત્વ વધુ હોવાથી પ્રેત (મૃતદેહ) સંસ્કાર વન દાગથી થતો હતો, ત્રેતાયુગમાં જલ તત્ત્વ વધુ જેથી પ્રેત (મૃતદેહ) સંસ્કાર જલ દાગથી થતો હતો. દ્વાપરયુગમાં તેજ તત્ત્વ વધુ જેથી અગ્નિ દાગ અને કલિયુગમાં પૃથ્વી તત્ત્વ વધુ હોવાથી પ્રેત (મૃતદેહ) સંસ્કારની ક્રિયા ભૂમિદાગ પદ્ધતિથી કરવી એટલે કે ભૂમિ દાગ કરવો એવો ઉલ્લેખ અથર્વવેદમાં ૧૮મા કાંડમાં છે. પ્રેત (મૃતદેહ) સંસ્કાર વિષે અથર્વવેદની આજ્ઞા છે કે; -

ये निखाता ये परोप्ता ये दग्धा ये चोद्धिताः ।
सर्वास्तानग्ने आ वह पितृन् हविषे अत्तवे ॥
- अथर्ववेद. १८/२/३४

ઓ અગ્નિદેવતા ! જે પિતર (જીવાત્માનું ક્લેવર) જમીનમાં દાટેલું છે, જે પાણીમાં દૂર વહી ગયા છે, જે અગ્નિએ બાળી નાખેલા છે, તે જ રીતે જે જમીન ઉપર ખુલ્લામાં છોડી દીધેલા છે એવા સર્વ પિતરોનો તું હવી ભક્ષણ માટે લઈ આવ.

ખરેખર આજકાલ કેટલાક ભક્તો મૃતદેહનો અગ્નિ સંસ્કાર આપે છે અને ત્યારબાદ ત્રીજા દિવસે એક પથ્થર (અસ્મી) લઈ તેને જમીનમાં દાટે છે. તેમજ મૃત વ્યક્તિના અસ્થિઓ ભેગા કરી એક માટીના માટલામાં રાખે છે અથવા ઝાડ પર લટકાવે છે. મોટાભાગના લોકો તો નજીકના નદીના પાણીમાં વહાવે છે. જો આ પણ ન થઈ શકે તો લોટના અથવા ચોખાના પિંડ બનાવી તે પર મૃત પિતરો પ્રિત્યર્થે પૂજા કરી તે પિંડ નદીમાં પધરાવી દે છે. મૃત્યુ પછીના દસમા દિવસે આ પ્રમાણે પિંડ બનાવી ઘરના બહાર ખુલ્લી જગ્યામાં પિંડ રાખવામાં આવે છે, કાગડાએ તેને સ્પર્શ કરવો જોઈએ એવો તેનો હેતુ હોય છે. જ્યાં સુધી કાગડો તેને સ્પર્શ ન કરે ત્યાં સુધી અંતેષ્ટી સંસ્કાર પૂરો થયો નથી એવું સમજવામાં આવે છે. પારસીઓ પણ પ્રેત (મૃહદેહ)ને હવામાં ખુલ્લો રાખે છે, તેનો આ સંકેત છે. આ પ્રકારની ચાર વિધિઓ હિંદુઓમાં વિભિન્ન રૂપોથી પ્રયોજવામાં આવે છે. તેમાંની ભૂમિદાગ આપવાની પ્રથા છે તે વિષે અથર્વવેદમાં વ્યક્ત કરેલું છે કે, -

अभि त्वोर्णोमि पृथिव्या मातुर्वस्त्रेण भद्रया ।
जीवेषु भद्रं तन्मयि स्वधा पितृषु सा त्वयि ।
- अथर्व. १८/२/५२

ઓ પ્રેત (મૃતદેહ) ! તને માતા પૃથ્વીના કલ્યાણમય વસ્ત્રોથી આચ્છાદિત કરું છું, અર્થાત્ જમીનમાં તને સમાધિ આપું છું. જીવીત રહેવામાં જે કલ્યાણ છે તે મારામાં આવે અને પિતરોમાં જે સ્વધા છે તે તારામાં આવે એટલે કે તને પ્રાપ્ત થાઓ. આ પરથી વેદમાં સ્પષ્ટ શબ્દોમાં ભૂમિદાગનું સમર્થન કરેલું છે.

इदमिद् वा उ नापरं दिवि पश्यसि सूर्यम् ।
माता पुत्रं यथा सिचभ्ये नं भूम ऊर्णुहि ॥
- अथर्व. १८/२/५०

ઓ મૃત પુરુષ ! તું જ એક છે જે દ્યુતલોકમાં સૂર્યને જુએ છે, બીજા નથી. જે પ્રમાણે માતા પુત્રને પોતાના પાલવથી ઢાંકે છે તે મુજબ ઓ પૃથ્વી, તું પણ આ મૃત પુરુષને ચારે બાજુથી ઢાંકી દે.

असौ हा इह ते मनः ककुत्सलमिव जामयः ।
अभ्ये नं भूम उर्णुहि ॥
- अथर्व. १८/४/६६

હે અમુક નામ ધારણ કરનાર પ્રેત (મૃતદેહ), અહીં તારું મન છે. ઓ પૃથ્વી ! જે મુજબ સ્ત્રીઓ પોતાના બાળકને વસ્ત્રોથી ઢાંકે છે અથવા કુલવાન સ્ત્રીઓ પોતાનું શિરકમલ ઢાંકે છે તે પ્રમાણે તું આ પ્રેત (મૃતદેહ) ને સર્વ બાજુઓથી ઢાંકી દે.

पृथिवीं त्वा पृथिव्यामा वेशयामि देवो नो धाता प्र तिरात्यायुः ।
परापरैता वसुविद् वो अस्त्वधा मृताः पितृषु सं भवन्तु ॥
- अथर्व. १८/४/४८

મૃત્તિકાથી બનેલ ઓ મૃતપુરુષ ! તને આ માટીમાં પુરું છું. અર્થાત્ મૃત્તિકાથી બનેલું આ સ્થૂલ શરીર જમીનમાં જ દાટું છું. ઓ ધારક દેવ ! અમારું આયુષ્ય વધવા દે. ઓ

પિતર ! પ્રકૃતિ નુરૂપ દેહ ધારણ કરેલ જીવાત્મા, તું અમારાથી ઘણો જ દૂર ગયો છે. તારા માટે ધાતા દેવ આશ્રય રૂપ થાઓ અને આ મૃત પિતરોની ઉત્તમ પ્રકારની ગતિ થાઓ અર્થાત્ પિતૃલોકમાં જઈ મળો.

આ અનેક શ્લોકો પરથી પ્રેત (મૃતદેહ) સંસ્કાર ભૂમિદાગથી કરવાથી કોઈ પ્રત્યવાય નથી. કારણ ભૂમિદાગ, જલદાગ, અગ્નિદાગ અને વાયુદાગ આ ચારે વૈદિક પ્રથા પરથી જ પ્રચલિત છે. તેથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે યુગધર્માનુસાર પ્રેત (મૃતદેહ) ને ભૂમિદાગ આપવાની આજ્ઞા કરેલી છે.

આ સર્વ વિવેચનો પરથી સ્પષ્ટ થાય છે કે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે માર્ગદર્શિત કરેલો સત્‌પંથ અનાદિ કાળથી પ્રચલિત છે. યુગધર્માનુસાર તેના બાહ્ય સ્વરૂપમાં બદલ થયેલો છે પરંતુ અંતરંગ સ્વરૂપથી મૂળ સનાતન વૈદિક ધર્મનો જ એક ભાગ છે. દેશ કાળ અને પરિસ્થિતિ અનુસાર ધર્મનું બાહ્યાંગ બદલાતું હોય છે. સત્‌પંથમાં નિર્ગુણ નિરાકારની ઉપાસના, ૐ પ્રણવબ્રહ્મનું સ્મરણ ચિંતન, જ્યોતિ સ્વરૂપ ભગવાનનું ધ્યાન, ઘટપાટની કળશ-પૂજા ઉપાસના, દશાવતારની ઉપાસના, શુક્રવાર ચંદ્રદર્શન વ્રતનો ઉપવાસ કરવો, ભૂમિદાગ આપવો વગેરે અનેક પ્રથાઓનું મૂલતઃ ગેર સમજ થઈ હોવાથી અને લોકોએ સત્‌પંથ ધર્મના અનુયાયી પર કરેલા અત્યાચારથી આ ધર્મનો જોઈએ તેઓ પ્રચાર થઈ શક્યો નથી.

સત્‌પંથના અનુયાયીઓમાં લેઉવા - કડવા - પાટીદાર, મરાઠા, ગુજ્જર, રાજપૂત, ભાવસાર, સાળી, માળી, બારીયા, કંસારા, સોની, રાણા, કાછીયા, કોળી, રબારી વગેરે અનેક જાતિ ઉપજાતિઓનો સમાવેશ છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ભાવનગર, ખંભાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સુરત કાંઠા વિભાગ, મહારાષ્ટ્રમાંના જલગાંવ, ધુલીયા (પૂર્વ અને પશ્ચિમ ખાનદેશ), મધ્યપ્રદેશમાંનો નિમાડ વિભાગ, વિદર્ભમાં આકોટ - અંજન વગેરે ભાગોમાં આ પંથના અનુયાયીઓ મોટી સંખ્યામાં છે.

સત્‌પંથ - સત્ + પથ = સત્ પદ, પ્રત્યે પહોંચવાનો માર્ગ, એવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની માન્યતા છે. તેઓ કહે છે કે :

"પંથી રે કોઈ ખોટા નથી, ચાંદરણ માર્ગે નયને જોયે."

સત્પથ ધર્મના ઉદય

કોઈ પણ માર્ગ ખોટો અથવા બિનઉપયોગી નથી. આ પંથના તત્ત્વ રૂપી પ્રકાશ પ્રત્યે દૃષ્ટિ કરી જુઓ, આ પ્રકાશનો અનુભવ કરી જુઓ. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમના ભજનો દ્વારા અત્યંત સરલ ભાષામાં અને વ્યવહારીક દૃષ્ટાંતો આપી લોકોને બ્રહ્મજ્ઞાનનો - આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો છે. તેમના ઉપદેશમાં સત્ય અને શુદ્ધ નીતિનો જ સમાવેશ થયેલો છે. તેથી આ પંથને સત્પંથ કહેવાય છે. સત્પંથી હરિભક્તોને શુદ્ધ, પવિત્ર આચરણ કરી વ્રતનું પાલન, ઘટ-પાટ પૂજા યજ્ઞવિધિનું આચરણ, માદક પદાર્થોને ત્યાજ્ય કરવો, અભક્ષ્ય-ભક્ષણ અને અપેયપાનથી તેઓએ અલિપ્ત રહેવું. કુળાચાર પાળવો અને સ્પર્શા સ્પર્શનો સૂક્ષ્મ વિવેક રાખવો, પરમેશ્વર એક છે, જ્યાં નિશ્ચિય કરશો ત્યાં જ તે તમને પ્રાપ્ત થશે એવું સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું કહેવું છે.

સત્પંથનું સાહિત્ય જોવા જઈએ તો તેમાંના સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના જ્ઞાન પદ સંગ્રહમાં અત્યંત ઉચ્ચ કોટિનું તત્ત્વજ્ઞાન જણાય છે. એકંદરે નિરીક્ષણ કરતાં આ અથર્વવેદના આધારે નિર્માણ થયેલું છે. માનવ જીવનનું ધ્યેય એટલે આત્મ સાક્ષાત્કાર, પોતે જ પોતાને ઓળખવું આ હોય. એક પદમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ કહે છે :-

સત્પંથ ધરમ સો કહીયે, જેણે ઓળખ્યા સત્‌ગુરુ નૂર રે,
પરિબ્રહ્મ વિષ્ણુને ઓળખ્યા, તે તો અમર હુવા તતખેવ રે.

સત્‌ગુરુ રૂપ પ્રકાશનો એટલે સત્‌નો જેણે અનુભવ કર્યો તે જ ખરો સત્પંથી કહી શકાય. સત્પંથ એ જ્ઞાનના અનુભૂતિનો માર્ગ છે, તેથી તે તત્ત્વ સમજવાં અત્યંત કઠિન હોય છે. સર્વ સામાન્ય વ્યક્તિ સંસારના સુખોપભોગના દૃષ્ટિકોણથી ધર્મ તરફ જોતો હોય છે. ભિન્નભિન્ન કામના, વાસના, હેતુ મનમાં રાખી અને ધર્મ કૃત્ય કરે છે. આ કર્મો સકામ હોય છે. તેમનું ફળ પણ મળે છે, પરંતુ કર્મ વાસનાઓથી બદ્ધ થયેલા જીવાત્મા માત્ર આ કર્મકાંડમાં જ આખર સુધી અટકી રહે છે. તે રસ્તો છોડી સામે જઈ શકતો નથી તેથી જ્ઞાનની સાચી અનુભૂતિથી તેઓ પરાઙ્મુખ રહે છે. સત્પંથ ધર્મના પ્રવર્તક નિષ્કામ કર્મ આચરણ અંગે અને અભિમાન

છોડી લોકોનું કાર્ય કરવા ઉપર વિશેષ મહત્ત્વ આપે છે. વૈરાગ્ય વિચાર સતત ચિત્તમાં સ્મરણ કરી જીવન જીવવું. જન્મ સફળ થવા માટે જીવનમાં હંમેશાં સાવધાની રાખો. જીવન ક્ષણભંગૂર જાણીને સદાચારથી વર્તો. એ જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો ઉપદેશ છે. માનવ જીવનની સફળતા માટે જ તેઓએ આ સત્‌પંથ માર્ગ માર્ગદર્શીત કરેલો છે.



પ્રકરણ - ૨

❖ સત્પંથ ધર્મનું જ્ઞાન સાહિત્ય ❖

કોઈ પણ ધર્મ, પંથ અથવા માર્ગ હોય તેનો મૂળ પાયો કહીયે તો તેનું જ્ઞાન સાહિત્ય હોય. જે જે પંથના અથવા માર્ગના સંસ્થાપકોએ, માર્ગદર્શકોએ તત્ત્વજ્ઞાન જે પ્રણાલિકાઓ અનુયાયીઓને સંબોધન કરી ઉપદેશ આપેલ હોય છે તે તે પંથના અથવા માર્ગના સાહિત્યરૂપે અસ્તિત્વમાં રહે છે. કોઈપણ માર્ગને તત્ત્વજ્ઞાનની બેઠક ન હોય તો તેનું કંઈ પણ મૂલ્ય અથવા સ્થૈર્ય રહેતું નથી. **સાહિત્ય એ તે માર્ગનો આત્મા છે.** સંત મહાત્માઓનું ચરિત્ર અથવા તેમના પૂર્વજ - વંશજોના ઈતિહાસને સાહિત્ય કહી શકાય નહીં. કોઈ એક મહાન અલૌકિક દિવ્ય શક્તિના મહાત્માએ પોતાના અનુયાયીઓને પોતાની અનુભૂતિથી ઈશ્વર દર્શન - આત્મસાક્ષાત્કાર વિષે કરેલા ઉપદેશનો સાહિત્યમાં સમાવેશ થઈ શકે. પરંતુ તે મહાત્મા સ્થૂલ રૂપથી આ દુનિયામાંથી પાર નીકળી ગયેલા હોય તો એવા સમયે તેમનું સાહિત્ય જ તેમના રૂપનું કાર્ય કરતું હોય છે. મહાપુરુષ પોતે આ ઉપાધિથી અલગ રહેવાનો પ્રયત્ન કરે છે. તેમને પોતાના નામની અથવા કીર્તિની આસક્તિ હોતી નથી એટલે તેઓ કોઈ તત્ત્વ જ્ઞાન ગ્રંથ લખવાના પ્રયત્ન કરતા નથી. તેમના મુખેથી જે વાણી નીકળતી હોય છે તે જ એક મહાન ગ્રંથ બની જાય છે અને એવા તત્ત્વ રૂપ અમૃતનો વર્ષાવ વારંવાર થઈ શકતો નથી, જ્યારે એ મહાપુરુષ બ્રહ્માનુભૂતિમાં મગ્ન થાય છે ત્યારે જ તેમના મુખેથી જ્ઞાનામૃત છૂટે છે. સદ્‌ભક્ત અનુયાયીઓ આ જ્ઞાનામૃત પ્રવાહ વહીને નષ્ટ ન થાય તે માટે અથવા અસ્મરણ ન થાય તે માટે પોતાની જ્ઞાનશક્તિના બળથી જે શક્ય હશે તે પ્રમાણે

જ્ઞાનામૃતનો સંચય કરે છે. આગળ જતાં તે સાહિત્ય રૂપથી પ્રસિદ્ધ થાય છે. પ્રાથમિક અવસ્થામાં તે સાહિત્ય હસ્ત લિખિત જ હોય છે, પછીથી વિદ્વાન બુદ્ધિમંતોના પ્રયત્નોથી તેને સાજ શૃંગાર, અલંકાર, સમાસ, કાવ્યના રૂપથી સૌંદર્ય પ્રાપ્ત થાય છે અને આ ગુણોથી તેને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે.

સત્પંથ જ્ઞાન સાહિત્યના બાબતે પણ એવું જ થયું છે. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અને તેમના જીવન વૃત્તાંત પરથી જણાય છે કે તેઓને આ આત્મજ્ઞાનનો વારસો કોઈ દેહધારી ગુરુ પાસેથી અનુગ્રહથી પ્રાપ્ત થયો હતો. તેમની સાધનાનો અભ્યાસ કરી આ આત્મજ્ઞાન તેઓએ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ તેમના ચરિત્રમાં નથી, પરંતુ પરંપરાના દૈવી શક્તિનો પ્રવાહ તેમનામાં વહેતો રહેલો ઉપલબ્ધ ઈતિહાસ પરથી જાણી શકાય છે. તેને 'દૈવીકળા' એવું કહેલું છે. એને યોગશાસ્ત્રમાં શક્તિપાત કરવાની ક્રિયા કહે છે. એવા પ્રકારની દૈવીકળા સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને યુગયુગાંતરથી જ પ્રાપ્ત થયાનો ઉલ્લેખ તેમના ચરિત્રમાં છે. તે પ્રાપ્ત થતાં અગાઉ પણ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું ઉપદેશ કાર્ય ચાલુ જ હતું. આ પરથી તદ્દન બાલ્યવસ્થાથી જ તેમને વેદ ગતિનું જન્મજાત જ્ઞાન હતું એટલે કે તેઓ યોગનિષ્ટ મહાત્મા પુરુષ જ હતા અને કોઈ બાકી રહેલો યોગ પૂરો કરવા માટે અથવા લોકસેવા માટે ઈશ્વરથી પ્રેષિત જીવનમુક્ત મહાત્મા પુરુષ આ પૃથ્વી પર અવતરિત થયા હોવા જોઈએ એમ જણાય છે, એમની બુદ્ધિમત્તા અને જ્ઞાનાધિકાર ઘણા જ મોટા હતા.

સત્પંથ જ્ઞાન સાહિત્યનું સંપૂર્ણ નિરીક્ષણ કરવામાં આવે તો તેના મુખ્યત : ત્રણ ભાગ લગભગ ક્રમશઃ જણાઈ આવે છે.

(૧) **શ્રી સત્પંથ યજ્ઞવિધિ :- ઘટ-પાટ વારિયજ્ઞ, પૂજાવિધિ :** આ એક સ્વતંત્ર વિભાગ થઈ શકે છે જેમાં પંથની સ્વતંત્ર અલગ અથર્વવેદ ઉપર આધારિત કર્મકાંડની રીતો આપણે જોઈ શકીએ છીએ. એમાં મુખ્ય ત્રણ પ્રકાર છે. ૧. નિત્ય પૂજાવિધિ, ૨. નૈમિત્તિક પૂજાવિધિ, ૩. કામ્ય પૂજાવિધિ. પૂજામાં કલશ પૂજા અને ઘૃત જ્યોતિ આ મુખ્ય વાતો છે. આ સિવાય પૂજા થઈ શકતી નથી અને પ્રસાદ વગર પૂજાનો અંત થતો નથી. પ્રસાદમાં ફળો અને શીરો આ આવશ્યક હોય છે. કવચિત ચોખા, દૂધ અને ખાંડનો પણ પ્રસાદ બનાવવામાં આવે છે.

(૨) **સ્માર્ત સાહિત્ય :** સત્પંથના સાહિત્યમાં ખાસ કરીને પુરાણોમાંથી કથાઓમાં ફક્ત

રામાયણ અને મહાભારતનો મુખ્ય ઉલ્લેખ જણાઈ આવે છે અને શ્રીમદ્ ભાગવત્મ્ય વર્ણન કરેલા દશાવતારનો આધાર લઈ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કરેલો ઉપદેશ જણાઈ આવે છે. ધ્રુવ, પ્રહ્લાદ, હરિશ્ચંદ્ર, પાંડવ વગેરે સદ્ભક્તોના ચારિત્ર્ય પર આધારીત અમુક કાવ્યાત્મક સાહિત્ય છે. તેમજ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે શિક્ષાપત્રી, આ પુસ્તકમાં રોજના જીવનક્રમ માટે આચાર શુદ્ધ રાખવા માટે સો નિયમો જણાવેલા છે. સત્પંથીજનોએ એનું રોજ નિયમથી નિત્ય પઠન કરવું જરૂરી છે. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પછી તેમનું ચરિત્ર અને ચમત્કાર એનો એક સ્વતંત્ર વિભાગ સત્પંથી લોકોમાં વધુ પ્રમાણમાં હોવાથી તે પર રચાયેલાં ભજનો લોકો અત્યંત શ્રદ્ધાથી અને આદરથી બોલે છે.

(૩) **સત્પંથ જ્ઞાન સાહિત્ય પરિચય :** સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું જ્ઞાનપદ સંગ્રહ છે, તે ભજન રૂપી છે. પરંતુ એમાં ફક્ત શુદ્ધ બ્રહ્મ જ્ઞાન અને યોગ જ્ઞાન જોવામાં આવે છે. વેદમાં ઉપનિષદાદિ સત્ ગ્રંથોમાં ઉલ્લેખ કરેલું તત્ત્વજ્ઞાન કાવ્યરૂપથી એમાં સમાવિષ્ટ થયેલું છે. તેમાં પૂજા અથવા સ્માર્ત-સાહિત્ય એનો ઉલ્લેખ દેખાતો નથી. કોઈક ઠેકાણે નહિ જેવો ઉલ્લેખ છે. જ્ઞાનપદ સાહિત્યમાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અન્ય વાતો કરતાં પોતાના (મનુષ્યના) આત્માને મહત્ત્વ આપવાનો અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો બોધ જણાઈ આવે છે.

ઉપર જણાવેલ ત્રણે પ્રકારો એકબીજાથી તદ્દન સ્વતંત્ર છે, છતાં પણ સત્પંથી લોકોના ધાર્મિક જીવનમાં તે એકબીજામાં એટલાં સહજતાથી વણાઈ ગયેલાં છે કે જ્ઞાન, ભક્તિ અને કર્મ એનો સ્વતંત્ર વિચાર આ લોકોએ કરી જોયો હોય એવો આજ સુધી તેમના સાહિત્યમાં ઉલ્લેખ પણ જણાઈ આવતો નથી.

સત્પંથ આ એક ગુરુ ઉપદેશ છે અને તે શ્રુતિ, સ્મૃતિ, પુરાણો અને ઉપનિષદોમાંના તત્ત્વને ધ્યાનમાં રાખી સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કરેલો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, ભાગવત્, રામાયણ, મહાભારત, યોગવશિષ્ઠય વગેરે ગ્રંથોને સત્પંથી લોકો પવિત્ર માને છે. શ્રીમદ્ ભાગવત્ના દ્વાદશ સ્કંદની એક હસ્તલિખિત પ્રત ૩૦૦ વરસ પહેલાંની સત્પંથી લોકોના પવિત્ર ગ્રંથમાં સમાવિષ્ઠ થઈ. સત્પંથના વિશિષ્ઠ જે ગ્રંથો છે તેમાં પ્રથમ વિષય એટલે સત્પંથ એ વૈદિક ધર્મને અનુસરે છે એ સ્પષ્ટ થાય છે. આ ગ્રંથો આગળ જણાવ્યા પ્રમાણે છે.

(૧) મૂળબંધ (૨) સત્વચન (૩) શ્રીમદ્ ભગવત્ દશાવતાર (૪) મુનિવર ચેતાવણી (૫) ઋષિવર ચેતાવણી, (૬) મન ચિંતામણી (૭) સંતવાણી (૮) યોગવાણી (૯) ગુરુવાણી (૧૦) આગમવાણી (૧૧) શિક્ષાપત્રી (૧૨) અમૃતવાણી (૧૩) ઘટ-પાટ કળશ પૂજાવિધિ - યજ્ઞવિધિ (૧૪) મન ચિત્તવરણી (૧૫) સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાંત (૧૬) ભાભારામ સુબોધ (૧૭) પ્રેમપાઠ (૧૮) સત્પંથ ધર્મ દર્શન (૧૯) નિત્ય પ્રાર્થના પાઠ (૨૦) ઉત્તમ અમૃતધારા પાઠ.

આ ગ્રંથોમાં ખાસ કરીને જે વિષયોનું પ્રતિપાદન કરેલું છે તેનો સાર આગળ જણાવ્યા પ્રમાણે છે.

૧. મૂળબંધ :-

<u>ખંડ - ૧</u> : "દશ ધુંધુઃકાર" (ભાષા-સંસ્કૃત મિશ્ર ગુજરાતી) : એમાં ૧૭ સ્તબકો છે. પ્રથમ સાત સ્તબકોમાં પરબ્રહ્મ પરમાત્માના નિર્ગુણ નિરાકાર નિરંજન સ્વરૂપનું વર્ણન કરેલું છે. તે સ્વયં જ્યોતિ સ્વરૂપ ભગવાને સંકલ્પ માત્રથી અનંતકાળમાં ભિન્ન ભિન્ન સ્વરૂપો ધારણ કરી આપણી પોતાની પ્રકૃતિ સાથે અનંત લીલા - ક્રિડા કર્યાનું સુરેખ વર્ણન ટૂંકમાં કરેલું છે. ગુજરાતી શબ્દોને જ સંસ્કૃત રૂપ આપી અનુપ્રાસ તૈયાર કરેલી એવી મધુર પણ કઠિન ભાષા આ ગ્રંથની છે. મોટા ભાગે આખો ગ્રંથ દ્વિરુક્તિથી ભરેલો છે. આઠમા સ્તબકથી માંડી ક્રમશઃ ૧૦ ધુંધુઃકારની નિર્મિતી જણાવેલી છે. તે પૈકી પ્રથમ અનંત ધુંધુઃકાર, બીજું લીલ ધુંધુઃકાર, ત્રીજું કલપ ધુંધુઃકાર, ચોથું શેષ ધુંધુઃકાર, પાંચમું મહા ધુંધુઃકાર, છઠ્ઠું શંખ ધુંધુઃકાર, સાતમું દ્વિપ ધુંધુઃકાર, આઠમું અરબ ધુંધુઃકાર, નવમું નરબ ધુંધુઃકાર અને દસમું તેજ ધુંધુઃકાર. એવા પ્રકારના દશ ધુંધુઃકારોમાં પ્રકૃતિના ઈચ્છાનુરૂપ ઉત્પત્તિ અને જગતની રૂપરેખા થઈ. નારાયણે જ ભિન્ન ભિન્ન સ્વરૂપો સ્વસંકલ્પથી નિર્માણ કરી આ જગતમાં અનંત ચૈતન્ય મૂર્તસ્વરૂપથી તેઓ જ તમામ ક્રિડાઓ કરી રહેલ છે તેનું વર્ણન આ ગ્રંથમાં છે.

ખંડ - ૨ : "દેવી નારાયણ સંવાદ" (ભાષા-સંસ્કૃત મિશ્ર ગુજરાતી) : મૂળબંધના આ બીજા ખંડમાં શ્રી શક્તિ દેવી અને શ્રી નારાયણને સંવાદ રૂપથી પુરુષ, પ્રકૃતિ, મહતત્ત્વ, અહંકાર. આ તત્ત્વોની પિંડમાં નિર્મિતી. બ્રહ્માંડમાં માનવ, દાનવ, દૈવ્યકુળ, નાગકુળ, વનસ્પતિ આદિ ચેતન સૃષ્ટિની નિર્મિતી, ચોવીસ દેશોની

રચના, તેમાં નિર્માણ થયેલા માનવ પ્રાણીમાત્રનું વર્ણન, આહાર-વિહાર-વ્યવહારની રૂપરેખા આપેલ છે. તે પછી આ સૃષ્ટિની કાલગણના, ચાર કલ્પોની રચના, ચાર યુગોની રચના, ચાર ખાણી, ચાર વાણી, વર્ણાશ્રમ ધર્મની રચના, સત્‌ધર્મની - મુક્તિમાર્ગની રચના, ધર્મના ઉપાંગોની રચના, દશાવતારોનું વર્ણન અને કાર્ય, જીવની નિર્મિતી, ત્રિગુણનું કાર્ય, ચતુર્મૂર્ત સ્વરૂપની ઈશ્વરી લીલા, જગતની ઉત્પત્તિ અને પ્રાણીમાત્રનો જપ, પૂજા, ધ્યાન સેવાથી લય કેવો થાય છે તેનું વર્ણન એમાં છે. સ્વર્ગના સુખની પ્રાપ્તિ અને મોક્ષ પ્રાપ્તિના માર્ગ ભિન્ન હોવાથી મોક્ષ પ્રાપ્તિનાં સાધનો, શક્તિની મહત્તા વગેરે વિષયોનું વર્ણન આ ગ્રંથમાં છે.

<u>ખંડ - ૩</u> : "શ્રી દેવી-નારાયણ સંવાદ" - 'ગર્ભગોળ' (ભાષા- ગુજરાતી) : આ ખંડમાં પિંડની નિર્મિતી અંગેનું વર્ણન છે અને ૐકાર સ્વરૂપની રચના, જીવ પિંડની રચના, માતાના અને પિતાના ગુણ, પ્રકૃતિના ગુણ વગેરેનું વર્ણન કરેલું છે. પિંડથી બ્રહ્માંડ તત્ત્વની રચના દર્શાવી છે અને બોતેર કોઠા, ચૌદ ભુવનો, સાત સમુદ્ર, નદીઓ, પર્વતો, વનો, વેદ વિદ્યા, શાસ્ત્રો વગેરે સર્વ આ પિંડમાં ભગવાને નિર્માણ કરેલાં છે. કસ્તૂરી મૃગના નાભીમાં રહેલી કસ્તૂરી પ્રમાણે સર્વ કયા પિંડમાં છે. આ ઈશ્વર શોધનમાં - શિવદર્શન માટે જીવાત્મા બહાર ધક્કા ખાય છે અને ઈશ્વર દર્શન સિવાય નાશ પામે છે. આગળ પંચીકરણનું વર્ણન કરેલ છે. ત્યારબાદ ષડ્‌ચક્ર વર્ણન, ષડ્‌દર્શન સ્વરૂપ વર્ણન ગુરુ શિષ્યના સંવાદ રૂપથી કરેલ છે. તે પછી બ્રહ્મ, માયા, જીવ, પંચકોશ, કર્મ, ભક્તિ, જ્ઞાન, વિવેક, વૈરાગ્ય, દમ, શમ, મુમુક્ષુત્વ, મુક્તિના સાધનોનું વર્ણન કરી ષડ્‌ધર્મ અષ્ટાંગ યોગ સાધનનું વર્ણન કરેલું છે. જ્યારે જીવાત્મા પિંડ છોડી જાય છે ત્યારે તેનાં ચિન્હો, મનુષ્યનાં ત્રીસ ધર્મ લક્ષણોનું વર્ણન કરી પછી ગર્ભ ગોલ અંગે શિવ-પાર્વતી સંવાદ રૂપથી તત્ત્વોનું વર્ણન કહેલું છે.

<u>ખંડ - ૪</u> : "નિષ્કલંકી ગીતા" - 'દેહીશોધન' - 'ચિત્ત વિચાર' (ભાષા - ગુજરાતી) : ગુરુ-શિષ્ય સંવાદ રૂપથી આ ગ્રંથમાં ચતુર્શૂન્ય નિરૂપણ, ચતુર્દેહ નિરૂપણ, પંચમહાભૂતોનું પંચીકરણ, ષડ્‌ચક્ર દર્શન ભેદન અને બ્રહ્મચક્ર દર્શનનું વર્ણન, ચતુર્મુદ્રા, ચતુર્મુક્તિ, આત્મતત્ત્વ નિરૂપણ, હઠયોગ સાધન, દિવ્ય માર્ગ કથન, નવવિદ્યા ભક્તિ નિરૂપણ, અષ્ટસિધ્ધિ નવનિધિનું વર્ણન, લિંગદેહની છત્રીસ કલાઓનું વર્ણન, ગાયત્રીપદ

નિરૂપણ એવા અનેક વિષયોનું સંક્ષેપથી વિવરણ ચોવીસ પ્રકરણમાં કરેલું છે. ઘણી જગ્યાએ મૂળ ભાષામાં લખાણ હોવાથી થોડા પ્રમાણમાં કઠિન જણાય છે.

<u>ખંડ - ૫</u> : "શિષ્યપુરાણ" (ભાષા - ગુજરાતી) : ગુરુ શિષ્ય સંવાદ રૂપથી આ ખંડમાં જીવ, બ્રહ્મ, માયા, ગુણતત્ત્વ નિરૂપણ, જીવન મુક્તિનું લક્ષણ, વિદેહ મુક્તિનું લક્ષણ વર્ણન કર્યા પછી દુનિયાના પાખંડીઓનો વ્યવહાર, ધૂર્તપણાનું લક્ષણ જણાવી લોકોને સાચી મુક્તિથી પરાવૃત્ત કરવા માટે અનેક ચમત્કાર કરી દર્શાવનારાઓ અને લોકોને ભ્રાંતિમાં નાખનારાઓને ખરાબ ફળ મળે છે તેનું વર્ણન. જગતને માયાજાળથી સાવધ રહેવાનું શિક્ષણ આપ્યું છે. અનેક સિધ્ધિ, સાધન કરી ભાવિક ભોળા લોકોને ફસાવી ખોટા માર્ગે જવાના પ્રકારોથી સાવધ રહેવા સુચવ્યું છે.

<u>ખંડ - ૬</u> : "વિરાટ સ્વરૂપ" (ભાષા - ગુજરાતી) : આમાં બ્રહ્માંડની ઉત્પત્તિ અને રચના એનું વર્ણન છે. પ્રથમ સપ્ત પાતાલની રચના, પછી કૃતક ત્રૈલોક્ય જેમાં મૃત્યુલોક, ભૂલોકનું વર્ણન છે અને તેમાં સપ્ત દ્વિપ, નવ ખંડ પૃથ્વીની રચના વર્ણવેલી છે. તદ્ઉપરાંત નરક લોકની રચના, એકવીસ સ્વર્ગ, ભુવર્લોક-પિતૃલોક તેમાં ઈન્દ્રભુવન-અમરાવતીપુરી, સંયમિનીપુરી-યમપુરી, બાવન યમઘાંટીનું વર્ણન, ઈંદ્રપુરી, રુદ્રપુરી, બ્રહ્મપુરી, વિષ્ણુપુરી, માયાપુરી, ક્ષીરસાગર, શિવપુરી, સ્વર્ગલોક તેમાં સૂર્યમંડલ, ચંદ્રમંડલ, તારા-નક્ષત્રમંડલ, ગ્રહ-જ્યોતિર્મંડલ, શિશુમારચક્ર, ધ્રુવમંડલ, કૈલાસ સ્વર્ગ - કૈલાસપુરી, પુણ્યસ્વર્ગ - વસંતપુરી, ગણસ્વર્ગ-કૃષ્ણપુરી, ગંધર્વસ્વર્ગ- સુભહાગપુરી, માલતંત સ્વર્ગ, ઊંચ સ્વર્ગ, રેવત સ્વર્ગ, નીલ સ્વર્ગ, રુદ્રમંડલ, મહર્લોક (કૃતકાકૃતક લોક), અમરાપુરી મંડલ, જનલોક (અકૃતકત્રૈલોક્ય), તપોમંડલ-તપોલોક, તેજોમંડલ-સત્યલોક અને નિજધામ-નિરંજનપદ-મોક્ષપદ આ સર્વનું વર્ણન આ ગ્રંથમાં છે. છેલ્લે વાયુની સાત શાખાઓનું વર્ણન આવેલ છે.

<u>ખંડ - ૭</u> : "યુગસૃષ્ટિનું મંડાણ" (ભાષા - ગુજરાતી) : વિશ્વની રચના કરવા માટે લાગેલા કાળનું - યુગનું વર્ણન. એમાં ૨૮ પ્રકરણો છે અને ૨૮ યુગોમાં ભગવાને આ વિશ્વની રચના કેવી રીતે કરી એનું સવિસ્તાર વર્ણન આ ગ્રંથમાં કહેલ છે.

<u>ખંડ - ૮</u> : "જડબંધ" (ભાષા - ગુજરાતી) : આ ગ્રંથમાં પૃથ્વીની જડ કેવી રીતે બંધાઈ એટલે કે પંચમહાભૂતોથી પૃથ્વીની-સ્થૂલરૂપની રચના કેવી રીતે થઈ તેનું

વર્ણન, આદ્ય કળશ ઘટ-પાટ સ્થાપના અને સૃષ્ટિની ઉત્પત્તિ, ત્રિગુણાત્મક ત્રણ દેવોની નિર્મિતી, ધર્મની ઉત્પત્તિ, ચાર ખાણીની ઉત્પત્તિ, દશરાયણ, દેવગુણ, લીલવગુણ, શ્વેતવેરા કલ્પોનું મંડાણ અને કરણ કલ્પોનું મંડાણ, સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગનું મંડાણ એનું વર્ણન છે અને ચાર યુગોના ચાર વેદોના ગાયત્રી મંત્રોનું વર્ણન એમાં કહેલું છે.

એવા પ્રકારનો આ મૂળબંધ ૮ ખંડોમાં આલેખાયેલો છે.

૨. સત્‌વચન :- (ગુજરાતી - હિંદી મિશ્ર ભાષાઓથી બદ્ધ) :

આ ગ્રંથમાં કાવ્યરૂપમાં શ્લોક છે અને ભગવાનના નિરંજન સ્વરૂપનું, તેના પ્રાપ્તિના સાધનોનું વર્ણન આવેલ છે. પરિમીત રૂપથી પંચ વિષય સેવન અને ષડ્‌રિપુ (છ દુર્ગુણો રૂપી શત્રુ)નો ત્યાગ આ પૌરાણિક દૃષ્ટાંતથી વર્ણન કરેલ છે. તેના બીજા ભાગમાં મુનિવરોને સદાચારનો સદુપદેશ કરેલ છે. માનવ જન્મનું મહત્ત્વ અને સાફલ્ય આ વિષે ઉપદેશ કરેલો છે અને આત્મજ્ઞાનથી જ મોક્ષ મળી શકે છે તેનો અનુભવ પોતે જ લઈ પ્રાપ્ત થાય છે, આ સદુપદેશ આ ગ્રંથમાં સદ્‌ગુરુએ સમજાવી દીધો છે.

૩. શ્રી દશાવતાર :- (ભાષા - ગુજરાતી) :

આમાં ભગવાનના દશ અવતાર લીલાઓનું વર્ણન છે અને ભગવાનને દશ અવતાર લેવાનું પ્રયોજન શું ? એનું સુરેખ વર્ણન કરેલ છે. ભગવાનના ચરિત્ર સાથે જ સદ્‌ભક્તોનું જીવન દર્શન પણ સદ્‌ગુરુએ દર્શાવેલું છે. દુષ્ટોનું નિર્દલિન, સૃષ્ટિનું પાલન, સંરક્ષણ અને ધર્મની સ્થાપના કરવા ભગવાને જે અવતાર લીધા તેની રચના વગેરે......

૧	:	મત્સ્ય અવતાર	-	શંખાસુર દૈત્ય	-	સદ્‌ભક્ત રૂખ્માગદ
૨	:	કૂર્મ અવતાર	-	મધુકૈટક દૈત્ય	-	સદ્‌ભક્ત અંબરીષ
૩	:	વરાહ અવતાર	-	મયુરધ્વજ-હિરણ્યાક્ષ	-	સદ્‌ભક્ત ધ્રુવ
૪	:	નરસિંહ અવતાર	-	હિરણ્યકશ્યપુ	-	સદ્‌ભક્ત પ્રહ્‌લાદ
૫	:	વામન અવતાર	-	દાનવેન્દ્ર બલિરાજા	-	સદ્‌ભક્ત કમલધ્વજ
૬	:	પરશુરામ અવતાર	-	સહસ્ત્રાર્જુન	-	સદ્‌ભક્ત કમળાપતિ
૭	:	શ્રીરામ અવતાર	-	રાક્ષસરાજ રાવણ	-	સદ્‌ભક્ત હરિશ્ચંદ્ર

૮ :	શ્રીકૃષ્ણ અવતાર	- કંસાસુર	-	સદ્ભક્ત પાંડવ
૯ :	શ્રી બુદ્ધ અવતાર	- દુર્યોધન	-	સદ્ભક્ત યુધિષ્ઠિર
૧૦ :	શ્રી નિષ્કલંકી અવતાર	- કાલિંગો દૈત્ય	-	સદ્ભક્ત કમળાકુંવર

૪. મુનિવર ચેતાવણી :- (ભાષા - ગુજરાતી) :

આ ગ્રંથમાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે મુનિવરને સંબોધીને જ્ઞાનોપદેશ કરેલ છે. મનુષ્યપ્રાણીના બાળ, તારૂણ્ય, પ્રૌઢ, વાર્ધક્ય (વુદ્ધ) આ અવસ્થાઓને યુક્ત એવું કર્માચરણ માણસે કરવું જોઈએ. દેહાભિમાન ન રાખતાં પરમાર્થ સેવન કરવું, કાયા રૂપી ખેતીનું ખેડાણ ઉત્તમ પ્રકારે કરવું, કારણ તેમાંથી જ આપણને આત્માનુભવ રૂપી આવક મેળવવાની છે. સાચો મુનિવર વાનપ્રસ્થી કોણ ? તેનાં લક્ષણો સદ્ભક્તોના દૃષ્ટાંતોથી ઉપદેશ કરેલો છે. સાચો બ્રાહ્મણ કોણ ? ક્ષત્રિય, વૈશ્યના ધર્મનાં લક્ષણો શું ? માનવ દેહની નશ્વરતા જાણી પ્રાપ્ત પરિસ્થિતિમાં જીવન સફળ કરવું. કાચા માટલાના દૃષ્ટાંત દ્વારા, નાવના દૃષ્ટાંત દ્વારા, મૃદંગના ઉદાહરણ દ્વારા આ તત્ત્વ સમજાવ્યું છે. પંચેન્દ્રિયદમન, જપ, તપ, તીર્થ, વ્રત, ઉપવાસ આદિ કર્માચરણથી ચિત્ત શુદ્ધ કરી ભગવત્‌ની પ્રીતિનું જોડાણ થઈ શકે છે પણ આખર સુધી તે જ સાધનો સાથે પ્રવૃત રહેવાથી આત્મ સાધના ક્યારે થશે ? તે માટે પવિત્ર નિષ્કામ બુદ્ધિથી આ કર્મો કરી આત્મ પ્રાપ્તિ કરો એવું સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ ગ્રંથમાં પ્રતિપ્રાદિત કર્યું છે.

૫. ઋષિવર ચેતાવણી :- (ભાષા - ગુજરાતી) :

સત્‌પંથી ગૃહસ્થાશ્રમી અનુયાયીઓને પોતાનો સંસાર ઉત્તમ રીતથી કરવો અને પરમાર્થ સાધન કરવા જે ત્યાગ બુદ્ધિથી કર્માચરણ કરવું તેનું વર્ણન આ ગ્રંથમાં સદ્ગુરુએ ઉત્તમ પ્રકારે કરેલું છે. દાન, દયા, તપશ્ચર્યા, શુચિર્ભૂતતા (પવિત્રતા) આ ધર્મનું સ્વરૂપ છે, તેને અનુસરીને માણસે પોતાનું જીવન વ્યતિત કરવું, તો જ તેમનો જન્મ સાર્થક થાય છે અને જે એવું આચરણ કરી શકતો નથી - શુદ્ધ વિચાર, વિવેકથી વર્તન રાખી શકતો નથી તેને વારંવાર જન્મ મરણના ચારે ખાણીના ફેરા ખાવા પડે છે.

૬. મનહર જ્ઞાન :- (ગુજરાતી કાવ્યાત્મક પંચકડી શ્લોક) :

આ નાનકડા ગ્રંથમાં સદ્‌ગુરુએ માનવ મનને સદુપદેશ કરી વિષય, વૈરાગ્ય વિષે વર્ણન કરેલું છે. માનવ મન અસ્થિર, ચંચલ, વિષયાનુવર્તી છે તેને સ્થિર, શાંત અને સંતોષી બનાવી પ્રભુ સાથે લીન કરવું, આ અંગે ઉપદેશ છે.

૭. સંતવાણી :- (ગુજરાતી - હિંદી મિશ્ર કાવ્યાત્મક પંચકડી શ્લોક) :

ભગવાનની પ્રાપ્તિ માટે જે નવ વિદ્યા (નવધા ભક્તિ) કહેલી છે, આર્ત અર્થાર્થી, જિજ્ઞાસુ, જ્ઞાની, મુમુક્ષ સદ્‌ભક્તો આ નવ પ્રકારની ભક્તિ કરી પરમ પદ પામી મુક્તિ પામ્યા છે એવી પ્રેમ લક્ષણા ભક્તિનું યથાર્થ વર્ણન આ ગ્રંથમાં કહેલું છે. પ્રેમ ભક્તિની સાથે વૈરાગ્યનો ઉપદેશ આમાં કહેલો છે.

૮. યોગવાણી :- (ગુજરાતી ભજન સંગ્રહ) :

એમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે યોગી લોકોને ધ્યાનમાં રાખીને યોગ સાધના વિષે અને અષ્ટાંગ યોગ સાધનાનું મહાત્મ્ય વર્ણન કહેલ છે.

૯. ગુરુવાણી :- (ગુજરાતી ભજન સંગ્રહ) :

એમાં સદ્‌ગુરુએ વેદાન્ત સિદ્ધાન્ત તત્ત્વોનો કાવ્ય રૂપથી સદ્‌ભક્તોને ઉપદેશ કહેલો છે. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, મુક્તિ એનો વિચાર તે વ્યતિરીક્ત ધ્યાનયોગ, જપયોગ, લયયોગ, પ્રેમયોગ સાધ્ય કરી કેવી રીતે ભગવાનની પ્રાપ્તિ કરવી અને માનવ જન્મનું કલ્યાણ કરવું એનું વર્ણન આ ભજનાવલીના રૂપમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહેલ છે.

૧૦. આગમવાણી :- (ગુજરાતી ભજન સંગ્રહ) :

એમાં શ્રી સદ્‌ગુરુએ આગમ-અગમ્યવાણીનું વર્ણન કહેલું છે. ભગવાનના ભવિષ્યમાં થનાર અવતાર અને તેનું સ્વરૂપ દર્શન, અવતાર કાર્ય અને સદ્‌ભક્તોનો ઉદ્ધાર, દુષ્ટ દુર્જનોનો સંહાર, ધર્મની સંસ્થાપના કરવા માટે જે શ્રી નિષ્કલંકી અવતાર થવાનો છે તેનું માર્ગદર્શન આ ગ્રંથમાં ભજનો દ્વારા સદ્‌ગુરુએ કરેલું છે. અવતાર કાર્ય પુરુ થયા બાદ થનાર સૃષ્ટિલયનું પણ વર્ણન અત્યંત સંક્ષેપથી સુંદરતાથી કરવામાં આવેલ છે.

૧૧. શિક્ષાપત્રી :- (ભાષા ગુજરાતી) :

એમાં માનવમાત્રનાં કર્તવ્યો, તેમનાં જીવનકાર્ય કેવાં હોવાં જોઈએ, આપણી શારીરિક શુધ્ધિ કેવી રીતે રાખવી, માનસિક પવિત્રતા કેવી રીતે રાખવી, આત્મિક ઉન્નતિ કેવી રીતે પ્રાપ્ત કરવી, મનુષ્યનો આહાર, વિહાર, વ્યવહાર, દિનચર્યા વગેરે કેવાં હોવાં જોઈએ એટલે કે આદર્શ માનવ કેવો હોય એ વિષે શાસ્ત્રશુદ્ધ નિયમાવલી જે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહેલી છે તે આ શિક્ષાપત્રી ગ્રંથમાં સમાવિષ્ટ કરેલી છે. દરેક દીક્ષા લીધેલ સત્‌પંથીને આ નીતિ નિયમોનું જ્ઞાન હોવું આવશ્યક છે. તે પ્રમાણે જ નિત્યપાઠ પ્રમાણે દરરોજ વાચન કરવું અને તે નિયમોનું પાલન કરવું આવશ્યક છે. તો જ સત્‌પંથની દીક્ષા લીધાનું શ્રેય છે, નહીં તો **'ધર્મ લીયા તો શું થયા, ગુરુસુ ના લાગા રંગ, જેમ પાણીમાં પત્થર વસે, તેનું નીરે ના ભીજે અંગ.'** એવા પ્રકારની સ્થિતિ થાય તો તે ધર્મ સ્વીકારનો કોઈ જ અર્થ રહેતો નથી. જેમ પવિત્ર બંધનથી પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સાથે એકનિષ્ઠાથી રહી શકે છે, તે જ પવિત્ર બંધનથી સત્ શિષ્યે - સદ્‌ભક્તે પોતાના જ્ઞાનોપદેશક ગુરુ સાથે એકનિષ્ઠથી રહેવું જોઈએ તો જ તેનું જીવન સફળ થતું હોય છે, ઉત્તમ પ્રકારની ભક્તિથી જ જીવાત્મા મુક્ત થાય છે.

૧૨. અમૃતવાણી :- (સદ્‌ગુરુના શ્લોક - ગુજરાતી દોહા) :


એમાં જ્ઞાનોપદેશ પર, વ્યવહારયુક્ત એવા શ્લોક અથવા દોહામાં સદ્‌ગુરુએ ઉપદેશ કરેલો છે.

૧૩. યજ્ઞવિધિઃ ઘટ-પાટ કળશ પૂજા વારિયજ્ઞ :- (ભાષા ગુજરાતી) :

આ મંત્ર સાહિત્ય કુંભ કળશ ઘટ-પાટ વારિયજ્ઞ પૂજા વિધિનું છે. આ પૂજા વિધિ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે માનવ જીવનની ઉન્નતી માટે દૈવી સાધના કરી દૈવીશક્તિ પ્રાપ્ત કરવા માટે કહેલ છે. તેમજ મૃત જીવાત્માને મુક્તિ અને શાંતિ મળે તેમજ વાસનાઓ, ઈચ્છાઓ કે કામનાઓમાંથી મુક્ત થાય તે માટે એક શ્રાદ્ધ ઉઠાસન વિધિની ક્રિયા સત્‌પંથ પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે દર્શાવેલી છે તેનો સમાવેશ એમાં કરવામાં આવેલ છે.

આ પ્રકારનો સત્‌પંથ જ્ઞાન સાહિત્યનો આ અલ્પ પરિચય છે. આ સંપૂર્ણ સાહિત્યનો સમગ્ર અભ્યાસ કરીને પૂર્ણતાથી સમજવામાં આવે છે કે સત્‌પંથ પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપેલ સદ્‌બોધ માનવ માત્રના કલ્યાણ માટે અને આત્મોન્નતી માટે જ છે, કંઈ પણ નવું શોધીને વાદવિવાદ કરવા માટે નથી. તેમની રહેણી અને કૃતિ વેદાંતની જ છે. તેમની રહેણી જ્ઞાનદૃષ્ટિ સંકુચિત નહિ પરંતુ વિશાળ છે. આ સર્વ સાહિત્ય હસ્તલિખીત છે. પરંપરાગત ઉતારાઓ કરી આજ પર્યંત તે ટકાવી રાખવામાં આવેલ છે. ધીમે ધીમે તેમાંનું અમુક સાહિત્ય પ્રકાશિત થઈ રહ્યું છે.




ॐ

પ્રકરણ - ૩

❖ સત્‌પંથ ધર્મમાં કર્મકાંડ ❖

કર્મકાંડ એ ધર્મનું પ્રથમ પગથીયું છે. ઉપાસનાનો આધાર લઈ મનુષ્ય પોતાની આધ્યાત્મિક ઉન્નતિ તરફ જતો હોય છે. હિંદુસ્થાનમાં અનેક પંથ પ્રચલિત છે. જો કે તેમનું મૂળ એક જ છે, તેમ છતાં વિભિન્ન નામ રૂપથી પ્રચારમાં આવેલા છે. જે પ્રમાણે વૃક્ષનું થડ એક જ હોય છે અને તેમાંથી અલગ અલગ શાખાઓ નીકળતી હોય છે. દરેક શાખાનું થડમાં જ પોતાનું મૂળ સ્થાન હોય છે પણ અલગ રીતે આપણી દૃષ્ટિમાં આવે છે. આ નિયમને અનુસરીને મૂળ સનાતન ધર્મનાં તત્ત્વો એક જ હોવા છતાં બહુજન સમાજને તે સુગમ કરી સમજાવવા માટે અનેક મહાપુરુષો શાખાના રૂપથી આ મૂળમાંથી પ્રકટ થતા હોય છે, તેને જ આપણે પંથ એવું નામ આપીએ છીએ. દરેક પંથમાં જીવનના આચાર અને વિચારની ઉન્નતિ માટે ઉપાસના અને કર્મકાંડનો આધાર લેવામાં આવે છે અને તે મારફત લોકોને તત્ત્વજ્ઞાન કહેવામાં આવે છે. સત્‌પંથમાં પણ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું ઉચ્ચ તત્ત્વજ્ઞાન સમજાવવા માટે અમુક વિશિષ્ટ પ્રકારને કર્મકાંડ વિધિ કહેવામાં આવેલ છે. સત્‌પંથી લોક વેદ પ્રણિત વર્ણાશ્રમ ધર્મ પાળે છે. ચતુર્વેદ, ઉપનિષદો અને દશાવતારના પ્રમાણને માને છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, આદ્યશક્તિ અને આદ્ય નારાયણ આ તેમના ઈષ્ટ દેવતાઓ છે. ઘટ-પાટ, વારિયજ્ઞ અને અખંડ જ્યોતિની તેઓ પૂજા કરી તે દ્વારા પરમાત્માની આરાધના કરે છે.

પ્રથમ પૂજા સ્થાનને ધૂપ-અગરબત્તી વગેરે સુગંધી પદાર્થો દ્વારા શુદ્ધ અને પવિત્ર કરવામાં આવે છે. પૂજા વારિયજ્ઞ વિધિના સમયે શુદ્ધ ઘૃત (ઘી)ની ત્રણ જ્યોતિઓ પ્રગટાવવામાં

આવે છે. ત્રિગુણાત્મક દેવતાઓના પ્રતિક તરીકે આ જ્યોતિઓની સ્થાપના થાય છે. શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસન અને ઘટપાટની સ્થાપના મંત્રોપચારથી કરવામાં આવે છે. દરેક વારિયજ્ઞ પૂજાવિધિની ક્રિયા સમયે તેને અનુસરીને મંત્ર બોલવામાં આવે છે. કળશને ઈશ્વરના પ્રતિક તરીકે સ્થાપી તેની કેશર, કસ્તુરી, ફૂલ, ચંદન, અત્તર વગેરે સુગંધી દ્રવ્યોથી તેની યથા વિધિ પૂજા કરવામાં આવે છે. તેમાં મંત્રોપચારથી શુદ્ધ જલ ભરીને અક્ષત વગેરે સ્થાપી અને તેના ચરણામૃતની સહાયથી તીર્થ (અમીરસ - અમૃત) તૈયાર કરવામાં આવે છે. આ કળશના પ્રત્યે - કળશમાંના તીર્થ જળમાં સર્વ દેવદેવતાઓના મંત્રોપચારથી અને તે દેવદેવતાઓના નામોચ્ચારથી નમન કરી આહ્વાન કરવામાં આવે છે. એટલે કે કળશમાંનું તીર્થ સર્વ દેવદેવતાઓના આશીર્વાદ યુક્ત પવિત્ર બને છે. શુદ્ધ ઘી, ખાંડ, રવો, દૂધ, ચોખા, ગોળ, સુકો મેવો, પંચ મેવો, મિષ્ટાન્ન અને ફળોના સહાયથી કરેલા પ્રસાદના પાંચ ભાગ કરી પ્રથમ ભગવાન વિષ્ણુના નૈવેદ્યનો પછી અનુક્રમે બ્રહ્મા, મહેશ, આદ્યશક્તિ, સર્વ દેવો અને અક્ષયપાત્ર (અન્નપૂર્ણા) આ દેવતાઓના નૈવેદ્યના મંત્રો થાય છે. સર્વ સામાન્ય રીતે હંમેશાં નિત્ય આ રીતે પૂજાવિધિ હોય છે. તીર્થ પ્રસાદના સેવનથી મનુષ્ય ત્રિવિધતાપથી મુક્ત થાય છે અને તેનું જીવન સુખ સંતોષથી યુક્ત બને છે એવી સામાન્ય રીતે સમજ રહેલી છે. માનવ જીવનની અમુક મુખ્ય કષ્ટ નિવારણ ઘટનાઓનો આ પૂજાવિધિમાં સમાવેશ રહેલ છે.

સ્થૂલ રૂપે જોતાં સત્પંથ ઘટ-પાટ વારિયજ્ઞ પૂજાવિધિમાં ત્રણ પ્રમુખ કર્મકાંડનો સમાવેશ થતો હોય છે. (૧) નિત્ય કર્મ, (૨) નૈમિત્તિક કર્મ, (૩) કામ્ય કર્મ.

(૧) નિત્ય કર્મ :-

નિત્યકર્મમાં નિયમિત રીતે સવારે ચાર વાગે મંદિરમાં શુદ્ધ ઘીની જ્યોતિ પ્રગટાવી મંત્રોચ્ચારથી ઉદ્ધૂપ સર્વ જગ્યાએ ફેરવી વાતાવરણ નિર્મળ શુદ્ધ અને પવિત્ર કરવામાં આવે છે. જ્યોતિને, કળશને, સદ્ગુરુ ચરણ પાદુકાઓને અને વેદોપનિષદાદિ પવિત્ર ગ્રંથોને ઉદ્ધૂપ કરી પુષ્પ, ફૂલહાર, અત્તર-ચંદન વગેરે વિધિ-વિધાનથી પૂજન કરી વંદન કરવામાં આવે છે. નગારાં-દુદુંભી અને ઘંટનાદ કરી દશાવતાર અને સદ્ગુરુની આરતી કરવામાં આવે છે, તે પછી ગુરુમંત્ર જપ અને ધ્યાન કરવામાં આવે છે. ત્યારબાદ પવિત્ર - ચરણામૃત લેવામાં આવે છે. આ રીતે સત્પંથ મંદિરોમાં કાયમ સવારમાં સેવા પૂજા થાય છે.

તેવી જ રીતે દરેક સત્પંથી ધર્મના અનુયાયીઓ નિત્ય સવારમાં ઘીની જ્યોતિ પ્રગટાવી સદ્‌ગુરુ મહારાજની અને શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન અને દશાવતારોના પ્રતિકોને ઉદ્‌ધૂપ કરી ફૂલો અથવા ફૂલહાર ચઢાવી પૂજા કરી અને મંત્ર જાપ કરે છે. કેટલાક લોકો નિત્યપાઠ અને આરતી કરે છે. સવાર-બપોર-સાંજના જમતી વખતે અન્ન બ્રહ્માર્પણ કરવાનો મંત્ર કરી જમે છે. જે ભગવાનની કૃપાથી આ અન્ન પ્રાપ્ત થયું છે અને જેનાથી આપણું પાલન પોષણ થાય છે તે અન્ન બ્રહ્મ રૂપ છે. તે માટે ઈશ્વર સ્વરૂપ એવા અન્નને નમસ્કાર કરી ભગવાનનું નામસ્મરણ, ચિંતન, ધ્યાન કરીને તે ગ્રહણ કરવું, તેવી દરેક સત્પંથ ધર્મના અનુયાયીઓની માન્યતા છે.

સંધ્યા કાળે મંદિરમાં ઘીની જ્યોતિ પ્રગટાવી ઉદ્‌ધૂપ કરી નગારાં-દુદુંભી અને ઘંટનાદ કરી દશાવતારોની આરતી બોલવામાં આવે છે અને મંત્ર જાપ થાય છે. દરેક ગુરુવારે રાત્રે પૂજા અથવા ભજન સત્સંગ કરવામાં આવે છે. ઘેર ઘેર લોકો જ્યોતિ પ્રગટાવી અગરબત્તી કરી આરતી બોલે છે. દરરોજ મધ્યાહને તેમજ મધ્ય રાત્રે મનોમન ઈશ્વરનું ધ્યાન, સ્મરણ, ચિંતન અને નામ સ્મરણ કરે છે. આ પ્રકારે સત્પંથ ધર્મમાં આ ચાર સમયની સંધ્યાઓને નિત્યકર્મમાં ગણવામાં આવે છે. સત્પંથ ધર્મના નિયમ પ્રમાણે સત્પંથની દીક્ષા લીધા બાદ - કાંકણ બાંધી દીધા બાદ તે વ્યક્તિએ સત્પંથ ધર્મનો સ્વીકાર કર્યો એમ કહેવામાં આવે છે. પરંતુ જે ચાર સંધ્યા કરી ભજન - પૂજન - સત્સંગ કરે છે એ જ સાચો સત્પંથી ગણાય છે.

(૨) નૈમિત્તિક કર્મ :

(અ) જન્મનિમિત્તથી

(બ) મંત્રદીક્ષાગ્રહણથી

(ક) લગ્નનિમિત્તથી

(ડ) વ્રતોપવાસ નિમિત્તથી

(ઇ) દૂધ દહીં શુદ્ધિ નિમિત્તથી

(ઈ) ઉત્તરકાર્ય-મૃતસંસ્કાર પિંડ દાન શ્રાદ્ધ નિમિત્તથી

(અ) જન્મનિમિત્તથી :- (લાઈ સૂતક) જનનશૌચ સ્ત્રી અને પુરુષે સંતાનના

જન્મ પછી સવા મહિના (લગભગ ચાલીસ દિવસ) પછી દેવદર્શન કરવાની આ વિધિ છે. જનનશૌચ હોવાથી ગોત્રજોએ અગીયાર દિવસ પર્યંત જનનશૌચ સૂતક પાળવું. સંતાનના માતાપિતાએ ચાલીસ દિવસ પર્યંત જનનશૌચ પાળી તે પછી સ્નાનાદિથી શારીરિક શુદ્ધિ કરી મંદિરમાં જઈ વિધિયુક્ત પૂજા કરવી. જન્મ થયેલ બાળક અને તેના માતા-પિતાને મંત્રોચ્ચાર દ્વારા તીર્થ જળ લઈ પવિત્ર કરવામાં આવે છે. નામકરણવિધિ સામાજીક પદ્ધતિથી કરવામાં આવે છે, તે માટે મંદિરમાં વિધિ કરવાની જરૂર હોતી નથી. મૂળ નક્ષત્ર પર જન્મ થયેલ બાળકની શાંતિ માટે મંદિરમાં પૂજાવિધિ કરવામાં આવે છે, તેને જન્મશાંતિ અથવા મૂળશાંતિ કહે છે. જન્મ નક્ષત્ર, જન્મ યોગ સદોષ હોય તો તે બાળકને તકલીફ રહે છે, તે માટે બાળકને તેના નામની સ્વતંત્ર પૂજાવિધિ કરી તેના દોષ દૂર કરવામાં આવે છે.

(બ) **મંત્ર દીક્ષાગ્રહણ :-** બાળકો સમજતાં થાય એટલે કે વીસ વર્ષનાં થયા બાદ તેને પૂજાવિધિથી ગુરુમંત્ર-દીક્ષા આપવામાં આવે છે, તેને કાંકણ બંધન પણ કહેવામાં આવે છે. તે નિમિત્તે પૂજાવિધિ કરી તીર્થજળથી યુક્ત સુગંધી ફૂલ દીક્ષા લેનારના જોડેલા હાથના કાંડા પરથી ફેરવવામાં આવે છે, પછી તેને મંત્રોચ્ચારથી શુદ્ધ અને પવિત્ર કરી ગુરુ મંત્ર આપવામાં આવે છે. તે જ તારકમંત્રનું આજીવન સ્મરણ તેને કરવું પડે. આ વિધિ થયા બાદ તે વ્યક્તિ સત્પંથની અનુયાયી ગણવામાં આવે છે. છોકરીના બાબતો દીક્ષાગ્રહણ ઈચ્છાનુરૂપ રહે છે. કારણ વિવાહ સમયે છોકરી પરગોત્રમાં જતી હોય છે. સત્પંથનો અનુગ્રહ મોટે ભાગે વંશ પરંપરાગત ચાલે છે.

(ક) **લગ્ન નિમિત્તથી :-** સંપૂર્ણ લગ્નકાર્ય વિધિ વૈદિક સનાતન પદ્ધતિ પ્રમાણે બ્રાહ્મણ દ્વારા જ કરવામાં આવે છે.

(ડ) **વ્રત-ઉપવાસ નિમિત્તે :-** દરેક મહિનાના શુદ્ધ (સુદ) બીજના ચંદ્રદર્શનના દિવસે નકોરડો ઉપવાસ કરી સાંજે ચંદ્રદર્શન કરી ઉપવાસનું પારણું કરવું. તે

નિમિત્તે મંદિરમાં સમૂહ પૂજા થાય છે. થાવરબીજ એટલે અજવાળી બીજ જે સમયે બુધવાર પૂર્ણ અમાસ, ગુરુવારે પૂર્ણ પ્રતિપદા (એકમ), શુક્રવારે પૂર્ણ બીજ અને ચંદ્રદર્શન હોય છે ત્યારે ગુરુવાર અને શુક્રવાર આ બે દિવસનો એટલે કે ૧૨ પ્રહરનો અથવા આઠ પ્રહરનો ઉપવાસ નકોરડો કરવામાં આવે છે. શુક્રવારે સાંજે ચંદ્રનું દર્શન કરી સમૂહ પૂજા વિધિ કરવામાં આવે છે અને ઉપવાસનું પારણું કરવામાં આવે છે. સત્પંથની માન્યતા મુજબ કલિયુગનું ઘણું જ મહત્ત્વનું એવું આ વ્રત છે. એને યુગ તિથિ પણ કહે છે. જે પ્રમાણે સત્યયુગમાં ગુરુવારની અગીયારસ, ત્રેતાયુગમાં રવિવારની ચતુર્દશી અને દ્વાપર યુગમાં સોમવતી અમાસ, તેમ કલિયુગમાં આ અજવાળી બીજ મહત્ત્વની યુગ તિથિ તરીકે માનવામાં આવે છે. આ તિથિઓને યુગ તિથિ માનવાનું કારણ એવું છે કે તે દિવસે તે યુગની શરૂઆત થયેલી હોય છે. આ તમામ વર્ણન સત્પંથ ધર્મના "મૂળબંધ" ગ્રંથના "યુગસૃષ્ટિનું મંડાણ" આ વિભાગમાં છે.

આ સિવાય ગુડી પડવો, અક્ષય તૃતીયા, ગુરુપૂર્ણિમા, મહાશિવરાત્રી, રામનવમી, ગોકુળ અષ્ટમી, વિજ્યા દસમી, એકાદશી, શ્રાદ્ધપક્ષ, નવરાત્રી, ગણેશ ચતુર્થી, દિવાળી, ગુરુવાર વગેરે વ્રતો સત્પંથી લોકો કરે છે. વ્રત અનુસાર પ્રમાણે તે દિવસે મંદિરમાં પૂજા અર્ચના, ભજન કીર્તન, સત્સંગ વગેરે કાર્યક્રમો થાય છે.

(ઇ) **દૂધ-દહીં શુદ્ધિ નિમિત્તે :-** ગાય અથવા ભેંસ વિયાયા બાદ બારમા દિવસે દૂધ, દહીં અને ઘૃત મંદિરમાં લાવી પૂજા વિધિ કરી મંત્રોચ્ચારથી તે શુદ્ધ અને પવિત્ર કરવામાં આવે છે અને ઘીની જ્યોતિ કરવામાં આવે છે તેને આરતી કરવી એવું પણ કહે છે, તે પછી આ દૂધ વેચવા અથવા પૂજા કાર્ય માટે ઉપયુક્ત બને છે.

(ઈ) **ઉત્તરકાર્ય નિમિત્તે**

પ્રેત સંસ્કાર :- સત્પંથી અનુયાયીઓમાં મૃત દેહને ભૂમિદાગ આપવાની

પ્રથા છે. દેશ, કાળ, પરિસ્થિતિ અને નિમિત્ત વિશેષથી કોઈક પ્રસંગે અગ્નિ સંસ્કાર પણ કરવામાં આવે છે. કોઈ પણ અંતિમ સંસ્કારના સમયે પૂજાવિધિ હોતી નથી. સામાજીક રૂઢી પરંપરા પ્રમાણે સંસ્કાર કરવામાં આવે છે.

સત્પંથ ધર્મમાં મૃત્યુ બાદ મૃતદેહને ભૂમિદાગ (સમાધિ) આપવામાં આવે છે. તે ભૂમિદાગ સંપૂર્ણ વેદ આધારિત છે અને અથર્વવેદમાં દર્શાવેલ વૈદિક રીત પ્રમાણે ચાલે છે. ભૂમિદાગ એટલે મૃતદેહને જમીનમાં ચાર ફૂટ બાય ત્રણ ફૂટની પહોળાઈ લંબાઈ અને પાંચ ફૂટની ઊંડાઈ ધરાવતું સમાધિ સ્થળ બનાવવામાં આવે છે. મૃતદેહને પવન પાવડી સહિત સમાધિષ્ઠ પ્રમાણે બેસાડીને જપમાળા તેમજ વેદમાં બતાવેલ સુગંધિત દ્રવ્યો અર્પણ કરવામાં આવે છે. ત્યારબાદ સમાધિ તળની ઊંડાઈથી અંદાજે ત્રણ ફૂટ ઉપર શિલા ઢાંકવામાં આવે છે. તેના પછી શેષ બચેલા ખાડાને માટીથી પૂરી દેવામાં આવે છે. ત્યાર બાદ જમીન ઉપર તેમનું સ્મૃતિ ચિન્હ બનાવવામાં આવે છે. તે સ્મૃતિ ચિન્હ ઉપર પાદુકા મૂકવામાં આવે છે. તે વિધિ મંત્રોચ્ચાર દ્વારા કરવામાં આવે છે.

મનુષ્યના અવસાન પછીના લૌકિક દિવસો દરમ્યાન ધર્મગ્રંથોનું વાચન કરવામાં આવે છે, ઈશ્વર સ્મરણ કરવામાં આવે છે. સાતમા દિવસે મૂંડન-સૂતક ઉતરાવવામાં આવે છે. સૂતક ઉતરાવ્યા પછી ઘરને શુધ્ધ પવિત્ર જળથી છાંટ નાખી, ધૂપ-અગરબત્તી અને ઘીનો દીવો કરી વાતાવરણ પવિત્ર કરવામાં આવે છે. આઠમા દિવસે ઘટ-પાટની પૂજા વિધિ દરમ્યાન જીવાત્માની સદ્‌ગતિની સઘળી ક્રિયાઓ સત્પંથ ધાર્મિક વિધિ-વિધાન મુજબ કરવામાં આવે છે. બારમા દિવસે સગાં-સંબંધીઓ તેમજ ખાસ તો કુંવારી બાલિકાઓને તથા નિયાણીઓને ભાવથી બ્રહ્મ ભોજન આપી યથાશક્તિ દક્ષિણા આપવામાં આવે છે.

આ પછી જ જીવાત્માને આગળની ગતિ પ્રાપ્ત થાય છે તેવી માન્યતા છે. તેથી આ સર્વ વિધિ કરવી આવશ્યક હોય છે. પૂજા ભરવી જેમના માટે શક્ય ન હોય એવા લોકો અગીયાર દિવસ પર્યંત મંદિરમાં મૃતાત્માના નામની

શુધ્ધ ઘીની અખંડ જ્યોતિ પ્રગટાવે છે. છન્નું (૯૬) પ્રહર પર્યંત પછી જીવાત્માનો યમપુરીનો પ્રવાસ હોય છે ત્યાં સુધી જીવાત્મા ઘર અગર પૃથ્વી પર ફરતો રહે છે.

ઉઠાસન વિધિ :- અગીયારમા દિવસે ગમે ત્યારે તે મૃતાત્માની શાંતિ માટે અને મુક્તિ માટે ઉઠાસન (ઉચ્ચાસન) વિધિ કરવામાં આવે છે. તે સમયે તે મૃતાત્માના નામની ઘટપાટ પૂજા યજ્ઞવિધિ દ્વારા પિંડ વિધિ કરવામાં આવે છે એટલે કે તેને પિંડશ્રાદ્ધ પણ કહે છે. તેની વિધિ ટૂંકમાં એવી છે કે, મૃતાત્માના વંશના અથવા ગોત્રના કોઈ પણ સત્ પંથનો અનુશાસન લીધેલ વ્યક્તિ મૃતાત્માના નામના પિંડ અર્પણ કરે છે.

પ્રથમ પાંચ નૈવેદ્ય સમર્પણની સહેલી પૂજા થયા બાદ યમદૂતોને નમસ્કાર અને આહ્‌વાનના મંત્રો થાય છે. તે પછી પંચમહાભૂત, પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચપ્રાણ, સત્ત્વ, રજ, તમ, મન, અહંકાર, મહતત્ત્વ, પ્રકૃતિ અને પુરુષ આ અઠ્ઠાવીસ તત્ત્વોમાંથી તે જીવાત્માને મુક્ત કરવા (રવો, ખાંડ, ઘી, દૂધ યુક્ત પ્રસાદ) તૈયાર કરી તે પર મંત્રોચ્ચાર થાય છે. તે પછી જીવાત્માના વિવિધ તાપ દૂર કરવા માટે લાઈ સૂતક ઉતારવા માટે મંત્રો થતા હોય છે અને સાત દેવદૂતોને નમસ્કાર અને આહ્‌વાનના મંત્રો થાય છે.

ત્યારબાદ ક્રમશઃ હરિઅંશના મંત્ર પછી આગળની સર્વ વિધિ થતી હોય છે. તેને સ્વેદજ, ઈંડજ, ઉદ્‌બીજ, જરાજ આ ચાર ખાણીના મંત્ર પછી તે જીવાત્માના જીવનમાં કોઈ દોષયુક્ત, પાપયુક્ત, નિયમબાહ્ય કર્મો બનેલા હોય તે દોષથી - કર્મબંધનમાંથી મુક્ત થવા માટે અપરાધ ક્ષમા કરવાના મંત્ર થાય છે. તે પછી મૃતાત્માના નામથી સુક્રિત એટલે કે દાનપુણ્ય, દસવંત વગેરેના મંત્રો થતા હોય છે. આગળ તે જીવાત્માને મૃત્યુલોકમાંથી સૂર્યમંડલ, ચંદ્રમંડલ, નક્ષત્રમંડલ, વાયુમંડલ, ધ્રુવમંડલ ઉપર પહોંચાડી મહર્લોક, જનલોક, તપોલોક અને ત્યાંથી તેજોલોકમાં એટલે કે અમરપદમાં અથવા બ્રહ્મલોકમાં મોકલવાના મંત્રો થતા હોય છે. મધ્યાંતરમાં રહેલા યમ ઘાટીના પર (બાવન) ઘાંટીના મંત્રો થાય છે. તે જગ્યાએ મૃત આત્માના નામનાં પિંડદાન, વસ્ત્રદાન, પાત્રદાન, કાઠીકાંબળ, છત્રી, પાદત્રાત્ર

(પગરખાં) દાન, મેવા-મીઠાઈ, અન્નદાન, સુગંધી દ્રવ્યદાન, મહેલમેડી, ખેતીવાડી, વૃક્ષદાન વગેરે દાનના મંત્રો થાય છે. આ દાન કર્મ ઈચ્છાનુસાર હોય છે. આ જે તે માણસની આર્થિક પરિસ્થિતિનો અને શ્રદ્ધાનો ભાગ છે. તે પછી તે જીવાત્માની સૂક્ષ્મ ઈચ્છા, વાસના, કામના તૃપ્ત થવા માટે અને તેને સુખ, શાંતિ પરમ ગતિનો લાભ થાય તે માટે ભગવાનની આરાધનાના મંત્રો થાય છે. આ સંપૂર્ણ વિધિના યોગથી મૃતાત્માને શાંતિ લાભ થાય છે. તેની ઈચ્છા, વાસના, કામના તૃપ્ત થતાં હોય છે અને તે મુક્ત થઈ જાય છે. અથવા તેને સદ્ગતિ મળે છે. આ પ્રકારની આ વિધિ છે.

આ વિધિમાં શ્રદ્ધા, પવિત્રતા અને મનોધર્યની અત્યંત જરૂર રહે છે. પૂજા કરનાર અને કરાવનાર આ બંનેની માનસિક શક્તિથી અને પવિત્રતાથી, સંતુષ્ટતાથી આ કાર્ય સફળ થાય છે. જેમની શ્રદ્ધા ડગી ગયેલી છે. મનોબળ અધુરું છે, આર્થિક બાબતો પર જ કેવળ દૃષ્ટિ છે, શારીરિક પવિત્રતા ન હોય, સ્પર્શાસ્પર્શ, સૂતક વૃદ્ધિથી યુક્ત એટલે કે સદોષ કાર્ય થયું હોય તો જીવાત્માને આ વિધિનું ફળ મળતું નથી. આવા સમયે મૃતાત્માને દુર્ગતિ કે પુનર્ગતિ મળવાનો સંભવ રહે છે. આ પ્રકારના દૃષ્ટાંતો ઘણાં થતાં હોય છે અને આ પ્રકારનો શાસ્ત્રાધાર પણ છે, તેથી આ કર્મમાં શુદ્ધતા, પવિત્રતા અને મનોબળ અત્યંત ઉપયુક્ત છે.

શ્રાદ્ધ વિધિ :- દર વર્ષે તે મૃતાત્માના વરસી નિમિત્તે વંશજો દ્વારા તેના સ્મરણ તરીકે પૂજાવિધિ થાય છે તેને વર્ષ શ્રાદ્ધ પણ કહે છે. કેટલાક લોકોનું કહેવું છે કે, જે મૃતાત્માનું ઉત્તરકાર્ય થયેલું હોય તેનું શ્રાદ્ધ કે વરસી કરવી ન જોઈએ, કારણ મુક્ત થયેલ મૃતાત્માને ફરી પાછા આ સાંસારીક ઉપાધિમાં મૂકવો ન જોઈએ. પરંતુ શ્રાદ્ધ કે વરસીના વિધિમાં એવો કોઈ સંબંધ હોતો નથી. આ કેવળ પિતૃ સ્મરણ માટેની વિધિ છે. જેથી કરીને ઘરના નાના મોટા જીવોને પોતાના પૂર્વજોનું સ્મરણ રહે તે માટે આ વિધિ કરવાની હોય છે. એવું જો ન કરવામાં આવે તો ગૃહસ્થ જીવનમાં પિતૃયજ્ઞ તરીકે પંચમહાયજ્ઞમાંનો એક યજ્ઞ કર્મ ન કરવાનો દોષ લાગે છે અને ઉત્તમ પ્રકારનો ગૃહસ્થાશ્રમ આચરવાનું શ્રેય પ્રાપ્ત થશે નહીં અને પિતૃબાધાનું દુઃખ થવાનો સંભવ હોય છે, તેથી શ્રાદ્ધ અવશ્ય કરવું જોઈએ.

(૩) કામ્ય કર્મ (સકામ કર્મ) :-

(અ) માનીત પૂજા :- કોઈપણ ઈચ્છાની પૂર્તિ માટે, ઉદ્યોગ ધંધા, વ્યાપાર, વ્યવસાય, ખેતી, વ્યાધિ નિવારણ વગેરે માટે માનતા, બાધા માની કરેલ પૂજાવિધિ.

(બ) દસવંત-સુક્રિત રાશી પૂજા :- આ પૂજા નવી આવેલ આવકનો દસમો ભાગ મંદિરમાં દાન ધર્મ તરીકે અર્પણ કરી તે નિમિત્તે બ્રહ્માર્પણ પૂજાવિધિ કરવામાં આવે છે.

(ક) વ્યાધિ-પીડા નિવારણાર્થે (સુખ શાંતિ માટે) :- કોઈપણ પ્રકારની વ્યાધિ અથવા દુઃખ નિવારણ કરવા માટે જે પૂજા કરવામાં આવે છે તેને નવગ્રહ શાંતિની પૂજા કહે છે. આ પૂજા કોઈ વાસ્તુમાં દોષ હોય અથવા ખેતીના - કૂવા વગેરેમાં સદોષ હોય તો તે દોષ નિવારણ કરવા માટે અને શાંતિ પ્રિત્યર્થે આ પૂજા કરવામાં આવે છે.

આ પ્રકારની કર્મકાંડ પૂજાવિધિ સત્‌પંથમાં વિશેષ રૂપે જોવા મળે છે. આ તમામ પૂજાવિધિઓ અથર્વવેદના આધારે રચેલી કર્મકાંડ વિધિ છે. આ વિધિઓનો દરેક મંત્ર અને શબ્દ અગાધ શક્તિ સામર્થ્યથી ભરેલા છે. શુચિર્ભૂત (પવિત્ર) થઈ અને શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી કરેલી પૂજા જીવાત્માની સાંસારિક અને પારમાર્થિક ઉન્નતિ લાવે છે.

દક્ષિણ ગુજરાતના ડુમ્મસ ગામે સને ૧૯૬૦ માં યોજાયેલ અખિલ ભારત સત્‌પંથ સંમેલનમાં અધ્યાક્ષિય ભાષણમાં બોલતી વખતે વેદમૂર્તિ પં. સાતવળેકરે કહ્યું હતું કે; 'સત્‌પંથ એ જ સાચો સનાતન ધર્મ છે. અથર્વવેદ ઉપર આધારીત આ પંથ હોઈ એમાંના મંત્રશાસ્ત્ર અને અધ્યાત્મક જ્ઞાન સંપૂર્ણ અથર્વવેદના જ છે. આ પરથી આ પંથના સર્વ અનુયાયી અથર્વવેદી છે. એક મંત્રમાં કહેલું છે કે, "સ્વામી તમે ૐકાર માં આપોઆપ શક્તિ રૂપે જપાવ્યો જાપ, શક્તિ રૂપે રચ્યો સંસાર, શક્તિ વેદ ઉત્તમ આચાર." આ શબ્દોમાં ઘણી શક્તિ ભરેલી છે, જે તમારામાં, મારામાં અને સંપૂર્ણ વિશ્વમાં છે. આ યોગે માનવ કેટલાંક ચમત્કારયુક્ત કાર્ય કરી શકે છે. સર્પ, વીંછી વગેરે ઝેરી પ્રાણીઓના વિષયુક્ત દંશ પણ કેવળ મંત્ર શક્તિથી ઉતરી જાય છે, આ તો સામાન્યમાં સામાન્ય બાબત છે. મંત્ર શક્તિ દુનિયાની

સર્વ શ્રેષ્ઠ શક્તિમાંની શ્રેષ્ઠતમ શક્તિ છે. હું પરમેશ્વરનો પુત્ર છું એવી શ્રદ્ધા અને ધૈર્ય હશે તો જ દિવ્ય શક્તિ પ્રકટ કરી શકાય છે. આ શક્તિ સર્વ સ્ત્રી પુરુષોમાં ગુપ્ત રીતે રહેલી છે તેથી સર્વએ શ્રદ્ધાથી માનવું જોઈએ અને કહેવું જોઈએ કે, હું પરમાત્માનો પુત્ર છું. તેત્રીસ કરોડ દેવતા મારા શરીરમાં છે, એવું દઢ રીતે તમે સમજો તો જ તમારામાં પણ દિવ્ય શક્તિ પ્રગટ થશે આ વિષે શંકા નથી, તો પછી આ પ્રચંડ શક્તિનો ઉપયોગ કેમ થતો નથી ? એવો પ્રશ્ન ઊભો રહે છે. એનું એક જ કારણ છે અને તે એ કે આપણો આત્મ વિશ્વાસ પૂર્ણ નથી અને આ શક્તિ પ્રગટ કરવાની રીતની આપણને ખબર નથી.'

'સત્પંથ સનાતન ધર્મના ગ્રંથો એ જ કહે છે. સત્પંથના આ ધર્મગ્રંથમાં સૂર્ય છે, વાયુ છે, વરુણ છે, અશ્વિનીકુમાર છે, ઈંદ્ર પણ છે, એનો વિચાર મેં કર્યો છે તેથી હું કહું છું કે, માનવોમાં અમોધ શક્તિ છુપાયેલી છે. પેટમાં કંઈ દુ:ખતું હોય તો પેટના દેવતા દ્રૌણ છે. એવું જાણીને તે પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરો એટલે કે તે જેવો હુકમ કરશે તેવું તમારા શરીરમાં બનતું જશે. હું દીન છું, દુર્બલ છું, આ પ્રમાણે ભિખારીની માફક વૃત્તિ થવા દેવી નહીં, હું તો પરમેશ્વરનો પુત્ર છું અને ગમે તે કાર્ય કરી શકીશ એવી આત્મશ્રદ્ધા અને હિંમત હોવી જોઈએ. એમ થાય તો પરબ્રહ્મ પરમાત્માની દિવ્ય શક્તિનો અંશ તમારામાં ઉતરી આવશે એમાં શંકા નથી અને એ જ અંશ મહાન છે. જે રીતે સુકા ઘાસ પર દેવતાનો એકાદ તણખો જો પડે તો દાવાનળ પ્રકટ થાય છે, તે પ્રમાણે આ મંત્ર શક્તિ અગ્નિની એક ચિનગારી પ્રમાણે છે. દુનિયામાં જેટલી શક્તિ છે તેટલી શક્તિ માનવના દેહમાં ભરેલી છે. સત્પંથ સનાતન ધર્મના મંત્રોમાં આ શક્તિનો પૂરેપૂરો ઉપયોગ રહેલો છે. એનો અનુભવ કરી જુઓ.

અથર્વવેદનો હિંદુ ધર્મમાં ઘણો મોટો મહિમા છે. તેમાં બ્રહ્મા એ અધ્યક્ષ સ્થાને છે અને તેને માનનારો અથર્વવેદી ગણાય છે. મેં તેનો પૂર્ણ અભ્યાસ કર્યો છે. આ અથર્વવેદમાં વિશ્વનું મોટામાં મોટું શાસ્ત્ર રચાયેલું જણાઈ આવે છે. આ વેદના તમે સર્વ અનુયાયી છો. આ વાત મારા સદ્ભાગ્યની જ ગણાય. સત્પંથના ગ્રંથકર્તાએ અથર્વવેદના જ સર્વ દૃષ્ટાંત લીધેલાં છે. યજ્ઞમાં પણ અથર્વવેદી બ્રાહ્મણ જ જોઈએ. આ વેદનું આટલું મોટું મહત્ત્વ આ માટે જ છે કે દરેક માણસ આ વેદ પ્રમાણે પોતાની શક્તિ વધારી શકે છે. વેદમાં કહેલી ઋચાઓ અનુસાર કૃતિ કરાય તો ઈચ્છા શક્તિના બળ પર માણસ દીર્ઘાયુષી થઈ શકે છે. પ્રાચીન ઋષિ મુનિઓ

અને અવતારી પુરુષો પોતાનું આયુષ્ય સત્ કાર્યો દ્વારા શમ, સંતોષ શાંતિથી પ્રદીર્ઘ કરતા હતા. તેવું દીર્ઘાયુષ્ય તમે આજે પણ મેળવી શકો. આજે ગમે તેવો ઘોર કલિયુગ હોય તેનો તમે સત્યયુગ કરી શકો છો એવું અથર્વવેદ કહે છે. વિશ્વના સર્વ દેવોની શક્તિથી હું કાર્ય કરી શકું છું. તેમની પર મારો પ્રભાવ છે. એવી ભાવના તમે જાગૃત કરો ત્યારે જ તે શક્તિ તમને પ્રાપ્ત થશે.

અથર્વવેદમાં તો કેટલીક વિદ્યાઓ છે, તેમાં લખેલું છે કે શરીર પર જો સોનું પહેરવામાં આવે તો આયુષ્ય વધે છે, તો પછી ઈંજેક્શનની શું જરૂર ? મન મજબૂત કરો એવું આ વેદ કહે છે. તેમાં એવું પણ કહેલું છે કે વનસ્પતિ પાસે વૈદ્ય જાય અને કહે કે રોગીને દવા આપવાની છે તો તેનો રોગ તું દૂર કર. આ પરથી એવું સિદ્ધ થાય છે કે વનસ્પતિમાં પ્રાણ છે. વનસ્પતિમાં બીજાને દુઃખ આપવાની ભાવના હોતી નથી. આપણો પણ એવો ધર્મ હોવા છતાં આપણે બીમાર પડીએ છીએ. વેદ કહે છે કે, પ્રથમ માણસનું મન બીમાર થાય છે અને તે પછી શરીરમાં બીમારી આવે છે. આપણે જો બાહ્ય જીવન નિરોગી રાખેલ હોય તો આપણે બીમાર પણ ન થઈએ.

સત્પંથ અને હિંદુધર્મનાં બીજાં શાસ્ત્રોની અશક્તિ એટલે શાસ્ત્રોનો અનુવાદ થવો જોઈએ તે, આ એક અલ્પ દૂષણ છે. અનુવાદીત થયેલાં આ પુસ્તકો તમે પાસે રાખો. ખ્રિસ્તીઓનું બાઈબલ બારસો ભાષામાં અનુવાદીત થયેલું છે. તે પ્રમાણે વેદોનું પણ થવું જોઈએ. અથર્વવેદનું જો ભાષાંતર કરવામાં આવે તો દેશના ડૉક્ટરોની સંખ્યા પુષ્કળ ઘટી જશે. આજે માણસની ધાર્મિક ભાવના ઘટી ગઈ છે તેથી જ ડૉક્ટરોની સંખ્યા વધી ગઈ છે. ગાયનું દૂધ, ઘી, સંધ્યા-હવન વગેરે આ બધું જતું રહ્યું. જ્યારે આ સર્વ હતું ત્યારે આ વ્યર્થ હાડમારી ન હતી. પણ આજે તો તેવી ગાયો નથી અને તેવી ગાયનું દૂધ, ઘી પણ નથી. અથર્વવેદમાં ગાયનો એવો એક અધ્યાય છે અને તેમાં ગાયના વિષે જ્ઞાન આપવામાં આવેલ છે.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ આપણા ચાર વેદ છે, તેમાં અથર્વવેદ માનવ જીવનનો મહત્ત્વનો વેદ છે. એમાં કોઈપણ વ્યક્તિ બીમાર નહિ પડવા માટેની ચાવી છે. પાણીમાં સર્વ પ્રકારની દવાઓ છે એવું તેમાં દર્શાવેલું છે. તેનો ઉપયોગ અને પ્રકારોનું પણ

વર્ણન કરેલું છે. આજે ડૉક્ટર હજારો દવાઓ વાપરે છે પણ અથર્વવેદમાં એકલા પાણીમાં સર્વ દવાઓનો ગુણધર્મ છે તે દર્શાવેલ છે અને તે માટે પાણીનો કેવી રીતે ઉપયોગ કરવો તે પણ જણાવેલ છે. સૂર્ય પ્રકાશ રોગ નિવારણ કેવી રીતે કરે છે તે અંગે પણ માહિતી તેમાં છે. આજે તો યુરોપના લોકો નગ્ન થઈ સૂર્ય સ્નાન કરે છે. ત્યાં બારે માસ હવામાં ગરમી ન હોવાથી સૂર્ય સ્નાન તેમના માટે ઘણું જ મહત્ત્વનું અને આલ્હાદદાયક છે. આપણે ત્યાં તો ઈશ્વરે આપણને જોઈએ તેટલું અને જોઈએ ત્યારે મળે એ રીતે આપેલ છે. સંસ્કૃતમાં ઘરનું નામ રોગ એવું છે, કારણ કે ઘરમાં સૂર્યપ્રકાશ આવી શકતો નથી. છ માસ સૂર્ય કિરણ શરીર પર લેવાનો પ્રયોગ કરી જુઓ, તમને એક પૈસો પણ ખર્ચ આવશે નહીં અને તેમ કરવાથી કેટલીયે બીમારીઓ દૂર થઈ જશે એનો અનુભવ કરો.

રાજકારણ વિષે પણ અથર્વવેદનું સ્થાન કેટલું ઊંચુ છે તે જુઓ, વિચાર કરી કારોબાર ચલાવવો. સરકારમાં સચ્ચાઈ જોઈએ, આ તેમાં કહેલું છે અને તે સિવાય રાજકર્તાઓની ભાવના ઉદાર જોઈએ. તદુપરાંત રાજ્યમાં લાંચરૂશ્વતનો પ્રકાર થવો ન જોઈએ, એવું તેમાં જણાવેલ છે. આ જોતાં આપણું તંત્ર કેવું છે એનો વિચાર કરો.

આ પ્રકારે આરોગ્ય, રાજકારણ, ગૃહ વ્યવસ્થા, આદર્શ જીવન સંસ્કૃતિ સિવાય વધારાના કેટલાક વિષયોનું જ્ઞાન પણ જણાવેલ છે. એવું પુસ્તક સર્વ ભાષાઓમાં શબ્દશઃ અનુવાદીત કરવું જોઈએ. તે માટે આ કાર્યમાં કોઈ અડચણ ન આવે તેની કાળજી લો. સત્પંથ ધર્મ ગ્રંથમાં જે કંઈ કઠિન સાહિત્ય હોય તે દૂર કરો અથવા તે બધા લોકો સમજી શકે એવું કરો. આ કાર્ય માટે તમને શક્ય તેવી સલાહ આપવા હું તૈયાર છું. તમારી પાસે આ પ્રકારનું દિવ્ય જ્ઞાન હોવા છતાં તમારી ઉન્નતિ કેમ ન થઈ શકે ? જે પ્રત્યક્ષ છે તેને પ્રમાણોની જરૂર શી ?

નિંદ્રામાં શક્તિ છે અને તે કરોડો રૂપિયાથી મળતી નથી. મહંમદ ગઝની ભારતને લૂંટીને ગયો, તે પછી મરવા પડયો ત્યારે ધનના ઢગલા સામે જોઈ રડવા લાગ્યો. રડીને શક્તિ મળતી નથી પણ નિંદ્રાથી શક્તિ મળે છે. ત્યાગથી શક્તિ મળે છે, ભક્તિથી શક્તિ મળે છે. સર્વનું જે ભરણ પોષણ કરે છે તેનું જ નામ નિંદ્રા. તે જો નિયમિત હશે તો આપણે મહાશક્તિના સ્વામી બની શકીશું. ચાર દિવસ ઊંઘ ન આવે તો આપણું ચિત્ત બેચેન બને છે. પરમેશ્વર પ્રાપ્તિ માટે આ વાત ઈષ્ટ છે. પરમેશ્વર પ્રાપ્તિનો સાચો અને સહેલો માર્ગ એટલે શાંત ભાવથી

અને એકાગ્રતાથી તેની પ્રાર્થના કરવી. ભજન, ગાયન, સ્મરણ કરવાથી મોટી તકલીફો દૂર થાય છે અને મનમાં આનંદ મળે છે. પરમેશ્વરમાં તલ્લીન થવા માટે એકાગ્રતાપણું મોટું મહત્ત્વનું સાધન છે.

અથર્વવેદમાં એકંદર છ હજાર મંત્ર છે. આ ઈશ્વરે રચેલા અને ઋષિમુનિઓ રચિત મોટી સંપત્તિ છે તેનો ઉપયોગ કરો, જગત દુઃખમય નથી. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ પાસેથી કોઈ દુઃખ થયું છે ? તો પછી જગત દુઃખમય હોઈ શકે ? માનવ જીવનને સુખી અને સમૃદ્ધ કરવા એ જ પંચમહાભૂત ઉપયુક્ત રહે છે. એક જલેબી પચતી હોય અને પાંચ ખાધી અને અપચન થયું તો દોષ કોનો ? આપણે પોતે જ દુઃખ નિર્માણ કરીએ છીએ, પરંતુ જગત તો આનંદમય અને સચ્ચિદાનંદ પરમાત્માની રમ્ય લીલાઓથી ભરેલું છે. હું જે માર્ગનો છું તે જ માર્ગના તમે પણ છો. તમે શક્તિમાન છો એવું માની તમારામાં જે ઓછાપણું હશે તે દૂર કરવાનો પ્રયત્ન કરો.' આ પ્રકારનું ઉદ્‌બોધન પં. સાતવળેકરજીએ કહેલું છે. આ પરથી એ પ્રમાણિત થાય છે કે સત્‌પંથ ઘટપાટ વારિયજ્ઞ પૂજાવિધિ કર્મકાંડમાં દિવ્ય શક્તિ છે. તે જાણીને આપણે પણ આત્મ સાક્ષાત્કાર કરવો છે.

આ કળશ પૂજા વારિયજ્ઞ વિધિ દ્વારા મહાન કર્મ માર્ગ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સત્‌પંથી અનુયાયીઓને દર્શાવેલો છે. આ કર્મ માર્ગની માનવ જીવનમાં જરૂર કેમ જણાય છે તેની સ્પષ્ટતા કરતાં શ્રી સદ્‌ગુરુ કહે છે કે, -

દેહને આગે પ્રારબ્ધ કર્મ, તે પોતે અભોગતા બ્રહ્મ,
એમ જે જાણે અનુભવ યુક્તિ, તેણે કહીયે જીવન મુક્તિ.

દેહને હું માને કોઈ જેહ, મહાદોષી કહીયે તેહ,
આત્મબુદ્ધિ જેણે ભાઈ, મહાપુણ્ય-વંત ગણીયે ભાઈ.

માનવ જીવન સમૃદ્ધ, સુખી અને ઉન્નત કરવા માટે કર્મની આવશ્યકતા છે. જ્ઞાન, ભક્તિ, જપ, તપ વગેરે સાધન કર્મ વગર અધૂરાં રહે છે કારણ દરેક સાધનના મૂળ પાસે કર્મ હોય જ, માટે આ કર્મ માર્ગનું વિશુદ્ધ રીતે આચરણ કરવું જોઈએ. સત્‌પંથમાં ઘટ-પાટ, કળશ-કુંભ વારિયજ્ઞ પૂજા વિધિ આ એક યજ્ઞ જ છે, કારણ તેમાં અનેકાનેક સૃષ્ટિ ચક્ર ચાલક દેવ

દેવતાઓનું આહ્વાન કરી આરાધના કરવામાં આવે છે તેથી તે એક યજ્ઞનો મહાન કર્મ માર્ગ જ છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, -

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्राऽपि च ते न प्रसिद्धयेदकर्मण ॥
- भगवद् गीता ३/८

હે અર્જુન ! તું પોતાનું નિયત એટલે સ્વધર્મોક્ત ધર્મ કર. કારણ કર્મ ન કરવા કરતાં કર્માનુષ્ઠાન શ્રેષ્ઠ છે અને સિવાય કર્મનો સ્વરૂપતઃ ત્યાગ કરવાથી તારી જીવન યાત્રા પણ સારી રીતે ચાલશે નહીં. શરીર યાત્રા ચલાવવા માટે કરવું જરૂર જણાય જે જે કર્મ તે તે અપરિહાર્ય હોવાના કારણે નિયત કર્મની ગણનામાં તેનો પ્રથમ ઉલ્લેખ કરેલો છે. નિયત કર્મ આગળ જણાવ્યા મુજબ છે, - (૧) શરીરયાત્રા ચલાવવા માટે અપરિહાર્ય એવું કર્મ. (૨) સ્વવર્ણાશ્રમધર્મ વિહીત નિત્ય નૈમિત્તિક કર્મ. (૩) સ્વભાવજ કર્મ. (૪) યજ્ઞ તપ દાનાદિ પાવન કર્મ. (૫) લોક સંગ્રહાર્થ પ્રસંગપાત કરવા જરૂરી જણાય તે કર્મ.

પ્રાચીન સમયે સૃષ્ટિના આરંભ સમયે યજ્ઞમૂલક કર્તવ્યનો ઉપદેશ કરી માનવ પ્રાણીઓની ઉત્પત્તિ કરી તેમને પ્રજાપતિએ કહ્યું; આ યજ્ઞથી તમે પોતાની અભિવૃદ્ધિ કરી લો. આ યજ્ઞ જ તમને ઈચ્છિત વસ્તુ આપનારો કામધેનુ બનો. આ યજ્ઞ સાધના વડે તમે દેવોને સંતુષ્ટ કરો અને તે દેવો પણ તમને સંતુષ્ટ કરશે. આ પ્રમાણે પરસ્પરને સંતુષ્ટ કરી તમે બંને આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરી લો.

બુદ્ધિ વિશિષ્ટ એવો મનુષ્ય પ્રાણી જે સમયથી આ સૃષ્ટિ પર સંચાર કરવા લાગ્યો તે સમયથી તેને યજ્ઞની જરૂર જણાવા લાગી. સર્વ માનવ જાતિને આવશ્યક એવો આ યજ્ઞ કયો ? આ વિષે ગીતામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે કેવળ હોમ હવન કરવું એટલે યજ્ઞ નથી અને હોમમાં જે જે દેવતાઓને ઉદ્દેશીને આહુતિ આપવામાં આવે છે તેટલા જ દેવતા, એવો સંકુચિત અર્થ અભિપ્રેત નથી. જેને જેની સેવા અથવા ઉપાસના કરવી પડે તે તેનો દેવ. સતી પતિની સેવા કરે છે એટલે પતિ આ સતીનો દેવ, શિષ્ય ગુરુની સેવા કરે છે એટલે ગુરુ શિષ્ય માટે દેવ જ છે. આ દૃષ્ટિથી પુત્રને માતા પિતા, અનાથને રક્ષણકર્તા, આશ્રિતને આશ્રય દાતા, ભીતિગ્રસ્તને અભય દાતા, પતિતને ઉદ્ધારકર્તા એ તે તે કાર્ય પૂરતા દેવ જ છે. બ્રાહ્મણ વર્ગ

જ્યારે સર્વ વર્ણોનો પૂજ્ય હતો ત્યારે તો તે ભૂદેવ અને રાજા વિષે સમાજમાં આદરભાવ હતો ત્યારે તો નૃદેવ (નૃપતિ) ગણવામાં આવતો હતો.

ઈહલોકના માનવ પ્રાણી કરતાં સ્વર્ગના અદ્રશ્ય વ્યક્તિ વધુ સામર્થ્ય સંપન્ન હોવાથી માનવ જાતિને પરલોકના દેવતા પૂજ્ય અને ઉપાસ્ય જણાયા અને એવી અદ્રશ્ય શક્તિઓને ઉદ્દેશીને 'દેવ' આ શબ્દ પ્રચારમાં આવ્યો. ગીતામાંના યજ્ઞ શબ્દની પણ સંકુચિતતા જતી રહી અને તેની વ્યાપ્તિ વધી ગઈ, તેથી યજ્ઞ એટલે પૂજ્ય વ્યક્તિ માટેનો ત્યાગ કે એવો પૂજ્ય વ્યક્તિઓની સેવા એવો અર્થ નિશ્ચિત થાય છે. એવી રીતે સૃષ્ટિનાં માનવી અને પ્રાણીઓની ઉત્પત્તિ યજ્ઞથી જ થયેલી છે. તેથી તમે પરસ્પરને સંતુષ્ટ કરી પોતાનું કલ્યાણ સાધ્ય કરી લેવું જોઈએ. દુનિયામાં શ્રેષ્ઠ તન્મૂલક (દેહમાં રહેલા) સેવ્ય સેવક ભાવ જરૂરી હોવાથી દરેક વ્યક્તિએ તે વસ્તુ સ્વ સામર્થ્યથી પ્રાપ્ત કરી લેવી. અશક્ય હોય તે શ્રેષ્ઠીઓની ઉપાસના કરીને મેળવી લેવી અને તે ઉપાસના માટે પોતાના માલિકીની કોઈપણ પ્રિય વસ્તુનો ત્યાગ કરવા પ્રવૃત્ત થવું જોઈએ. દેવોની ઉપાસના કરી તેમના માટે યજ્ઞ કરી તેમને સંતોષ આપવો અને દેવોએ પણ પોતાના ઉપાસકોને ઈચ્છિત વસ્તુ આપી તેમને સંતુષ્ટ કરવા જોઈએ. એવો આ નિયમ અખંડ પાળવામાં આવે તો સૃષ્ટિનું કાર્ય સુખ સંતોષથી ચાલી શકશે. પ્રજાએ રાજાને વેરો આપવો, રાજાએ પ્રજાનું સંરક્ષણ કરવું. શિષ્યોએ ગુરુની સેવા કરવી અને ગુરુ દક્ષિણા આપવી અને ગુરુએ શિષ્યોને શિક્ષણ આપી વિદ્યા સંપન્ન કરવી. કુટુંબના નાનાઓએ વડીલોની આજ્ઞાનું પાલન કરવું અને વડીલોએ તેમનું સર્વતોપરી પાલનપોષણ અને સંવર્ધન કરવું. નિર્ધનોએ ધનિકોની સેવા કરવી અને ધનિકોએ તેમનો સાંસારીક યોગક્ષેમ ચલાવવો. તે પ્રમાણે માનવ પ્રાણીઓએ દેવોને ઉદ્દેશીને યજ્ઞયાગાદિ કર્મો કરી દેવોને પ્રસન્ન કરી લેવા જોઈએ અને દેવોએ તેમના સંકટનું નિવારણ કરી તેમનો અભ્યુદય (ઉત્કર્ષ) કરવા એવો આ અન્યોન્ય સંબંધ અખંડ રીતે ચાલવો જોઈએ, એવો જ ઉદ્દેશ પરમેશ્વરનો આ સૃષ્ટિ નિર્માણ કરતી વખતે હતો અને તે હેતુસર દરેકે પોત પોતાની રીતે કર્તવ્ય એટલે કે યજ્ઞ કરવા જોઈએ.

એ જ કર્તવ્યની કલ્પના ઋણ આ શબ્દથી પ્રાચીન ઋષિઓએ વ્યક્ત કરેલી છે. પ્રત્યેક મનુષ્ય પોતાની સાથે દેવ ઋણ, ઋષિ ઋણ અને પિતૃ ઋણ એવાં ત્રણ ઋણો લઈ જન્મે છે. આ ત્રણ ઋણોમાં હજુ એક સામાજીક ઋણની ગણત્રી ગીતામાં કરેલી છે, અને તે બદલો

વાળવાનું સાધન એટલે લોક સંગ્રહ માટે કર્મ કરવું અને તે પ્રિત્યર્થે (મનોભાવ અર્થે) યજ્ઞ કરવા આવશ્યક છે. યજ્ઞ દ્વારા સંતુષ્ટ થયેલા દેવતા તમને ઈચ્છિત વસ્તુ આપશે. જે મનુષ્ય દેવોએ આપેલ ઈચ્છિત વસ્તુ તેમને સમર્પણ કર્યા સિવાય પોતે ભોગવે છે તે ચોર જ છે. દેવના ઉદ્દેશથી યજ્ઞ કર્યા બાદ જે વસ્તુ બાકી રહે તેનો ઉપભોગ કરનારો સજ્જન સર્વ પાપોથી એટલે તે વસ્તુ પ્રાપ્ત કરતી વખતે થયેલ દોષથી મુક્ત થાય છે. જે કેવળ પોતાના માટે જ એટલે કે યજ્ઞની ભાવના મનમાં ન રાખતાં અન્ન રાંધે છે તે પાપી જાણે કે પાપ જ ભક્ષણ કરે છે. અન્યનો યોગ્ય ભાગ ન આપવાથી અને તેની ઉપેક્ષા કરવાથી ઋણમુક્તિ ન મેળવવાનું પાપ તેમને લાગે છે.

ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે કે; સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ અન્નથી જ થાય છે. અન્નની ઉત્પત્તિ પર્જન્ય (વરસાદ)થી થાય છે અને યજ્ઞ કરવાથી પર્જન્ય થાય છે. યજ્ઞ કર્મમાંથી નિર્માણ થાય છે. કર્મ વેદાજ્ઞાથી ઉત્પન્ન થાય છે. વેદ સગુણ બ્રહ્માના મુખમાંથી નિર્માણ થયા છે અને આ સગુણ બ્રહ્મ સર્વ વ્યાપી પરબ્રહ્મથી નિર્માણ થયું છે. એવી રીતે પરબ્રહ્મ સર્વ વ્યાપી હોવાથી જ્યાં જ્યાં યજ્ઞ કર્મ ચાલુ હોય ત્યાં ત્યાં પરબ્રહ્મનું અધિષ્ઠાન નિશ્ચિત રૂપે હોય છે. વેદોએ પ્રતિપાદન કરેલું જે કર્મ તેમાં ૐકાર રૂપથી પરબ્રહ્મ અધિષ્ઠિત હોય છે. સિવાય યજ્ઞાર્થ કરેલું કર્મ વેદ પ્રતિપાદિત હોય છે. તેમાં ત્યાગવૃત્તિ, ઉપાસના બુદ્ધિ, અનાસક્તિ વગેરે ગુણો હોવાથી યજ્ઞ માટેનું કર્મ કરવું એ એક ઈશ્વરની ઉપાસના જ હોય અને એવી ઉપાસના કરનારો પુરુષ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. અર્થાત્ યજ્ઞ રૂપથી જ્યાં જ્યાં ઉપાસના ચાલતી હશે ત્યાં ત્યાં યજ્ઞકર્તાને મોક્ષ સિધ્ધિ થવાનું અભિવચન ભગવાને આપેલ છે. ત્યારે આ યજ્ઞાર્થે કરેલું નિષ્કામ કર્મ બંધનકારક ન થતાં મોક્ષદાયક થાય છે, આ સ્પષ્ટ થાય છે.

જે મનુષ્ય આત્મસુખમાં રમે છે, આત્માનંદમાં જ તૃપ્ત અને આત્મજ્ઞાનમાં જ સંતુષ્ટ રહે છે તેને કર્તવ્ય જેવું કંઈ રહેતું નથી. તેને કર્મ કરીને કંઈ પોતાનું સુખ મેળવવાનું હોતું નથી અને કર્મ ન કરીને પણ તેને કંઈ પ્રાપ્ત કરવાનું હોતું નથી. તેમજ દુનિયાના કોઈ પણ જીવ માત્ર સાથે તેનો પોતાનો કોઈ અર્થ પ્રાપ્તિનો હેતુ સંકળાયેલો હોતો નથી. તેને બીજાઓથી કંઈ પણ મેળવવાનું હોતું નથી, તેથી જ તેઓ પરોપકાર માટે નિષ્કામતાથી કાર્ય કરી શકે છે. એટલે એવા નિષ્કામ કર્મયોગી પ્રમાણે તમે પણ આત્મરત, આત્મતૃપ્ત અને આત્મસંતુષ્ટ થઈને અનાસક્ત બુદ્ધિથી પોતાનું યજ્ઞમય આવશ્યક કર્તવ્ય હંમેશાં કરતા રહો. કારણ એવા પ્રકારના આસક્તિ રહિત પુરુષ જ નિષ્કામ કર્મનું આચરણ કરતા રહીને પરમ સ્થાન મોક્ષ

પ્રાપ્ત કરે છે. **શ્રેષ્ઠ પુરુષ જેવું આચરણ કરે છે તેવું જ આચરણ સામાન્ય લોકો પણ કરે છે. શ્રેષ્ઠ પુરુષ જે ધર્મ પ્રમાણભૂત માને છે તેને અનુસરીને સામાન્ય લોકો પણ વર્તન કરે છે.** અજ્ઞાની માણસો કર્મના ફળ પ્રત્યે આસક્તિ રાખી કર્મ ઉત્સાહથી કરે છે તેવું જ લોકસંગ્રહ કરવાની ઈચ્છા રાખનારા આત્મજ્ઞાની માણસે આસક્તિ રહિત ઉત્સાહથી કર્મ કરવું. જ્ઞાની માણસે કર્મની જગ્યાએ આસક્તિ હોય તેવા અજ્ઞજનોનો પોતાના સ્વૈર આચરણથી કે કર્મત્યાગથી બુદ્ધિ-મન ભેદ કરવો જોઈએ નહીં. એટલું જ નહીં પણ તેઓએ સમત્વ બુદ્ધિથી પોતે સર્વ કર્મો કરી દૃષ્ટાંત રૂપે લોકોને તે કર્મ અંગે અભિરુચિ થાય એવું કરવું જોઈએ.

સત્પંથ ઘટ-પાટ વારિયજ્ઞ પૂજા વિધિ દ્વારા સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પણ સકામ અને નિષ્કામ કર્મ આચરણનું સાધન સત્પંથ ધર્મમાં કહેલું છે, તે જ માધ્યમથી ભગવાનની નિષ્કામ ભાવનાથી ઉપાસના કરવાની શિક્ષા સદ્ગુરુએ આપેલ છે. ગુરુવાણીના એક પદમાં તેઓએ કહેલું છે કે :-

યુગ પરમાણે વેદને ધ્યાવો મુનિવરો, ભાઈ કાહેને ખોવે પૂર્વજન્મની કમાઈ.
એક કરી સેવો ને ગીનાન વિચારો, જીત્યા ફલ તમે કાહે ને હારો.
ખરાખરી વેળામાં રમત માંડી, કહા તમે ચાલ્યા સત્ છાંડી.
પરણ્યા મેલીને પરઘર જાવે, બેઈમાની જીવડો વૈકુંઠ ના પાવે.
જનમ દુહાગણ હોતી જે નારી, આજ સત્પંથ મલીયા સુહાગણ નારી.
ચાર જુગની દુહાગણ નારી, દેવ દુનિયામાં રહે છે બિચારી.
પાંચ મળીને તેનો વમરસ કીજે, ખરા ખોટા રતન તમે પરખીને લીજે.
સાચને મળો ને જૂઠ ના બોલો, જેમ શિંગડાથી તૂટો છે વેલો.
સત્ ક્રિયા મુખે સાચું જો બોલો, ગુરુ ગત્માં જઈ અપરાધ ખોલો.
આદ ઉનાદ આજે સત્પંથ સાચું, એણે પંથે ચઢીયા કોઈ નથી વળીયા પાછું.
સાચે ઈમાને પ્રભુની ભગતી કીજે, કુટુંબ પદ અમરાપુરી લીજે.
જ્ઞાન ધ્યાન વેદ વાયેકે ચાલો, સાચા ઈમાની જીવ વૈકુંઠ માણો.
નિર્મળ મન કરી દીજે હો દાન, જીકરે જાગી કરો ઉત્તમ કામ.

આગમ ગુરુજી બતાયા છે ભેદ, ફલ છે અનંત તમે કરો ન ખેદ.
તારું સવેળામાં સુમરણ કીજે, ગુરુ ગત્માં જઈ અમરપદ લીજે.
પુરુષ નારીના એ છે ધરમ, કરશો ખમીયા તો નહીં લાગે કરમ.
યહા કછુ દેશો તો આગળ જઈએ લેશો, સુક્રીત વિના જીવ ઝૂરી ઝૂરી મરશો.
અથર્વ વેદ બોલ્યા આ પર્વ સાચું, ફલ છે પાકુ પણ દીસે છે કાચું.
કહેત ઈમામશાહ કાહી વિલંભ ન કીજે, પવિત્ર દષ્ટે ફલ અમીરસ પીજે.

આ પ્રકારે માનવ જીવન સુખી સમૃદ્ધ થાય, તેમનું દુઃખ કષ્ટ, કલેશ, દીનતા દૈવી ઉપાસનાથી ક્ષીણપ્રાય થાય, તેની સાંસારીક ઉન્નતિ થાય, સર્વાંગીક વિકાસ થાય અને પરમાર્થનો લાભ થાય. કર્મ દોષ નિવૃત્તિ થાય અને આત્મકલ્યાણ થાય. તે પાત્ર-યુક્ત થાય તે માટે સદ્‌ગુરુએ આ કર્મ માર્ગ અથર્વવેદના અનુસંગે ઉપદેશ કરેલો છે. કળશ પૂજા એટલે વારિયજ્ઞ કે જલયજ્ઞ થાય એવું કહેવાય. **અગ્નિના માધ્યમથી યજ્ઞમાં જે રીતે અલગ અલગ દેવતાઓની ઉપાસના કરવામાં આવે છે, તેવી સૃષ્ટિ ચાલક દેવતાઓની અને ઈષ્ટ આરાધ્ય દેવતોની ઉપાસના પણ આ ઘટ-પાટ વારિયજ્ઞ પૂજા વિધિ દ્વારા આ સત્પંથમાં કરવામાં આવે છે.**



પ્રકરણ - ૪

❖ સત્પંથ ધર્મમાં ધાર્મિક બાધા-માનતા અને ઉત્સવ ❖

સત્પંથ ધર્મના તીર્થ સ્થાનોમાં અનેક પ્રકારના ચમત્કાર આજ પર્યંત ચાલુ રહેલા જોવામાં આવે છે. આ વાતો એટલે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનાં દિવ્ય શક્તિના પ્રતિકો જ છે. આ પ્રકારની ઘટનાઓનું વર્ણન નીચે જણાવ્યા પ્રમાણે છે.

(૧) ભવિષ્ય વિષયક બેડી - શુકનાવલી.

(૨) ગંગાકૂવા મહાત્મ્ય, કુંવારિકા ક્ષેત્ર દર્શન પૂજા.

(૩) સત્પંથ તીર્થધામ ઉપરની માનતાઓ, બાધા અને પૂર્તતા.

(૪) સામાજિક અને ધાર્મિક ઉત્સવ, વ્રતો.

(૧) ભવિષ્ય વિષયક બેડી - શુકનાવલી :-

સત્પંથનું મુખ્ય તીર્થ ક્ષેત્ર પ્રેરણાપીઠ-પીરાણામાં લોખંડની બેડી (સાંકળની કડીઓ) છે, તે દ્વારા લોકો પોતાના ભવિષ્યના ગૂઢ પ્રશ્નોના ઉત્તરો મેળવતા હોય છે. આ પ્રશ્નો એટલે નોકરી, ઉદ્યોગ-ધંધો, રોજગાર, વિવાહ, સંતાન પ્રાપ્તિ, શૈક્ષણિક, આરોગ્ય વિષયક એવા જ આધિ-વ્યાધિ-ઉપાધિ જેવા અનેક પ્રકારના હોઈ શકે છે.

પ્રથમ આ બેડી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સેવક હાજરવીરની

સમાધિ પરથી ફેરવીને હાજરવીરની સમાધિથી વીસ પગલાં દૂર સામે ઊભા રહી પોતાનો પ્રશ્ન સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને ભક્તિભાવથી કહીને હાથ જોડવા. તે પછી બંને પગમાં લોખંડની કડીઓની બેડી પહેરવામાં આવે છે, બંને પગમાં બેડીઓને સાંકળની કડીઓથી જોડવામાં આવે છે. પછી ધીમે ધીમે દિવ્ય જ્યોતિ સમક્ષ દૃષ્ટિ રાખી ચાલવાની શરૂઆત કરવામાં આવે છે. પ્રશ્નનો ઉત્તર મળવાનો હોય તો સાંકળ કડીમાંથી આપોઆપ ખૂલી જાય છે. પગમાંની બેડી જો એક બે પગલામાં જ છૂટી (ખૂલી) જાય તો સમજવું કે પોતાનું કાર્ય વહેલી તકે સિદ્ધ થશે. પાંચથી છ પગલાં ગયા સુધીમાં છૂટી (ખૂલી) જાય તો સમજવું કે થોડો સમય લાગશે અને હાજરવીરની સમાધિ સુધી જઈને પણ જો બેડી આપો આપ છૂટી (ખૂલી) ન પડે તો સમજવું કે આપણું કાર્ય સિદ્ધ થઈ શકે તેમ નથી. ઘણા લોકો આ પ્રકારનું શુકન જોઈ માનતા કે બાધા રાખી પોતાનું જીવન સુખી બનાવે છે અને સદ્ગુરુશ્રી કૃપાથી દુઃખ મુક્ત થાય છે.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની હયાતીમાં તેઓ પોતે જ આ સર્વ વાતોનું ભવિષ્ય જાણી કહેતા હતા, પરંતુ તેમના પછી સદ્ભક્તોને થનાર દુઃખ અને તકલીફોને દૂર કરવા માટે તેઓએ આ પદ્ધતિનો ઉપયોગ કરવા સૂચવ્યું. જે કાર્ય થાય છે તે કેવળ તે મહાત્માની દિવ્ય શક્તિનો જ પ્રતાપ છે.

(૨) ગંગા કૂવો :-

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સમાધિ સ્થાનની પૂર્વ બાજુએ દિવાલને અડીને એક કૂવો છે. તે કૂવામાંથી સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ભક્તિભાવથી આહ્વાન કરી ગંગાજળ કાઢી યાત્રીઓના સંઘને સ્નાન કરાવી તેમને કાશી વિશ્વેશ્વરનાં દર્શન કરાવ્યાં હતાં એવો ઈતિહાસ છે.

ઈ.સ. ૧૯૨૦/૨૧ ના સમય દરમ્યાન કચ્છમાં પટેલ નારાયણ રામજીએ સત્પંથ અને તેના પ્રવર્તકોના વિરૂદ્ધ પ્રચાર કર્યો. તેનો દુષ્પ્રભાવ અનુયાયીઓ પર થયો અને તેમના મનમાં સંશય થવા લાગ્યો. તેમનામાંથી અમુક અનુયાયીઓએ

નિશ્ચય કર્યો કે દસવંતની રકમ જે દર સાલ ચૈત્ર સુદ બીજના દિવસે સંઘ પીરાણામાં લઈને આવે છે તે રકમ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જ્યાં સુધી કોઈ ચમત્કાર ન દર્શાવે ત્યાં સુધી આપવી નહીં. નક્કી કરેલ સમયે સંઘ પીરાણામાં આવી દાખલ થયો. સંઘનાં પગલાં ગુરુ મહારાજના પ્રવેશદ્વારમાં પડતાં તે જ ક્ષણે જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમકૃપાથી કૂવામાંથી ગંગાજળ બહાર આવીને યાત્રાળુઓને કાશીનાં દર્શન કરાવ્યાં હતાં. એટલુંજ નહીં પરંતુ તે જ કૂવામાંથી એકાએક પાણીનો પ્રવાહ ઉપર આવીને કિનારા પરથી બહાર આવવા લાગ્યો. એક સરખું આઠ દિવસ સુધી તે ગંગાજળ વહેતું રહ્યું હતું. કચ્છનો સંઘ આ ચમત્કાર જોઈ દંગ થઈ ગયો. તે ગંગા કૂવા પાસે ઊભા રહ્યા પછી કૂવામાં એવો ગડગડાટ થતો હતો, કે જાણે કે અંદર કોઈ યંત્ર બેસાડેલું છે. તે પાણીની દિવ્ય સુગંધ આજુ બાજુ પ્રસરીને સર્વ વાતાવરણ દિવ્ય સુગંધમય, આનંદીત અને ઉલ્હાસમય બની ગયું. આજુબાજુના ગામોના લોકો આ સમાચાર સાંભળતાંની સાથે જ બધા દોડતા આવ્યા અને સદ્‌ગુરુ મહારાજનો આ પ્રત્યક્ષ પ્રગટ ચમત્કાર જોઈ આશ્ચર્યથી ધન્ય થઈ ગયા. કચ્છના સંઘે શ્રી ઈમામશાહ મહારાજનો જયજયકાર કરી પોતાનો વિશ્વાસ સુદૃઢ બનાવ્યો અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની હૃદયથી ક્ષમા માગી અને અનન્ય ભાવે નમન કરી તેઓએ દસવંતની રકમ અર્પણ કરી. ત્યાર પછી ફૂલો, શ્રીફળ, ચંદન, અક્ષતથી સાક્ષાત્ ગંગામાતાની પૂજા અર્ચના કરી ગંગાકૂવામાં અર્પણ કર્યા ત્યારે જ પ્રવાહ વહેતો એની મેળે બંધ થયો. તમામ લોકોએ ગંગામાતાને અને સદ્‌ગુરુ મહારાજનો અને સનાતન સત્પંથ ધર્મનો જયજયકાર કર્યો.

ઈ.સ. ૧૯૨૪ ના અરસામાં મહારાષ્ટ્રના ખાનદેશના ફૈજપુર ગામના લોકોને પણ એવા જ પ્રકારનો ગંગા દર્શનનો લાભ થયો હતો. આ વિષે એવું કહેવામાં આવે છે કે ફૈજપુર, બામણોદ, રાજોરા, ચિનાવલ, રાઝોદા વગેરે ગામોથી આશરે ૩૦૦ સત્પંથી અનુયાયીઓ સદ્‌ગુરુ દર્શન માટે પીરાણામાં આવ્યા હતા, ત્યારે તે સમયના ગાદીપતિ શ્રી લક્ષ્મણકાકા પાસે એવો આગ્રહ કર્યો કે અગાઉ કચ્છના અનુયાયીઓને જે પ્રમાણે અહીં ગંગા દર્શન થયું હતું તે જ પ્રમાણે અમોને પણ થવું જોઈએ. તે સમયે દેવસ્થાનમાં રાજા હરિશ્ચંદ્ર વિષે આખ્યાન ચાલુ હતું. ગાદીપતિ આચાર્યશ્રીએ કહ્યું કે; તમે

આબાલવૃદ્ધો સૌ સદ્દગુરુ શ્રી ઈમામશાહની સમાધિ સ્થાને ૧૦૮ પ્રદક્ષિણા કરી અનન્ય ભક્તિભાવથી સ્મરણ કીર્તન કરો. તમારી મનોકામના સદ્દગુરુ મહારાજ પૂર્ણ કરશે.

સર્વેએ સ્નાન કરી ૧૦૮ પ્રદક્ષિણા કરી ભક્તિભાવપૂર્ણ કીર્તન શરૂ કર્યું તે સમયે આખ્યાનનો વિષય પણ હરિશ્ચંદ્રની કસોટી અને સત્યની પરીક્ષા જ હતો. સર્વ આખ્યાન સાંભળવામાં તલ્લીન હતા. તારામતીની અને હરિશ્ચંદ્રની આખરની સત્યની પરીક્ષા ચાલુ હતી, ત્યારે સર્વેના આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેતો હતો. તે જ સમયે ભગવાન પ્રકટ થયા. ભગવાનના નામનો જયઘોષ શરૂ થયો અને બહાર મોટેથી જયનાદ શરૂ થયો. **''गंगा मैया की जय ! सद्गुरु श्री इमामशाह महाराज की जय ! श्री निष्कलंकी नारायण भगवान की जय !! सनातन सत्पंथ धर्म की जय !!!''**

અંદરનો જયઘોષ થયા બાદ બહારનો કોલાહલ શું છે એ સાંભળતાં સૌને ગંગા પ્રકટ થયાની જાણ થઈ. સર્વ લોક આતુરતાથી ગંગા દર્શન માટે જવા લાગ્યાં. દેહનું ભાન ભૂલી એકબીજાના પર પડતાં આખડતાં, દોડતાં દોડતાં સૌ લોકો ગંગા કૂવા પાસે ગયાં. ત્યાં જઈ જોયું તો કૂવામાંથી પ્રચંડ અવાજ સાથે પાણીનો પ્રવાહ બહાર ઊભરાતો હતો. અમુક લોકોએ તીર્થ તરીકે પાણી ભરવાનાં પાત્રો ભરી લીધાં અને પાણીનું સત્ય જોવા માટે એક વ્યક્તિએ એવી ઈચ્છા વ્યક્ત કરી કે આ પાણીથી દીવો કરવો, પરંતુ તેટલામાં એક અસ્પર્શ રહેલી સ્ત્રીના સ્પર્શથી ગંગા પ્રવાહ વહેતો બંધ થઈ ગયો. ગંગાજળનો પ્રવાહ કૂવામાંથી જ્યાંથી બહાર નીકળ્યો હતો ત્યાં એક હાથ જેટલો ખાડો થઈ ગયો હતો, તેમાં પાણી ભરાયેલ હતું. તેમાંનું પાણી લઈ દીવો પ્રગટાવવામાં આવ્યો ત્યારે તે ઘીના દીવાની માફક પ્રગટતો હતો. તે ખાડામાંના પાણીથી લોકોએ ૪૮ કલાક દીવાઓ સળગાવ્યા તે પછી પાણી પૂર્ણ થઈ ગયું. ગંગા કૂવો આજે પણ મોજૂદ છે.

પ્રેરણાપીઠમાં ગંગા કૂવા જેવું જ કુંવારીકા ક્ષેત્ર છે. અગણિત શ્રદ્ધાળુ ભાવિકો આ કુંવારીકા ક્ષેત્રનાં દર્શન કરવા આવે છે. કુંવારીકા ક્ષેત્ર એટલે સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સમાધિ લીધેલ સ્થાન. આ ભૂમિ કુંવારી છે. સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજના દશાવતાર ગ્રંથમાં વર્ણન આવેલ છે કે ભગવાનનો દસમો અવતાર જ્યારે પ્રકટ થશે અને ભારતમાં જાંબુદ્વિપમાં આવશે ત્યારે આ કુંવારીકા ભૂમિ પર તેમની સેનાનો પડાવ રહેશે ત્યારે આ ભૂમિ સુવર્ણમય થશે. તેમનું અવતાર કાર્ય પુરું થયા બાદ આ ભૂમિ કુમારીકાનું રૂપ ધારણ કરી વિજેતા ભગવાનની આરતી

ઉતારી તેમને વરમાળા પહેરાવશે. એવા પ્રકારની કથાનું વર્ણન કરેલું છે. નાહીને શરીર શુધ્ધિ કરી સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સમાધિ સ્થાનને ૧૦૮ પ્રદક્ષિણા કરી. સ્ત્રી-પુરુષો, કુંવારીકા ક્ષેત્રનાં દર્શન કરે છે. તેમજ પૂજાખંડમાં સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને સ્વર્ગલોકમાંથી પ્રાપ્ત થયેલ સોનાની ઈંટ એટલે કે પાટ, સુવર્ણ કલશ, કલ્પ વૃક્ષ, સ્વર્ગ ગંગા વગેરે વસ્તુઓનાં દર્શન પણ કરે છે.

(૩) સત્પંથ ધર્મના તીર્થધામની માન્યતાઓ, બાધા અને પૂર્તતા :-

૧. હાજરવીરની તડકામાં તપીને પણ સદૈવ ઠંડી રહેનારી સમાધિ :-

હાજરવીર સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના પરમ સેવક હતા. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના નિર્વાણ સમયે તેઓએ હાજરવીરને વરદાન આપ્યું હતું કે, ‘મારી સમાધિ સામે ખૂલ્લા મેદાનમાં તમારી સમાધિ રહેશે અને લોકો પૂજા કે માનતા ઉતારતી વખતે મારા પહેલાં તમને ફૂલોથી પૂજા કરશે અને ખુલ્લા મેદાનમાં તડકામાં પણ તમારી સમાધિ ભર બપોરે તપશે નહીં ઠંડી રહેશે. સદ્ગુરુના વરદાન મુજબ આજે પણ તેમને જ પહેલા નમન કરવામાં આવે છે અને પછી સદ્ગુરુનાં દર્શન થાય છે. હાજરવીરની સમાધિ ઉપર ગમે તેટલો ગરમ તાપ તપતો હોય તો પણ તે સમાધિ ઠંડી જ રહે છે. હાજરવીરની સમાધિની બાજુમાં એક સંગેમરમરનો પથ્થર જડેલો છે. તેની આજુબાજુના પથ્થરો અત્યંત ગરમ થાય છે તો પણ આ પથ્થર ઠંડો રહે છે.

૨. ભાભારામ અને કીકીબાઈનું ધર્મ ક્ષેત્ર :-

આ બંને ભાઈ અને બહેન મોટાં સંસ્કારી અને યોગી હતાં. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના અનુગ્રહથી તેમને આત્મ સાક્ષાત્કાર થયો હતો. સદ્ગુરુનો તેમના પર અપાર પ્રેમ હતો. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમને વરદાન આપ્યું હતું કે, તમારું સ્થાન પણ એક તીર્થ ધામ તરીકે ગણાશે અને તમારા સ્થાનમાં પ્રગટતી અખંડ જ્યોતિને કાજળ આવશે નહીં. ખેડા જીલ્લાના દેવા ગામે સદ્ભક્ત ભાભારામનું સમાધિ મંદિર છે અને તેનાથી બે માઈલ દૂર આવેલા ઋણ ગામે સાધ્વી કીકીબાઈનું સમાધિ મંદિર છે. આ બંને

મંદિરોએ સાડાચારસો વર્ષ પહેલાંથી પ્રગટતી અખંડ ઘૃત જ્યોતિ પર હજી સુધી કોઈ પણ સમયે કાજળ આવેલ નથી.

આ વાતની સચ્ચાઈ જાણવા માટે વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડે એક કાંસાની થાળીને ઘી લગાડી તેને તે જ્યોતિ પર પકડી રાખી હતી તો પણ તેને જરા પણ કાજળ આવ્યું નહીં, ત્યારે પ્રભાવિત થઈ તેઓએ તે જગ્યાના દીવાબત્તીના ખર્ચ માટે અમુક જમીન દાન તરીકે આપેલ છે.

૩. <u>નાયાકાકાનું ધર્મસ્થાન :-</u>

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ભક્ત શિરોમણી સદ્‌ભક્ત સંત નાયાજી મહારાજ છે. એમને પણ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે વરદાન આપ્યું હતું કે, કુકસ ગામે તમારું સ્થાન રહેશે અને તે યાત્રાધામ તરીકે માનવામાં આવશે. આ સ્થળે દર વરસે ભાદ્રપદ સુદ બીજના દિવસે મેળો ભરાય છે અને અગણિત લોકો આવે છે. હજારો સ્ત્રી પુરુષ આબાલવૃદ્ધ દર્શન માટે આવે છે. પૂજા અર્ચના સત્સંગ મેળાઓ થાય છે. અહીં પ્રજવળીત અખંડ ઘૃત જ્યોતિને પણ કાજળ આવતું નથી. લોકો અહીં ચાંદીની વસ્તુથી માનતા ઉતારે છે. દા.ત. જેની આંખો ખરાબ થઈ હોય તેઓ માનતા કરે છે કે જો મારી આંખો સારી થશે તો હું ચાંદીની આંખો અર્પણ કરીશ. કેટલાક ઢોર જાનવરોના બાબતે તો કેટલાક સંતાન પ્રાપ્તિ બાબતે એવી માનતા માને છે. તેવા પ્રકારની ચાંદીની નાની મોટી વસ્તુઓ તૈયાર કરી લોકો તે સ્થળે અર્પણ કરતા હોય છે. આજ સુધી કેટલીય તે પ્રકારની વસ્તુઓ આ સ્થળે જોવાય છે.

આ દેવસ્થાનના પ્રવેશદ્વાર સામે બે ઊંચા પથ્થરો પડેલા છે, એવું કહેવામાં આવે છે કે, એક સમયે બે ચોર ત્યાં ચોરી કરવા માટે આવ્યા અને પ્રવેશ કરતાંની સાથે જ આ સ્થળે પથ્થર થઈ ગયા. કુકસ અને આજુબાજુના ગામના લોકો વિશેષ વર્ણન કરી આ કથા કહે છે. લોકો આ ધર્મ સ્થાનને ઘણું જ મહત્ત્વ આપે છે.

૪. ફૈજપુરનું સત્પંથ મંદિર :-

પૂર્વ ખાનદેશ એટલે કે જલગાંવ જિલ્લામાં ફૈજપુરમાં સત્પંથ ધર્મનું એક વિસ્તૃત બાંધકામવાળું બે માળનું ધર્મસ્થાન "શ્રી સત્પંથ મંદિર" છે. આ સ્થળના મંદિરના ઈશાન્ય ખૂણામાં ધર્મ ધ્વજા છે. આ સ્થાન આશરે ૩૦૦ વર્ષથી ફૈજપુરમાં છે. આશરે ૧૦૦ વરસ પહેલાં અહીં ધર્મ ધ્વજા પર આકાશમાંથી શુભ્ર અને સુગંધી ફૂલોની વૃષ્ટિ થઈ હતી, વૃદ્ધ લોકો કહે છે કે, ફૂલોમાં અલૌકિક સુગંધ હતી અને ત્યાંથી એક મહાપુરુષની સવારી અદૃશ્ય રૂપે જતી હોવાથી આ પુષ્પ વૃષ્ટિ થઈ હતી. આજે પણ આ સ્થળ લોકો માટે શ્રદ્ધા અને ભક્તિભાવ માટે એક પવિત્ર સ્થળ તરીકે પ્રસિદ્ધ છે. તાજેતરમાં આ મંદિરનો ઘણો જીર્ણોદ્ધાર થયેલ છે અને એક આદર્શ પ્રેક્ષણિય સ્થળ તરીકે આ પરિસર પ્રખ્યાત છે.

ગુડી પડવાના દિવસે નિશાન - ધ્વજ અર્પણ કરવો, સંતતિ પ્રાપ્તિ માટે માનતા કરી તે અનુસાર બાળકના વાળ ઉતારવા, બાળકના ભારોભાર ગોળ, ખાંડ અથવા મીઠાઈ આપવી (તુલા દાન કરવું), તે જ પ્રમાણે છત્રદાન, અખંડ ઘૃત જ્યોતિ માટે ઘી અર્પણ કરવું વગેરે અનેક પ્રકારની બાધા, માનતા આ મંદિરમાં ઉતારવામાં આવે છે.

પીરાણામાં જે પ્રમાણે શુકનાવલી જોવા માટે બેડીની પ્રથા છે તેવા પ્રકારની શુકનાવલી જોવાની પ્રથા ફૈજપુરના સત્પંથ મંદિરમાં પ્રશ્નાવલીની છે. તેને નંદીકેશ્વર પ્રશ્નાવલી કહે છે. બહુ જૂના સમયથી આ પ્રશ્નાવલી છે અને અભિમંત્રિત સ્થાન પરથી પૂછેલી સમસ્યાનો અચૂક જવાબ તે પરથી મળે છે.

૫. સત્પંથ ધર્મનાં અન્ય ધર્મસ્થળો :-

ઉપર જણાવેલ ધર્મસ્થાનો સિવાય જુદા જુદા પ્રાંતોમાં અનેક ધર્મસ્થળો છે. ગુજરાતમાં કાનમ જીલ્લામાં અવાખલ, પીસાઈ, ખંભાતનું બાલેશાહનું મંદિર, સૌરાષ્ટ્રમાંનું ભાવનગરનું સત્પંથ મંદિર, સુરતનું બોડામુખી સત્પંથ મંદિર, કાનબાઈ સત્પંથ મંદિર, ઉકામુખી સત્પંથ મંદિર, ચારભાઈ

સત્‌પંથ મંદિર, ઈચ્છારામમુખી ઈંદરાપુરા સત્‌પંથ મંદિર વગેરે પાંચ મંદિરો છે. ડુમસ, ભીમપોર, ભાટપોર, ભાઠા, અઠવા, કાદીપોર, નિમરાઈ, બામરોલી, ઉભરાત વગેરે ગામોમાં મંદિરો છે. કચ્છમાં નખત્રાણા, અંગીયા, ખેડોઈ કોટડા વગેરે ઠેકાણે મુખ્ય અને અન્ય ગામેગામ સત્‌પંથ મંદિરો છે. તે સિવાય સાબરકાંઠા જિલ્લામાં જે સ્થળે કચ્છ કડવા પટેલ સત્‌પંથ અનુયાયીઓ ખેતી વ્યવસાય કરવા માટે વસેલા છે તે તે દરેક ગામોમાં સત્‌પંથ મંદિરો છે. મધ્ય પ્રદેશમાં ખંડવા, નિમાડ, ખરગોન તેમજ રાજપીપળા અને નર્મદા કિનારા પર અનેક ગામોમાં સત્‌પંથ મંદિરો છે. મહારાષ્ટ્રમાં ધાનોરા, અમલનેર, આકોટ, સુરજીઅંજન વગેરે ગામો તેમજ ચોપડે, શિરપુર, ધુળે, નંદુરબાર, યાવલ, રાવેર, જલગાંવ, ભુસાવળ આ તાલુકાઓમાંના અનેક ગામોમાં સત્‌પંથ મંદિરો, પૂજાઘરો, દેવઘરો છે. ત્યાં દરેક સ્થળે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પ્રણિત સત્‌પંથ ઘટ-પાટ વારિયજ્ઞ વિધિયુક્ત પૂજા અર્ચના, આરતી, ધ્યાન, સેવા, સત્સંગ વગેરે કાર્યક્રમ ચાલુ રહે છે. દરેક ઠેકાણે માન્યતા મુજબ માનતા, બાધા, સંકલ્પ વગેરે કરી લોકો પોતાનું જીવન સુખમય કરવાનો પ્રયત્ન કરે છે અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પોતાના ભાવિક ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે.

(૪) "સત્‌પંથના સામાજિક અને ધાર્મિક ઉત્સવ"

સત્‌પંથ ધર્મના અનુયાયીઓમાં તેમની પ્રણાલી અનુસાર દેશ કાળ અને પરિસ્થિતિ અનુરૂપ હિન્દુ પરંપરાગત ચાલુ રહેલા સામાજિક - ધાર્મિક ઉત્સવો ઉજવવામાં આવે છે.

પ્રકરણ - ૫

❖ શ્રી સત્‌પંથ ધર્મનું નીતિશતક ❖

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પ્રણિત સત્‌પંથ ધર્મની આચારસંહિતા-શિક્ષાપત્રી :

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે માર્ગદર્શિત કરેલ સત્‌પંથ ધર્મમાં આચાર સંહિતા આપવામાં આવેલ છે. મનુષ્યે પોતાનું જીવન ઉન્નત કરી પોતાના સમાજ બાંધવોનું કેવી રીતે કલ્યાણ કરવું એના ઉચ્ચત્તમ કક્ષાના નિયમો શિક્ષાપત્રી નામની નિયમાવલીની નાનકડી પુસ્તિકામાં આપેલ છે. દરેક સત્‌પંથીને તે જાણવા અત્યંત આવશ્યક છે. માનવ જીવનમાં આખર પર્યંત અનેક સમસ્યાઓ આવે છે, તે સમયે જ્ઞાનના અભાવે માણસ અસંસ્કૃત વર્તન કરી સમાજની પરિસ્થિતિ બગાડે છે, આવા સમયે જે સંસ્કારી, જ્ઞાની હોય તેઓની જ સાચી કસોટી થાય છે. સર્વ સામાન્ય માણસ પ્રમાણે તેઓએ કામ, ક્રોધ, દ્વેષ, લોભ, મોહ, મદ, મત્સર, નિંદા, તિરસ્કાર વગેરે ભાવનાઓના અંકુશમાં ન આવતાં તેઓએ સદ્‌ગુરુ પરની સદ્‌ભાવનાથી પોતાની પ્રતિભા સંભાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. અસ્થિર થયેલા મનને દઢ અને ઉત્તમ વિચારથી સ્થિર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, પણ તે માટે તેને આચારસંહિતાની જાણકારી અત્યંત જરૂરી છે. આ લક્ષમાં લઈને જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સત્‌પંથીઓને આ શિક્ષાપત્રીના રૂપથી અનંત વિચારોની અમૂલ્ય જ્ઞાનની બક્ષીસ આપેલ છે. સ્થૂલ રીતે જોવા જતાં

નિમાવલીના શારીરિક શુદ્ધતા, માનસિક પાવિત્ર્યતા અને અધ્યાત્મિક ઉન્નતિ આ પ્રકારના ત્રણ ભેદ પાડી શકાય. તેમાંથી શારીરિક શુદ્ધતાને સદ્‌ગુરુ મહારાજે પ્રથમ પ્રાધાન્ય આપેલ છે. પશુપક્ષી, પ્રાણીઓ વગેરેને કેવું રહેવું, કેવું ખાવું, કેવું વર્તવું આ વિષે કોઈ પણ શિક્ષણ આપવાની જરૂર રહેતી નથી, એવી જરૂર ફક્ત જ્ઞાની કહેવાતા માનવ પ્રાણીને જ રહે છે. માનવ બુધ્ધિજીવી હોવા છતાં પણ તેને દરેક બાબતે સમજ આપવી પડે છે. તે આપવા છતાં કેટલોક સમય તેઓ પશુઓથી પણ નીચલી કક્ષાનું વર્તન કરે છે. આ તેનો પ્રકૃતિ સ્વભાવ છે. આ પ્રકૃતિ તેના આહાર, વિહાર અને વિચાર ઉપર જ અવલંબીત હોય છે. તદ્દન પ્રાથમિક સ્વરૂપના શરીર શુદ્ધતાના નિયમો સદ્‌ગુરુએ માર્ગદર્શન કરેલા છે.

"પહેલી ક્રિયા શરીર શુદ્ધિ કરીયે, મેદાને જઈ આવીને પાંચ આચમન કીજીયે.
પાણી લઈને લઘુ નીત કરવું, આચમન ત્રણ કરવા સહી.
માટી લઈને ધોવા હાથ, દાંત મુખ ધોઈ કરવું સ્નાન.
નહાઈ કરી નિશ્ચે થાવો પાક, નિર્મલ થઈને ધરવું ધ્યાન.
પ્રભાતે નહાઈ કરીને બાહેર નિસરવું, સંસાર કરે તે નવ કરવું."

સવારે સૂર્યોદય પહેલા ઊઠીને શૌચ કર્મ કરી સ્વચ્છ થવું. તે પછી હાથ અને પગ સારી રીતે સ્વચ્છ કરવા. માટીથી ઘસી, ધોઈ, લૂછીને સ્વચ્છ કરવા. પાંચ આચમન કરી કોગળા કરવા. પેશાબ સમયે પાણી લઈ જવું, પેશાબ પછી ઈન્દ્રિયને ધોઈ નાખવી, પછી હાથ પગ ધોઈ ત્રણ આચમન કરવાં, દંતમંજન અથવા દંતધાવનથી દાંત સારી રીતે ઘસી સ્વચ્છ કરવા. મુખ પ્રક્ષાલન કર્યા પછી સ્નાન કરવું. સ્નાન કરી નિર્મળ, પવિત્ર થઈ દેવોનું અર્ચન, પૂજન, દર્શન કરવું. મંદિરમાં જઈ દેવોનું ચરણામૃત લેવું. દેવોનાં પૂજન, દર્શન લઈ આશીર્વાદ લેવા. પ્રાતઃ સંધ્યા, નિત્યપાઠ વગેરે કરવાં. આ બધું કરવા પછી સમય ઓછો હોય તો ઓછામાં ઓછું પાંચથી દસ મિનિટ ભગવાનનું ધ્યાન, સ્મરણ, ચિંતન એકાગ્રતાથી કરવું. પ્રાર્થના-આરાધના કરવી. સવારે સ્નાન પછી આળસથી પાછું ઊંઘવાની અનિષ્ટ આદત રાખવી નહીં. કારણ તેમ કરવાથી આખો દિવસ ખરાબ અને નિરુત્સાહમાં જાય છે. કોઈ પણ કાર્ય કરવા મન થતું નથી. સવારના પવિત્ર, શાંત સમયે વિષય ભરેલા વિચારોથી વિકારો વધે છે અને તેનાથી જીવાત્માની

અધોગતિ થાય છે, મન પ્રસન્ન રહેતું નથી. તે કામી, ક્રોધી, વિષયી અને વ્યસની બને છે, તે માટે આવા વિચારોને વર્જીત કરવા. શ્રમજીવી લોકોએ અંતઃકરણપૂર્વક શ્રમ કરવો પરંતુ બુદ્ધિજીવી લોકોએ સવારના પ્રહરમાં બહાર ખુલ્લા વાતાવરણમાં ફરવા જવું. શુદ્ધ હવાના સેવનથી આરોગ્ય સુધરે છે. માનવીના મન પર આહારની ઘણી જ અસર થાય છે. જે પ્રકારનો અને સંસ્કારનો આહાર મનુષ્ય કરે છે તેવા તેના મનનું ઘડતર થાય છે. સાત્ત્વિક, રાજસી અને તામસી એવા ત્રણ પ્રકારના આહાર હોય છે. તે વિષે સદ્‌ગુરુ કહે છે; -

શુચિર્ભૂત (પવિત્ર) થઈને નીત નીત જમીએ, અનગળ નીરના પીવું પ્રાણી.
અન્નને ખારું ખોટું કહેવું નહીં, વખાણવું પણ વખોડવું નહીં.
હાલતાં ચાલતાં ખાવું નહીં, ભોજન છોડી ઉઠવું નહીં.
ચાંપી આહાર ન કરશો ભાઈ, બોટયું એઠું જૂઠું ખાવું નહીં.
જૂઠું પશુને આલવું નહીં, વણ પૂછે ખાધાનું બહુ છે પાપ.

જમતાં પહેલાં હાથ, પગ, મુખ સારી રીતે ધોઈ આચમન કરવું. અન્નને માન આપી એટલે કે પોતાના બેસવાના આસનથી ઊંચાઈ પર અથવા પાટલા પર થાળી રાખી અન્ન બ્રહ્માર્પણનો મંત્ર બોલવો. જે ઈશ્વરની કૃપાથી આપણને અન્ન મળ્યું છે અને તે ખાઈને આપણને જીવનરસ મળવાનો છે તે ઈશ્વરી શક્તિનું સ્મરણ કરીને જ અન્નનું સેવન કરવું. જમતી વખતે કોઈ પણ પ્રકારની વાતો કરવી નહીં, મૌન પાળવું. અન્નને વખોડવું નહીં. ખારું, ખાટું, તીખું, મોળું વગેરે કહીં અન્નનું અપમાન ન કરવું. શક્ય હોય તો તેનાં વખાણ કરવાં પણ વખોડવું નહીં. મનગમતો પદાર્થ ન હોય તો પણ થાળી પરથી તોછડાઈથી ઊઠી ન જવું અથવા સંતાપ ન કરવો કે ફેંકી ન દેવું. ચાલતાં ફરતાં અન્નનું સેવન કરવું નહીં, એક આસને બેસીને જ જમવું.

આશ્રય દોષ, જાતિદોષ અને નિમિત્તદોષ રહેલા અન્નનું સેવન કરવું નહીં. તેનું દૂરંદેશી પરિણામ આપણા જીવન રસ ઉપર થાય છે અને મનનું ઘડતર તે પ્રમાણે થાય છે માટે તે દોષ ટાળવો. તેમજ એઠું, જૂઠું, બળેલું, વાશી, સડેલું અન્ન ખાવું નહીં, એટલું જ નહીં

પણ એવો ખોરાક પશુઓને પણ ખાવા માટે ન આપવો. જમીનમાં દાટીને જ તેનું વિસર્જન કરવું. પાણી હંમેશાં ગાળીને જ પીવું અથવા વાપરવું, આરોગ્ય માટે તે હિતકારી છે. ભોજન અતિ પૂર્ણ પેટ ભરીને કરવું નહીં. પેટ ભરીને ભોજન કરવાથી માણસને સુસ્તી આળસ આવે છે અને તેથી ઉદ્યોગ ધંધામાં દુર્લક્ષ થાય છે, ઈશ્વરના ભજનથી વિમુખ થવાય છે. કુટુંબ આગેવાને ઘરનાં બધાની જમવાની પૂછપરછ કર્યા વગર જમવું નહીં, તે પાપ સમાન છે. તેમજ બીજાની વસ્તુ પૂછ્યા વગર લેવી અથવા વાપરવી દોષયુક્ત છે.

માદક આહાર અમલ તજો રે ભાઈ, ભાંગ તમાકું ન ખાશો કોઈ.
જુવા જૂગટા ન રમીયે સાધ, નાચ છંદ ન જોઈએ ભાઈ.
એ છલ ભેદે સદ્ગુરુ શ્રી ખોવા સહી.

માણસે હંમેશાં શુદ્ધ સાત્ત્વિક આહાર લેવો જોઈએ. ફળો, લીલાં શાકભાજી, કંદ-મૂળ, કઠોળ-ધાન્ય, દૂધ-દહીં, જુવાર, બાજરી, ઘઉં, ચોખા વગેરે અનાજનો ઉપયોગ કરી આહાર સમતોલ અને પાચક લેવો જોઈએ. રાજસી આહારનો એટલે પકવાનનો સતત આહાર કરવો નહીં. વાર તહેવારના દિવસે જ પકવાનનો આહાર લેવો. સતત પકવાનનું સેવન યોગ્ય નથી અને પાચન માટે પણ સારું નથી. તેનાથી તન સ્વાસ્થ્ય અને મન સ્વાસ્થ્ય નષ્ટ થાય છે અને માણસ રોગીષ્ટ બને છે. તેથી શુદ્ધ સાત્ત્વિક આહારનું જ સેવન કરવું. તામસી આહારની ખરાબ અસર માણસના મન ઉપર પડે છે. તેનાથી માણસ તામસી અને વિકારી બને છે. માદક આહાર એટલે અભક્ષ્ય અને અપેયપાન કરવાથી પણ માણસની વૃત્તિ રાક્ષસી બને છે અને મહત્ત્વાકાંક્ષા વધુ બને છે. સત્પંથ તત્ત્વ પ્રણાલીનુસાર મદ્ય-માંસ તો વર્જ્ય જ કરેલું છે, પણ લસણ, ડુંગળી, ભાંગ, તમાકું, અફીણ, ગાંજા આવા અમલી પદાર્થ પણ ત્યાજ્ય ગણવામાં આવેલ છે. આના સેવનથી સત્સાધકથી સાધનાભ્યાસ કરી શકાતો નથી. તેવા આહારથી માણસનું મન વિચલિત થાય છે. માયા વિકાર પ્રત્યે દોડવા લાગે છે. સદ્વિચાર પર નિયંત્રણ રહેતું નથી, અસ્થિરતા આવે છે. અમલી પદાર્થની માફક નાચ, છંદ, નાટક, સિનેમા વગેરે શૃંગારીક સાધનોથી પણ મન વિચલીત થાય છે, જુગાર, જુવા-સોગઠાં-બાજી, રેસ, સટ્ટો, લૉટરી વગેરેથી મનુષ્ય શ્રીમંત થવાનો પ્રયત્ન કરે છે પણ આ સંપત્તિ સાત્ત્વિક ન હોવાથી સુખકર

થઈ શકાતું નથી. આવી સંપત્તિથી માનસિક સ્વાસ્થ્ય નષ્ટ થાય છે અને શુદ્ધ સાત્ત્વિક સદ્‌ગુરુના માર્ગથી તે જીવાત્મા દૂર જાય છે.

ગળીનાં વસ્ત્ર પહેરવાં નહીં, નીચની સંગત કરવી નહીં.
પા ઘડી જતી ન કરશો ભાઈ, વડા મોટાને માનવા સહી.
અરુ પરુ ન કરશો ઋષિ, પડોશીને દુભવી ન કરશો દુઃખી.
કોઈને ગાળ ન દીજીયે જાણી, કોઈની એબ ન ઉઘાડવી પ્રાણી.
સૌની ગાળ સાંખવી ને ક્રોધ ન કરવો, અવગુણ કરે તેનો ગુણ જ કરવો.
ભાંજગડ કોઈની કરવી નહીં, જોર જવાની વશ જો કરવી.

ગળીથી રંગેલાં વસ્ત્ર તેમજ ભડકીલાં રંગબેરંગી ચિત્રવિચિત્ર વસ્ત્રો પહેરવાં નહીં. વસ્ત્રો સાદાં શુભ્ર અને સુઘડ પહેરવાં, ગળીના રંગથી વસ્ત્રમાં વિશિષ્ટ વાસ આવે છે, તેનાથી મન મલીન થાય છે. ચિત્રવિચિત્ર પોશાકથી મન ચંચલ અને મૂઢ બને છે. રંગબેરંગી વસ્ત્રોથી મન અસ્થિર અને વિકૃત વિચારોમાં રમણ કરે છે. શુભ્ર ધૌત (સફેદ) વસ્ત્રથી મન નિર્મલ, શીતલ, શાંત અને ઉજ્જવલ થાય છે. તેથી હંમેશને માટે તેમજ પૂજા અર્ચના સમયે ઉજ્જવલ, સ્વચ્છ અને શુભ્ર વસ્ત્રો હોવાં જોઈએ. સ્વચ્છંદતાના સર્વ માદક પદાર્થોનો ઉપયોગ ઓછો કરવો. નીચ પ્રવૃત્તિના લોકોની સંગત કરવી નહીં. સોબત તેવી અસર એવી એક લોકોક્તિ છે, તે અનુભવ સિધ્ધિ છે. તેથી નીચ મનુષ્યની સંગત ન કરવી જોઈએ. મનુષ્ય નીચ જાતિનો હોય પણ સુસંસ્કારી હશે તો તેની સંગત કરવામાં વાંધો નથી, પરંતુ ઉચ્ચ કુળનો હોવા છતાં નીચ પ્રવૃત્તિનો હોય તો તેની સોબત ન કરવી જોઈએ. પા ઘડી, જીવનમાં પા ઘડીનો પણ સમય વ્યર્થ ન જાય. તેની કાળજી રાખવી. સમય બહુ જ કિંમતી છે. કામ-ધંધો કરતાં બાકીના સમયમાં હરિ સ્મરણ કરવું. પોતાના કરતાં ઉંમરથી, જ્ઞાનથી, અનુભવથી મોટા હોય તેને માનથી જોવા. તેની અદબ પાળવી. ઘમંડમાં બોલીને કોઈને દુભાવવાં નહીં. સૌની સાથે પ્રેમ ભાવથી વર્તન કરવું. વાણી આપણું મુખ્ય સાધન છે તેનો સારી રીતે વ્યવહાર કરવો. વધુ પડતું ખરાબ બોલીને કોઈના પર પ્રહાર (દાબ) કરવો નહીં પણ વિકટ પ્રસંગે તેની સાથે તેવા જ મીઠા આદર ભાવથી વર્તવું.

આજુબાજુના સૌ લોકો સાથે અદબથી વર્તન કરવું. આપસમાં દ્વેષ કરી અથવા

અભદ્ર વ્યવહાર કરી કોઈને પણ દુઃખી કરવા નહીં, કોઈની નબળી વાત શોધી તેની ઉપેક્ષા કરવી નહીં. પરસ્પર તેને સમજાવી તેની ભૂલ સ્પષ્ટ કરીને કહો પણ કોઈનું મન દુઃખી થાય તેવું વર્તન કરવું નહીં. કોઈ સંતાપથી દ્વેષ, મત્સર, તિરસ્કારથી અભદ્ર વાણી બોલે તો પણ એકાએક ક્રોધી ન બનતાં શાંતિથી વિચાર કરી પરિણામકારક બોલવું. શબ્દને પ્રતિશબ્દ વધારી ઝગડો કરવો નહીં. કોઈ દુષ્ટ હેતુથી આપણને સતાવે તો પણ તેની સામે અયોગ્ય વર્તન રાખવું નહીં. ચંદન ઘસવાથી સુગંધ આપે છે, ધૂપ બળીને સુગંધ આપે છે, તેમ સજ્જન માણસે અવગુણો પર ક્ષમા આપી સદ્‌ગુણોથી વર્તવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમાં જ એના ઉત્કર્ષનું રહસ્ય છે. યુવાનીના જુસ્સામાં મદમસ્ત થવું નહીં. આ યુવાની છે ત્યાં સુધી પોતાના આત્મકલ્યાણના કાર્યક્ષેત્રની સારી પ્રગતિ કરો. પછી ઘડપણમાં પોતાનું કાર્ય સુધારવા ગમે તેટલા પ્રયત્ન કરશો તો પણ ઈંદ્રિયો સાથ આપશે નહીં, એની સારી જાણ રાખી સાવધાન રહેવું.

ઓછું કોઈને આપવું નહીં, અધિક કોઈનું લેવું નહીં.
લાલચે પ્રીત ન કરશો ભાઈ, માતા કરી જાણો વડીલ ભોજાઈ.
માતા, પિતા, ગુરુ આધાર, તેનાં વચન પાલવાં નિરધાર.
ધર્મ તણું આળસ ન કરવું, નીત નીત ગત્‌માંહે જઈ મલવું.
વખત વેળા ન ચૂકવું રે પ્રાણી, ગુરુ મુખી ગત્‌માંહે નમવું ધાઈ.

વ્યાપાર ધંધા વગેરે કરતી વખતે કોઈને પણ ઓછું માપીને આપવું નહીં અથવા કોઈ પાસેથી વધુ માપીને લેવું નહીં. ખોટું વજન માપ વાપરી કોઈને પણ છેતરવા નહીં. ઉદ્યોગ ધંધા કે વ્યવસાયમાં વધુ લાલચ રાખવી નહીં, વધુ નફાની લાલચ કે લોભ વિનાશકારી હોય છે. "અલ્પ નફો, વધુ વ્યાપાર" એવો ઉદ્યોગ શાસ્ત્રમાં નિયમ છે. દરેક વ્યવસાયમાં સમજી વિચારી વર્તવું.

માતા, પિતા અને ગુરુ જેવા અનુભવી પૂજનીયોના વચનનું પાલન કરવું, પ્રસંગોપાત તેમનું વચન ખેદજનક લાગે તો પણ તેમની ભાવના આપણા પ્રત્યે સારી હોવાથી તેમના વચનમાં કોઈ અહિત ન હોય, માટે તેમની આજ્ઞા શિરોમાન્ય માનવી. હિંદુ ધર્મમાં માતાપિતા, આચાર્ય અને અતિથિઓને દેવ માનેલા છે. સદ્‌ભાવનાથી તેમની સેવા કરી કૃપા મેળવવી.

પોતાનાથી મોટા ભાઈની પત્નિ સાથે માતા પ્રમાણે અને નાના ભાઈની પત્નિ સાથે પુત્રવધૂ અથવા દીકરી પ્રમાણે વર્તવું. તેઓએ પણ તે જ પ્રમાણે વડીલ સાથે અદબ રાખીને વર્તવું.

ધર્મ-કર્મ, પૂજન-અર્ચન, તપ-જપ, ધ્યાન, સેવા, સ્મરણ વગેરે બાબતે આળસ કરવું નહીં. નિત્ય પૂજન, ભજન, આરતી, સત્સંગમાં હાજર રહેવું. સત્પંથ ધર્મની પ્રણાલી મુજબ ચાર સંધ્યા કહેલી છે. સવાર, બપોર, સાંજ અને મધ્ય રાત્રી-આ ચાર સંધ્યામાં ભગવાનનું સ્મરણ, ચિંતન, ધ્યાન અવશ્ય કરવું જોઈએ. આ નિશ્ચિત સમય ચૂકવો ન જોઈએ. તેમાં આળસ પ્રમાદ ન જોઈએ. ગુરુ ગત્ગંગામાં, સત્સંગમાં જઈ મુખી આચાર્ય ગુરુને પ્રથમ નમન કરવું તે પછી સર્વ ગુરુબંધુને નમન કરવું. આચાર્યના નિર્દેશ મુજબ સ્થાન ગ્રહણ કરવું. શક્ય તેટલી ગત્ગંગાની સેવા કરવી તેમના કૃપા આશીર્વાદ મેળવવા.

નીત નીત ગત્માં અમી પીવે તે ધર્મી, અહંકાર ન મૂકે તે કુકર્મી.
સુરીજન સાથે ધ્યાન જ ધરવું, દસવંત સુક્રીત સદ્ગુરુ દ્વારે દેવું.
યુગ તિથિ વ્રત ઉપવાસ કરવા સહી, યુગ પ્રમાણે અવતારને ધ્યાવો રે ભાઈ.
તરસ્યાને તો પાવું પાણી, ભૂખ્યાને અન્ન આપવું સહી.
નાગાને વસ્ત્ર આપીને અરથ જ લેવો. સુપાત્રને દાન દેવું રે પ્રાણી.
સગા સંબંધીનો ભાર જ સહેવો, સેવા અભ્યાગતની કરવી સહી.

ગુરુ ગત્ગંગામાં જઈ મુખથી નિત્ય તીર્થજળ ચરણામૃત પ્રાશન કરવું અને કર્ણોથી નિત્ય સદ્ગુરુ વચનામૃત શ્રવણ કરી તે જ વચન મુજબ આચરણ કરવું. તે જ ખરો શ્રેષ્ઠ ધર્મ કહી શકાય. જેઓ ધર્મનું રક્ષણ પરિપાલન કરે છે એ જ ધર્મી અને ધર્મ તેનું રક્ષણ કરે છે. સર્વ ભક્ષક એવા અહંકારના મદમાં જે હંમેશાં રહે છે તે કુકર્મી કહેવાય. સદ્ગુરુ ગત્ગંગામાં અથવા પૂજામાં આવ્યા પછી માત્ર સર્જનહાર જે પરબ્રહ્મ પરમાત્મા છે તેમનું જ્યોતિ સ્વરૂપમાં જ ધ્યાન ધરવું. સત્પંથ માર્ગમાં ઘટપાટ વારિયજ્ઞ પૂજાના સમયે પંચદેવોની ઉપાસના કરવામાં આવે છે. આદ્યનારાયણ (પરમ પુરુષોત્તમ સનાતન સત્ચિદ્ આનંદઘન સ્વરૂપ ભગવાન), આદ્યશક્તિ (જગત્કારિણી ચિત્કલા પરબ્રહ્મસ્વરૂપીણી શક્તિ-યોગમાયા), બ્રહ્મા

(રજોગુણાધિષ્ઠિત જગત ઉત્પત્તિકર્તા અને જ્ઞાનદાતા), વિષ્ણુ (જગતનું પાલન પોષણ અને સંરક્ષણ કર્તા), મહેશ (જગતનો સંહાર અને લય કર્તા). એવા આ પંચદેવોનું જ્યોતિ સ્વરૂપમાં ધ્યાન, ચિંતન, સ્મરણ કરવું આ સત્પંથ ધર્મનું મૂળ તત્ત્વ છે.

યુગ તિથિનાં વ્રત, ઉપવાસ, જપ, તપ, પૂજા, સેવા કરવાં. યુગ ધર્મ પ્રમાણે દરેક માસના સુદ બીજના દિવસે, ચંદ્રદર્શનના દિવસે ઉપવાસ કરી પૂજા કરવી. શુક્રવારે ચંદ્રદર્શન હોય તો ગુરુવાર, શુક્રવાર આ બે દિવસનો ૧૨ પ્રહરનો ઉપવાસ નિરાહાર અને નિર્જલ કરવો. તે દિવસે જપ, તપ, ધ્યાન, સ્મરણ, ચિંતન, પૂજા, સેવા, દાન ધર્મ કરવાં. દસવંત (ભાવથી સ્વ કમાઈનો દસમો ભાગ) સુક્રીત સત્કર્મનો વીસમો ભાગ પૂજામાં મુખીના હાથે ધર્મને અર્પણ કરી તેમનો આશીર્વાદ મેળવવો. યુગધર્માનુસાર પ્રચલિત અવતારી ધ્યેય પુરુષ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું નામ સ્મરણ ચિંતન ધ્યાન કરવું.

દાન કર્મ કરતે સમયે અમુક વાતો વિચારવી કે ભૂખ્યાં હોય તેને ભોજન આપી તૃપ્ત કરવાં. તરસ્યાંને જલ આપી શાંત કરવાં. વસ્ત્ર વિહીનને વસ્ત્ર આપી સહાય કરવી. દ્રવ્યદાન કરતી વખતે સુપાત્ર (પાત્ર) જોઈને જ દ્રવ્યદાન કરવું. જ્યાં પાત્રપાત્રતાનો વિચાર કરવા જેવો ન હોય તે સમયે બ્રહ્માર્પણ કરી દાન કરવું. આ પ્રકારનો ધર્મનો આ સૂક્ષ્મ વિચાર છે. સગાંસંબંધી, ઈષ્ટમિત્ર, સંબંધીત લોકો સાથે સૌજન્યથી, સારા ભાવથી વર્તવું અને તેમના પ્રેમ-ભાવ સંપાદન કરવા. અતિથિ, અભ્યાગત, ભિક્ષુક, બીમાર (રોગી) એમની આપણે શક્ય હોય તે રીતે સેવા કરવી અને તેમના આશીર્વાદ મેળવવા.

પરસ્ત્રીગમન કરવું નહીં, ભૂંડી નજરે જોવું નહીં.
સ્ત્રી આગળ ગુંજ ન કરવી, જૂઠી જાણી અજાણી ન દીજે ગવાઈ.
જૂઠો ખત ન લખવા સતી, લાલચ ન ખાઈયે એક રતિ.
ઝહેર ખાઈ ઝંપલાઈ મરવું નહીં, આવાગમનમાં અવતરવું સહી.

પરસ્ત્રીગમન અથવા તો તેનું ચિંતન આ બહુ મોટો અનર્થકારી દોષ છે. ધર્મ સંસ્કૃતિમાં આ દોષના નિવારણાર્થે જ વિવાહ જેવા સુસંસ્કાર જણાવેલ છે. સમાજ સ્થિતિ કામ વિકારથી ન બગડે અથવા કુત્સિત (અધમ) ન થાય તે માટે યોગ્ય ઉંમરે દીકરા દીકરીના

વિવાહ કરી નાખવા. પરસ્ત્રીગમન અથવા ચિંતનથી શરીરને હાની, માનસિક વ્યાધિ અને આત્મિક અશાંતિ થાય છે. કોઈ પણ વ્યક્તિ તરફ બૂરી નજરથી જોવું નહીં. મનના કોઈ પણ પ્રકારના વિકારો ઉપર કાબુ રાખવો એટલે કે કામ, ક્રોધ, દ્વેષ, મત્સર યુક્ત નજરથી જોવું નહીં. સ્ત્રીઓ સાથે કામ સિવાય વધુ વાતો કરવી નહીં. તે જ પ્રમાણે મહત્ત્વની અને ગુપ્ત વાતો સ્ત્રીઓને વિશ્વાસમાં લીધા વગર કરવી નહીં. દેશ રક્ષણ, શત્રુ નિવારણ વગેરે બાબતોમાં ગુપ્તતા રાખવી. ગુપ્ત કાર્યોમાં સ્ત્રીઓના સંબંધથી સર્વનાશ થયાના અનેક ઉદાહરણો છે. આવી બાબતોમાં સાવધ રહી કાર્ય કરવું.

આપણા ધર્મ શાસ્ત્રોએ સ્ત્રીઓને સ્વગૃહમાંના મંત્રી તરીકે ઉપમા આપેલ છે. વ્યવહાર કરતી વખતે સ્ત્રીની સલાહ વગર, વિચાર વિનિમય કર્યા વિના વ્યવહાર કરવો નહીં એવો નિયમ રાખવામાં આવેલ છે.

જાણી જોઈને અયોગ્ય સાક્ષી આપવી નહીં. અસત્ય પત્ર, દસ્તાવેજ વગેરે લખવા નહીં. વિના કારણ કોઈને પણ લલચાવીને સપડાવવું નહીં. લાંચરુશ્વત આપી અથવા લઈને કાર્ય સાધવું ન જોઈએ. તેનાથી નૈતિક હાની થાય છે. જીવનમાં એવો માણસ ગમે તેટલો સંપત્તિવાન હોય તો પણ સુખી થઈ શકતો નથી. ધંધામાં નુકસાન, વ્યવહારમાં અપયશ, કાર્યમાં મનોભંગ વગેરે થયું હોય તો પણ સહનશીલ વૃત્તિથી મનને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરવો. વિષ લઈને, બળીને તથા કૂવામાં પડીને તેમજ ગળામાં ફાંસો લગાડીને આત્મઘાત કરવો નહીં. તેમ કરવાથી કાર્ય યશસ્વી થતું નથી પણ ઉલટાનું એવા માણસોની અવગતિ થાય છે. અત્યંત દુર્દશાથી યમપુરીનો ત્રાસ ભોગી આવાગમનના ફેરામાં અધૂરાં રહેલાં કર્મો ભોગવવા માટે ભ્રમણ કરવું પડે છે. મનને વિકારોના અંકુશમાં જવા દેવું નહીં.

અગ્નિ ઉપર પાણી છાંટવું નહીં, લીલું ઝાડ ભાંગવું નહીં.
પ્રભાતે ફળ ફૂલ ચૂંટ્યાનું બહુ છે પાપ, અવાચક પ્રાણીને ન કરવી આળ.
હાડ વિકરો કરે પાતક સહી, પશુ પાળીને વેચવું નહીં.
જીવ જંતુને ન મારવું જાણી, મુખથી મર ન કહેવું લગારી.

અગ્નિ પર એઠું કે ગંદુ પાણી નાખવું નહીં. અગ્નિ ઓલવવાનો હોય ત્યારે ચોખ્ખા

પાણીથી ઓલવવો. કારણકે અગ્નિ 'દેવ' છે અને તેનું અપમાન કરવું યોગ્ય નથી. હરિયાળાં (લીલા) વૃક્ષને ઉખાડવાં, કાપવાં, તોડવાં એ પણ દોષ છે કારણ તેનામાં પણ જીવ છે. તેમાં વસેલા ચૈતન્યનો નાશ કરવો આ મહા પાપ છે. સવારના પ્રહરે ફળ અથવા પાન તોડવાં દોષાસ્પદ છે. વૃક્ષ પરથી ખરી પડેલાં અથવા દીંટ પરથી છૂટાં થયેલાં ફૂલો અથવા ફળો વાપરવાં. જેને વાચા નથી, પોતાની વ્યથા બોલી દર્શાવી શકે નહીં એવાં અબોલ પ્રાણીઓ, પશુપક્ષીઓ પર ત્રાસ ગુજારવો નહીં. તે પશુ પક્ષીઓ કરતાં માનવ બુદ્ધિ વધુ હોવાથી ગરીબ બિચારાં પશુ ઉપર કષ્ટ કરવું નહીં. હાડનો વિક્રય કરવો નહીં એટલે કે માનવ (સ્ત્રી, પુરુષ, છોકરાઓ, છોકરીઓ)નો વિક્રય (વેપાર) તેમજ ગાય, બળદ, ભેંસ, ઘોડો, બકરી વગેરે પાલતું પ્રાણીઓનો પણ પોતાના સ્વાર્થ માટે વિક્રય (વેપાર) કરવો નહીં. જે પશુઓને પાલન પોષણ કરી આપણે રાખેલાં હોય, તેમની પાસેથી સમયે સમયે કામ કરાવ્યું હોય એવાં પશુ-પ્રાણીઓને તેમની વૃદ્ધ અવસ્થામાં બે સહારા તરીકે છોડી દેવું નહીં. નૈતિક દૃષ્ટિથી તે અપરાધ બને છે. મૃત્યુ પર્યંત તેમની સેવા કરવી. આ પાલનકર્તાનું કર્તવ્ય છે. જીવ જંતુ, સૂક્ષ્મ, સ્થૂલ જીવો તે સ્વેદજ ખાણીના હોય અને ત્રાસ આપતા હોય તો પણ તેમને મારવા નહીં. તેમનો ઉદ્ભવ ન થાય એવી કાળજી લેવી.

પ્રાણીમાત્ર વિષે દયાભાવ રાખવાનું સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે શીખવેલું છે. તેમનું કહેવું એવું છે કે પ્રાણીમાત્રને પ્રત્યક્ષ મારવાથી જે જીવની હિંસા થઈ શકે છે તે કેવળ 'માર' એવું બોલવાથી પણ થાય છે.

'ભાઈ 'માર' કહાનો દોષ છે, 'માર' કહેતાં મરી જાયે ।
તો જીવ હિંસા કરવાનો દોષ છે, ભાઈ શબ્દ એક જ સાર રે ॥'

ધરતીનું મૂલ ન કરશો એ છે માતા, કન્યા તણું દ્રવ્ય ન ખાતા.
જૂઠું રખેશ્વરે બોલવું નહીં, ધન વ્યાજનો આહાર ન લેવો સહી.

ધરતીનું મૂલ્ય કરવું નહીં તે અમૂલ્ય છે. આ ખડકાળ, આ ખારાપાટ, આ રેતાળ, આ હલકી, આ ખરાબ આવાં નામોથી બોલી તેને નીંદવી નહીં તેમજ આ ધરતી મારી છે, મારી માલિકીની છે, હું જ તેનો ઉપભોગ લેનારો છું એવો અહંભાવ રાખવો નહીં. વંશ પરંપરાગત પ્રાપ્ત થયેલી હોય તો પણ એવો વિચાર કરો કે, આ મારા પિતા પાસેથી મને મળી છે, તેમના

પિતા પાસેથી તેમને મળી હતી. આજ પર્યંત મારા વડીલો રહ્યા નથી કે તેમના વડીલો રહ્યા નથી પરંતુ આ ધરતી માત્ર જેમની તેમ રહી છે, 'ખેતી અવિકારી, નિર્વિકારી છે. તેથી તેની કિંમત કરી તેનું અપમાન કરવું નહીં. તે માતા છે, ક્ષમાશીલ છે. માતા પ્રમાણે તેને માન આપી તેને વંદન કરો. સ્ત્રી પ્રમાણે ઉપભોગ્ય સમજવું નહીં.'

કન્યાએ વિશ્વાસથી પિતા પાસે રાખેલું ધન - સંકટ સમયે ઉપયોગી થશે, આ ઉદ્દેશથી જમા રાખેલું દ્રવ્ય, પિતાએ પોતાના કાર્ય માટે વાપરવું જોઈએ નહીં. યોગ્ય સમયે કન્યાને પરત કરવું. કન્યાનો જ નહીં પણ કોઈનો પણ વિશ્વાસઘાત કરવો નહીં. ખોટું બોલીને કોઈને છેતરવું નહીં અથવા કોઈને મુશ્કેલી ઊભી કરવી નહીં. કેવળ પૈસા માટે કુલવધૂને છળવું નહીં. સ્ત્રી દ્વારા ધન મેળવી તેમનો આત્મનાશ કરવો નહીં. તેના જેવું મહાપાપ અન્ય નથી. ધન ઉપર જુલમથી વ્યાજ વગેરે લેનાર, સવાઈ કે દોઢી અથવા બમણી રકમ વસુલ કરનારને ઘેર અન્નનો કણ પણ સેવન કરવો નહીં.

મેલી થાપણ ન રાખવી જાણી, કૂડ કપટ સર્વે નાખો કાઢી.
વિશ્વાસઘાત કેનો કરવો નહીં, પડી જડી વસ્તુ કોઈની લેવી નહીં.
ઉધાર ઉછીનું ન રાખવું પ્રાણી, દયા રાખવી દિલમાં જાણી.
પારકુ ધન લઈને ભોગવવું નહીં, પુત્ર થઈને તે ધન આપવું સહી.

કોઈની પણ થાપણ મૂકેલી રકમ ઓળવવી (પચાવી પાડવી) નહીં. કોઈ પણ વસ્તુ વગેરે ગીરવે રાખી આપેલ કરજ બાબતે ખોટા દસ્તાવેજ કરી લૂંટવા નહીં. જેની રકમ હોય તેને તે પરત કરવી. વિશ્વાસઘાતથી અગર અન્ય બેઈમાની કરી કોઈ વસ્તુ હડપ કરવી નહીં. એવી અન્યાયથી ભેગી કરેલી આસુરી સંપત્તિ એ માણસને સુખશાંતિ આપી શકતી નથી. તે આસુરી સંપત્તિ, દૈવી સંપત્તિનો સંપૂર્ણ વિનાશ કર્યા વગર રહેતી નથી.

કોઈનો પણ કોઈ જ બાબતે વિશ્વાસઘાત કરવો નહીં. કારણ કે એ મોટું પાપ છે. રસ્તામાં પડેલી કોઈની વસ્તુ હોય તે આપણને મળી હોય તો પણ તે વસ્તુનો પોતે માલિક છે એવું સમજીને લેવી જોઈએ નહીં. તેમજ કોઈની પણ વસ્તુ ચોરીથી, બળજબરીથી લઈ તે

આપણી જ છે એવું કહી તેનો ઉપભોગ કરવો નહીં. તેવું કરવાથી આપણે તેના ઋણમાં બંધાઈ જઈએ છીએ. આ ઋણ પાછું ચૂકવ્યા વગર છૂટકો નથી. કોઈની પાસેથી ઉધાર લાવેલી રકમ અગર વસ્તુ પરત કર્યા સિવાય રહેવું નહીં. તે પરત ન કરવામાં આવે અથવા ભૂલી જવાથી તેના ઋણાનુંબંધનમાં આપણે બંધાઈ જઈએ છીએ અને ગમે તે પ્રકારે તે ઋણ પુરું કરવું પડે છે. આપણા મનમાં અન્ય લોકો વિષે રહેલા દ્વેષ, મત્સર, વિશ્વાસઘાત તદ્દન કાઢી નાખવા. બીજાનું ધન અન્યાયથી હડપ કરી ઉપયોગ કરવો નહીં. ઋણાનુંબંધનના નિયમથી તેને પછીના જન્મમાં તે ધન પુત્રરૂપથી અથવા અન્યોન્ય રૂપે પરત કરવું પડે.

દયા રાખવી દિલમાં જાણી, પવિત્ર દિલે રહેવું નિરધારી.
શત્રુ કરે તે ન કરવું, પર દુઃખ જાણીને પાસે રહેવું.
મોટાઈનો ગર્વ ન કરવો ભ્રાત, સતે ચાલો તમે દિવસને રાત.

સર્વ જીવ પ્રાણી માત્ર વિષે મનમાં દયા રાખવી. કાયા, વાચા અને મનથી કોઈને પણ દુઃખ આપવું નહીં. હૃદય હંમેશાં પવિત્ર ભાવનાઓથી યુક્ત હોવું જોઈએ. હૃદય શુદ્ધિ એ સત્પંથ શાસ્ત્રમાં નીતિમત્તાનું પ્રથમ ક્રમાંકનું પગથિયું છે. સૂક્ષ્મ વિકારોનો ત્યાગ કરવા સિવાય હૃદય શુદ્ધિ થતી નથી. શુદ્ધ આહાર, વિહાર, વિચાર, સંસ્કાર અને શુદ્ધ આચાર પર જ હૃદય શુદ્ધિ અવલંબે છે.

આપણે મનથી માનેલો શત્રુ જેવું વર્તે તેનાથી ઉલટું વર્તન રાખવું. એનો અર્થ કેવળ વિરોધ કરવો એવો નથી. શત્રુ પક્ષે પોતાના વિષે જે ગેરસમજ થયેલી હોય તે દૂર કરવા માટે આપણે શુદ્ધ માર્ગથી વર્તવું એટલે શત્રુના મનમાં રહેલા દોષ દૂર થશે અને તેને સત્યતાની જાણ થતાં શત્રુત્વ રહેશે નહીં.

બીજાના અંતઃકરણનું દુઃખ જાણી સહાનુભૂતિથી તેને સહકાર આપવો. પ્રાણીમાત્રનાં કષ્ટો સમજી લઈ તેમને કષ્ટમાંથી મુક્ત કરવાં અથવા તેમના દુઃખનો ભાર હળવો કરવાનો પ્રયત્ન કરવો. ઈશ્વર કૃપાથી આપણે ધન, માન, પ્રતિષ્ઠા, જ્ઞાન વગેરે સાધનોથી સામાન્ય જન કરતાં વિશિષ્ઠ હોઈએ તો તે બદલ અહંકાર કરવો નહીં. અહંમન્યપણું, ગર્વ, હઠાગ્રહ એ આપણા આત્મિક પ્રગતિમાં મોટો અવરોધ કરે છે. લોકો આપણી તરફ જે આદરભાવની

અપેક્ષાથી જુએ છે તે પદ સાર્થક કરવા આપણે પ્રયત્નશીલ રહી સાચી મોટાઈ મેળવી લેવી.

રાત દિવસ સત્યતાથી શાણપણથી વર્તવું. આપણા થકી કોઈને દુઃખ, કષ્ટ, કલેશ, ચિંતા, ઉપદ્રવ ન થાય એ રીતે નમ્રતાથી વર્તવું. આ જગત ખરેખર અસત્ય, મિથ્યા, નાશવંત છે. તેમાં ઈશ્વર જ નિત્ય, અવિનાશી, અખંડ છે અને તેઓ પ્રત્યેક પ્રાણીમાત્રમાં ચૈતન્યરૂપથી અને વસ્તુમાત્રમાં ચિત્‌જડરૂપે વ્યાપ્ત છે, આ જાણી સર્વ સાથે વિનયથી વર્તવું.

લોભ ન કરવો લગાર સહી, કામ, ક્રોધ તજવો રે ભાઈ.
તપ તીરથ કરવું સ્નાન, ઉપવાસ વ્રતની ન ધરવી આશ.
પ્રાણી પાષાણની પૂજા કરવી નહીં, આત્મપૂજા કરવી સહી.

કોઈ પણ વાતનો અતિ લોભ કરવો નહીં. કોઈપણ વસ્તુનું પોતાના જીવિત કાર્ય માટે જરૂર હોય તેટલું જ નીતિ માર્ગથી ઉપાર્જન કરવું. વધુ પડતો લોભ કરવો નહીં. તે વાસનામૂલક અને વિનાશક હોય છે. કામ વિકાર અને ક્રોધયુક્ત વિચાર એ આપણા દુષ્ટ શત્રુ છે. તેમનો ત્વરીત ત્યાગ કરવો. તેમના જેવા ત્રિભુવનમાં આપણા કોઈ શત્રુ નથી. તેમને આપણા મનનો સાથ મળે તો આપણો ઘાત થઈ જાય.

પ્રત્યેક મનુષ્યે ધ્યાન, ધારણા, સમાધિ, તપશ્ચર્યા વગેરેનું શાસ્ત્રશુદ્ધ નિયમાનુસાર દરરોજ અનુષ્ઠાન કરવું. તીર્થસ્નાન અથવા તીર્થયાત્રા અવશ્ય કરવી. ઈશ્વર સાધના માટે આવશ્યક એવા માનસિક પવિત્રતા માટે તીર્થયાત્રાનું મહત્ત્વ કહેવામાં આવે છે એટલે તીર્થયાત્રા કરતે સમય મન શુદ્ધ અને પવિત્ર રાખવું. વ્રત ઉપવાસોની ફલાકાંક્ષા રાખવી નહીં. પવિત્ર નિષ્કામ બુદ્ધિથી કોઈપણ કર્મ કરવાનો પ્રયત્ન કરવો. ફળની ઈચ્છાથી આ કર્મો કરવામાં આવે તો ફળ પ્રાપ્તિ તો થશે જ પણ નિષ્કામનાથી આ કર્મો કરવામાં આવે તો તેનો પ્રભાવ સહેતુક કર્મ કરતાં વધુ શ્રેષ્ઠ રહેશે.

દેવ જાણીને કેવળ પથ્થરની પૂજા કરવી નહીં. કારણ મૂર્તિમાં જે ઈશ્વરનું અસ્તિત્વ કલ્પવું પડે તે જ ઈશ્વરતત્ત્વ પ્રત્યેક પ્રાણીમાત્રના હૃદયમાં ચૈતન્ય રૂપે રહે છે. તેથી મૂર્તિપૂજા કરતાં જીવ પ્રાણીમાત્રની સાથે સારી રીતે વર્તીને પૂજા કરવી સર્વ શ્રેષ્ઠ છે. જડ વસ્તુની પૂજા કરતાં ચૈતન્ય શક્તિની ઉપાસનાનું વધુ મહત્ત્વ છે. મૂર્તિ પૂજા એ ધાર્મિક ભાવનાનું પ્રથમ પગથિયું છે.

માનસિક પૂજા વચ્ચેનું પગથિયું છે જ્યારે આત્મૌપમ્યબુદ્ધિ આખરનું પગથિયું છે. માણસે પગલે પગલે આધ્યાત્મિક ઉન્નતિ કરવી. એકે પગથિયાં પર અટકવું ન જોઈએ.

અમર થાયે તે જપીયે જાપ, યોગાભ્યાસ નીત કરવું સાથ.
પ્રથમ હિરદે ધોઈ કીજીયે નિર્મલ, ખટ દર્શન પૂજે નહીં પામે મોક્ષ.
વેદ શાસ્ત્ર કહે તે કરવું રે ભાઈ, ચતુરાઈ ચોખાઈમાં રહેવું રે ભાઈ.
મૂર્ખપણામાં ન રહેવુ રહે પ્રાણી, જ્ઞાન દષ્ટે જોવું સૌને સહી.

આત્મોન્નતિ માટે હંમેશાં નામસ્મરણ, જપ, પૂજા ધ્યાનપૂર્વક કરો. સદૈવ અષ્ટાંગ યોગ સાધના કરી તેનો અભ્યાસ કરો. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન કરી સમાધિયોગ સાધ્ય કરો. યમ નિયમ વગેરે સર્વ સાધનોની આપણા જીવનમાં આત્યાંતિક આવશ્યકતા છે. મનઃપૂર્વક અજંપા જાપના લક્ષ્યપૂર્વક સાધનાભ્યાસથી માણસ ધીમે ધીમે માયા મુક્ત થતો જાય છે. તાત્કાલિક કોઈને પણ આત્મસાક્ષાત્કાર થઈ શકતો નથી. અભ્યાસથી અસાધ્ય વાત સાધી શકાય છે. અસત્ય દર્શન તેમજ નાસ્તિકતા માણસને પોતાના જીવનમાં કોઈ કાળે યશસ્વી થવા દેતી નથી. વેદશાસ્ત્રનું તત્ત્વ અને નીતિમત્તા અનુભવથી જ આવે છે. તેના ઉપર અશ્રદ્ધા રાખી ચાલી શકાય નહીં. આપણાથી જે જાણી શકાયું નહીં કે અનુભવ થઈ શક્યો નહીં તેથી અસત્ય માનવું નહીં અને મનને નાસ્તિકતા તરફ લઈ જઈ આત્મનાશ કરવો નહીં. માણસે મૂર્ખપણામાં રહેવું નહીં. જ્યાં આપણને સમજણ ન પડતી હોય એવા સમયે જાણકારની સલાહ લેવી. જે આપણા કરતાં જ્ઞાનથી, બુદ્ધિથી અને પ્રતિષ્ઠાથી મોટો હોય તેની પાસેથી ધર્મતત્ત્વોની જાણકારી મેળવી લેવી. અહંમન્યતામાં રહી આત્મવંચના કરવી નહીં. સદૈવ જ્ઞાન દષ્ટિના આધારે રહેવું. વ્યવહાર કાર્યમાં આપણે પોતાની બુદ્ધિની કસોટી કરી યશસ્વી થઈને તેવી જ સદ્બુદ્ધિ પરમાર્થ માર્ગમાં વાપરી જન્મનું સાર્થક કરવું. અજ્ઞાન અંધકારમાં ગોથાં ખાઈ ડૂબી મરવું નહીં. નિત્યા નિત્ય વસ્તુઓનો વિવેક કરી અનિત્ય વસ્તુનો ત્યાગ અને નિત્ય વસ્તુઓનો સ્વીકાર કરી આત્મોન્નતિ કરવી.

સાચો જૂઠો ના કરશો વાદ, ગુરુનું વચન લોપવું નહીં સાર.
શિખામણ પૂછે તેને સારી દીજે, લઈ સુમરણી હરિ સ્મરણ કીજે.

હું કહું છું તે જ સાચું બાકી બધું ખોટું. આ પ્રકારનો ખરાખોટાનો વ્યર્થ વાદ વિવાદ કરવો નહીં. વાદ વિવાદ મતમતાંતરના યોગથી મનુષ્યની મતિ સ્થિર રહેતી નથી. અહંકાર થાય ત્યારે બીજાને તુચ્છ માનવા લાગે, તેથી સારાચાર વિચાર કરીને ખોટી વાતોનો ત્યાગ કરો અને સાચા શાસ્ત્રોનો અભ્યાસ કરો. જે કાંઈ સમજણ ન હોય તે ગુરુ પાસેથી જાણી લો. ગુરુનું વચન લોપવું નહીં. ગુરુએ આપેલ વચનની મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહીં. સદ્ગુરુએ કથન કરેલા જ્ઞાનનું વાચન કરી શ્રવણ કરી મનન કરવું. તે જ્ઞાન પ્રમાણે યથાશક્તિ યથામતિ આચરણ કરો. યથામતિ તેનો પ્રચાર કરો. આત્મોન્નતિ માટે સદ્શાસ્ત્રોએ અને સદ્ગુરુએ કથન કરેલું જ્ઞાન સંકુચિત વૃત્તિથી પોતાની પાસે છૂપાવી રાખવું નહીં. જે વ્યક્તિ સત્ય ધર્મની - સદ્માર્ગની શિખામણ પૂછે, જેને એ જ્ઞાનની આવશ્યકતા હોય, ઉત્કંઠા, જિજ્ઞાસા, તાલાવેલી હોય, જીવનમાં કેવી રીતે વર્તવું આ અંગે જાણવાની આકાંક્ષા હોય તેને યથાબુદ્ધિ યોગ્ય શિખામણ આપીને સદ્માર્ગ દર્શન કરાવવું. અયોગ્ય, અધર્મયુક્ત, અશ્રધ્ધાયુક્ત શિખામણ આપી કોઈને પણ મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકવા નહીં.

દરરોજ સાંજે સાયં સંધ્યા કરો. હાથમાં જળમાળા લઈ ભગવાનનું નામ સ્મરણ કરો. સંધ્યા ચાર વખત કરવાની સત્પંથ આચાર સંહિતામાં જણાવેલ છે. પ્રાતઃસંધ્યા એટલે સવારે સૂર્યોદય પહેલાં ઊઠી પ્રાતઃવિધિ, સ્નાન વગેરે કરી નામ સ્મરણ પ્રાર્થના, સંધ્યા કરવી. બપોરે જમતાં પહેલાં સંધ્યા કરી પ્રાર્થનાપૂર્વક ભોજન કરવું. સાંજે કામધંધા વગેરે પૂર્ણ કરી આવ્યા બાદ સ્નાન કરી અથવા હાથપગ, મુખ પ્રક્ષાલન કરીને ભગવંતના નામની અગરબત્તી-ધૂપ, દીપ, આરતી કરી યથાવકાશ ભગવંતનું નામ સ્મરણ કરવું. મધ્ય રાત્રે હાથ પગ મુખ પક્ષાલન કરી ભગવંતનું ધ્યાન સ્મરણ ચિંતન કરવું. આ પ્રકારની આ સત્પંથની આચાર સંહિતા સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પોતાના સદ્ભક્તોને માર્ગદર્શીત કરેલી છે.

આ આચાર સંહિતા પરથી જોતાં માનવના જીવનની નૈતિક ફરજ જ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આલેખી છે. તેની શરીરની શુદ્ધતા, માનસિક પાવિત્ર્યતા, આત્મિક ઉન્નતિ અને શ્રેય પ્રાપ્તિ કેવી રીતે થાય છે, તેની દૈનિક દિનચર્યા કેવા પ્રકારની હોવી જોઈએ,

આપણું ઐહિક પ્રેય, પારલૌકિક શ્રેય અને પારમાર્થિક ધ્યેય કેવા આચરણથી પ્રાપ્ત થાય તેનો હૃદયપૂર્વક આ બાબતે ઉપદેશ કરેલો છે. ખરેખર આ આચારસંહિતાનું આચરણ કરવામાં આવે તો માનવમાં રહેલી રાક્ષસી વૃત્તિ મટી તે નરનો નારાયણ બની જશે, નારાયણનો નરોત્તમ થશે અને નરોત્તમમાંથી પુરુષોત્તમ બની જશે.



પ્રકરણ - ૬

❖ શ્રી સત્પંથ ધર્મનું - તત્ત્વજ્ઞાન ❖

સત્પંથ ધર્મનું આધ્યાત્મિક વિષય તત્ત્વજ્ઞાન :-

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પ્રણિત સત્પંથ ધર્મ જ્ઞાન સાહિત્યમાં આચારસંહિતા પ્રમાણે જ તત્ત્વજ્ઞાનને ઘણું મોટું પ્રાધાન્ય આપવામાં આવેલ છે. કર્મ, ભક્તિ, ઉપાસના, જ્ઞાન અને પ્રેમભક્તિ આ સર્વ યોગ સાધનોનો અભ્યાસ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને મનુષ્ય મુક્તિ પામી શકે છે, આ વાત તેઓએ પોતાના સાહિત્યમાં સર્વત્ર દર્શાવેલી છે. સમાધિ વિષેના અભ્યાસથી જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાનનો અધિકારી થવા માટે આવશ્યક તૈયારીઓ કરવી પડે છે. આત્મ-અનાત્મ, તત્ત્વવિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન, મુમુક્ષુત્વ એટલે કે પ્રભુકૃપા સંપાદન કરવા માટે અનન્ય ભક્તિનો તત્ત્વપ્રયોગ. એના વડે જ તત્ત્વજ્ઞાન નિર્માણ થાય છે.

મૂલતત્ત્વ બે છે. આત્મતત્ત્વ અને બીજુ અનાત્મતત્ત્વ. -

પ્રકૃતિ દ્વારા જ પરમ તત્ત્વના અલ્પ સામર્થ્યથી સૃષ્ટિને નિર્માણ કરનાર તત્ત્વ પ્રકટ થયું. જીવાત્માનો તેની સાથે સંબંધ આવ્યો અને સુષુપ્ત અવસ્થામાં પરિવર્તન થયું પછી જાગૃતાવસ્થા પ્રકટ થઈ. જે પ્રકૃતિને પરમેશ્વરે ગતિ આપી તે ત્રણ ગુણોથી યુક્ત હતી.સત્ત્વ,

રજસ્ અને તમસ્. એ જ ત્રણ ગુણો સર્વ તત્ત્વોમાં સમાઈ ગયા. આ ત્રિગુણ જ દુનિયાના સંપૂર્ણ વસ્તુ માત્રમાં ઓછાવત્તા પ્રમાણથી વિદ્યમાન છે. આ કારણથી જ સૃષ્ટિમાં વિભિન્નતા દેખાઈ આવે છે. નાનાં રૂપ, નાની યોની (શરીર) અને નાની વિચારધારા, નાના નામથી દેખાય છે પરંતુ વસ્તુતઃ આ દુનિયા ત્રિગુણાત્મક પ્રવૃતિના જ એક આવિષ્કાર અને જીવાત્માના કર્મનો જ વિસ્તાર છે.

જ્યાં સુધી જીવાત્મા પ્રકૃતિના તત્ત્વમાં ફસાયેલો છે, તેની વિવિધ કામનાઓની પૂર્તિમાં વ્યસ્ત છે ત્યાં સુધી કોઈ પણ પ્રકારની શાંતિ પ્રાપ્ત થઈ શકે નહીં. દુનિયામાં આધુનિક વૈજ્ઞાનિક કે વિદ્વાન વિચારવંતોએ ગમે તેટલો પ્રયત્ન કર્યો તેમ છતાં ભૌતિક તત્ત્વોને જ પ્રસન્ન કરી અથવા માયામય આજ્ઞાનું પાલન કરી અને અનાત્મ વસ્તુઓને એકત્ર લાવી તેઓ દુઃખ વધારી શકશે પણ માણસને આત્મિક શાંતિ ઉપલબ્ધ કરી શકશે નહીં. આ કાર્ય ધર્મ, સંત પુરુષ અને મહાત્મા પુરુષ જ કરી શકે છે. તેમની અનુભૂતિમાંથી એ જ પુરવાર થાય છે કે સુખ પ્રવૃત્તિમાં નથી પણ નિવૃત્તિમાં જ છે. એ જ બે માર્ગ સૃષ્ટિના લોકો સામે ખૂલે છે, એક પ્રેય અને બીજો શ્રેય. આ માર્ગોથી જ એક તો આસુરી સંપત્તિ સંગ્રહીત થાય છે અને બીજી દૈવી સંપદા. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરનારા દૈવી સંપદા પ્રતિ ચાલે છે. તત્ત્વજ્ઞાન ન જાણતા હોય એવા લોકો જ આસુરી સંપદાના નાદે લાગી મૃગજળ તૃષ્ણાના આસક્તિથી દુઃખ સાગરમાં જઈ પડે છે. આજે જગતના બહુતાંશ લોકો આસુરી સંપદા મેળવવાના નાદે પડેલા છે. તે યોગ જગતની ખરેખર ઉન્નતિ અથવા પ્રગતિ થશે કે નહીં એવી શંકા ઉદ્‌ભવે છે. પરંતુ આ શંકા ઉચિત નથી, કારણ કે આસુરી અથવા દૈવી સંપત્તિનો સંબંધ જગતના વિવિધ પદાર્થ વસ્તુ માત્ર સાથે અથવા આવિષ્કાર સાથે નથી પણ અંતઃકરણ સાથે છે. જગતની કોઈપણ વસ્તુ, ધન, વૈભવ વગેરે આસુરી કે દૈવી નથી. તે નિર્વિકાર છે પણ તેમનો પ્રયોગ જે ભાવનામાંથી, જે વૃત્તિમાંથી, જે ધ્યેયમાંથી અને જે ઉદ્દેશથી કરવામાં આવે છે તે તેને આસુરી કે દૈવી બનાવે છે. ધન એક સાધન માત્ર છે તેનો દુરૂપયોગ આસુરી છે અને સદુપયોગ દૈવી ભાવનાથી કરવામાં આવે છે.

નાના વિવિધ પ્રકારનાં દુઃખો, ઝગડાઓ અને વિપત્તિઓમાંથી છૂટવાનું હશે તો પ્રથમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું પડે. તત્ત્વજ્ઞાન પ્રાપ્તિ બાદ જગત તુચ્છમય જણાય છે. પરમ તત્ત્વના જ્ઞાનથી જ મન સ્થિર થાય છે અને તત્ત્વજ્ઞાન માનવ શરીરથી જ થઈ શકે, અન્ય દેહ થકી નહીં જ.

આ કારણે દુર્લભ મનુષ્યત્વ પ્રાપ્ત બાદ તત્ત્વજ્ઞાન સંપાદન કરવામાં ન આવે તો આ મનુષ્ય દેહનો શું અર્થ રહે ?

મનખા દેહી તો દુર્લભ છે, તે નહીં આવે વારંવાર,
પાત્ર પિછાની પરિબ્રહ્મ પૂજીયે, તો કુળના હોવે ઉદ્ધાર.

ચાર ખાણમાં જીવ આવીયો, ભૂલ્યો તે બહુ અપાર,
પૂર્વ પુણ્ય પોતા તણાં, તેણે પામ્યો મનખા અવતાર.

મનખા દેહી પામ્યા શું થયું, ન જાણ્યા મુગતીના ભેદ,
માણેક મોતી મૂલનું, પડયા હૈ અંતર છેદ.

સહસ્ર પચાસ ભોગવીને, આવે મનખા દેહ,
દયા ક્ષમા ધર્મ જાણ્યા નહીં, જેમ ઉન્હાલે વરસે મેહ.

માનવ દેહમાં આવી જીવાત્માએ પોતાનું જીવન શાસ્ત્રીય શુદ્ધ માર્ગથી જ જીવીને આત્મજ્ઞાન ગ્રહણ કરવું. આમાં જ આપણા જન્મનું સાર્થક છે. જગતમાં આત્મતત્ત્વ અને જીવનતત્ત્વ આ બે પૃથક્ અને સ્વતંત્ર સત્તા ધારણ કરનાર ચૈતન્ય પ્રવાહ છે. જીવન તત્ત્વ ત્રિગુણાત્મક પ્રકૃતિના આવિષ્કારથી બનેલું જડ રૂપ તત્ત્વ છે. આત્મતત્ત્વ ચિન્મય જ્યોતિ સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ છે. આ જડચેતનાના સંયોગથી આવ્યષ્ટી, સમષ્ટી, જીવ, પ્રાણીમાત્ર નિર્માણ થયેલાં છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ આ અષ્ટાંગ યોગ સાધનોના દઢ અભ્યાસથી જીવાત્મા જ્યારે પોતાની મલિન અવિદ્યા સ્વરૂપ જડ તત્ત્વ જાણી તેનો ત્યાગ કરવાનો અભ્યાસ કરે ત્યારે જ ચેતન સ્વરૂપ જ્ઞાનાવલંબનથી તે દુઃખમુક્ત થતો જાય છે. દુઃખને કારણ તેનામાં રહેલા ત્રિગુણાત્મક પ્રકૃતિને પોતાના વિવેકથી દૂર કરે છે.

જી રે મારા હંસા કરડી કમાનો, સ્વામીસું ખેંચો,
તો તીરથ ત્રિવેણી માંહે તરના.

ઢાલ ધણીના ધર્મની બાંધો, તો સત્‌ની સમશેર સાથે લઢના,
બુદ્ધિની બંદૂક સુરતાનો દારૂ, ગીનાનનો ગોળો વચ્ચે ધરના.

યોગ જ્ઞાનના દૃઢ બળથી આઠે અંગોનું તીવ્રતાથી અને સાવધાનીથી અનુષ્ઠાન કરવું. **યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને નિયમ એટલે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન** - આ દસે દસ યમ નિયમોનું આચરણ આપણા જીવનમાં કરવું. યમ પ્રત્યે દુર્લક્ષ કરી કેવળ નિયમોનું જ પાલન કર્યુ તો પણ જીવાત્માનું પતન હોઈ શકે છે. તેથી યમ અને નિયમોનું યથાર્થતાથી દૃઢતાથી આચરણ કરવું, કારણકે તે આધારે જ બાકીના યોગ અંગેનો સંયોગ ઊભો કરવો પડે છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આ પાંચે યમોના ધાર ઉપર જ્યારે સાધકનું જીવન ઘસાય છે ત્યારે તે પ્રજ્જવલિત થાય છે પરંતુ તે પ્રજ્જવલિત થયેલા જીવન ઉપર જ્યારે **શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પરાયણતાની** ચમક (પોલિશ) ચઢે છે ત્યારે તે જીવનમાં એક અદ્‌ભૂત દિવ્ય વિદ્યુત શક્તિ પ્રકટ થવા લાગે છે અને તે જ શક્તિ તે જીવાત્માનું આસન દૃઢ સ્થિર બનાવે છે અને પ્રાણાયામ માટે અનુકૂળ બનાવે છે. તે પછી સાધક પોતાની ઈંદ્રિયો પર નિયંત્રણ રાખી શકે છે. સાધક પોતાની ઈંદ્રિયોના રજોગુણ અને તમોગુણને સાફ કરી શુદ્ધ સાત્ત્વિક ચિત્ત બનાવે છે. પ્રત્યાહારની આ ભૂમિકા દૃઢ સ્થિર કરવા સુલભ બને છે. એકાકાર વૃત્તિ થયા પછી એક જ વિષય પર નિરંતર સ્થિર કરવાથી ધ્યાન અવસ્થા પ્રાપ્ત થાય છે. એ જ ધ્યાન દીર્ઘકાળ પર્યંત ટકી રહે તો તે સમાધિ અવસ્થામાં પરિણમે છે. આ અવસ્થામાં પહોંચવાનો પ્રયત્ન સતત દૃઢતાથી કરવો જેથી આત્મ સાક્ષાત્કાર તત્ત્વ દર્શન થાય છે.

સાધકે સમાધિ અવસ્થામાં આ સર્વ તત્ત્વોનો સાક્ષાત્કાર કરવો જોઈએ. સાક્ષાત્‌જ્ઞાન પ્રાપ્ત કરવું એટલે જ 'જાણવું'. તત્ત્વજ્ઞાન વાંચવાથી અથવા શ્રવણથી થતું નથી તે જાણવાનો વિષય છે. ધ્યાન અવસ્થા વિવેક ખ્યાતીમાં પ્રવેશ કરી તત્ત્વોનું સાક્ષાત્‌ જ્ઞાન જાણવા માટે પ્રથમ શાબ્દિક જ્ઞાન પ્રાપ્ત કરવું અને પછી મનોમન જાણવાથી સાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે.

કપિલમુનિ પ્રણિત 'તત્ત્વસમાસ', 'સાંખ્યશાસ્ત્ર' તેમજ ભગવાન શંકરાચાર્યકૃત 'તત્ત્વબોધ' તેમજ વેદ, ઉપનિષદ્‌, ગીતા, યોગવાશિષ્ઠ ભગવત્‌ અને અન્ય ઋષિ-મુનિ યોગીઓ દ્વારા જે સૃષ્ટિ વિજ્ઞાન, તત્ત્વ વ્યાખ્યા અને તત્ત્વ નિર્ણય કરવામાં આવેલ છે, તેમાં

પરસ્પર વિરોધ એવો વિશેષ કંઈ નથી, જે કંઈ છે તે કેવળ શાબ્દિક છે. વ્યવહારમાં સર્વ એક રૂપે જ વ્યક્ત થાય છે. પ્રથમ અનાદિ તત્ત્વો ત્રણ ગુણ છે. (૧) સત્ત્વ (૨) રજસ (૩) તમસ. આ ત્રણે ગુણો જ્યાં સુધી સમ અવસ્થામાં હોય છે ત્યાં સુધી સર્ગકાલ એટલે નિષ્ક્રિય એવી પ્રલયાવસ્થા હોય છે. પરમાત્મા જ્યારે પોતાના સામર્થ્યથી પ્રકૃતિને ગતિ આપે છે ત્યારે આ ત્રિગુણોમાં વિષમતા આવે છે અને તે દ્વારા વિવિધ પ્રકૃતિ નિર્માણ થાય છે. પ્રકૃતિ આઠ છે. અવ્યક્ત, મહત્, અહંકાર અને પાંચ તન્માત્રા. વિકાર સોળ છે. પંચ મહાભૂત અને અગિયાર ઈંદ્રિયો એવા મળીને ૨૪ તત્ત્વો છે. (૧) અવ્યવક્ત - પ્રકૃતિ (૨) મહત્ - બુદ્ધિ (૩) અહંકાર (૪) શબ્દ (૫) સ્પર્શ (૬) રૂપ (૭) રસ (૮) ગંધ (૯) આકાશ (૧૦) વાયુ (૧૧) અગ્નિ (તેજ) (૧૨) જળ (૧૩) પૃથ્વી (૧૪) ત્વક (ત્વચા) (૧૫) નેત્ર (૧૬) કર્ણ (૧૭) ઘ્રાણ (૧૮) રસના (૧૯) વાક્ (વાણી) (૨૦) હસ્ત (૨૧) પાદ (૨૨) ઉપસ્થ (૨૩) ગુદા (૨૪) મન-આ ૨૪ તત્ત્વો છે. તે સર્વ જડ છે તેમાં (૨૫) તમ (૨૬) રજ (૨૭) સત્ત્વ અને (૨૮) પુરુષ એમનો સમાવેશ થાય છે, તેથી એકંદર ૨૮ તત્ત્વો છે. આ ૨૮ તત્ત્વો મળી જીવાત્માનો પિંડ એટલે સ્થૂલ દેહ બંધાય છે. આ પછીની આત્મતત્ત્વની સ્થિતિ હોય છે કારણ આત્મતત્ત્વનો સંયોગ જ્યાં સુધી આપ પિંડમાં ન હોય ત્યાં સુધી તે પિંડ જડ હોય છે. આત્મતત્ત્વના સંયોગથી જ તે ચેતનમય બને છે અને ત્યારે જ આ જીવ પિંડની સૃષ્ટિ દૃષ્ટિ ગોચર બને છે.

પ્રકૃતિમાં ભગવાનના સામર્થ્યથી જ્યારે ગતિ પ્રાપ્ત થાય છે ત્યારે પ્રકૃતિ દ્રવાવસ્થામાં આવવા લાગે છે. આ અવસ્થાને જ વેદમાં '**समुद्रोअर्णवः**' (સમુદ્રનું લહેરવું) એવું કહેવામાં આવેલ છે. આ લહેરનારો સમુદ્ર કેટલાય દીર્ઘ કાળપર્યંત લહેરતો રહ્યો એનો અંદાજ કહી શકાય નહીં. અત્યંત દીર્ઘકાલ પછી તેને સ્થૂલ રૂપ આવવા લાગે છે અને તેનાથી સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, પૃથ્વી વગેરે સ્થૂલ લોક - પરલોક નિર્માણ થયાં. આ તો પ્રલયથી સૃષ્ટિ ઉત્પત્તિનું વિજ્ઞાન છે પરંતુ વિશેષ એ છે કે પ્રકૃતિમાં જ્યારે પ્રભુ સામર્થ્ય પ્રકટે છે ત્યારે તે અવ્યક્તમાં નિત્ય પદાર્થ અવસ્થિત થયા તે જ મહતત્ત્વ છે. આ અવસ્થાને સમષ્ટિ બુદ્ધિ એવું પણ કહેવામાં આવે છે. જે તત્ત્વ મનુષ્યમાં એટલે કે વ્યષ્ટિમાં બુદ્ધિ કહેવામાં આવે છે તે જ સમષ્ટિમાં મહતત્ત્વ ગણવામાં આવે છે. આ મહતત્ત્વમાં વધુ ગતિ પ્રાપ્ત થઈને સૂક્ષ્મતા ઓછી થતી જઈ જડતા આવે છે તેને અહંકાર કહે છે. અહંકાર એટલે અહંભાવ. જ્યારે એ ભાવના

થાય કે, આ કામ મેં કર્યું. 'હું' પણાની ભાવના એટલે અભિમાન હોય. હવે એ નિત્ય સ્મરણ રાખવું કે જે પ્રકૃતિને ભગવાને ગતિ આપી કાર્યાન્વિત કર્યું તે સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણોથી યુક્ત છે. આ ત્રણ ગુણો પ્રકૃતિ અથવા તેની પાસેથી ઉત્પન્ન થયેલા તમામ તત્ત્વોમાં અને પદાર્થોમાં વિદ્યમાન રહેશે જ. અહંકારમાં પણ આ ત્રણ ગુણ હોવાના જ. હવે અહંકારથી પાંચ ભૂતો અને પાંચ સૂક્ષ્મશક્તિ-તન્માત્રા નિર્માણ થતાં હોય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. આ સૂક્ષ્મ તન્માત્રાથી આકાશ, વાયુ, અગ્નિ (તેજ), જલ અને પૃથ્વી ઉત્પન્ન થઈ અને આ જ મહાભૂતોથી અનેક પ્રકારની સૃષ્ટિ નિર્માણ થઈ.

બીજા પ્રવાહમાં અહંકારથી જ અગિયાર ઈન્દ્રિયો ઉત્પન્ન થઈ અને તે સર્વનો સંયોગ જ્યારે નિર્માણ થયો ત્યારે જીવાત્માએ પૂર્વ કર્માનુસાર, બુદ્ધિ અહંકાર મનથી યુક્ત જન્મ ધારણ કર્યો. તેથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, અહંકાર અને બુદ્ધિ. આમાં બુદ્ધિ જ પ્રધાન પદ પર છે. જગતની અને જીવાત્માની આ રચના છે. એક પ્રકૃતિએ ૨૪ (ચોવીસ) રૂપ ધારણ કરવું અને સિવાય ત્રણ ગુણોના યોગે અનેક રૂપ પ્રાપ્ત કરવું. નાના પ્રકારની સૃષ્ટિઓ, નાના પ્રકારની ખાણો, નાના પ્રકારની જીવયોનીઓ, નાના પ્રકારના સ્વભાવ વગેરે શા માટે છે કે જેથી માણસે ભોગ અથવા અપવર્ગ પ્રાપ્ત કરવા.

આ માટે અવ્યક્તના ત્રણ ધર્મ છે : **(૧) એકત્ત્વ (૨) અર્થતત્ત્વ (૩) પરાર્થ્ય.**

એકત્ત્વ : એટલે કેવળ એક આત્મરૂપ થઈને રહેવું. **અર્થતત્ત્વ :** એટલે પ્રયોજન, પુરુષને ભોગ અને અપવર્ગની પ્રેરણા કરવી અને **પરાર્થ્ય :** એટલે કેવળ બીજાના માટે જ કાર્ય કરવું, પોતાને માટે નહીં.

જ્યારે જીવાત્મા આ વિકારો સાથે સંયુક્ત થયો ત્યારે ત્રણ પ્રકારોથી તેઓએ કર્મ શરૂ કર્યું અને એ જ કર્મ તેને બંધનકારક થયું, - **દાક્ષણિક બંધ, વૈકારિક બંધ અને પ્રાકૃતિકબંધ.**

દાક્ષણિકબંધ : એવો છે કે ફળની કામના કરી ઈષ્ટ પૂર્તિ કામમાં પ્રવૃત્ત થવું. એ જીવાત્મા કર્મભોગ માટે પાછો જન્મ લે છે, મુક્ત થતો નથી.

વૈકારિકબંધ : એવો છે કે જે મન અને ઈંદ્રિયો કેવળ વિકારોની જ ઉપાસના કરી તેના જ ઉપભોગ કરે છે તે પણ દઢવાસનાથી પુનર્જન્મ લે છે. મુક્ત થતો નથી.

પ્રાકૃતિકબંધ : એવો છે કે જે જીવાત્મા પૂર્વોક્ત વિચારોથી આગળ ગતિમાન થાય છે અને અષ્ટવિધ પ્રકૃતિના ચિંતનમાં આંટાફેરા ખાય છે. તે પણ સૂક્ષ્મ વાસનાઓથી પુનર્જન્મ પ્રાપ્ત કરે છે. મુક્ત થતો નથી.

સાધકને આ ત્રણે પ્રકારના બંધનમાંથી છૂટવાનું છે. દાક્ષિણિક બંધનમાંથી છૂટવાનું હશે તો નિષ્કામ કાર્યો કરવાં જોઈએ. બાકી બે બંધનોમાંથી છૂટવાનું હોય તો સાધકે પોતાનું ચિત્ત સર્વ વિકૃતિ પ્રકૃતિના આગળ લઈ જવું અને કેવળ આત્મ સ્વરૂપમાં જ સ્થિર કરવું જોઈએ, ત્યારે જ તેની આ બંધનમાંથી મુક્તિ થશે.

જ્યારે આત્માનો આ જડ તત્ત્વો સાથે સંબંધ થાય છે ત્યારે સમવિષ્ટમાં જે મહત્ થયું તે જ માનવમાં બુદ્ધિ રૂપથી અવસ્થિત (દૃઢ) થયું. ત્યારે જ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન આ પાંચ વાયુ કાર્યરત થયા અને ત્યારે જ પાંચ પ્રકારની અવિદ્યાએ તેનો ઘેરાવ કર્યો. **(૧) અવિદ્યા (૨) અસ્મિતા (૩) રાગ (૪) દ્વેષ (૫) અભિનિવેશ.** મનુષ્ય જ્યારે પોતાના શરીર પર આત્મબુદ્ધિની ધારણા કરે છે તેને જ **અવિદ્યા** કહે છે, પોતાની બુદ્ધિને જ આત્મા સમજે તે **અસ્મિતા.** મારી પાસે આ આ પદાર્થ હોવા જોઈએ એવી લોભવૃત્તિ એટલે **રાગ** અને આ આ પદાર્થ દૂર થવા જોઈએ એવી ધૃણાવૃત્તિ એટલે **દ્વેષ.** હું સદૈવ અમર હોવો જોઈએ, મૃત્યુવશ થવું ન જોઈએ એવી વૃત્તિ એટલે **અભિનિવેશ.** આ પાંચ પ્રકારની અવિદ્યાએ જીવાત્માને દેહ બંધનમાં જકડેલ છે.

બુદ્ધિનાં પણ આઠ રૂપો અને ત્રણ વૃત્તિઓ છે : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અધર્મ, અજ્ઞાત, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય. આ બુધ્ધિના આઠ રૂપો છે. **શાંત, ઘોર અને મૂઢ** એમ ત્રણ વૃત્તિઓ છે. આ સર્વ રૂપો અને ત્રણ વૃત્તિઓ સત્ત્વ, રજ, તમ આ ત્રણ ગુણો અનુસાર કાર્ય કરે છે. આ સર્વ રૂપો અને સર્વ વૃત્તિઓ બુદ્ધિમાં વિદ્યમાન તો રહે જ છે પરંતુ જ્યારે જ્યારે બુદ્ધિમાં એક રૂપ પ્રધાનતાથી કાર્ય કરતું હોય છે ત્યારે તેના વિરોધી રૂપ અથવા વૃત્તિ દબાયેલી રહે છે. સાધકે આ પ્રયત્ન કરવો પડે કે સારાં રૂપો અથવા વૃત્તિઓ ઉન્નત કરવી અને વિરોધી રૂપો અથવા વૃત્તિઓ દબાવવાનો અભ્યાસ કરવો.

બુદ્ધિમાં જ્યારે સત્ત્વ વધે છે રજસ્, તમસ્ દબાય છે, ત્યારે મનુષ્ય **ધર્મ**નું પાલન કરવા (દાન, દયા, તપ, યમ, નિયમ પાલન કરવા માટે) પ્રવૃત્ત થાય છે. **જ્ઞાન** એટલે પ્રકૃતિના અથવા આત્માનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે. સર્વ વાસનાઓમાંથી મનને પરાવૃત્ત કરી **વૈરાગ્ય** સાથે જોડાય છે. **ઐશ્વર્ય** એટલે તત્ત્વજ્ઞાનના માર્ગાનુસાર વર્તન કરી મન પ્રસન્ન સત્ય સંકલ્પયુક્ત

અને અદ્‌ભૂત જ્ઞાનાનંદમાં મગ્ન થાય છે. આ બુધ્ધિના ચાર સાત્ત્વિક રૂપો છે. એનાથી વિપરીત ચાર તામસ રૂપો છે. સાધકે આ ચાર તામસ રૂપોથી પોતાને બચાવી આત્મિક ઉન્નતિ કરતા રહેવું.

આપણને જે સ્થૂલ શરીર દેખાય છે તેની અંદર વધારાના બે શરીરો છે. **સ્થૂલ શરીર અને સૂક્ષ્મ શરીર.**

સ્થૂલ શરીર પંચીકરણના (પંચમહાભૂતોના) કર્માનુસાર બનેલું છે અને સુખ દુ:ખ ભોગવાનું પ્રધાન સાધન છે. આ સ્થૂલ શરીર નિર્માણ થાય છે, વધે છે, કૃશ બને છે, રોગી થાય છે, વિનાશ પામે છે એવી તેની અવસ્થાઓ થાય છે. તેનામાં પાંચ કોશ, પાંચ પ્રાણ, અગીયાર ઈંદ્રિયો છે. આત્મા તે સર્વ સંઘનો ચાલક રહે છે. એમાં જો સત્ત્વગુણ પ્રાધાન્યથી હશે તો શરીર હલકુ રહે છે. ઈંદ્રિયોને પ્રસન્નતા જણાય છે. બુદ્ધિ નિર્મળ બની પ્રકાશમાન થાય છે. જો શરીરમાં રજોગુણ વધુ હશે તો શરીર દુ:ખરૂપ બને છે. ઉત્તેજના અને ચંચલતા વધે છે. કોઈ પણ એક કામમાં મન ટકાવી શકાતું નથી. તમો ગુણ વધુ હોય તો મોહ સ્વરૂપ ધારણ કરે છે, શરીર ભારે લાગે છે, ઈંદ્રિયો શીઘ્રતાથી કર્મ કરી શક્તી નથી. ભજન, સત્સંગમાં નિંદ્રાથી ઘેરાય છે.

આ સ્થૂલ શરીરમાં **(૧) અન્નમય કોષ :** અન્નથી સંતુષ્ટ થનાર અને સર્વ કોષોનો આધાર રહેલો એક કોષ છે. **(૨) પ્રાણમય કોષ :** પાંચ પ્રાણ અને પાંચ કર્મોન્દ્રિયો એમનાં સહયોગને પ્રાણમય કોષ અથવા 'ક્રિયાશક્તિ' એવું કહે છે. **(૩) મનોમયકોષ :** મન અને શ્રોત્ર, ઘ્રાણ, ચક્ષુ, જિવ્હા અને ત્વક્. આ પાંચ જ્ઞાનેન્દ્રિયોથી બનેલો આ કોષ ઈચ્છાશક્તિનું કેન્દ્ર છે. **(૪) વિજ્ઞાનમયકોષ :** બુદ્ધિ અને પાંચ જ્ઞાનેન્દ્રિયોના સંયોગથી જે પ્રકાશ ઉત્પન્ન થાય છે તેને જ્ઞાનશક્તિ કહે છે. **(૫)** આ સર્વથી પર એવી આનંદની માત્રા જ્યાં પ્રકટ થાય છે તે **આનંદમયકોષ** છે. ત્યાં ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ શાંત થઈ જાય છે. આત્મા તે સર્વ કોષોથી ભિન્ન છે.

સ્થૂલ શરીર અંતર્ગત એક **સૂક્ષ્મ શરીર** છે. જે જન્મો જન્મ પર્યંત જીવાત્માના સાનિધ્યમાં રહે છે. આ સૂક્ષ્મ શરીર જ્યાંથી આત્માનો શરીર સાથે સંબંધ થયો તે સમયથી છે અને જીવાત્માને જ્યાં સુધી મોક્ષ મળતો નથી ત્યાં સુધી રહે છે. યોગી લોકો એ જ સૂક્ષ્મ શરીર દ્વારા પાછળના અનેક જન્મોનું સ્મરણ રાખે છે. તે પંચ તન્માત્રા વડે બનેલું છે. સુખદુ:ખ ભોગવવાનું

સાધન છે. આ શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, પાંચ તન્માત્રા અને મન, બુદ્ધિ એવા તત્ત્વો છે. આત્મા એથી ભિન્ન છે.

આ શરીરમાં જન્મજન્માતરની કર્મની વાસનાઓ બીજ રૂપથી રહે છે. એ જ શરીરના સહાયથી પોતાના કર્મ અનુસાર આત્મા વિવિધ યોનિઓમાં જાય છે. તે અત્યંત સૂક્ષ્મ છે, અણુ, રેણુ, ત્રસરેણુ આટલા જીવાત્મામાં પણ તે સૂક્ષ્મ રૂપથી હોય જ. જ્યારે કોઈનું મૃત્યુ થાય છે ત્યારે તેનું સૂક્ષ્મ શરીર, શરીરમાંની સર્વ સૂક્ષ્મ શક્તિ અને ઇંદ્રિયોના સૂક્ષ્મ ભોગોને એકત્ર કરી પોતાની સાથે લઈ જાય છે. આપણે આ જીવનમાં જે કંઈ કર્મ કરીએ છીએ, ધર્મ કે અધર્મ, ભક્તિ કે મુક્તિ, વૈરાગ્ય કે અવૈરાગ્ય, ઐશ્વર્ય કે અનૈશ્વર્ય આ તમામ કર્મોના અત્યંત સૂક્ષ્મ સંસ્કાર આ સૂક્ષ્મ શરીરમાં થાય છે. આપણો દરેક સંકલ્પ વિચાર, કર્મ, હાવભાવ જેવો ને તેવો જ સૂક્ષ્મ શરીરના ચિત્તમાં અંકિત છે. સ્થૂલ શરીર આત્મઘાત અથવા અન્ય અનેક ઉપાયોથી નષ્ટ થઈ શકે છે પણ સૂક્ષ્મ શરીર જગતના કોઈ પણ ઉપાયોથી નષ્ટ થઈ શકે નહીં. એ જ સૂક્ષ્મ શરીર ભિન્ન ભિન્ન યોનિમાં માનવ આત્માને કર્માનુસાર લઈને ફરે છે. અથર્વવેદના પાંચમા કાંડમાં કહેલું છે કે, -

आ यो धर्माणि प्रथमः, ससाद ततो वपूंषि कृणुषे पुरूणि ।
धास्युर्योनिं प्रथम आ विवेशा, यो वाचमनुदितां चिकेत ॥
अथर्व. ५/१/२.

"મનુષ્ય પૂર્વ જન્મમાં ઉત્તમ પ્રકારે ધર્માચરણ કરી તે યોગે ઉત્તમ શરીર ધારણ કરે છે અને અધર્માચરણના યોગે તેને નીચ શરીર પ્રાપ્ત થાય છે. પૂર્વ જન્મના પાપ પુણ્યના ફળ ભોગનારો આત્મા પૂર્વ જન્મનું શરીર છોડયા બાદ વાયુ રૂપ રહે છે તે પછી જળ, ઔષધી, અન્નમાં પ્રવેશ કરી પોતાને કર્મ યોગ્ય એવા પિતાના શરીરમાં વીર્ય રૂપથી કે માતાના શરીરમાં રજોરૂપથી સ્થિર થઈ માતાના ગર્ભાશયમાં અનુરૂપ સમયે શરીર ધારણ કરે છે અને પુનઃ જન્મ લે છે. જે જીવાત્મા પૂર્વના સુસંસ્કારો અનુસાર અનુદિત વેદવાણીનું યથાર્થતાથી પાલન કરે છે તે ઉત્તમ સુખો ભોગવે છે અને જે દુષ્ટ બુદ્ધિથી અધર્માચરણ કરે છે તે નીચ કીટક, પતંગ, પશુ આદિ શરીરો ધારણ કરી અનેક દુઃખો ભોગવે છે. જ્યારે આત્મા મનને અને મન ઈંદ્રિયોને કોઈ પણ વિષયમાં લગાડે છે (સારા અથવા ખરાબ). જીવની ઈચ્છા તે ઈચ્છિત વિષય પર જતી

હોય છે તે જ ક્ષણે આત્મામાં ત્યાજ્ય કાર્ય કરતી વખતે ભય, શંકા અને લજ્જા પ્રકટ થાય છે અને સારું કાર્ય કરતી વેળા અભય, નિઃશંકતા અને આનંદોત્સાહ પ્રકટ થાય છે. આ સર્વ ક્રિયા જીવાત્મા પર નહીં પરંતુ તેમાં વસેલા સૂક્ષ્મ શરીરાનુસાર – આત્મતત્ત્વાનુસાર બનતી હોય છે. જીવાત્મા જ્યારે પરમાત્માના આ આદેશને સાંભળી પોતાની ઈચ્છા અને સંકલ્પ છોડી દઈ પરમાત્માની જ આજ્ઞાનું પાલન કરશે ત્યારે સૂક્ષ્મ શરીર નિર્મળ શુદ્ધ બની મનુષ્યના સ્થૂલ શરીરને પણ શુદ્ધ અને પવિત્ર બનાવે છે."

ત્રીજા શરીરનું નામ છે **કારણ શરીર.** પ્રકૃતિ જ્યારે વિકૃત બને છે ત્યારે જ પ્રત્યેક જીવાત્માને આ પ્રકૃતિનો જ એક અત્યંત સૂક્ષ્મ ભાગ પ્રાપ્ત થાય છે, પરંતુ તે ભાગ પણ પ્રકૃતિ રૂપ જ હોવાથી ભગવાન અને સર્વ જીવો માટે હોવા છતાં આત્મા તેનાથી ભિન્ન જ છે. "મનુષ્ય જ્યારે સુષુપ્તિ અવસ્થામાં હોય છે ત્યારે તે પોતાના કારણ શરીરથી કાર્ય કરતો હોય છે. જે પ્રમાણે ઈસ, ઉપળાં, પાયા, દોરી અથવા પાટીના સહાયથી પલંગ તૈયાર થાય છે અને તે કોઈના માટે પણ ઉપયોગમાં લાવવામાં આવે છે, તદ્દત આ શરીરનો સંગાથ જીવાત્મા માટે જ રહે છે. આ જીવાત્મા સત્ ચિત્ સ્વરૂપે છે. જગતના ભોગ ભોગવવા માટે અને દુઃખની અત્યંતિક નિવૃત્તિ કરી મોક્ષ પ્રાપ્તિ માટે માનવ શરીર સાથે એનો સંબંધ આવે છે. આ આત્માનું પોતાનું નિજ રૂપ ક્યારેય કોઈનાથી પણ બગડતું નથી. સદૈવ એક રસ જ્ઞાનવાન હોય છે. પ્રકૃતિના ચોવીસ તત્ત્વોમાંથી આ આત્મા કોઈ પણ એક જડ તત્ત્વ સાથે આત્મબુધ્ધિ કરે છે ત્યારે દુઃખી થાય છે. પલંગ પરનો માણસ જ્યારે કહેશે કે હું પલંગ જ છું તો તેના જેવી હાસ્યાસ્પદ સ્થિતિ બને છે, તેવી રીતે હું શરીર છું એવું પણ સમજી શરીર સાથે સંબંધીત આત્મા સુખી બને છે, દુઃખી બને છે, હસે છે, રડે છે, સ્વસ્થ પણ થાય છે, રોગી પણ બને છે. પરંતુ જ્યારે જીવાત્મા ધ્યાન અવસ્થામાં ગયા પછી પ્રત્યક્ષ જુએ છે કે હું તો પ્રકૃતિ કરતાં અને પ્રકૃતિના તમામ તત્ત્વોથી ભિન્ન છું, ત્યારે તેની તમામ ભ્રમ જાળ નીકળી જાય છે. સર્વ પાપો, જરા, મૃત્યુ, રોગ, શોક, ક્ષુધા, પિપાસાથી હું ભિન્ન છું, હું સત્ય કામ છું, સત્ય સંકલ્પ અને અટલ આશ્રય છું, એ તેના સમજમાં આવે છે. જીવાત્માને એ જ પુરુષાર્થ કરવાનો છે કે તેને પ્રકૃતિના તત્ત્વોનું વાસ્તવિક સ્વરૂપ જાણી તેમાંથી ઉત્થાન કરી સત્ ચિત્ આનંદ તત્ત્વો સાથે એક રૂપ થવું છે."

બ્રહ્મ સત્ ચિત્ આનંદ છે. તેની સાથે સંબંધ રાખી સત્ ચિત્ રૂપ રહેલો જીવાત્મા આનંદ પ્રાપ્ત કરી લે છે. સ્થૂલ શરીર તો મૃત્યુમાં પરિણમે છે. સિંહના મુખમાં રહેલી બકરીની માફક સ્થૂલ દેહ કાળના મુખમાં છે. જીવાત્મા આ મૃત્યુને આધીન શરીરનો આશ્રય કરીને પોતાને સુખ દુઃખ ગ્રસ્ત માને છે પરંતુ જીવાત્માએ જો પરમાત્મા સાથે પોતાનો સંયોગ કર્યો તો તેને પૂર્ણ આનંદનો લાભ થશે. બ્રહ્મ તત્ત્વના સામર્થ્યથી પ્રકૃતિમાં ગતિ ઉત્પન્ન થાય છે અને તે જીવાત્માના હિત માટે પ્રભુની આજ્ઞાથી વિકૃત થઈ નાનાં રૂપ ધારણ કરે છે. બ્રહ્મ તત્ત્વ ફક્ત તારને છેડે છે અને જીવાત્મા તથા પ્રકૃતિના ચોવીસ તત્ત્વો રમત રમે છે. બ્રહ્મ તત્ત્વ કેવળ દૃષ્ટા બને છે. સંસારમાંના સર્વ મહત્ત્વનો મહદ્કોષ આનંદ તેઓએ પોતાની પાસે રાખેલો હોય છે. બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે. તેનો ગુણ આનંદ પણ સર્વ વ્યાપક છે પરંતુ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પદાર્થમાં તે આનંદનો કેવળ પડછાયો છે. પ્રકૃતિજન્ય તત્ત્વોથી મળેલો જીવાત્મા ભ્રમથી-અજ્ઞાનથી સમજે કે પ્રકૃતિના તત્ત્વમાં આનંદ છે. પડછાયાને તે વાસ્તવિક વસ્તુ સમજે છે અને પછી તેની પ્રાપ્તિ માટે દુઃખી બને છે. આ દુઃખ ત્યારે જ દૂર થાય છે જ્યારે આ ભ્રમ નીકળીને આનંદનો સ્રોત બ્રહ્મ તત્ત્વ સુધી પહોંચે છે.

આત્મ તત્ત્વ અને બ્રહ્મ તત્ત્વનો મેળાપ તત્ત્વજ્ઞાનનું ફળ છે. પરંતુ અનુભવી મહાત્માઓનો નિશ્ચિત મત છે કે નાશવંત અસ્થિર પ્રકૃતિના વિકૃતિમાંથી બનેલા પંચમહાભૂતોના (જેમને પોતાની કોઈ પણ પ્રકારની સત્તા નથી એવા સત્તા રહીત) સ્થિતિને વિવેક બુધ્ધિથી જાણી તેનો ત્યાગ કરી અદ્વૈત સત્ત્વ આત્માને ઓળખવો. "આ વિકારી ભૂતો પ્રથમ ન હતા અને અંતમાં પણ રહેશે નહીં. તેઓ મારા કલ્યાણ માટે નિર્માણ થયેલાં છે. તે મારાં દાસ છે. હું તેમનો દાસ નથી, તે નાશવંત, જડ, જ્ઞાનશૂન્ય છે. હું નિત્ય, ચેતન અને જ્ઞાનવાન છું. હું તેમની જાળમાં કેમ ફસાઈ પડું ? હું તો આત્મા છું." અલ્પજ્ઞ હશે, શરીરમાં બંદીવાન હશે, દુઃખ ભોગવતો હશે, આનંદ પ્રાપ્તિનો પ્રયત્ન કરતો હશે પણ છે તો આત્મા જ. મારો સહયોગી પરમાત્મા છે. પરમાત્મા અને જીવાત્મા એક જ પરિવારના છે. જીવાત્માને ઉચિત છે કે તેઓએ પોતાના ચેતન તત્ત્વો સાથે એક રૂપ થવાનો પ્રયત્ન કરવો. વિવેક ખ્યાતીના સાધનોથી આ સાક્ષાત્ જ્ઞાનનો પ્રસાદ મેળવવો. તે સ્થિતિ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી, પ્રભુ ભજન, સત્સંગ, સ્વાધ્યાય કરવો. પ્રતિદિનના કાર્યક્રમનું નિરીક્ષણ કરવું. બુદ્ધિપૂર્વક સાંસારિક કાર્ય

કરી સર્વથી અલિપ્ત રહેવાનો પ્રયત્ન કરવો.

જગતમાં - સંસારનાં દુઃખોની ગણત્રી કરવા જેવી નથી, પરંતુ તે સર્વ દુઃખોના ત્રણ વિભાગ પડે છે. **(૧) આધ્યાત્મિક દુઃખ :** રોગાદિ દ્વારા, આપઘાત દ્વારા શરીરમાં ઉત્પન્ન થયેલું દુઃખ અને કામક્રોધાદિ વિકારોથી મનમાં થયેલું દુઃખ. **(૨) આધિભૌતિક દુઃખ :** વિષોક્ત જીવજંતુથી અથવા વ્યાઘ્ર સિંહાદિ ક્રૂર પ્રાણીઓથી થયેલ દુઃખ. અગ્નિ, પવન, પાણી વગેરેથી નિર્માણ થયેલ દુઃખ. **(૩) આધિદૈવિક દુઃખ :** અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, ભૂકંપ, મહા પૂર વગેરે દ્વારા નિર્માણ થયેલું દુઃખ.

એવા ત્રણ પ્રકારના દુઃખોથી જીવાત્મા પીડાય છે. અને તેમાંથી છૂટવા માટે તે સતત પ્રયત્ન કરતો રહે છે. આ સર્વમાં ભૂખ અને તૃષાનું દુઃખ સૌથી વધુ હોય છે, ભૂમિની ઉત્તમ પ્રકારે માવજત કરી અનાજ ઘરમાં આવે ત્યાં સુધી કેટલો પરિશ્રમ ઉઠાવવો પડે છે, કેટલી ચિંતાઓ રહે છે, કેટલાં કષ્ટ સહન કરવાં પડે છે. આખો સંસાર પણ આવી વિટંબણામાં જ ફસાયેલો છે. એક દુઃખમાંથી બીજા અનેક દુઃખોની ઉત્પત્તિ થાય છે. જીવાત્મા એક દુઃખ મટી ગયા પછી આપણે સુખી થઈશું એવો વિચાર કરે છે પરંતુ ખરેખર તે સુખી બની શકતો નથી. જ્યારે ભગવાને આ સૃષ્ટિ બુદ્ધિપૂર્વક અને પૂર્ણ નિયમોથી બનાવેલી છે તો દુઃખ દૂર કરવાના પ્રયત્નમાં મનુષ્ય સફળ કેમ થતો નથી ? દુઃખ નિત્ય પ્રતિ કેમ વધે છે ? એનું કારણ એક જ છે કે, જીવાત્મા દુઃખનો નાશ કરવાનો પ્રયત્ન કરતો નથી. દૂર કરવાનો એટલે કે દુઃખને ટાળવાનો ફક્ત પ્રયત્ન કરે છે. સર્વ શાસ્ત્રોમાં અને સર્વ અનુભવી મહાત્માઓએ દુઃખનો આત્યંતિક નાશ અને સદૈવ સુખમાં મગ્ન રહેવાનો માર્ગ અથવા સાધન એક જ કહેલું છે. તે એટલે **તત્ત્વજ્ઞાન પ્રાપ્તિ.** તત્ત્વજ્ઞાન સિવાય તે ઉદ્દેશપર્યંત પહોંચવું કઠિન છે.

युञ्जानः प्रथमं मनस्तत्त्वाय सविता धियः ।
अग्नेर्ज्योतिर्निचाय्य पृथिव्या अध्याभरत् ॥
यजु. ११/१.

તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્યારે યોગી પોતાના મનને ઈશ્વર સાથે યુક્ત કરે છે ત્યારે પરમેશ્વર તેની બુદ્ધિને પોતાની કૃપાથી યોગીમાં યુક્ત કરે છે, પછી તે સાધક પરમેશ્વરના

પ્રકાશને પોતાનામાં ધારણ કરે છે.

युक्तेन मनसा वयं, देवस्य सवितुः सवे ।
स्वर्ग्याय शक्त्या ॥
यजु. ११/२.

દુઃખમાંથી છૂટી મોક્ષ - આનંદ પ્રાપ્ત કરવા માટે યોગ કે પછી વિજ્ઞાન અથવા તત્ત્વજ્ઞાનના સામર્થ્યથી ઉપાસના - યોગ દ્વારા આત્માને શુદ્ધ કરી પરમેશ્વરથી પ્રકાશ રૂપ આનંદ પ્રાપ્ત કરી લો. "શરીર અને બ્રહ્માંડ બંનેનું તત્ત્વ એક જ છે. બંનેમાં ઘણું જ સામ્ય છે. પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ અને અવ્યક્ત બ્રહ્મ એટલે પરમાત્મા. આ છ ધાતુથી બનેલું આ જગત છે. તે જ પ્રમાણે મનુષ્ય શરીરમાં પણ પાંચ ભૂતો અને આત્મા છે. જગતમાં એક બાજુએ પાણીઓ પ્રભાવ છે. શરીરમાં પણ કલેદ રૂપથી પાણી છે. જગત જડ દશ્યમાન છે, શરીર પણ જડ પૃથ્વી રૂપ દશ્યમાન છે. જગતમાં અગ્નિ છે, શરીરમાં પણ જઠરાગ્નિ છે. જગતમાં વાયુ વહે છે, શરીરમાં પણ પ્રાણ અપાન વાયુઓનું આવાગમન છે. જગતમાં આકાશ છે, શરીરમાં પણ છિદ્ર સમુહ છે. જગતનો પ્રકાશ બ્રહ્મ છે, શરીરનો પ્રકાશ જીવાત્મા છે. આ પ્રકારે પિંડમાં જે છે તે બ્રહ્માંડમાં ભરેલું છે." આદિ યોગી ભગવાન શિવ કહે છે કે :-

देहऽसिमन् वर्तते मेरुः सप्तद्वीपसमन्वितः ।
सरिताः सागराः शैलाः क्षेत्राणि क्षेत्रपालकाः ॥

આ શરીરમાં સપ્ત દ્વીપ વાળી પૃથ્વી, સુમેરુ પર્વત અને નદીઓનો સમુહ, સપ્ત સાગર અને ક્ષેત્રપાલ વિદ્યમાન છે. સપ્ત લોક, સપ્ત પાતાળ પણ આ શરીરમાં છે.

मूलाधारे तु भूर्लोकः, स्वाधिष्ठाने भुवस्ततः ।
स्वर्लोको नाभिदेशेच, हृदये तु महस्तथा ॥

जनलोकं कण्ठदेशे, तपोलोकं ललाटके ।
सत्यलोकं महारन्ध्रे, इति लोकाः पृथक् पृथक् ॥

तलं पादांगुष्ठतले, तस्योपरि तललतलम् ।
महातलं गुल्फमध्ये, गुल्फोपरि रसातलम् ॥

सुतलं जंधयोर्मध्ये वितलं जानुमध्यगम् ।
ऊर्वोर्मध्ये तलम्पोक्तं, सप्त पातालमीरितम् ।।

આપણા શરીરમાં ચૌદ ભુવન વસેલાં છે. મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહદ, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્ત્રાધાર ચક્રોમાં અનુક્રમે ભૂલોક, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક વસેલાં છે. તેમજ તળપગમાં, પગમાં, ઢીંચણમાં, સાથળમાં, જાંઘમાં, હાથમાં અને બાહુમાં અનુક્રમે તલ, તલાતલ, મહાતલ, રસાતલ, સુતલ, વિતલ અને પાતાલ એવા ચૌદ ભુવન આ જ શરીરમાં વસેલાં છે અને તે ભુવનના ચાલક અનંત બ્રહ્માંડ નાયક પણ આ શરીરમાં ઓતપ્રોત ભરેલો છે. તેની આજ્ઞા વગર કોઈ પણ ઈંદ્રિય કાર્યરત થઈ શક્તી નથી. પ્રકૃતિના સંગથી આત્મા કર્મ વશ થઈ સુખ દુઃખ ભોગવે છે પરંતુ કર્મ ક્ષયથી જ્યારે તેની આત્મ બુદ્ધિ પ્રકટ થાય છે ત્યારે તેને પોતાનું પ્રકૃતિથી અલગપણું ધ્યાનમાં આવે છે અને તેઓ પવિત્ર, નિષ્કામ, નિરાયમ થઈ દુઃખનો ત્વરીત નાશ કરી મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

સાધકે સર્વ પ્રથમ આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વીનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું. આ વસ્તુઓ કેવી છે ? તેમનું કાર્ય કેવું છે ? સ્વભાવ, ગુણ કેવા છે ? તેમાં સાત્ત્વિકપણું, રાજસપણું, તામસપણું કેવા પ્રકારનાં છે ? એનું જ્ઞાન સંપાદન કરવું. ત્યાર પછી આપણા શરીરમાં આ પાંચ પ્રાણ કઈ જગ્યાએ અને કેવી રીતે કાર્ય કરે છે, આ સર્વ જ્ઞાન મહાન જ્ઞાની એવા વિતરાગ મુનિ, ગુરુ, મહાત્મા દ્વારા પ્રાપ્ત કરી લેવું અને આપણા ધ્યાન અવસ્થામાં તેનો અનુભવ કરવો. દરેક તત્ત્વનું શરીરમાં શું કાર્ય છે અને બ્રહ્માંડમાં તે તત્ત્વ કેવું કાર્ય કરે છે. શરીરના તત્ત્વો અને જગતના તત્ત્વોની એવી સમાનતા, એકરૂપતા થવી જોઈએ કે જગતનું કોઈ પણ તત્ત્વ શરીરમાંના કોઈપણ તત્ત્વને હાની પહોંચાડી શકે નહીં. ઉલટાનું સહાયક થઈ રક્ષક થવાં જોઈએ. બાહ્ય જગત અને આંતરિક જગતના અભેદતા આ પરથી સમજાય તેમજ આત્મ તત્ત્વ અને બ્રહ્મ તત્ત્વમાં પણ સામ્ય નહીં પણ અભેદતા જાણવાનો પ્રયત્ન કરવો. આ બાબતે સૌથી પહેલાં સમજવું કે બ્રહ્મ તત્ત્વ તો જગતમાં અને જગતની બહાર પણ વિરાજમાન છે પરંતુ જગતમાં કોઈ પણ વસ્તુ માત્રમાં તે લિપ્તમાન નથી, અસંગ છે. બ્રહ્મ તત્ત્વ કેવળ નાટક જોનાર છે. નાટક કરનારા અન્ય જ છે. તેમનાં સારાં કે ખરાબ કર્મોને વેગ આપવા

અથવા નારાજી વ્યક્ત કરવી તેમનું કામ છે. જીવાત્મા આ શરીરમાં બદ્ધ છે. જ્યાં સુધી આ શરીરમાં છે ત્યાં સુધી મન અને ઇંદ્રિયો પાસેથી વ્યવહાર ચલાવે છે. બંધનમાં છે ત્યાં સુધી ઇંદ્રિયો દ્વારા ભલાં બૂરાં કર્મ કરાવી તેમનાં સુખદુઃખ રૂપ ફળો ચાખે છે. પોતે નાટક રૂપ થઈને રહે છે, પરંતુ સાધકે તેને જાણી પોતાના આત્મતત્ત્વને તેની પાસેથી અલગ-અલિપ્ત રાખવાનો પ્રયત્ન કરવો.

અરીસાનો ઉપયોગ કરનાર પોતાને અરીસો સમજતો નથી પણ અરીસો આપણું સ્વરૂપ ઓળખવાનું - જોવાનું કેવળ સાધન માત્ર છે, આપણે પોતે અરીસાના રૂપમાં નથી. અરીસાથી અલગ છીએ તે પ્રમાણે જ માયા, પ્રપંચ, ઇંદ્રિયો, મન વગેરે પણ આપણું સ્વરૂપ ઓળખવાનાં સાધન છે. તેમનાં કર્મ સાથે તદ્રુપ થઈ શોક, મોહ, હર્ષ, ઉન્માદ વગેરે કરવાની શું જરૂર ? કારણ હું આત્મા છું, તેઓ અનાત્મા છે. અનાત્મ અથવા ભૌતિક પદાર્થથી આપણું આત્મ સ્વરૂપ અલગ છે. એવો અનુભવ સાધક જ્યારે ધ્યાન અવસ્થામાં કરે છે ત્યારે તેને તત્ત્વજ્ઞાન થયું એવું કહેવામાં આવે છે.

इयं कल्याण्य१जरा मर्त्यस्यामृता गृहे ।
यस्मै कृता शये स यश्चकार जजार सः ॥
अथर्व. – १०/८/२६

કલ્યાણ કરનાર આ આત્મદેવ અમર છે. અને તેઓ મર્ત્ય પ્રાણીઓના ઘરમાં એટલે કે શરીરમાં રહે છે. જેને આત્મબોધ થાય છે તેઓ સુખ પ્રાપ્ત કરે છે અને જે પુરુષાર્થી છે તે સ્તુતિ કરવા જ પાત્ર છે.

તત્ત્વજ્ઞાનના કાર્ય સાથે અજ્ઞાનની નિવૃત્તિ થાય છે અને તેના વડે આત્મતત્ત્વ અને બ્રહ્મતત્ત્વમાં કોઈ પણ પ્રકારનું આવરણ રહેતું નથી. તેમનું એકરૂપત્વ-મિલન થાય છે. અજ્ઞાન અવિદ્યારૂપી આવરણ દૂર થયું એટલે **"આત્મા એ જ પરમાત્મા"** આ જ્ઞાન **'एकत्वमनुपश्यति'** અવસ્થા હવે પ્રકટ થઈ. જે આ શરીરમાં છે એ જ જગતમાં છે, તેની જાણ સાધકને થાય એટલે તેઓ વિરામ પામે છે.

स एष एक एकवृदेक एव ॥

પરમાત્મા સર્વ વ્યાપક હોઈ કેવળ એક જ છે. તે અનુપમ, અજર, અમર, અભય, નિત્ય, સનાતન, નિર્વિકાર, નિર્મલ, અંતર્યામી અને સર્વના ઉપાસ્ય છે. ઇંદ્ર, મિત્ર, વરુણ, અગ્નિ, સુપર્ણ, દિવ્ય, યમ, માતરિશ્વા વગેરે તેનાં અનેક નામો છે. તેનું મુખ્ય અને બીજું નામ "ૐ" છે. વેદ, ઉપનિષદ, ગીતા, સાંખ્યદર્શન વગેરે સર્વ શાસ્ત્રોએ તેને "ૐ" એ જ નામથી ઓળખી તે તત્ત્વને જાણવાનો આદેશ આપેલ છે. અથર્વવેદના ૧૧મા કાંડમાંના ૭ મા સુક્તના ૨૭ મા મંત્રમાં સૃષ્ટિ સંબંધે ખૂબ સુંદર વર્ણન કરેલું છે. આ સર્વ સૃષ્ટિ પરમાત્માના જ સામર્થ્યથી બનેલી હોઈ તેઓ જ પોતાના સામર્થ્યથી તેને ધારણ કરે છે, પંચભૂત, સપ્ત ઉર્ધ્વલોક, સપ્તપાતાળ, દશ પ્રાણ, નવગ્રહ, દશેન્દ્રિયો આ સર્વની ઉત્પત્તિ તેની પાસેથી થાય છે. લય પણ તેમાં જ થતો હોય છે. એ જ પરમાત્મા પિતાના પણ પિતામહ છે. પ્રાણોના પાલક-રક્ષક અને હિતકારી છે. સૃષ્ટિમાં રહી સર્વ બંધનોથી પર છે.

आविः सन्निहितं गुहा जरन्नाम महत् पदम् ।
तत्रेदं सर्वमार्पितमेजत् प्राणत् प्रतिष्ठितम् ॥
- अथर्व. १०/८/६

પુરાતન વિશાલ તત્ત્વ સર્વત્ર ગૂઢ અને વ્યાપ્ત છે. તે પ્રકટ હોવા છતાં સમ્યક્ રૂપથી પ્રછન્ન (સર્વવ્યાપ્ત) છે. જે પ્રાણ ધારણ કરે છે, હલનચલન કરે છે તેમજ જે સ્થિર છે, આ સર્વ એક જ તત્ત્વમાં સમર્પિત છે.

यदेजति पतति यच्च तिष्ठति प्राणदप्राणन्निमिषच्च यद् भवत् ।
तद् दाधार पृथिवीं विश्वरूपं तत् संभूय भवत्येकमवे ॥
- अथर्व. १०/८/११

જે ચાલે છે, ઉડે છે, આંખો ઉઘાડ બંધ કરે છે, તે પ્રાણ ધારણ કરે છે, પ્રાણ ધારણ કરતો નથી, તેવો જે પરમેશ્વર આકાશાદિ સર્વ ભૂતોમાં તેમજ સૂર્યાદિ સર્વ લોકોમાં વ્યાપ્ત રહેલો છે, તે જ દિશા ઉપદિશાઓમાં ઓતપ્રોત ભરેલો છે, તે જ પોતાના સામર્થ્યથી યુક્ત આત્મા કલ્પાદિ સૃષ્ટિ સુદ્ધાં ઉત્પન્ન કરે છે, તે આનંદ સ્વરૂપ પરમેશ્વર જે જીવાત્મા પોતાના સામર્થ્યને-

મનથી યથાર્થથી જાણે છે તે જ તેને પ્રાપ્ત કરી લે છે અને સદૈવ મોક્ષ સુખ ભોગવે છે.

महद् यक्षं भुवनस्य मध्ये तपसि क्रान्तं सलिलस्य पृष्ठे ।
तस्मिञ्छ्रेयन्ते य उ के च देवा वृक्षास्य स्कन्धः परित इव शाखाः ॥
- अथर्व. १०/७/३८

બ્રહ્મ જે મહત્ એટલે કે સર્વમાં શ્રેષ્ઠ, સર્વમાં પૂજ્ય છે, જે સર્વ લોકમાં રહી ઉપાસના કરવા યોગ્ય છે. વિજ્ઞાનાદિ ગુણોથી જે સર્વ શ્રેષ્ઠ છે, જે આકાશરૂપ છે, તેનો આધાર પણ છે, તેમાં વ્યાપ્ત પણ છે તેમજ જગત પ્રલય પછી પણ જે નિત્ય નિર્વિકાર રહે છે. જેના આશ્રયમાં રુદ્ર, આદિત્ય, વસ્તુ વગેરે તેત્રીસ કરોડ દેવ સ્થિત છે, જેવું કે પૃથ્વીમાંથી વૃક્ષનો પ્રથમ અંકૂર નીકળે છે અને તે જ સ્થિર થઈ બાકીની શાખા પ્રશાખાઓના આધાર બને છે તે તદ્વત સર્વ બ્રહ્માંડનો આધાર તે જ એક પરબ્રહ્મ પરમેશ્વર છે.

उतेयं भूमिर्वरुणस्य राज्ञ उतासौ धौर्बृहति दूरेअन्ताः ।
उतो समुद्रौ वरुणस्य कुक्षी उतास्मिन्नल्प उदके निलीनः ॥
- अथर्व. ४/१६/३

આ ભૂમિ વરુણ રાજાની છે. વરુણ રાજા જ આ ભૂમિ પર શાસન કરે છે, જે મહાન દ્યૂલોક છે તે પણ તેના બંને સમુદ્ર (વાયુ અને જલ) એ તેના ઉદર છે. તે જ સ્વયં ઈશ્વર પાણીના એક સૂક્ષ્મ કણમાં પણ સમાયેલા છે. ભગવાનના પરમ તત્ત્વની આ મહાન શક્તિ છે. તે જગતના એક સૂક્ષ્મ જીવજંતુમાં, પ્રત્યેક પ્રાણી માત્રમાં તેમજ પ્રત્યેક જડ ચેતન વસ્તુમાત્રમાં, એકેક ગતિમાં, એકેક હાવભાવમાં, એકેક ચૈતન્યમાં ઓતપ્રોત ભરેલો છે. તે જ શક્તિને શક્તિમાન થઈ આપણે જોવાનું છે. આ સમ્યક્ દૃષ્ટિ જેની થઈ તેના હૃદયમાં કોઈ પણ પ્રકારની કોઈ પણ વિષયની પાપ વાસના જ બાકી રહેતી નથી. તેઓ પવિત્ર નિર્મલ થઈ જાય છે. શારીરિક દુઃખો તેને દુઃખમાં નાખી શકતાં નથી, સુખો તેને મોહમાં પાડી શકતાં નથી. સતત ફરતાં ફરતાં કર્માનુસાર ભોગ પૂર્ણ થતાં જ તેવી રીતે જીવાત્મા મુક્ત થઈ જાય છે. પછી તત્ત્વોના પણ પરમ તત્ત્વમાં તે પરમ વિલય પામે છે.



પ્રકરણ - ૭

✧ સત્પંથ ધર્મના સદ્‌ભક્તોની જીવનરેખા ✧

૧.

સત્પંથ ધર્મના પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું સંક્ષિપ્ત જીવન દર્શન

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું જીવન વૃત્તાંત લખતી વખતે તે સમયમાં બની ગયેલ રાજકીય ઘટનાઓ અને તેમના સામાજીક જીવન પર થયેલ અસર આ વાતો પ્રત્યે વિશેષ ધ્યાન ખેંચાય છે. આ સમયમાં ધાર્મિક જીવન અને સાહિત્ય અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં હતાં અને આ પરિસ્થિતિ અત્યંત હળવાશથી ઉકેલવામાં નિષ્કલંક અને પ્રભાવી એવા સત્‌પુરુષોનાં તેજસ્વી વ્યક્તિત્વનાં દર્શન થાય છે. પંદરમા શતકના ઉત્તરાર્ધમાં આ પ્રકારના એક સત્‌પુરુષે ઉપનિષદોનું શુદ્ધ તત્ત્વજ્ઞાન સામાન્ય લોકો સમજી શકે તેવું બનાવી સહેલી અને સ્પષ્ટ ભાષામાં ભજનોના, જ્ઞાનપદોના રૂપે લોકોને પ્રસાદ રૂપે આપેલ છે. જે રીતે ગોળનો ગાંગડો કોઈ પણ જગ્યાએ જંગલમાં મૂકો તો તેની મિઠાશના કારણે મકોડા તેની તરફ ખેંચાઈને આવે, તે પ્રમાણે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ એક મહાન દીર્ઘદૃષ્ટા સંત હતા. જગતે તેમને સદ્‌ગુરુ તરીકે માન્ય કર્યા અને તેમની સેવાથી લોકોએ પોતાનું જીવન પાવન બનાવી દીધું.

હિંદુ સમાજમાં અનેક સંતો થયા છે. જેઓએ અત્યંત સરળ ભાષામાં અમૂલ્ય તત્ત્વજ્ઞાનનો ભંડાર સમાજ આગળ પ્રસાદ રૂપે અર્પણ કર્યો અને તે પ્રમાણે એવા પુરુષોના પ્રત્યક્ષ સંપર્કમાં આવેલા લોકોએ તેમને ગુરુ માની ધર્મ-સંપ્રદાય શરૂ કર્યા. એવા અનેક સંપ્રદાય હિંદુસ્તાનમાં પ્રચલીત છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સંપર્કમાં આવેલા ૫૫૦ વર્ષ પહેલાંના લોકોએ પણ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ઉજાગર કરેલ સત્‌પંથ ધર્મને સ્વધર્મ જાણીને અપનાવી લીધો અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહને પોતાના આદરણીય સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા.

કોઈ પણ મહાપુરુષના જીવનનો આદર્શ સમાજની સામે મૂકવાના મુખ્ય ત્રણ હેતુ હોય છે. પહેલો હેતુ તેમનું ઉજ્જવલ ચારિત્ર્ય લોકોના હૃદયમાં ઉતારવું. બીજો હેતુ તેમના આદર્શ વિચારોને નિર્ભયતાથી જીવનમાં ઉતારવા માટે મનોબળ પ્રાપ્ત કરવું. ત્રીજો હેતુ દેશ અને કાળને અનુસરીને મહાપુરુષ કેવા પ્રકારના આત્મ વિશ્વાસથી બ્રહ્મ જ્ઞાન લોકોના હૃદયમાં ઉતારી લોકોનું કલ્યાણ કરે છે. આ તમામ હેતુઓનો વિચાર કરીને જ મહાપુરુષોનું જીવન ચરિત્ર જોવાય છે. મહાપુરુષોના જીવનમાં દેશકાળની છાપ પડેલી આપણને જણાય છે. જે દેશના લોકોનું જીવન જે રોગથી પીડિત છે તે રોગને ગુણકારી દવા વડે નષ્ટ કરવું પડે. કોઈ સમયે પગમાં ખૂપેલા કાંટો કાઢવા માટે કાંટાનો જ ઉપયોગ કરવો પડે.

સમાજ, સંસ્કૃતિ અને જીવનના આદર્શ હંમેશાં એક સરખા રહેતા નથી. તેમનામાં સમય અનુસાર સ્થિત્યંતર થતું હોય છે. તેમ છતાં આ પરિવર્તન પોતાનો મૂળ હેતુ કાયમ રાખીને જ થાય છે. પૃથ્વી પર અનેક મહાપુરુષ આજ પર્યંત થઈ ગયા. કોઈનું ક્ષેત્ર વિશાળ બની ગયું તો કોઈનું મર્યાદિત બન્યું. પોતાના ક્ષેત્ર અનુસાર લોકોનું કાર્ય ચાલુ જ રહે છે. "**बहुरत्ना वसुंधराम्।**" એક જ પરમેશ્વરથી આ બધાને શક્તિ પ્રાપ્ત થયેલી હોય છે પરંતુ લોક સમાજ, ભાષા ભેદ, રૂપ ભેદ અને દેશ ભેદ લક્ષમાં લઈ તેમને અવતાર, તીર્થંકર, ઋષિ, આચાર્ય, મહા પુરુષ, આદર્શ પુરુષ, મર્યાદા પુરુષ, સંત, મહાત્મા, યોગી એવા અનેક નામોથી ઓળખતા હોય છે. જે પ્રમાણે એક જ રોગ ઉપર ડૉક્ટર, વૈદ્ય, હકીમ અલગ અલગ પ્રકારોથી દવા આપે છે, હેતુ માત્ર એ જ હોય છે કે રોગનું નિવારણ થવું જોઈએ. તે પ્રમાણે જ બ્રહ્માનંદના, આત્માનુભૂતિના આનંદ માટે ભિન્ન ભિન્ન સંત પુરુષો અલગ અલગ પદ્ધતિથી એક જ તત્ત્વનો બોધ કરે છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પણ એવા જ એક પ્રભાવી મહાન સંત મહાત્મા થઈ ગયા. પંદરમા શતકમાં તેમના ઉપદેશથી અને તેમની સરળ પદ્ધતિથી જણાવેલ જ્ઞાનથી લોકો

પ્રભાવિત થયા. ગુજરાત, કચ્છ, મારવાડ, નેમાડ, ખાનદેશ આ જગ્યાએ બહુસંખ્યામાં અનુયાયી તેમને સદ્‌ગુરુ માનવા લાગ્યા અને તેમના પ્રયત્નોથી પ્રચલિત થયો મૂળ **'સનાતન સત્‌પંથ ધર્મ'.**

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું જીવન ચરિત્ર લખતી વખતે સામાજિક અને રાજકીય પરિવર્તન આ બંને વાતો પ્રત્યે ધ્યાન ખેંચાય છે, આ કાળમાં હિંદુસ્તાનમાં રાજકીય ક્ષેત્રે મુસલમાન સત્તાનું વર્ચસ્વ હતું. મુસલમાનોના પરધર્મ દ્વેષી ધોરણથી હિંદુ લોકોના ધાર્મિક જીવનમાં ઘણી જ ગુપ્તતા આવી હતી. હિંદુ દેવસ્થાનો અને ધાર્મિક સાહિત્ય આ બંને વાતો આ સમયમાં મુસલમાનોના જુલમી ધોરણથી છિન્નભિન્ન થયાં હતાં.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પંજાબ પ્રાંતના તેમના મૂલસ્થાનમાં તેમના પાલક પિતાના મૃત્યુ સમયે શપથ લીધી હતી કે, હું હરિનો અંશ છું અને હું ફક્ત હિંદુ અનુયાયી જ બનાવીશ અને આ પછીનું મારું આયુષ્ય હિંદુ ધર્માનુસાર જ ઉપદેશ કરવામાં વ્યતિત કરીશ. શ્રી ઈમામશાહ મહારાજના બધા જ અનુયાયી હિંદુ છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પર ફક્ત સદ્‌ગુરુ તરીકે જ તેમની અનન્ય શ્રદ્ધા છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું જીવન વૃત્તાંત જોતાં તેમના જીવનના બે ભાગ દૃષ્ટિમાં આવે છે. પ્રથમ ભાગ એટલે તેમની પિતાની હયાતીમાં પસાર થયેલ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહનું જીવન અને બીજો ભાગ એટલે તેમના પાલક પિતાના મૃત્યુ પછીનું સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું જીવન. આ બંને સમયમાં તેઓએ ઉપદેશ આપવાનું અને પોતાની દૈવી શક્તિના સહાયથી લોકોનાં દુઃખ દૂર કરવાનું જ કાર્ય કર્યું હતું. પરંતુ તેમના પાલક પિતાના મૃત્યુ પછી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આખર સુધી તેમના અનુયાયીઓના પોતે ગુરુ બનીને જ રહ્યા હતા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો સદ્‌ગુરુ તરીકે તેમના અનુયાયીઓએ સ્વીકાર કર્યો હતો.

મનુષ્ય જે જ્ઞાતિમાં જન્મે છે તે જ્ઞાતિ, તે લૌકિક ધર્મ, તે દેહને અનુસરી ચાલનારા રીત રિવાજો સર્વ સ્મશાન ઘાટ પર્યંત જ રહે છે અને ત્યાં જ તેનો લોપ થાય છે. આગળનો પ્રવાસ જીવાત્માને આ સર્વ વાતો ત્યાં જ છોડીને કરવો પડે. આ પ્રવાસ માટે જરૂરી ખોરાક સદ્‌ગુરુ પાસેથી મળે છે. એવા આ પવિત્ર સંબંધ પર સ્વાર્થી લોકો અંગત સ્વાર્થ માટે નાતજાતના અંચળા પહેરાવે છે. સંત પુરુષો તો જીવે છે ત્યારે જ સ્મશાનઘાટ ઓળંગી પાર થયેલા હોય છે એવા આ

તેજસ્વી પુરુષની છાયા નીચે આજ સાડા પાંચસો વર્ષોથી અનેક લોકોએ પોતાનું જીવન ધન્ય બનાવી દીધું છે.

પંજાબના ઉંચ મૂલસ્થાન શહેરમાં એક ગરીબ પણ સંસ્કારી અને જ્ઞાની બ્રહ્મનિષ્ઠ પરિવાર ઘણા જ સમયથી રહેતું હતું. તેમનું જીવન સદા કાળ ભગવાનની ભક્તિમાં જ વ્યતિત રહેતું. "બ્રહ્મ ક્રિયા જાણે સો બ્રાહ્મણ" આ ઉક્તિ અનુસાર આ જ્ઞાની બ્રહ્મનિષ્ઠ મહાપુરુષને ધર્મ તથા વેદ-શાસ્ત્રોનું બહુ જ સારું જ્ઞાન હતું. આખો દિવસ પરમાત્માની ભક્તિ કરવી અને લોકોને ધર્મોપદેશ આપી સન્માર્ગે લાવવાનું કામ તેમનું મુખ્ય હતું. તેમની ગણના વિદ્વાન પુરુષ તરીકે થતી હતી.

નિયતિના નિયમ કહો કે સર્જનહારની વ્યવસ્થા, પણ ઈતિહાસની સત્ય ઘટનાઓ સૂચવી જાય છે કે જ્યારે જ્યારે જે યુગમાં - ચારે દિશામાં અજ્ઞાન વ્યાપી જાય છે, ત્યારે ત્યારે અચૂક એવી કોઈ વિભૂતિ જન્મે છે, જે આ અજ્ઞાનના અંધકારને દૂર કરે છે અને સૌને માટે માર્ગદર્શક બને છે. રામાયણ અને મહાભારતના સમયમાં એવું બનેલું છે અને ત્યારે રામ અને કૃષ્ણ જેવી મહાન વિભૂતિઓએ જગતને નવી દિશા બતાવી છે. આવી વિરલ વિભૂતિઓનો પ્રભાવ યુગોના યુગો સુધી રહે છે. જે સત્યને સાચા સ્વરૂપે આત્મસાત્ કરે છે, તે જ માનવજાતને નવી દિશા બતાવી શકે છે.

આવા જ એક પવિત્ર મહાપુરુષનો જન્મ સં. ૧૫૧૧ ના સમયમાં આ બ્રહ્મનિષ્ઠ જ્ઞાની વેદશાસ્ત્રના જાણકાર વેદાંત, વિદ્વાન શ્રેષ્ઠ બ્રહ્મકુળમાં થયો હતો. આ મહાપુરુષના જન્મ સમયે તેમના પિતાને કુદરતી સંકેત થયો કે પરમાત્માની અમર જ્યોતિ તારા ઘરમાં પ્રગટ થઈ છે.

योग विभूति अवनीमे, प्रगटे शहर मुलतान ।
अमर ज्योति अविनाशकी, तेरे घर प्रगटाय ॥

આ દૈવી સંકેત અનુભવી આશ્ચર્યચકિત થયેલા પિતાએ જઈને દીકરાનું મુખારવિંદ જોયું. જીવનમાં કોઈપણ સમયે ન જોઈ હોય એવી દિવ્ય ક્રાંતિ અને તેજોમય મુખ જોતાં જ તેઓ પરમાનંદમાં લીન થઈ ગયા અને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા.

જન્મથી જ તેમનું દિવ્ય ક્રાંતિવાળું નિર્મળ પવિત્ર સ્વરૂપ દેખાતું હતું. તેમનું તેજ મહા

બ્રહ્મજ્ઞાની જેવું હતું. તેમનું મુખમંડલ તપસ્વી જેવું તેજસ્વી હતું. આવા તેજસ્વી દિવ્ય પુત્રરત્નની વાત સાંભળી ગામે ગામના લોકો તેમના દર્શન માટે આવવા લાગ્યા. કેટલાક ભાવિક લોકો તેમના દર્શનથી કૃતાર્થ થવાનું માનવા લાગ્યા.

આ બાળકના બ્રહ્મનિષ્ઠ પિતા પ્રખર વિદ્વાન હતા પરંતુ તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હતી અને તેમાંય ધાર્મિક વિટંબણાઓના કારણે તેમને શરીરમાં થયેલા વ્યાધિને લીધે તેઓ બાળકના જન્મ પછી થોડા દિવસમાં જ મૃત્યુ પામ્યા. બાળક અને તેની માતા નિરાધાર બની ગયાં. એક તો ગરીબ સામાન્ય સ્થિતિ અને તેમાંય નાનકડા બાળકનો ઉછેર અને પતિનો વિયોગ. તેમની આવી દારુણ વ્યથા જાણી બાજુમાં જ રહેતા એક સુખી સંસ્કારી મુસલમાન સદ્‌ગૃહસ્થે તેમને સધિયારો આપ્યો કે બહેન તમે ચિંતા ન કરો ! હું બેઠો છું, તમારું અને તમારા દીકરાનું પાલન - પોષણ હું કરીશ. આ સદ્‌ગૃહસ્થનો દિલાસો સાંભળી બાળકની માતાને થોડી સાંત્વના મળી, પણ મન પતિના વિયોગે સદાય ખિન્ન રહેતું હતું અને એ ચિંતામાંને ચિંતામાં તેમને પણ મહાવ્યાધિ લાગુ પડયો અને તેમને મૃત્યુ નજીક છે તેમ લાગવા માંડયું. તેમને બાળકની ચિંતા થવા લાગી કે મારા આ નાનકડા દીકરાનું શું થશે ? તેમનો જીવ કેમેય છૂટતો નહતો. આ પરિસ્થિતિ જોઈ બાજુમાં જ રહેતા એ મુસલમાન સદ્‌ગૃહસ્થે દિલાસો આપતાં કહ્યું કે બહેન; તમે ચિંતા ન કરો. તમારા બાળકનો ઉછેર હું કરીશ. બાળકની માતાને શાંતિ થઈ અને થોડા દિવસોમાં જ તેમને પણ દેહ ત્યાગ કર્યો. નાનકડો બાળક નિરાધાર બની ગયો. આ જગતમાં તેનું કોઈ જ નહોતું. પાડોશમાં રહેતા મુસલમાન સદ્‌ગૃહસ્થે તેમના પાલક પિતા તરીકે ઉછેર કરવાનો નિર્ધાર કર્યો.

તે સદ્‌ગૃહસ્થે બાળકનો પુત્ર તરીકે સ્વીકાર કર્યો તેથી તેના સત્તર દીકરાના બહોળા પરિવારમાં ખૂબ જ વિરોધ અને વિવાદ થયો. પરંતુ તે સદ્‌ગૃહસ્થે તેના પરિવારને સમજાવતાં કહ્યું કે; આપણો પરિવાર ઘણો જ મોટો છે અને તેમાં આ એક બાળકનો ઉછેર આપણને વિશેષ નહીં લાગે. દૂધમાં સાકર ભળે તેમ આપણા પરિવારમાં ભળી જશે અને તે આજકાલમાં મોટો થઈ પગભર થશે એટલે તે તેના સ્વ વિકાસમાં લાગી જશે. સમય સંજોગે આ નાનકડા બાળકનું નામ ઈમામશાહ રાખવામાં આવ્યું.

આમ જોત જોતામાં ચાર વર્ષ પૂરાં થયાં. બાળ ઈમામશાહના પાલક પિતાએ તેમને શાળામાં ભણવા મૂક્યા. બાળ ઈમામશાહને તો ચૌદ વિદ્યાનું જ્ઞાન અને આત્મજ્ઞાન જન્મથી જ

હતું. તેમના વિદ્વાન પિતાના સંસ્કારો તેમનામાં આવ્યા હતા જ. આખા જગતને જ્ઞાન આપનાર તેમને કોણ ભણાવી શકે ? પણ પાલક પિતાની આજ્ઞાનુસાર બાળ ઈમામશાહ નિશાળમાં ભણવા ગયા. સર્વ જ્ઞાન સંપન્ન જ જન્મ્યા હતા. તેમને શીખવાનું શું હોય ?

"સંત બીજ પલટે નહીં, જાય જુગ અનંત,
ઊંચ નીંચ ઘર જન્મ લે, આખર સંત કા હી સંત."

નિશાળમાં જઈ ભણવાને બદલે તેમણે અનેકનાં દુઃખ દૂર કરવાનાં કાર્યોનો પ્રારંભ કર્યો. માત્ર આઠ જ દિવસ નિશાળમાં ભણવા ગયા.

बालपनमे इमामको बहुरी दुःख मिटाय ।
जित देखे तीत दुःखिया, शहर मूलस्थान उठ धाय ॥

अंधेको लोचन दिये, बहिरे श्रवण सुनाय ।
निर्धनीयाको धन दिये, वंझा घर पलना झुलाय ॥

કોઈ અંધને દૃષ્ટિ આપી, કોઈ બહેરાને શ્રવણ શક્તિ આપી, કોઈ મૂંગાને વાચા આપી તો નિર્ધનને ધનવાન બનાવ્યા, કોઈ વંધ્યાને પુત્ર લાભ આપ્યો, એવા આ અદ્ભુત બાળકના પ્રભાવથી સર્વ મૂલસ્થાન શહેર તેમની પાછળ દુઃખ મીટાવવા દોડવા લાગ્યું.

એક વખત મૂલસ્થાનમાં રે, ફરતા પિતાને પુત્ર,
નગરની શોભા નિહાળતા રે, ત્યાં આવી સ્રી તુરત.

આવી ઊભી ગુરુ આગળ રે, બોલી સાંભળો મારી વાત,
પુત્ર મારાને નેત્ર નહિ રે, દુઃખી થાયે છે નાથ.

જન્મતાં તુરત અંધો થયો રે, ક્રિયા કરો યુગરાય,
શરણે આવેલો ઉગારજો રે, કરજો સેવકની સહાય.

સાંભળી સ્વામી બોલીયા, સાંભળ મારી વાત,
જન્મ અંધ તે કેમ ટળે, કરોડ કરે ઉપાય.

ઈમામશાહ મહારાજના પાલક પિતાએ આ દુઃખી બાઈને ઉત્તર આપ્યો કે જન્માંધ બાળકને કરોડો પ્રયત્ન કરવાથી પણ તેને દૃષ્ટિ આવશે નહીં. આ સંવાદ બાજુમાં ઊભા રહેલા

બાલ ઈમામશાહે સાંભળ્યો. તેઓએ પાલક પિતાને પૂછ્યું કે; ‘‘પિતાજી ! આ બેનને શું દુઃખ છે ? એ કેમ રડે છે ? તેની સાથે આ કોણ છોકરો છે ?’’ ત્યારે તે બહેન બોલી, ‘આ મારા છોકરાનું નામ ધનો છે. મારું નામ કેસરબાઈ છે અને હું જાતિથી ખત્રી છું, મુલતાનની રહેવાસી છું. મારો છોકરો બાલપણથી જ અંધ હોવાથી હું દુઃખી છું.’ ત્યારે બાલ ઈમામશાહ સહજ રીતે બોલ્યા; –

પુત્ર તારો આજ પોઢશે રે, રજનીયે જે વાર,
દિનકર સંગાથ ઉઠશે રે, ટળશે અંધ અવતાર.

ઘર ગઈ કામિની જ્યાંહ રે, પુત્ર લઈને સાથ,
રજની વીતી વાતમાં રે, થયો દિવસ પ્રભાત,
હરખી જોયું પુત્ર ને રે, નેત્ર થયા રે પ્રકાશ.

એવા પ્રકારના કાવ્ય પંક્તિમાંથી શ્રી ઈમામશાહનું ચરિત્ર અને તેમની દિવ્ય શક્તિનો પરિચય થાય છે. એક વખત મૂલસ્થાન શહેરમાં અમુક ‘યોગી’ લોક આવ્યા. તેમના સાંભળવામાં બાલ ઈમામશાહની કીર્તિ આવી હતી અને તેઓ આ દિવ્ય શક્તિધારી બાળકને મળવા આવ્યા. તેમને મનમાં થયું કે આપણે યોગીઓ જીવનભર યોગ સાધના કરીને હજી જે સાધ્ય કરી શક્યા નથી તે આ નાના બાળકને ઘેર બેઠાં સાધ્ય કેવી રીતે થાય ? એવો વિચાર કરતા યોગી લોકો આવી પહોંચ્યા.

એક સમે યોગી આવીયા રે, કરવાને સંવાદ,
બાળ વયમાં બાળનિધિ, બોલ્યા તેની રે સાથ.

યોગીને યોગ દેખાડીયા રે, ટાળ્યો તેમનો રે અંહકાર,
મુદ્રિકાઓ ઉતરાવીને રે, કર્યા સેવક તે વાર.

સંસાર વ્યવહાર જાણવા રે, કહ્યો કરીને વિસ્તાર,
યોગીએ સદ્ગુરુ ઓળખ્યા રે, નમ્યા ચરણ મોજાર.

આ યોગી લોકો સંઘ લઈ ચાલતા જતા હતા. તેમના સંઘમાં વિવિધ પ્રદેશના લોકો હતા. તેમને બાળ ઉંમરના શ્રી ઈમામશાહએ સર્વ પ્રકારની યોગક્રિયાઓનું દર્શન કરાવ્યું અને સંસાર

શું છે, જગત જગદીશ અને તેની માયા આ સર્વ વિસ્તારથી સમજાવ્યું. તેનાથી તે યોગી લોકોનો અહંકાર નષ્ટ થયો અને તેમને સત્ અને અસત્ વિવેકથી કેવી રીતે જાણવું એનું જ્ઞાન પ્રાપ્ત થયું, પોતાની મુદ્રિકા કાઢી તેમને અર્પણ કરી એટલે કે તેમને ગુરુ બનાવ્યા. એવા પ્રસંગો વારંવાર આવવા લાગ્યા. લોકો ઈમામશાહની પાછળ પાછળ ફરવા લાગ્યા. આ સમયે શ્રી ઈમામશાહની ઉંમર માત્ર આઠ વર્ષની જ હતી.

બાળ ઈમામશાહના પાલક પિતાનો અંતકાળ નજીક આવેલો જાણી તેઓએ વિચાર કર્યો કે શ્રી ઈમામશાહ બાળ ઉંમરનો હોવાથી અને મારા પર તેનો અત્યંત પ્રેમ હોવાથી મારા મૃત્યુનું દુઃખ તે સહન કરી શકશે નહીં એટલે તેને બીજા દેશમાં મોકલાવી દઉં તો લોકોને તેના જ્ઞાનોપદેશનો લાભ મળશે અને મારા મૃત્યુની તેને ખબર પડશે નહીં તેમજ તેને મારા મૃત્યુનું દુઃખ પણ લાગશે નહીં. તેથી તેઓ પોતાના લાડકવાયા પાલક પુત્રને ઉપદેશ આપી સમજાવવા લાગ્યા.

अविनाशीके अंशकी, पिदरको गम पाय ।
मानवको परबोधके, पियुसे दियो लगाय ॥

बाली उमरीया चल बसे, हाजरवीर निज संग ।
जनताके दुःख दूर करे, रखे भक्ति को रंग ॥

બેટા ઈમામ ! તારું પ્રાગટય લોક કલ્યાણ માટે છે અને તું આ એક જ ગામમાં બેસીને રહીશ તો લોક કલ્યાણનું મહાન કાર્ય કેવી રીતે સિદ્ધ થશે ?

પૂજ્ય પિતાજી બોલીયા, ગુરુજીને તે વાર,
ગુજરાત જાઓ વાલમા, કરવા યુગ ઓધાર.

પિતાનો આદેશ મળતાંની સાથે જ આજ્ઞાધારી શ્રી ઈમામશાહ મહારાજ મૂળ વતન છોડી બળદગાડીથી હાજરવીર સારથીને લઈ ચોવીસ મુલક ફરતા ફરતા ગુજરાત તરફ પ્રવાસમાં નીકળ્યા, રસ્તામાં જ્યાં જ્યાં રોકાણ કરવાનો વખત આવ્યો તે તે જગ્યાએ તેઓ જ્ઞાનોપદેશ કરવા લાગ્યા અને અનેક લોકો રસપૂર્વક તેમનો ઉપદેશ ગ્રહણ કરી સત્સંગ સાંભળવા લાગ્યા.

क्यों भूले हो बावरे, पियु से लगन लगाव ।
बेमूल अवशर जात है, फिर नहीं ऐसे दाव ॥

बडी कृपा है साई की, दियो मनुष्य अवतार ।
वे सांइ के नामको, कैसे भूले गँवार ॥

એવો ઉપદેશ આપી સત્સંગ કરતા કરતા તેઓ આગળ જતા હતા ત્યારે કશ્મોરા શહેરના નજીક કોટલી ગામે તેઓએ રોકાણ કર્યું હતું. આ બાજુ મૂલસ્થાન શહેરમાં ઈમામશાહના પાલક પિતાએ મહાપ્રયાણની તૈયારી કરી. પોતાનો પ્રિય પાલક પુત્ર દૂર ગયો હશે એવો વિચાર કરી તેઓએ પોતાનો દેહ છોડી દીધો. આ તરફ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ભાવિક લોકો સાથે સત્સંગ કરતા હતા ત્યારે એકાએક મૌન થઈ ગયા અને અંતર્મુખ થયા. તે પછી આંખો ખોલી એકાએક ઊભા થઈ બોલવા લાગ્યા :-

आधी रेन इमामशाह, बिलखत भये बेचैन ।
पितर मेरा चल बसे, बरखा टपके नैन ॥

अब तो मै जावन चहुं, दो सो कोस मूलस्थान ।
आवन खडे हो जाइये, आखीर किये एलान ॥

મારા પિતાજીએ દેહ છોડી દીધો છે. તેમના અંત કાળે હું તેમની સાથે રહી શક્યો નહીં અને ઈમામશાહની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. એકાએક ઊઠી બોલ્યા; હું હમણાં બસો કોસ દૂર રહેલા મૂલસ્થાન શહેર જાઉં છું. જેઓને મારી સાથે આવવું હોય તેઓ તૈયાર થાવ. કારણ સ્મશાનયાત્રા નીકળવાની છે અને તેમને લઈ જતાં પહેલાં મને ત્યાં પહોંચવું છે અને મારો જે હિસ્સો તેમની પાસેથી લેવાનો છે તે મને મળવો જોઈએ. ઘણા લોકોએ શ્રી ઈમામશાહ મહારાજનું આ રીતે બોલવું ગાંડપણ સમજ્યા. કારણ મધ્યરાત્રીનો સમય અને સ્મશાનયાત્રા નીકળવાની છે, તે સ્મશાનભૂમિમાં જતાં અને સમાધિ આપવામાં કેટલો સમય લાગે અને આટલો સમય બસો કોસ કેવી રીતે પહોંચાશે ? પરંતુ જે ભાવિક ગુરુભક્ત હતા તેઓ તાબડતોબ ઊઠીને તૈયાર થયા અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની પાસે આવી ઊભા રહ્યા.

મૂરખ મર્મ જાણે નહીં રે, કરે હાસ્ય વિનોદ,
જોવાને સહુ ઊભા રહ્યા રે, નર નારીનાં થોક.

કરતાયે કરામત દાખવી રે, રથ ઉડાડયો તે વાર,
સંગાથ આવ્યા જેટલા રે, લીધા તેટલા રે સાથ.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પોતાની દિવ્ય શક્તિથી આકાશ માર્ગે ભક્તોની સાથે બળદ ગાડીના રથ ઉડાડયો અને તેઓ પાલકપિતાની સ્મશાન યાત્રા પહેલાં જ મુલતાન શહેર પહોંચ્યા, ત્યારે ખરેખર જ સ્મશાન યાત્રા તેમને સામેથી આવતી મળી.

અટકાવી નનામી ઊભા રહ્યા રે, પાંતી લેવાને કાજ,
લોકે તે મનમાં વિચારીયું રે, આજ નહીં રહે લાજ.

લોકે જાણ્યું લજ્જા જાસે, ભૂંડું આ કહેવાય,
મડા પાસેથી શું મળે, મુવા જીવતા કંઈ થાય.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સ્મશાન યાત્રા થોભાવીને કહ્યું કે; પિતાજીના મૃતદેહને નીચે ઉતારો. મને પિતા પાસેથી મારો હિસ્સો માગવાનો બાકી રહેલો છે. લોકોને લાગ્યું કે આ કેવો મૂર્ખની માફક વર્તવા લાગ્યો છે, આ તો આપણી લાજ જશે અને મરેલા માણસ પાસેથી એને શું મળશે ? ઈમામશાહ મહારાજના અતિ આગ્રહથી તેઓએ મૃતદેહ નીચે મૂક્યો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પોતાના પિતાને ઘણા પ્રકારે વિનંતી કરી પોતાનો હિસ્સો માગવા લાગ્યા. સર્વ લોકો લૌકિક સંપત્તિનો હિસ્સો સમજી અને શ્રી ઈમામશાહને ગમે તેમ બોલવા લાગ્યા. મોટી મોટી જ્ઞાનની વાતો કરનાર ઈમામશાહ આવો તમાશો કેમ કરે છે ? સવા પ્રહર દિવસ ઉપર આવ્યો પણ શ્રી ઈમામશાહ પોતાની હઠ છોડતા ન હતા ત્યારે લોકો ઉપહાસથી બોલવા લાગ્યા.

बडे उपदेशक हो गये, लोगों को ज्ञान बताय ।
घरमें अंधियारा रहा, पर घर दिया जलाय ॥

छोटेमें बडी बात है, उपदेशककी रीत ।
ज्ञानीसे हिस्सा कहाँ, यही मूलस्थानकी रीत ॥

સર્વ મૂલસ્થાનના લોકો કહેવા લાગ્યા કે; આપણા મૂલસ્થાન શહેરમાં એવી રીત છે કે જે જ્ઞાની પુરુષ-ઉપદેશક હોય તેને સ્થાવર મિલકતમાં હિસ્સો મળી શકે જ નહીં. આ શબ્દો શ્રી ઈમામશાહ મહારાજને હૃદયમાં કટારની માફક ખૂંચી રહ્યા ત્યારે તેઓએ સર્વ બાંધવોને અને ગામના લોકોને કહ્યું; તમો જ્ઞાનનો મર્મ ન જાણીને જ્ઞાનના ઉપહાસની વાતો કરો છો.

ત્યારે ઓ મૂલસ્થાનીયાઓ સાંભળો ;-

मूलस्थानके बेनका, जख्म लगे ता दिन ।
हिंदवा को उपदेश दूं, मोमीन न मेरा समाज ॥

हिंदवा मेरा बनी रहे, मै हिंदवा का होई ।
मूलस्थानी तुम सुन लो, हिंदवा हम संगी होई ॥

અજ્ઞાની મૂલસ્થાનના લોકો શ્રી ઈમામશાહની દિવ્ય શક્તિને ન જાણતાં હીન શબ્દો બોલવા લાગ્યા એટલે જ્ઞાની સદ્‌ગુરુ ખિન્ન થઈ ગયા અને તેઓએ તે સમયથી મુસલમાન સમાજને ઉપદેશ ન આપવાની પ્રતિજ્ઞા કરી. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આ શબ્દોને મૃત્યુ પર્યંત વળગી રહ્યા. મુલતાની લોકોને આ પ્રતિજ્ઞા સાંભળી પશ્ચાત્તાપ થયો, પણ હવે શું થાય ? સવા પ્રહર દિવસ થઈ ગયો તેથી મૃતદેહ ઉપાડવાની શરૂઆત કરવા લાગ્યા પણ હજીયે શ્રી ઈમામશાહની વિનંતીનો હજી ચાલુ જ હતી, તે સમયે ચમત્કાર બન્યો. શ્રી ઈમામશાહના પાલક પિતાનો હાથ બહાર આવ્યો અને તેમને એક માળા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને આપી. છતાંય હજી તેમને સંતોષ ન થયો અને માગણી ચાલુ જ રાખી એટલે તેમના પાલક પિતાએ શ્રી ઈમામશાહની આજીજી સાંભળી તેમને સાકર આપી અને પછી દિવ્ય અવાજ સંભળાયો કે; "બાકી રહેલો હિસ્સો તને એક સંત પાસેથી મળશે તેથી તું કેકનગર જા."

સવા પહોર દહાડો ત્યાં ચડયો રે, પિતાએ કાઢયો ત્યાં હાથ,
માળા તે લઈ હાથમાં રે, જુએ સઘળો સાથ.

માળા આપી પુત્રને હાથમાં રે, માને નહીં રે મોરાર,
માળા તે ના હોય માહરી રે, વસ્તુ આપો દાતાર.

બીજી વારે હાથ કાઢીયો રે, સંદૂકમાંથી તે વાર,
સાકર આપી ત્યાં શોભતી રે, ગુરુ ઈમામને સાર.

અચરત સૌ ત્યાં પામીયા, આ તે શું કહેવાય,
મડદા જીવતા થઈ, લેવડ દેવડ થાય.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહની વિશેષ શક્તિ જોઈ સર્વ મૂલસ્થાનના લોકો પોતાના ઉદ્ધત વર્તનનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને તેમને વિનંતી કરવા લાગ્યા કે, અમોને ક્ષમા કરી આપની

પ્રતિજ્ઞા પાછી લઈ લો. પરંતુ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું કે; એક વખત વચન બોલાઈ ગયું હવે તે પાછું ન લેવાય. શ્રી ઈમામશાહ મહારાજ સાથે જે અનુયાયી આવ્યા હતા તેઓ પોતાના ગુરુની દૈવી શક્તિ જોઈ ઘણા જ આનંદીત થયા અને તેઓ શ્રી ઈમામશાહ મહારાજનો જય જયકાર કરવા લાગ્યા. તેમના હૃદયમાં હર્ષ ઊભરાઈ રહ્યો.

વળતાં ગોરજી ચાલીયા રે, કેકનગર મોઝાર,
દૈવી સંત એક ત્યાં રહે રે, અવિનાશીનો અવતાર.

બાકી હતી પાંતી જેટલી રે, દીધી અવિનાશે હાથ,
સરગ દેખાડીને મોકલ્યા રે, ગુજરાત દેશની વાટ.

થોડા જ દિવસોમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પિતાના આદેશ પ્રમાણે કેકનગર જવાની તૈયારી કરી. તે સમયે પ્રવાસ ઘણો જ કઠિન હતો. સાધનોની સુવિધા ન હોવાથી કેકનગર જવાનું તો અશક્ય જ હતું. એવી કઠિન પરિસ્થિતિમાં પણ શ્રી ઈમામશાહ કેવળ ચોત્રીસ દિવસમાં જ કેકનગર પહોંચી ગયા. ત્યાં ગયા બાદ તે મહાન દિવ્ય વિભૂતિ સંત તેમને જોઈને અત્યંત પ્રસન્ન થયા અને તે દિવ્ય અલૌકિક સંત પાસેથી શ્રી ઈમામશાહ મહારાજને ઘણી જ દૈવી શક્તિ પ્રાપ્ત થઈ. કેકનગરમાં આ મહાપુરુષ પાસે હતા ત્યારે શ્રી ઈમામશાહએ દૈવી શક્તિના પ્રતાપે આત્મ સાક્ષાત્કારથી સ્વર્ગની યાત્રા કરી હતી. તેઓ કેકનગર ગયા અને તેમને સ્વર્ગનું દર્શન થયું એવું ઘણી જગ્યાએ વાંચવા મળે છે. પંદર વર્ષની ઉંમરે તેમને દૈવી શક્તિ પ્રાપ્ત થઈ હતી.

આ પ્રવાસ પછી તેઓ વતન પંજાબ પાછા આવ્યા અને ત્યાં જ થોડા દિવસ રોકાણ કર્યું. તેમની દિવ્યતા અને બ્રહ્મકળાની કીર્તિ ચારે દિશામાં ફેલાઈ ગઈ. તે સમયે ત્રણ યોગી લોકો મૂલસ્થાન શહેરમાં આવ્યા. ત્યારે તેમને આ વાતની જાણ થઈ કે શ્રી ઈમામશાહ મહારાજ બ્રહ્મનિષ્ઠ દિવ્ય પુરુષ છે. તેમની ખાત્રી કરવા તેમને હાજરવીરને પૂછ્યું કે; શું ઈમામશાહ મહારાજમાં બ્રહ્મકળા છે ? જો તેમનામાં બ્રહ્મકળા હોય તો અમારે તેમને ધર્માદા રકમ આપવી છે.

ત્યારે હાજરવીરે કહ્યું; હા, શ્રી ઈમામશાહ મહારાજ બ્રહ્મનિષ્ઠ છે અને તમારે ખાત્રી કરવી હોય તો તમે જાતે જ કરી શકો છો. યોગી લોકો શ્રી ઈમામશાહ મહારાજ પાસે આવ્યા અને તેમને પોતાના મનની વાત કરી. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તે યોગી લોકોને કહ્યું;

નાથ ઈમામશાહ બોલીયા, બોલ્યા જોગી સાથ,
જોવું હોય તો જોઈ લો, મૂકો બીજી વાત.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે મોઢું ખોલતાંની સાથે જ એટલે કે તેમના મુખારવિંદથી નીકળતી અમૃતવાણી જેને યોગવાણી કહેવાય છે તે વાણી દ્વારા જોગી લોકોને ચૌદ ભુવન, ચંદ્ર, તારાઓ, તમામ બ્રહ્માંડ દેખાવા લાગ્યાં અને અનેક દૈવી શક્તિઓનું, બ્રહ્મ કળાનું દર્શન તેમને થવા લાગ્યું. આ દિવ્ય દર્શન અનુભવી તે લોકો અત્યંત હર્ષમય થયા. સન્માનથી દશવંત ત્યાં અર્પણ કરી તેઓ સંતોષથી સદ્‌ગુરુ તરીકેનો સ્વીકાર કરી પાછા ફર્યા.

તે પછી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સિંધુ નદીના કિનારે કિનારે ગુજરાત તરફ જવા લાગ્યા. રસ્તામાં 'જીવણ' નામનો એક નાવિક નૌકા વડે લોકોને નદી પાર કરાવતો હતો. તે દિવસે ત્યાં અચાનક તોફાન શરૂ થયું અને નૌકા ડૂબવા લાગી. જીવણે અનન્ય ભાવથી પોતાના સદ્‌ગુરુની મનોમન આરાધના શરૂ કરી. તે સમયે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પ્રત્યક્ષ તે જગ્યાએ હાજર થઈ પાણીમાં ડૂબતી નૌકાને નિર્વિઘ્ને સ્થિર કરી પછી પવનવેગથી ચલાવી સામેના કિનારે પહોંચાડી હતી.

પછી તેઓ આગળ પ્રવાસ કરતા કરતા 'જુણબદીના' આ ગામે આવી પહોંચ્યા. તેમની કીર્તિ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. તેથી તેમના શત્રુ પણ ઘણા થયા હતા. જુણબદીના આ ગામે આવ્યા બાદ ખોજા ધર્મસ્થાનના મદાંધ અને સત્તાંધ સ્વાર્થી લોકોને તેમની જાણ થઈ. ત્યારે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ગરીબનો વેશ ધારણ કરી ખોજાના ધર્મસ્થાનમાં પ્રવેશ કર્યો. અમુક ખોજાએ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને તચ્છ સમજી તેમનું અપમાન કર્યું.

ત્યારે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું; આ સર્વ બાહ્ય વાતો પ્રત્યે દુર્લક્ષ કરી એકબીજા તરફ પ્રેમ ભાવથી જોવાની દૃષ્ટિ રાખો. અભિમાન કરી વ્યવહારની રીત છોડી ખોટા માર્ગે ન જાવ. પરંતુ મદાંધ ખોજા લોકો કશું સમજી શક્યા નહીં અને તેમને ધર્મસ્થાનમાંથી બહાર કાઢવા લાગ્યા. તે ખોજા લોકોને ભય લાગ્યો કે તેઓ આપણી અહીંની ગાદી લઈ લેશે, પરંતુ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને તો ગુજરાત તરફ જવાનું હતું. સિવાય હિંદુમાં જ તેમના જ બનીને રહેવાના તેઓએ શપથ લીધેલા હતા. ખોજા લોકોનાં અભિમાન દૂર કરવા માટે તેઓ ત્યાં રોકાયા હતા, પરંતુ તે લોકોએ કંઈ પણ સાંભળ્યા વગર તેમને ભોજન પણ આપ્યું નહીં અને ઉલટાનું એક અસંસ્કારી માણસે તેમનાં ઉપર ત્રણ વખત લાકડીથી પ્રહાર કર્યો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને જરા પણ ક્રોધ આવ્યો નહીં. તેઓ અત્યંત શાંત અને પ્રસન્ન ચિત્તથી ત્યાંથી આગળ જવા ચાલવા લાગ્યા.

વિકાર રહિત છે નાથજી રે, સત્ બ્રહ્મ સ્વરૂપ,
દોષ તે દીલમાં નહીં ધરે રે, સુખ સાગર અનુપમ.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ વિકાર રહિત અને બ્રહ્મ સ્વરૂપ હોવાથી કોઈને પણ દોષ ન આપતાં આગળ ચાલવા લાગ્યા. ત્યારે રસ્તામાં એક પ્રેમજી ખોજા નામનો માણસ મળ્યો અને તે અત્યંત આદરથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને પોતાને ઘેર લઈ ગયો. પ્રેમથી તેમને ભોજન જમાડયું અને સદ્‌ગુરુના આશીર્વાદ મેળવ્યા.

ત્યાર પછી સદ્‌ગુરુએ ત્યાંથી આગળ જવા પ્રયાણ કર્યું. જતાં જતાં તેઓ ચિતોડગઢ ગામે આવ્યા અને ગામની બહાર એક વૃક્ષ નીચે બળદગાડી છોડી કરીને આરામ કરવા લાગ્યા. તે જ વખતે 'વેલર' નામનો એક રબારી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પાસે આવ્યો. સદ્‌ગુરુને જોઈ પ્રણામ કરી તેમના ચરણો પાસે બેઠો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમના ક્ષેમ કુશળના સમાચાર પૂછ્યા અને પરિવારમાં બાળકો કેટલાં છે તે પૂછ્યું. એવું પૂછતાંની સાથે જ તે રડવા લાગ્યો અને બોલ્યો; મારે ત્રણ સ્ત્રીઓ છે, છતાં પુત્ર વગરનો છું. ! રડી રડી તેનો કંઠ સૂકાઈ ગયો ! સદ્‌ગુરુજી તેમને સમજાવી બોલ્યા; :- વેલર, તું ચિતોડગઢ છોડી કુળ પરિવાર સાથે એસાવર રહેવા જા. પરમાત્માની કૃપાથી તારી પુત્રેચ્છા પૂર્ણ થશે.

ગોરજી મુખથી બોલીયા રે, સાંભળ વેલર વાત,
દુઃખ નિવારે દયા કરે રે, એવો જગતનો તાત.
સંકલ્પ વિકલ્પ ટાળજે, રાખજે મનમાં હામ,
પુત્ર સુખ તું પામશે, બોલ્યા સદ્‌ગુરુ શ્યામ.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના આશીર્વાદથી વેલર ખૂબ આનંદીત થઈ ગયો. તેના હરખનો પાર ન રહ્યો. તે રાજી થતો થતો ઘેર આવ્યો. પરિવારજનોને વાત કરી. સૌ આનંદ પામ્યાં. સદ્‌ગુરુના કહેવા પ્રમાણે તેમનું આખું કુટુંબ અને કુળ ચિતોડગઢ છોડી 'એસાવર' આ ગામે જઈ સ્થાઈ થયું અને વેલર રબારીને ત્યાં થોડા દિવસો પછી પુત્ર પ્રાપ્તિ થઈ. એસાવર ગામે વેલર રબારીનું આખું કુળ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજના વંશ પરંપરાગત અનુયાયી છે.

પછી સદ્‌ગુરુ હાજરવીર સાથે 'સિરોહી' આ ગામે રોક્યાનો ઉલ્લેખ મળે છે. તે પછી મારવાડમાંથી આગળ પ્રવાસ કરી દિલ્લીમાં આવી પહોંચ્યા. ત્યાં તેઓએ 'શાહદુલ્લા' આ મસ્જીદની બહાર મુકામ કર્યો. નમાજ પઢવા અનેક લોકો આવવા લાગ્યા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ માત્ર ધ્યાનસ્થ બેસી ઈશ ચિંતન કરતા હતા. કુતૂહલથી લોકો તેમની

પાસે આવી બોલ્યા; 'સાંઈ, આપ નમાજ કેમ પઢતા નથી ?' ત્યારે સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ નમ્રતાથી બોલ્યા; 'હું નમાજ પઢતો નથી. તમારો આગ્રહ હશે તો મારી જગ્યાએ આ મસ્જીદના મિનારાઓ નમાજ પઢશે.' અને ખરેખર મસ્જીદના મિનારા નીચે નમ્યા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ બોલ્યા; 'હું તો સર્વનો એક એવા પરમેશ્વર પ્રત્યે લીન છું. મારામાં ધર્મ ભેદ અથવા જાતિ ભેદ નથી. સંજોગવસાત્ હું અહીં આવી રોકાયો છું.'

इसी मिट्टीसे सारी दुनिया निपाया ।
इसीमे कौन हिंदु कोन मुसलमाना ॥

આ વાત દિલ્હી શહેરમાં પવનની માફક ફેલાઈ અને તે સમયના દિલ્હીના અફઘાન બાદશાહ 'બહલોલ લોદી'ને આ વાતની ખબર પડી. બાદશાહ ઉત્સુકતાથી તે મહાપુરુષનાં દર્શન કરવા આવ્યા. તેઓએ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને પ્રશ્ન કર્યો;

शहर दिल्लीमे आईया, बडे करामती शाह ।
साफ दिदार पेखने, आय खडे पादशाह ॥

बहलोल खान आयके, सांइको किन्ही सलाम ।
सांइ नमाज पढते नहीं, बुझो शुध्ध कलाम ॥

ત્યારે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પોતાની અમૃત તુલ્ય વાણીથી બોલ્યા;

पांच नमाज हृदयमे रहे, बाहर नमाज सोय ।
कहां हिंदु इस्लाम कहाँ, पीव खोजे सोही प्रवीण ॥

બાદશાહ બહલોલખાનને શાંત ચિત્તથી સાંભળી રહેલા જોઈ પુનઃ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ તેમને કહેવા લાગ્યા;

सायाको खोजत फिरे, पियरा तिहारी पास ।
बिलखत मृग फिरे बावरे, बन बन सुंधे घास ॥

सायाजी की गम नहीं, भूले हिंदवा दीन ।
व्रत आचरण में हिंदवा, रोझा नमाज मोमीन ॥

रेन दिन लागी रहे, साहिबसे इक तार ।
ऐसै साधु संतको, बहुरी मेरा जुहार ॥

बहलोल बुझी सांईको, झंझट छोड दो आन ।
नेक बातें इमानकी, बेहरी कबहु बखान ॥

એવો આ ઉચ્ચ કોટીનો સરળ ભાષાનો ઉપદેશ સાંભળી બહલોલખાન બાદશાહનું મન પ્રસન્ન થયું. તેઓ આદરથી સદ્‌ગુરુજીને બોલ્યા; 'મહારાજ' આપ આપની ખુશીથી મારા તરફની કંઈ પણ ભેટનો સ્વીકાર કરો, મને આનંદ થશે.

વળતાં તે બાદશાહ બોલીયા રે, માગો દયાળ,
જે રે વસ્તુ તમને ખપે રે, ખપે ગામ ગરાસ.

ત્યારે સદ્‌ગુરુ ઈમામશાહ બોલ્યા;

વળતાં ગુરુજી બોલીયા, શું કરું ગામ ગરાસ,
મુજને કાંઈ નવ ખપે, એક સાહેબની આશ.

હે બાદશાહ ! મને ગામ વગેરે કંઈ ભેટ નથી જોઈતી. તેને હું શું કરું ? મને ફક્ત પરબ્રહ્મ પરમાત્માના દર્શનમાં જ આનંદ છે, અન્ય લૌકિક વાતોની ઈચ્છા નથી. તેમ છતાં બાદશાહએ તેમને ખુશ થઈ પ્રવાસ માટે એક રથ જેવી નવી બળદગાડી આપી કહ્યું કે - અરે સાંઈ, તુમ તો હમારે લીયે સભી ઈમામોકા હી શાહ હૈ, ઈસ લીયે હમ આપકો "ઈમામશાહ" કે નામ સે સન્માનિત કરતે હુએ પદવીદાન દેતા હું. ત્યારથી સદ્‌ગુરુશ્રીનું ઈમામશાહ નામ જાહેર થયું.

દિલ્હીથી નીકળ્યા પછી સદ્‌ગુરુએ મધ્યપ્રદેશ તરફ પ્રયાણ કર્યું. તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ ધર્મનો ઉપદેશ આપતા આપતા ભોપાલ, ઈંદોર, નિમાડ, બરહાનપુર આવ્યા. ત્યાંથી ખાનદેશમાં તેમને ઘણા સ્થળે પ્રવાસ કરી ત્યાંના લોકોને ધર્મોપદેશ આપ્યો. પૂર્વ અને પશ્ચિમ ખાનદેશમાંથી પસાર થતા હતા તે દરમ્યાન તેમના ઘણા અનુયાયી શિષ્યો બન્યા. સદ્‌ગુરુની દિવ્ય શક્તિ અને જ્ઞાનોપદેશ સાંભળી ઘણા લોકો પ્રભાવિત થઈ તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરતા હતા. કેટલાક તેમનાં દર્શન માટે તો કેટલાક કેવળ કુતૂહલતાથી તેમના સાન્નિધ્યમાં આવતા હતા. તેમનાં દર્શન કરી જ્ઞાનોપદેશ સાંભળી પોતાના જીવનનું સાફલ્ય માનતા હતા. ખાનદેશમાંનો પ્રવાસ કરતી વખતનું વર્ણન સદ્‌ભક્ત શ્રી નાયાજીના પરમ શિષ્ય ગંગાસિંહ ગોહિલે કાવ્યરૂપથી કરેલું છે, તેમાંની અમુક સાખીઓ આપવામાં આવી છે. :-

दक्षिण देशमे विचरते, सोनगढ आये सांई ।
आये सद्‌गुरु जानके, सेवक बहोत धाई ।

लोगन के दुःख दूर करे, सांई कृपा बरसाय ।
रोग मिटाये जीवोका, छीन मे किये सुखदाय ॥

સોનગઢ વિભાગમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કીર્તિ રૂપી સુગંધ સર્વત્ર ફેલાવા લાગી. લોકો તેમનાં દર્શન માટે અને પોતાની લૌકિક આશા આકાંક્ષા તેમજ કૃપાશિર્વાદ પૂર્ણ કરવા માટે આવવા લાગ્યા. મહાપુરુષના સાનિધ્યમાં આવ્યા પછી તેમની સર્વ મનોકામનાઓ પૂર્ણ થતી હતી તેમજ તેની સાથે સાથે તેમની પારલૌકિક અને પારમાર્થિક આકાંક્ષા પણ પૂર્ણ થઈ જતી હતી.

सुखानन्दको सोनगढ, नैन दिखे गुरुदेव ।
धाम लाछोरा चल बसे, आये अवधू भेव ॥

લાછોરામાં -

लाछोरा पहूँचे गुरु, हो गये आनंदकंद ।
दरशन सांईका पायके, मिट गये दुःख द्वन्द्व ।

रक्तकोढी गजेश्वरी, ता घर पहूँचे जाय ।
कृपा बडी इमामकी, महारोग मिटाय ॥

ભક્ત વમરસ -

वमरस भक्त जना, उरमे छाय उमंग ।
सद्‌गुरु के चरणमें, लगे सवाया रंग ॥

वमरस धरकी दुविधा, छीनमे मिटो सांई ।
आनंद वाधे अति, सबही जीये सुखदाई ॥

ભક્ત સુરભાણ -

सुरभाणको सद्‌गुरुकी, मानो लागी लगन ।
निशदिन गुरु चरण में, सदा रहे मगन ॥

सुरभाणकी गति, कैसे बुजे अजाण ।
गुरु चरणमें लगे रहे, आठो जाम सुजान ॥

सत्गुरु बानी उचरे, धन्य सुरभाण अनुराग ।
आवागमन ताको नहीं, भव उबरे ही सुभाग ॥

खटमास गुरुदेवजी, रहे लाछोरा गाम ।
परहितकारी सांईया, चलने लगे बहुनाम ॥

મહારાષ્ટ્રના પ્રદેશમાં અને ખાસ કરીને સોનગઢ, લાછોરા વિભાગમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ઘણા દિવસ સુધી રહ્યાનો ઉલ્લેખ ઉપરના પદ પરથી જણાય છે. ત્યાંના ઘણા ગરીબ દુઃખી લોકોના દુઃખનું નિવારણ કરી તેમજ સદ્‌બોધ આપી તેમનું આત્મ કલ્યાણ કરતા હતા. સદ્‌ગુરુજી પછી દક્ષિણ તરફ જવા લાગ્યા, કોચરબ પ્રદેશમાં તેમનો નિઝામ સાથે નદી કિનારા પર એક પ્રસંગ બની ગયો અને નિઝામ પણ તેમનું તપ - પ્રભાવ અને તેજસ્વી વ્યક્તિત્વ જોઈ દિઙ્‌મૂઢ બની ગયો,

कोचरब जाने के लिये, सरिता तट आये गुरुदेव ।
निजाम कहे खडा रहो, किसविध होत अधिर ॥

रथ सहित गुरुदेवजी, जल पर चले प्रबिन ॥
लोगन सब देखत रहे, निजाम हुये मति हिन ॥

कोचरबमें गुरुदेवको, इक साल किये निवास ।
सुभागी कई जीवकी, पूरन किये गुरु आश ॥

આ પ્રકારની કોચરબ ગામની કથાનું વર્ણન છે. તેમાં સદ્‌ગુરુ મહારાજે નિઝામના ગર્વનું ખંડન કર્યું. તે પ્રદેશમાં સદ્‌ગુરુજી આશરે એક વર્ષ રહ્યા હતા. આ સમયમાં તેઓએ ઘણા ભક્તોનો ઉદ્ધાર કર્યો હતો. મહાત્મા પુરુષોની કીર્તિ રૂપી સુગંધ સર્વત્ર પવનવેગથી સંચાર કરતી જ રહે છે. વસ્તુતઃ મહાપુરુષ પ્રસિધ્ધિથી પરાઙ્‌મુખ (વિમુખ) રહે છે, પણ દુઃખી-પીડિત લોકો પોતાનો ભવતાપ મટાડવા માટે અનન્ય શ્રદ્ધાથી મહાપુરુષોના સંપર્કમાં આવે છે અને બંધન મુક્ત થતા હોય છે. એવા અનેક પીડિતોનાં દુઃખ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી મટી ગયાનાં પદમાં વર્ણન કરેલાં છે.

મોહન ભક્ત -

मोहनको सद्‌बोधसे, जगे हियामे हेत ।
ताही की गति को लिखे, उबरे कुल समेत ॥

લાસાજી ચમાર -

लासाजी चमारके, पूरन हुअे सब काज ।
कृपा बडी गुरु देवकी, भव उबरे सुख साज ॥

ઉદાજી પઢિયા -

साया मेरी कोन गत, शरण राखो गुरु सांई ।
उदाजी पढीयारको, गुरु दिखे गुण गंभीर ॥

ગાયિકા જયશ્રી -

तवायफको अकर्मसे, साहिब कियेरी नेक ।
बडी सुभागीन हो गई, जयश्री जुगमे नेक ॥

આ પ્રકારે અનેક સદ્‌ભક્તોને સદ્‌ધર્મનો રાહ બતાવી દુઃખીયાનાં દુઃખ દૂર કરી એક સ્થળેથી બીજા સ્થળે વિચરણ કરતા કરતા સદ્‌ગુરુએ દક્ષિણથી પશ્ચિમ સાગર કિનારા તરફ પ્રયાણ કર્યું, ત્યાં ડાંગ મુલકના અઘોરવનમાં કોળી જાતના મહા વિખ્યાત લૂંટારા 'નાયા' નો સમાગમ થયો. પોતાના તપના પ્રભાવથી તેઓએ તેમનામાં જીવનમાં પરિવર્તન લાવી તેને સન્માર્ગ પર લઈ આવ્યા. આ સર્વ વાતો 'સંત નાયાજી મહારાજ'ના ચરિત્રમાં સાંભળવા મળે છે. ત્યાંથી ફરતા ફરતા તેઓ ગુજરાતમાં આવી પહોંચ્યા. ગુજરાતમાં નવસારી, સુરત, કાનમ, ખંભાત, ભાવનગર, જુનાગઢ, રાજકોટથી વડોદરા અને ત્યાંથી પેટલાદ, દેવા વિભાગોમાં ગયા. માર્ગમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને અનેક પ્રસંગો સામે પ્રતિકાર કરવો પડયો હતો. અનેક જાતિના, અનેક સ્વભાવના લોકો સાથે તેમનો સંબંધ થયો હતો. રમજુ કસાઈ, ગોજારી આહિરણ, મનખાજી આહિર, ગાયિકા માયાવતી, બન્નાસિંહ હાડા, જંભાસિંહ, તુંવર મંડાસેન, જુગલ વણજારો, હિરજી નાવિક, સેજલદે, સવદાસ, મૌલાજાદા અલકીખાન, મલિકા હિરાબાઈ વગેરે અનેક લોકો સાથે તેમના મેળાપ થયા. બીજા ઘણા લોકો સાથે ધર્મ નીતિ બાબતે નિખાલસતાથી વિવેચનાત્મક વાતચીતો થતી તો ક્યાંક વાદવિવાદ પણ થતા. તેમજ

કેટલાયનાં અજ્ઞાન દૂર કરી તેમને જ્ઞાની બનાવ્યા. જેવી સામેની વ્યક્તિ હોય તેવો તેની સાથે વ્યવહાર વાતચીત કરી તે સર્વને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આશ્ચર્યચક્તિ કરી દેતા. આ સર્વ પ્રસંગોનું વર્ણન નાયાકાકાના પરમ શિષ્ય ગંગાસિંહ ગોહિલે સુંદર કાવ્યમાં કરેલું છે. સમાજના વિવિધ સ્તરના સ્ત્રીપુરુષો સાથે જેવો તેમની સાથે સંપર્ક આવ્યો તેવો જ અનેકાનેક સંત મહાત્મા પુરુષો સાથે પણ તેમનો મેળાપ થયો. ગોસ્વામી તુલસીદાસ, ચૈતન્ય મહાપ્રભુ, ગુરુ નાનક, મહાત્મા દાદુદયાળ, સંત સુરદાસ, સંત કબીર, સંત સાધ્વી મીરાંબાઈ તેમજ કેટલાક યોગી મહાત્મા સંતો સાથે તેમનો સત્‌સમાગમ થયો હતો. એક બ્રહ્મ રાક્ષસ-ખવીસનો પણ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ઉદ્ધાર કર્યો હતો.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો પ્રવાસ ઘણો જ થયો હતો અને તેમના ઉપદેશનું ક્ષેત્ર મોટે ભાગે ચોવીસે મુલકમાં રહ્યું હતું પણ તેમનું વાઙ્મય (સાહિત્ય) જે ઉપલબ્ધ છે તે વિશેષતઃ ગુજરાતી ભાષામાં જ છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મુખ્ય શિષ્ય કહીએ તો સંત હાજરવીર, સંત નાયાજી, સંત ભાભારામ, સંત સાધ્વી કીકીબાઈ અને સંત શાણાકાકા છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સંપર્કમાં આવી તેમનું મિલન કેવી રીતે બન્યું એનું સવિસ્તાર વર્ણન 'સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાંત' એ મરાઠી અને ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થયેલા પુસ્તકોમાં છે. ગીરમઠામાં આવ્યા પછી તેઓએ ધર્મ પ્રચારનો પ્રવાસ લગભગ પૂર્ણ કર્યો હતો અને ત્યાં નજીકમાં જ 'પીરાણા' સ્થાનકે નિવાસ કર્યો હતો.

ગીરમઠા :-

गीरमठामे देखिया, सप्त साल अकाल ।
रहम किऐ गुरु देवजी, सचमुच हुवे सुकाल ।।

मेहा आये धायके, हो गये जय जयकार ।
मेदनी आयी दोडके, पावे गुरु दीदार ।।

પટેલ પુત્ર સજીવન :-

ग्राम्य मुखीके पुत्र को, सद्‌गुरु दिये जीवाय ।
ताथे मेरा सांईको, घर घर लिखे महिमाय ।।

કુંવારીકા ક્ષેત્ર -

तीर फेंके गुरु देवने, कुंवारीका क्षेत्र मांय ।
कर्ण भेदाये केसरी, झुक कर हुऐ बिदाय ॥

સદ્‌ગુરુ સ્થાન -

स्थान बनाये साईको, स्वामीजी किये निवास ।
ताथे लोगन उचरे, यहाँ पीराणा खास ॥

પીરાણા -

सद्‌गुरु इमामकी कीरपासे, बसे पीराना धाम ।
सांईका निवास हुआ, लिखे पीराणा ग्राम ॥

વિ.સં. ૧૫૭૪ માં સમાધિ સ્થાન બનાવ્યું.

पंद्रहसे चुमाहतरमे समाधि स्थान स्थपाय ।
समाधि अपने हाथ से, साया को बनवाय ॥

परचा बहुत गुरुदेवका, कैसे लिखे अजान ।
जाको गुरु गम पाइया, ताको मिल गई ज्ञान ॥

વિ.સ. ૧૫૭૫માં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પૂર્ણ બ્રહ્મધામ પ્રતિ પ્રયાણ કર્યું.

नारायण के अंश से, प्रगटे सद्‌गुरु इमाम ।
पंद्रहसो पचहत्तरमें, पाया पूर्ण विराम ॥

અભિલાષા -

ज्योति जगी अविनाशकी, मानो पूर्ण प्रकाश ।
'गंगा' सद्‌गुरु इमामकी, अहर्निश कर हूं आश ॥

ગંગાસિંહનો વિનય -

बैठे रहुं गुरु चरणमे, चाहु दिदार सांई ।
गंगा की यह आरजु, मानो पावन युगराय ॥

सांया तुं मेरा बनी रहो, सुनो सद्‌गुरु इमाम ।
गंगा को अपनो लीखो, बिरद बडो बहुनाम ॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પીરાણામાં જ નિવાસ સ્થાન કર્યા પછી તેઓ ત્યાંથી જ ધર્મપ્રચાર અને અન્ય કાર્ય કરવા લાગ્યા. ઘણા યોગીઓ, મુનિઓ, વિચારવંત સમાજપ્રવર્તક લોકો ત્યાં આવી વિધ વિધ પ્રકારે ધાર્મિક ચર્ચા વિનિમય કરતા રહેતા. તે સર્વેનો આદર સત્કાર તેમની યોગ્યતાનુસાર કરી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અત્યંત લોકપ્રિય બન્યા હતા. તેમના જીવનમાંના મુખ્ય મુખ્ય પ્રસંગો સંત નાયાજીએ તેમના પરમ શિષ્ય ગંગાસિંહ ગોહિલને વર્ણન કરેલ તે ગંગાસિંહ ગોહિલે આલેખિત કરેલા છે, તેમાંના અમુક પ્રસંગ નીચે આપવામાં આવ્યા છે.

(૧) યોગી નિરંજનનાથ

सद्‌गुरु संग बैठ सुखसाजा, मध्यान्ह आय खडे योगीराजा ।
नाम निरंजननाथ बखाने, देख पावनधाम हरख उर ठाने ॥

बडे आदर सद्‌गुरु किन्हा, प्रेम प्रसाद योगी संग लीन्हा ।
योगी अभेद दिखे गुरु ज्ञानी, जात पात लिखे अज्ञानी ॥

એક વખત સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પીરાણામાં કેટલાક લોકો સાથે સત્સંગ કરતા હતા. બપોરનો સમય હતો, બરાબર એ જ સમયે એક યોગી પુરુષનું આગમન થયું. તેમનું નામ નિરંજનનાથ હતું. યોગી ખરેખર મહા પ્રભાવશાળી હતા. સદ્‌ગુરુએ અતિશય પ્રેમથી તેમનો આદર કર્યો. આતિથ્યધામમાં સાથે બેસી પ્રેમથી સહભોજન કર્યુ. યોગીની અભેદવૃત્તિ હતી. જાતિ કે વર્ણનો તેમની પાસે જરા પણ ભેદભાવ ન હોય એવા તે જ્ઞાની પુરુષ હતા. સદ્‌ગુરુએ તેમની સાથે બેસી ઘણા સમય સુધી સત્સંગ કર્યો. અમૃત રસપાન કરી બંને જણા ઘણા સમય સુધી ઈશ્વરી લીલાનું અને તેમની પ્રાપ્તિના વિષયે ચર્ચા ચિંતન કરતા બેઠા હતા ત્યારે આખરે સદ્‌ગુરુએ વિનયથી યોગીને પ્રશ્ન કર્યો;

योगीराज कैसे किन्ह दिदारा, महाशिवरात्री निमित्त गिरीनारा ।
दत्त प्रभुके दर्शन पै हो, योगीजन उर आनंद पै हौ ॥

सायाजी दीदार यहां पाये, योगी फिर गिरनार क्यों जावे ।
हस मुश्कराई सांइया बोले, अमर पुरुष आधिन अमोले ॥

યોગીરાજ ! અહીં આપનું આગમન થયું, આ તો અત્યંત આનંદની વાત છે, પણ આપ અચાનક કેવી રીતે અહીં આવી પહોંચ્યા ? કોઈ જગ્યાએ જવાની આપની તૈયારી છે કે કેમ ? કૃપા કરી આપના આગમનનું કારણ અમને જણાવશો ?

યોગી કહે : "મહારાજ, યોગીના આગમનનું કારણ એવું છે કે ગીરનાર તરફ જતો હતો. માર્ગમાં આપનું આ સ્થાન આવ્યું એટલે દર્શનની ઈચ્છાથી આપના ચરણ પાસે આવી પહોંચ્યો. આપના દર્શનથી ખરેખર હૃદયમાં અપાર આનંદ થયો. હવે ગીરનાર જવું છે, ત્યાં મહાશિવરાત્રીમાં સંત અને સિદ્ધોનો મહા મેળો થાય છે. ત્યાં ભગવાન દત્તાત્રેયનાં દર્શનનો લાભ મળી જાય તો જીવનમાં આનંદ આનંદ થઈ જાય તેથી ગીરનાર જવું છે. જો આપ અહીં જ તે મહાગુરુનાં દર્શન કરાવી આપો તો ગીરનાર જવાનું મુલત્વી રાખું."

યોગીના આ શબ્દ સાંભળતાની સાથે જ સદ્‌ગુરુ શ્રી મંદ મંદ હાસ્ય કરતાં બોલ્યા; - "યોગીરાજ ! આપ જે સિદ્ધ પુરુષ - મહા ગુરુ વિષે વાત કરો છો તે તો અમર પુરુષ કોઈના પણ આધીન નથી કે તેને ઘર બેઠા બોલાવી દર્શન કરી શકાય. તે અવિગતની ગતિનો કોઈ પણ પાર પામી શકશે નહીં, ત્યારે તેમને અહીં કેવી રીતે બોલાવી શકાય ? તેમનું દર્શન પ્રાપ્ત કરવા માટે યોગી લોકો ગિરિકંદરામાં એકાગ્રતાથી ધ્યાન મગ્ન બની વર્ષો પર્યંત ભક્તિ સાધના કરે છે, તો પણ તેમનાં દર્શન થઈ શકતાં નથી. એવા આ અવિગતને અહીં બોલાવવાનું આપણા માટે યોગ્ય નથી. એટલે હે યોગીરાજ, તે મહાપુરુષ અહીં કઈ રીતે આવી શકે ?"

महागुरु यहां कैसे आवे, साई सिध्ध कैसे दिखावे ।
बडे आनंद गिरनार जै हो, महागुरुका दर्शन पै हो ॥

झुक झुक योगी खडे हो गैया, तीन कदम अरूप हो वैया ।
गंगा सुनो यह गेबकी बाते, ता दिन योगी दिखे साक्षाते ॥

"યોગીરાજ, એવા મહાનયોગીનાં આપને દર્શન કરવાની ઈચ્છા થઈ તે ઘણા જ હર્ષની વાત છે. આપ આ મહાગુરુનાં દર્શન માટે અતિ આનંદથી અને પ્રેમથી ગીરનાર તરફ પ્રયાણ કરો. અનન્ય પ્રેમભાવથી તેમનાં દર્શન કરી સત્સંગનો અલભ્ય લાભ મેળવો." સદ્‌ગુરુએ યોગીરાજને એવું કહી તેમને ગીરનાર તરફ જવાની સલાહ આપી. યોગીરાજ નમ્રતાથી ઊભા થયા અને સદ્‌ગુરુ શ્રી

ઈમામશાહ મહરાજની પ્રેમથી રજા લઈ ત્રણ ડગલાં આગળ જઈ અંતર્ધાન થઈ ગયા.

સત્પુરુષ નાયાજી પોતાના પરમ શિષ્ય ગંગાસિંહને કહે કે; હે ગંગા ! આ તો અગમ્ય-ગૂઢ વાતો છે. યોગી પુરુષનાં પ્રત્યક્ષ પોતાની આંખોથી દર્શન કરવાં અને તેમની સાથે જ્ઞાન ચર્ચા વાર્તાલાપ કરવો અતિ દુર્લભ યોગ છે. જે યોગી હોય તેને જ એવી વાતો જાણવા મળે.

(૨) કાળદૂતો સાથે સંવાદ -

कहो गुरुजी कछु अमृतवाणी, स्वामी मुख बोले गुरुज्ञानी ।
सद्गुरु संग बैठे मध रैना, ता दिन आय कालकी सेना ॥

अति भयानक दिखे बिहाना, देखत ही दिल हो गई हाना ।
आये अझल देवदूतो दाना, कैसे आवन हुवे गुणवाना ॥

એક વખતની વાત છે. ગંગાસિંહ એમના ગુરુ સંત નાયાજી પાસે બેસી સત્સંગ કરતા હતા. ત્યારે ગંગાસિંહે સદ્‌ગુરુની લીલા વિષે અભિલાષા વ્યક્ત કરી.એટલે સંત શ્રી નાયાજી બોલ્યા; 'એક વખત સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સાથે પીરાણામાં બેઠો હતો. મધ્યરાત્રીનો સમય હતો. અચાનક આંખોને આંજી નાખે તેવો ઝગમગાટ સાથે તેજસ્વી પ્રકાશ થયો. તે પ્રકાશમાંથી કાળદૂતો પ્રગટ થઈ ઊભા રહ્યા. આ દૈવી દેવદૂતોને જોઈ ખરેખર હૃદય કંપાયમાન થઈ જતું હતું. એવું તેમનું ભયાનક વિકરાળ સ્વરૂપ હતું. સદ્‌ગુરુએ તેમનો આદરભાવ કરી શાંતિથી તેમના આવવાનું કારણ પૂછ્યું. ત્યારે તેઓએ શાંત ચિત્તે કહ્યું :-'

सायाजी तुमी कृपा समंदर, मरते जीवको बखानत सुंदर ।
सजीवन कही करत हो साया, चेतावन यहां हम आया ॥

परहित काहे लूभाई रहैया, मरत जीवकी छांडो बैया ।
ऐसा ढंग मत छांडे अंतरधाना, चाहे यहां से चलु दिलजाना ॥

'હે સાંયાજી ! આપ તો દયાના સાગર છો અને તેથી મૃત જીવાત્માઓને સજીવન કરી શકો છો. આ કાર્ય આપ બંધ કરો. એટલા માટે જ અમારે આપને અવગત કરાવવા અહીં આવવું પડયું છે. આપ તો હૃદયથી પરમાર્થનાં કાર્ય કરો છો પરંતુ અમારું તમને એ કહેવાનું છે કે આ મૃત

જીવાત્માઓને તેમની કર્મની ગતિ પર છોડી દો અને આપ જે પ્રમાણે શાંતિથી બેઠા છો તેવી જ રીતે નિર્લેપ થઈને રહો.



સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અને કાળદૂતોનો સંવાદ

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ બોલ્યાઃ 'હે દેવદૂતો, આપ જે કહો છો તે કદાચ સાચું હશે પણ મારાથી તેમ થઈ શકે એવું નથી. સાધુ પોતાની સાધુતા (પરપીડા હરણ કરવાનું વ્રત) છોડવા તૈયાર ન થાય. બને તો આ દુનિયા છોડીને જવાનો આદેશ થાય તો તે સ્વીકારવા હું આનંદથી તૈયાર છું, પરંતુ સાધુતાનો ત્યાગ કરી શકીશ નહીં.

आपही अपना कर्म बखानो, हम ही सदा रहे दिलजानो ।
नेक नाम इन्सान कहैया, ताके पीराणा सांई बुझैया ॥

'જ્યાં સુધી અમે આ ધરતી પર છીએ ત્યાં સુધી દીનજનોનાં દુઃખ દૂર કરવા તત્પર રહીશું. એવા દુઃખીજનોનાં દુઃખ પોતાનાં જાણી તેમનાં રક્ષણ કરવાની જવાબદારી અમારા

શિર પર છે. સંતો પરહિત માટે જન્મ લે છે. તેઓ પરપીડા મટાડવાની પોતાની યોગશક્તિનો ક્યારેય ત્યાગ કરી શકે નહીં. જે રીતે આપ આપનું કાર્ય કરી રહ્યા છો તે પ્રમાણે જ અમોને અમારું કાર્ય કરવા દો. જ્યાં સુધી આ ધરતી પર રહેવાનું છે, ત્યાં સુધી દુઃખીતોનું દુઃખ દૂર કરવાનું પવિત્ર કર્તવ્ય હું છોડી શકીશ નહીં.' સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સ્પષ્ટ શબ્દોમાં સમજાવી દીધું. કાળદૂતો પૂર્ણતાથી તેમનો આશય સમજી ગયા. અત્યંત આનંદથી તેઓ બોલ્યા; -

सुनो गंगा यही नैन दिखैया, सद्‌गुरु इमामका जलवा पेखैया ।
जहां मे आयके परहित पेखो, औरनकी शकित आपमे देखो ॥

સદ્‌ગુરુજી ! આપને આ સત્યનો માર્ગ દેખાય છે તેથી આપ બીજાઓના દુઃખથી પીડિત થાવ છો. કેટલાકને તો આ માર્ગ પણ દેખાતો નથી. કારણ કે તેઓ પોતાના સ્વાર્થ માટે જ જીવન જીવે છે. આપ સત્યના ઉપાસક છો તો સદાય આ જ પવિત્ર માર્ગમાં રહો.' એવું બોલી નમસ્કાર કરી કાળદૂતો અદ્રશ્ય થઈ ગયા.

ગંગાજી ! આ પ્રસંગ તો સદ્‌ગુરુજીની સાથે બેસી આ આંખોથી અમે નજરોનજર નિહાળ્યો છે. તે દિવસે સદ્‌ગુરુની દિવ્ય શક્તિની મને ખબર પડી અને સમજમાં આવ્યું કે આ દુનિયામાં આવ્યા છીએ તો પરદુઃખ જાણી તેમનું દુઃખ દૂર કરવું. બીજાનું દુઃખ પોતાનું સમજી તેમના દુઃખમાં સહભાગી થવું.

(૩) ફકીર જુમ્માશાહ -

एक दिन आये फकीरा ज्ञानी, जुम्माशाह नाम बखानी ।
झुक झुक सद्‌गुरु संग बिठैया, उलट बाते अंतरकी कहैया ॥

सांयाजी हम खोजत हरि, दिखे नहीं कभी पीव पिया रे ।
कैसे दिदारा सांईका होवे, कहो सद्‌गुरु साई बीगोवे ॥

એક દિવસ એક ફકીર આવ્યો, તેનું નામ જુમ્માશાહ. તે ફકીર શ્રી સદ્‌ગુરુના ચરણ પાસે નમી વિનયથી નીચે બેઠો અને શાંતિથી પોતાના મનની વાતો કહેવા લાગ્યો.

'હે સાંઈ ! કેટલાંય વર્ષો વીતી ગયાં અમે શોધી શોધીને થાકી ગયા પરંતુ હજી સુધી ખુદાનાં

દર્શન થયાં નથી. કૃપા કરી કહો કે ખુદાનાં દર્શન કયા ઉપાયથી થઈ શકે ? મારા જીવનનો તો અંતિમ સમય આવ્યો, પરંતુ ખુદાએ હજુ સુધી આ ગરીબ દીનદાસને દર્શન આપવાની કૃપા કરી નથી. આ દુનિયાનો (સંસારનો) ત્યાગ કર્યો પણ દિલાવર મળ્યો નહિ. મને લાગે છે કે મે નાહકનો આ ફકીર વેશ ધારણ કર્યો છે.'

जीक्र बिना नहीं पावे सांई, बंदगी ताहिकी लीजो बनाई ।
पल एक सांईसे लग रहे नैना, आय मिले सच कहू बैना ॥

सांयाजीकी इक है बानी, जीक्र राह भूल गये नादानी ।
ताथे जहां बहुरी भटकाये, आज सद्‌गुरुसे गम पाये ॥

'હે ફકીર ! પણ તમે સાચા હૃદયથી ભગવાન સાથે પ્રીત કરી જ નથી. જ્યાં ત્યાં ભગવાનને શોધવામાં જ સમય ગુમાવ્યો છે. ભગવાનની એક નિષ્ઠાથી ભક્તિ કર્યા સિવાય ક્યારેય દર્શન થઈ શકશે નહીં. તમે એકાગ્રતાથી તેની ભક્તિ કરો એટલે તે પરમાત્મા એક દિવસ જરૂર આવીને મળશે. પળે પળે તમે સાચા હૃદયથી ભગવાનના ધ્યાનમાં જ રહો અને જ્યારે ભગવાનની સાથે એકરૂપતા થશે ત્યારે જરૂર દર્શન થશે. એમ તો મારો સ્વામી તમારાથી કંઈ દૂર નથી, તમારા હૃદયમાંજ બિરાજમાન છે.'

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ફકીરને સત્ય ઘટના કહી. તે સાંભળી ફકીરે પોતાની ભૂલ કબૂલ કરી અને બોલ્યો; -

'હે સાંઈયા; આપ જે કાંઈપણ કહો છે તે સત્ય છે. આજ પર્યંત હું ભક્તિનો માર્ગ ભૂલી ગયો હતો અને તેથી આ દુનિયામાં ઘણું રખડયો, કોઈપણ જગ્યાએ સુખ કે શાંતિ મળી નથી. ફકીર થયો પણ દુનિયાની માયામાંથી પર થઈ શક્યો નહીં અને સત્યનો માર્ગ ભૂલી જે કરવું જોઈએ તે કરી શક્યો નહીં. એ જ ભૂલમાં આખું આયુષ્ય નિષ્ફળ ગયું, હવે સમજ આવી પણ ઘણું મોડું થઈ ગયું. હવે આપના પવિત્ર શરણે આવ્યો છું. આપની કૃપાથી હું સત્યના માર્ગ પર આવ્યો. આ રસ્તો ભૂલેલા ફકીરને સમજણ આપી આપ સત્યના રાહે લાવ્યા છો.'

मोहे कृपा कीजो स्वामी, ताथे जीक्र बनी रहे सांई ।
जीक्र तुमीसे ऐसी बनैया, सच मुच जलवा तुम्है पैया ॥

चले सांई उर जीक्र बखाने, जल्वा ताहिको मिले दिल जाने ।
गंगा सद्‌गुरु संग दिखैया, भाग्य ताहिको दर्शन पैया ।।

'હે સ્વામી ! મારા પર દયા કરો અને ગમે તેમ કરીને ખુદાવંતની બંદગી થઈ શકે એવી આરઝુ કરો.'

સદ્‌ગુરુએ ફકીરને આશીર્વાદ આપતાં કહ્યું; - 'હે ફકીર ! જ્યારે તમારામાં ભગવંત પ્રાપ્તિની જેવી ઉત્કંઠ ભાવના પ્રગટ થશે કે તરત જ તે પરમ પાવન પરમાત્મા દર્શન આપશે. તમો જેનાં દર્શન કરવા આતુર થયા છો તે પરમાત્માનો જાગૃત ચમત્કાર જોવાનો યોગ વહેલી તકે આપને પ્રાપ્ત થશે.

ફકીર જુમ્માશાહ સદ્‌ગુરુના આશીર્વાદ લઈ પાછો ગયો અને તન-મનથી ખુદાવંતની ભક્તિ-સેવામાં લાગી ગયો. તેની અભિલાષા પરિપૂર્ણ થઈ અને ભગવાનની અસીમ કૃપા તેના પર થઈ. તેને સાક્ષાત્ પરમાત્માના સ્વરૂપનું દર્શન થયું. જુમ્માશાહ ખરેખર ધન્ય બન્યો.

હે ગંગાજી ! સદ્‌ગુરુના સંગમાં બેસી પ્રભુ મિલનનો આ મંગલ પ્રસંગ જોવાનો યોગ મળી ગયો. આ તો જેનું નસીબ જાગૃત હોય તેને જ દર્શન કરવાનો યોગ પ્રાપ્ત થાય છે. બીજું તો આ દુનિયામાં ભૂલા પડેલા ઘણાય અન્યત્ર ભટકતા હોય છે એમાં કોઈ સંદેહ નથી

(૪) ગંગાસિંહ ગોહિલ પર સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કરુણા -

चितोडगढसे नायाजी चेताये, गंगासिंह गोहिलको जगाये ।
दिये उपदेश हरि स्मरण करै हो, दरशन चाहे गुजरातमे जैहो ।।

स्नेही सुभागी खोजत आये, कुकसमे गुरु दर्शन पाये ।
सद्‌गुरु संग गुरु महिमा जाने, ताथे दरशन हित हो शाहे ।।

સંત નાયાજી મહારાજ પાવન સત્પંથ ધર્મ ઉપદેશ કરતા કરતા જ્યારે ચિત્તોડગઢ ગયા હતા તે સમયે તેઓએ ગંગાસિંહ ગોહિલને ઉપદેશ કરી જાગૃત કર્યા હતા. પછી તેમને હરિસ્મરણનો ઉપદેશ આપી જ્યારે પાછા ફરતા હતા ત્યારે ગંગાસિંહ પૂછ્યું કે; 'હે ગુરુદેવ ! ફરી આપનું દર્શન ક્યારે થશે ?' ત્યારે સંત નાયાજીએ કહ્યું; 'બાળક ! જ્યારે તારા હૃદયમાં દર્શનની ભાવના પ્રકટ થાય ત્યારે ગુજરાતમાં આવજે. તને સદ્‌ગુરુનાં દર્શન પ્રાપ્ત થશે અને તારા સર્વ મનોરથ

પૂર્ણ થશે.' એવું કહી તેઓ ચિતોડગઢથી ગુજરાત તરફ પાછા ફર્યા.

કેટલાક વર્ષો પછી તે ભાગ્યશાળી રાજપૂતનું ભાગ્ય જાગૃત થયું. તેના હૃદયમાં સદ્‌ગુરુશ્રીનાં દર્શનની ભાવના જાગૃત થઈ અને તેઓ ચિતોડગઢથી ગુજરાતમાં આવ્યા. ફરતા ફરતા કુકસના સંત ધામમાં આવ્યા. તેમને ગુરુનાં દર્શન થયાં. તે સમયે ગુરુ સંત નાયાજી મહારાજે પોતાના સદ્‌ગુરુના મહિમાનું વર્ણન કર્યું ત્યારે ગંગાસિંહના હૃદયમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના દર્શનની અભિલાષા જાગૃત થઈ. પછી સંત મહારાજના આશીર્વાદ લઈ તેઓ પીરાણામાં આવ્યા.

सद्‌गुरु इमाम के पाय दिदारा, गंगा बैठा सद्‌गुरु स्मरणा ।
बैठे रैन सुमीरे गुरु गोसाईया, आधी रेन आये गुण गंभीरा ॥

पाय दिदार ताहीको पै हो, गंगाजी गुरुचरण ग्रहै हो ।
सांयाजी मै परम सुभागा, सुफल भये मेरा अनुरागा ॥

ગંગાસિંહ પીરાણામાં આવ્યા અને પૂર્ણ ભાવથી સદ્‌ગુરુના દર્શન માટે સદ્‌ગુરુશ્રીના ધ્યાનમાં બેસી ગયા. સાચા પ્રેમથી દર્શનની લાગણી હતી. બરાબર મધ્ય રાત્રે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું પ્રાગટ્ય થયું અને તેઓએ ગંગાસિંહને દર્શન આપ્યાં. તે ભાગ્યશાળી સદ્‌ભક્તે સદ્‌ગુરુનાં ચરણ પકડયાં અને બોલ્યા; 'હે નાથ ! મારો અનુરાગ (પ્રેમ) સાચો હતો, તેથી આપનાં દર્શન થયાં. હું ખરેખર આજ ભાગ્યશાળી બની ગયો.'

प्रगट मोहे मिल गये अंतरधाना, मिट गये मेरा आवागमाना ।
दयानिधि मोपे किरपा करै हो, गुरु लीलामृत दीनको दै हो ॥

चाहत सोही तोहे मिली जावे, गंगा तोहे सब कुछ पावे ।
आशिष दिन्ह गुरु कृपानिधाना, छीनमे ही गये अंतरधाना ॥

'મને પ્રગટ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનાં દર્શન થયાં. મારો આવાગમનનો ફેરો મટી ગયો. હે દયાનિધિ ! તમે મારા પર કરુણા કરી, મને આપના વિશુદ્ધ લીલામૃતનું દાન આપો, જેથી મારા આત્માનું કલ્યાણ થાય.' એવી રીતે ગંગાસિંહએ સદ્‌ગુરુને પોતાના પવિત્ર ચારિત્રનું દાન

માગ્યું. તેની આ અલૌકિક યાચનાથી પ્રસન્ન થઈ સદ્દગુરુને પણ આશ્ચર્ય થયું. વિસ્મય થઈ તેઓ બોલ્યા; 'ગંગાસિંહ ! તું તારા ગુરુની તન, મન, પ્રાણથી સેવા કર, તને જે જોઈશે તે તેમના કૃપા પ્રસાદથી પ્રાપ્ત થશે.' એવું બોલી તેના શિર પર પોતાનો વરદ હસ્ત મૂકી આશીર્વાદ આપી સદ્દગુરુ અંતર્ધાન થઈ ગયા.

आनंद उरमे अधिक छवाये, हरख भरे गुरुके घर आये ।
नायाजी मुख दर्शन देखी, गुरुजी मेरी गती सब पेखी ॥

पीव पाया गंगाधर आया, धन्य हो मेरी सफल कमाया ।
सद्‌गुरु लीलामृत मागा, धन्य धन्य तेरो अनुरागा ॥

ગંગાસિંહના હૃદયમાં અપાર આનંદ થયો. તેઓ સદ્દગુરુનાં દર્શનથી ધન્ય બની ગયા હતા. જે કાર્ય માટે આવ્યા હતા તે કાર્ય સિધ્ધ થવાથી ફેરો સફળ થયો હતો. પછી તેમણે તેમના ગુરુજીના ધામ પ્રતિ જવાની તૈયારી કરી. તીર્થાટન કરતા કરતા ગુરુના ધામ કુકસમાં આવી પહોંચ્યા. ગુરુ નાયાજી મહારાજ તેમનું હસતું મુખ નિરખી સમજી ગયા કે ગંગાજીને જે જોઈતું હતું તે પ્રાપ્ત કરીને આવ્યા છે. તેઓ બોલ્યાઃ 'ગંગાજી, આજે તારો જન્મારો સાર્થક થયો, તે બીજું કંઈ ન માગી સદ્દગુરુ પાસે લીલામૃત માગ્યું તે પરથી તારો પ્રેમ ખરેખર ધન્યવાદને પાત્ર છે.' ગુરુ સંત નાયાજીએ મુક્ત કંઠેથી તેને આશીર્વાદ આપ્યા. તે સાંભળી ગંગાસિંહ બોલ્યા; -

गुरुजी पूरण करो अभिलाषा, गुरु लीलामृत पीवनकी आशा ।
समय पाय अमीरस पैहो, गंगा तोहे सुखशांति मिलै हो ॥

'ગુરુદેવ મને તો સદ્દગુરુ લીલામૃતના પાવન ચરિત્રનું શ્રવણ પાન કરવાનું છે. મને આ સદ્દગુરુલીલા સંભળાવો.' ગંગાસિંહ વિનંતી કરવા લાગ્યા.

'ગંગાસિંહ, તારી આ ઈચ્છા જરૂર પૂર્ણ થશે. અનુકૂળ સમય આવશે ત્યારે તારી આ સદ્દગુરુ લીલામૃત શ્રવણની અભિલાષા હું તૃપ્ત કરીશ, તે યોગે તારા હૃદયમાં સુખ અને શાંતિ પ્રાપ્ત થશે.' એવું કહી ગુરુશ્રી નાયાજીએ ગંગાસિંહને દઢ આશ્વાસન આપ્યું.

(૫) માનસીંગજી મહિડાની શંકાનું સમાધાન -

महीकांठासे मानसंग आये, महिडा मुखसे वेन सुनाये ।
साया लोग कहे सुखबानी, इमामसे मन मिली हो ज्ञानी ॥

મહી કાંઠાથી માનસંગજી મહિડા નામના રાજપૂત સદ્‌ગુરુશ્રીના દર્શન માટે આવ્યા. વિનયથી શિર નમાવી ગુરુ ચરણ પાસે બેઠા. ત્યાર પછી થોડીવારે હળવેકથી અંતઃકરણની વેદના વ્યક્ત કરતાં બોલ્યા; 'સ્વામીજી ! આપના વિષે લોકોમાં એવું સંભળાય છે કે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ માત્ર હિંદુઓને જ શિષ્ય બનાવી તેમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે, શું તે વાત સાચી છે ?'

'માનસીંગજી ! આપ જે વાત કરો છો તે બરાબર છે. હું મુસલમાનને શિષ્ય બનાવતો જ નથી, માત્ર હિન્દુઓને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપી શિષ્ય બનાવું છું.' એમ સદ્‌ગુરુ બોલ્યા.

हम तो नामसे नाता बखाने, चाहे कोउ माने नहीं माने ।
सद्‌गुरु सांईको साच बखाना, मानसंग बुझे गुणवाना ॥

योगामृत गुरुकी बानी, समझ लहे कोई विरला ज्ञानी ।
नाया गुरुके यही उपदेशा, नाम सुमी रे कटे भव कलेशा ॥

અમે તો પરમાત્માના નામ સાથે સ્નેહ બાંધનારા છીએ. અમે એ જ ઉપદેશ આપીએ છીએ કે તમે પણ ભગવાનના નામ સાથે તમારો સંબંધ જોડો. અમારો આ ઉપદેશ ભલે કોઈને પસંદ ન પડે. તેઓ માને કે ન માને પરંતુ જે ખરું છે, જે સત્ય છે તેનો જ અમે ઉપદેશ કરેલો છે. માનસંગજી, જે ગુણવાન હોય તે સમજી શકે. યોગીઓની અમૃતવાણી જ્ઞાનીજન જ સમજે છે. બીજાને તેમાં અભિરૂચી હોતી નથી.

સદ્‌ગુરુનો ઉપદેશ શાંત ચિત્તથી શ્રવણ કરી માનસંગજીના મનની શંકાનું સમાધાન થયું પછી સદ્‌ગુરુને નમન કરી ત્યાંથી નીકળી ગયા.

સંત નાયાજી કહે છે કે; ગુરુનો ઉપદેશ એ જ છે કે, તમે ઊઠતાં, બેસતાં, ઊંઘતાં, ખાતાં, પીતાં, કામ કરતાં કરતાં ભગવાનનું નામ સ્મરણ ક્યારે ય ભૂલતા નહીં. ભગવંત સાથે નામ સ્મરણ વડે સંબંધ જોડો, તો આ ભવસાગરના દારૂણ દુઃખમાંથી તમારો છૂટકારો થશે.

(૬) સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો દરબાર -

नैन दिखे सद्‌गुरु दरबारा, मांगा मै जावुं बलिहारा ।
सांयाके दरबारमे सब कोई आवे, सुनी उपदेश विमल हो जावे ॥

बडे योगी मुनि गुणावाना, आय खडे गुरुधाम निधाना ।
साहिब सबका करे सन्माना, योगी जन लगे दिलजाना ॥

સંત નાયાજી મહારાજ કહે; સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના દરબારને જોઈ આંખોથી જોઈ હું ધન્ય બની જતો. હે ગંગાજી, હું પોતે પણ આશ્ચર્યચકિત થઈ જતો એ પ્રકારનો તે દરબાર ખરેખર અવર્ણનીય હતો., મુસલમાન સિવાય તમામ ધર્મના, સમગ્ર વર્ણના લોકો આવી સદ્‌ગુરુની સન્મુખ બેસી અમૃત તુલ્ય ઉપદેશ સાંભળી શુદ્ધ અંતઃકરણથી પવિત્ર બની જતા હતા. મોટા મોટા યોગીજન, મુનિવર સૌ આવતા હતા અને સદ્‌ગુરુના ધામ પર શાંતિથી બેસી સત્સંગ શ્રવણ કરી પછી વિદાય થતા હતા. સદ્‌ગુરુ મહારાજ અતિથિ, અભ્યાગતોનું સ્વાગત-સન્માન કરતા હતા તેથી સૌ યોગીજનોને સદ્‌ગુરુ પ્રિય લાગતા હતા, કારણ કે તેમના મનમાં પૂર્ણ અનુરાગ ભાવ હતો. સૌ અંતઃકરણથી સદ્‌ગુરુ ઉપર પ્રેમ કરતા હતા.

कितने योगी आयके गैया, याद रही ओर बाते भुलैया ।
सुनो योगी कुछ नाम बखानी, अडबंगनाथ योगी गुणगानी ॥

सतानंद अरु रसिकनाथा, जान्हवीदास अरु मकरनाथा ।
हारितनाथ दिगंबर दासा, बहुरी योगी जन आये आवाशा ॥

સદ્‌ગુરુના ધામમાં એવા તો કેટલાક યોગીઓ, મુનિગણો આવી ગયા. તેમનાં નામોની યાદ પણ હવે ભૂલાઈ ગઈ છે, તેમ છતાં જે નામો યાદ છે તેમાંથી યોગી અડબંગનાથ મહાન હતા. તેમજ યોગી સતાનંદજી, યોગી રસિકનાથજી, યોગી જાન્હવીદાસજી, યોગી મકરનાથજી, યોગી હારિતનાથજી, યોગી દિગંબરદાસજી એવા કેટલાય સત્ પુરુષો-મહાન યોગેશ્વરો સંત ધામ પર આવી ગયા અને તેમના સત્સંગની અનેરી ઝલક દેખાતી હતી. તેમનાં પરમ પાવન ચરિત્રો શ્રવણ કરતાંની સાથે જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના

હૃદયમાં અપરિમિત આંનદ થતો હતો અને હર્ષાશ્રુ આવી જતાં.

ज्ञानी जन बैठे उमंगा, लगे मोज पावे सत्संगा ।
जात बरन कछु भेदा नहीं, साहिब जात अजात लिखही ॥

सबसे लिखावे एक निमाई, नाम जपो मुखसे मेरे भाई ।
जीक्र बखानो जीक्र बखानो, जीक्र बिना तुम सब ही अजानो ॥

જ્ઞાની પુરુષો અતિ ઉમળકાથી આવીને બેસતા અને સંત સમાગમની મોજ અનુભવી પ્રેમમાં મગ્ન થઈ જતા. ત્યાં નાત જાતનું કોઈ બંધન ન હતું. ઈશ્વર અજાત છે. તેના ઘેર કોઈ ઊંચ કે નીચ નથી, કોઈ નાના કે મોટા નથી. કેવળ એક જ વાત મહાન છે કે 'પ્રેમથી ઈશ્વરનું સ્મરણ' કરો. આનાથી કોઈ બીજી વાત મહાન નથી. સર્વ ઉપાધિઓનો ત્યાગ કરી ઈશ્વરની નિર્મલ શુદ્ધ અંતઃકરણથી ભક્તિ કરો. તે સિવાય ક્યારેય તમારો ઉદ્ધાર થઈ શકશે નહીં. ઈશ્વરની પ્રેમ ભક્તિ સિવાય ખરેખર તમે જીવનની બાજી હારી જશો. તેથી વાદ વિવાદ, તર્ક વિતર્ક છોડી ભક્તિ કરો. આત્મ કલ્યાણની ચિંતા રાખો. સાચી એ વાત છે કે ભગવાન સાથે અજાણ બની કદી રહેવું નહીં. તેને નિત્ય જાણો અને માણો.

मेरे सांइ को जीक्र पियारी, जीक्रसे तुमी रख लो यारी ।
आतुर चेत सजाग बनाया, गाफिल नर खस्ता खूब खाया ॥

भवाटवीमे भटकत भूंडे, जीवन जीवे लबाड अरु लूंडे ।
सत्‌की राह जाहिको पाई, ताकी मानो सुफल कमाई ॥

મારા સ્વામીને ભક્તિ જ પ્રિય છે. તેથી તમને વારંવાર કહું છું કે, આ માયાની ચિંતા મૂકી ભક્તિ સાથે સ્નેહ કરો. તેના પર અપરંપાર પ્રીતિ કરો. ચતુર-સમજદાર માણસ આટલી જ વાત પરથી જાગૃત થઈ ચેતન બની જાય છે પરંતુ જેઓ ગાફેલ રહે છે તેઓ તો અનેક ખત્તા ખાઈ ખાઈને લાખ ચોર્યાસીમાં ભટકતા જ રહે છે અને જેઓએ આ સત્યનો માર્ગ સ્વીકારેલો હોય છે અને તે અનુસાર જે કર્મ કરે છે તેનાં જન્મ મરણ સફળ થાય છે. આ સંસારમાં આવીને આવા લોકો સદાય સફળ થાય છે તેમાં જરાય મીનમેખ નથી એમ સમજવું.

मानुष तन दुर्लभ पावा, बेर जन्म नहि आवा ।
ज्ञानी जन यही गति बखाने, अज्ञानी शिर कटे अभिमाने ॥

बडे फकिरा मौलवी आये, काजी उलेमा सांयाको पिछनाये ।
जाले उर मे जगे बडाई, ताथे दूर रहे पवित्र गोसाई ॥

આ માનવ દેહ ઘણો જ દુર્લભ છે. તે વારંવાર મળી શકતો નથી. જ્ઞાની પુરુષ આ વાતને જાણતા હોય છે પરંતુ જે અજ્ઞાની છે તે પોતાના અભિમાનની વાતો આગળ ધરે છે. એવા અભિમાનની વાતો કરનારા બધા નરકમાં જ જાય છે.

नथ्थन जोगी अरु हुबलसेना, ताको इलम दिखे नीज नैना ।
आखिर सांइके आगे झुकैया, जूठे इलम ता दिन तजैया ॥

કેટલાક તો એવા પણ આવ્યા કે જેમને પોતાના વશીકરણ મંત્ર (શક્તિ) પર પૂર્ણ વિશ્વાસ હતો અને તે બળ પર તેઓ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કસોટી કરવાનો ઉદ્દેશ રાખી સદ્‌ગુરુની સામે આવ્યા. પોતાના મંત્ર બળનો ઉપયોગ પણ કર્યો પરંતુ જ્યાં પવિત્ર સાંયાજી બિરાજમાન છે ત્યાં આ ચરપટ ચેટક મંત્રોનું બળ શું ચાલે ? છતાં પણ પોતાની વિદ્યાબળના અભિમાનથી જે આગળ આવ્યા તેમાં નથ્થન જોગી, હુબલસેન વગેરે મુખ્ય હતા. તેઓ અતિ જોરમાં આવી સદ્‌ગુરુ મહારાજ પર પોતાની ચમત્કારી વિદ્યાનો પ્રયોગ કરવા લાગ્યા, પરંતુ સદ્‌ગુરુ પર તેમની વિદ્યાની કોઈ અસર થતી નહોતી. ઘણા પ્રયત્ન કરી જોયા પછી પણ ઉપાય લાગતો નહતો. પછી સૌ કોઈપોતાની અસફળતા જોઈ લજ્જિત બની ગયા. દીનતાથી તે સૌ સદ્‌ગુરુના ચરણમાં પડી ગયા અને જીવનમાં ફરી આવું મલિન કામ કરશે નહીં એવા શપથ લઈ સદ્‌ગુરુદેવના શુદ્ધ સેવક બની ગયા. પછી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સાન્નિધ્યમાં રહી તેમની અગમ્ય ભક્તિનું જ્ઞાન ગ્રહણ કરી નિરાભિમાની થઈ ચરણામૃત લઈ પાવન થયા.

परचा बहुत गुरु देव सांयाके, कोन लिखे अरु कोन कहा के ।
जीसके गम गुरुकी आवे, लीलामृत सोही जन पावे ॥

संत सांयाका यही दरबारा, ताकी कैसे लह हूं पारा ।
नायाजी विमल यश गावे, गंगा गुरु चरण सुख पावे ॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સત્ ચારિત્ર્યનો પાર લઈ શકાય તેમ નથી. તેમજ કોઈ પણ તેમની યથાર્થ નોંધ કરી શકે તેમ નથી. કોણ ક્યાંથી આવ્યા અને તેનું કામ અસફળ બન્યું છે એવો તેમના ધામમાં એક પણ દાખલો બન્યો નથી. જેમની પાસે ગુરુગમ છે તે તમામનું કાર્ય સદ્‌ગુરુની અસીમ કૃપાથી સફળ થયું જ છે. એ તો દિવ્ય સંતનો દરબાર હતો તેનો અંત કોઈ પામી શકે નહીં. શ્રી નાયાજી શુદ્ધ અંતઃકરણથી શ્રી સદ્‌ગુરુનું યશોગાન ગાઈ રહ્યા છે. એ જ રીતે ગંગાજી સદ્‌ગુરુ ચરણમાં લીન થઈ સાચી શાંતિનો અનુભવ કરી રહ્યા છે. સદ્‌ગુરુ ચરણ સમાન અખંડ સુખનો સ્વાદ કોઈ પણ જગ્યાએ પ્રાપ્ત થઈ શક્તો નથી.

(૭) સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અને સુલતાન મહેમુદ બેગડો

एक दिन शाह महेमुद आये, बैठे सांयाको शिर झुकाये ।
कहोजी कैसे आवन हुआ, हमरे मनका संशय खुवा ॥

सांयाजी पूछुं एक बाते, दीन को देख क्यों मुंह फिराते ।
हिंदवाको मुरीद बनावो, दीन से ऐसो काहे अभावो ॥

એક દિવસ સદ્‌ગુરુના ધામમાં અમદાવાદથી સુલતાન મહેમુદ બેગડાનું આગમન થયું. સદ્‌ગુરુજીના ચરણમાં નમન કરી સુલતાન નીચે બેઠા. સદ્‌ગુરુએ પૂછ્યું; 'પાદશાહ ! આપનું આગમન કયા કારણથી થયું ? એ જણાવો તો મારા મનનો સંશય દૂર થાય.'

સુલતાન બોલ્યા; 'સાંયાજી ! આપને એક પ્રશ્ન પૂછવાનો છે. તે એવો છે કે, આપ 'દીન' ના બંદા માટે મોઢું કેમ ફેરવો છો ? હિંદુને જ ફક્ત શિષ્ય બનાવો છો અને મુસલમાનોને નજીક બેસાડતા પણ નથી. મને તો આ વાત બહુ ખટકે છે. આપના હૃદયમાં 'દીન' ના બંદા માટે એવો અભાવ કેમ ઉત્પન્ન થાય છે ?'

असली बात हो गइ मूलस्थाना, ता दिन प्रतिज्ञा कीनी दिलजाना ।
मे हिंदवाका होई रहवुं, मोमिनको मुरीद नाही बनाउ ॥

सुनो शाह प्रतिज्ञा मेरी, ताको कबहु न भंग हुवेरी ।
सांया आपनी राह चलैया, शाह काहे को पूछन ऐया ॥

સદ્ગુરુ ઈમામશાહ મહારાજ કહે : સુલતાનજી, સાચી વાત એવી છે કે અમારા મૂળ વતનમાં મેં પ્રતિજ્ઞા કરેલી હતી કે ક્યારેય પણ મુસલમાનોને શિષ્ય બનાવીશ નહીં, કેવળ હિંદુ જ મારા શિષ્ય બનશે. હું હિંદુને જ ઉપદેશ કરીશ. પ્રતિજ્ઞાનું હું પાલન કરી રહ્યો છું. મારી આ પ્રતિજ્ઞા ક્યારેય ભંગ થશે નહીં. પરંતુ સુલતાનજી આપણને આ બાબતમાં શું તકલીફ પડી છે ? સંત પોતાના સ્વ માર્ગ પર જઈ રહ્યા હોય તો તેને આપ આ અંગે ઊંડાણમાં કેમ પૂછી રહ્યા છો ?

सारे शहरमे चर्चा होवे, नाम आपका बहुरी बीगोये ।
शोचा यह कैसी है बानी, जाई बुझे सांई गुणजानी ॥

ताथे सांई कदमोमे आये, पूछे बात अरुभेद बुझाये ।
सांयाजी कुछ रहम करै हो, दीन से मुंह कबहु न फिरैयो ॥

સુલતાન મહેમુદ બોલ્યા; 'હે સાંયાજી ! આખા શહેરમાં એક જ વાત થાય છે અને લોકો આપના નામને કલંક લગાડી રહ્યા છે. જ્યારથી મેં આપની નિંદા સાંભળી ત્યારથી હૃદયમાં એક વ્યથા ઉત્પન્ન થઈ કે આ કેવો અપપ્રચાર છે ! શ્રી ઈમામશાહ સાહેબ વિષે લોકો આ કેમ નિંદાસ્પદ અપપ્રચાર કરી રહ્યા છે ! જ્યાં સુધી સાચી હકીકતની જાણ સમજમાં આવે નહીં ત્યાં સુધી મન સ્વસ્થ બની શકે નહીં, તેથી આપની પાસે આવ્યો છું. સાચી વાત સમજી લઈશ એટલે મારા મનની શંકા દૂર થશે. શાહ સાહેબ ! મારી આપને એક પ્રાર્થના છે કે આપ 'દીન' સામેથી મોઢું ફેરવશો નહીં. આટલી કૃપા તો જરૂર કરવી જ પડશે.

पातशाह लगेरी अचरज बानी, दीनसे न्यारे नहीं अजानी ।
फिरभी मुरीद दीनको नहीं चाहु, माथे मेरी लगे तौ बाहु ॥

कया करे हम शबदके मारे, सांया जिस मुख उचारे ।
आखिर दम तक याद रखैयो, हिंदवा मेरा मे हिंदवा कहैयो ॥

સદ્ગુરુ કહે : ' પાદશાહ ! આપ જે બોલી રહ્યા છો તે પરથી મને આશ્ચર્ય થઈ રહ્યું છે કે, આપ આ શું કહી રહ્યા છો. મે 'દીન' થી મોઢું ફેરવેલું નથી. આપ કહો છો કે હું દીનથી

અલગ બની વર્તન કરું છું, આ બરાબર નથી. હા, એક વાત માત્ર ચોક્કસ છે કે મેં 'દીનજનોને' એટલે કે મુસલમાનોને શિષ્ય બનાવવા માટે સાફ ઈન્કાર કર્યો છે અને તેથી જ મારી નિંદા કરતા હશે, તેમજ 'દીન' ના લોકો મને કિન્નાખોર તરીકે માનતા હોય તો તે તેમની ભૂલ છે. એક સમયથી હું વચનબદ્ધ થયેલો છું. હું મારી વાણીને માન આપનારો છું, કારણકે વાણી વારંવાર બદલવી ન જોઈએ. શબ્દ એ બ્રહ્મ છે, તે શબ્દનું પાલન કરવું મારું કર્તવ્ય છે. ભલે સર્વ 'દીન' મારા વિરૂદ્ધ થાય તો પણ મારો શબ્દ બ્રહ્મ છે. તે મારું રક્ષણ કરશે. કારણ મેં તેનું યથાર્થતાથી પાલન કર્યું છે. અંતિમ શ્વાસ સુધી હું તેનું પાલન કરીશ. હિંદુ મારા છે અને હું હિંદુઓનો છું એવું તેઓ કેમ માનતા નથી ! તેમને કદાચ મારા વિચારની ખબર ન હોય તો તેને મારો વિચાર જણાવો. મારો નિશ્ચય લેશ માત્ર બદલાશે નહીં. 'દીન' સામે મારો જરા પણ વાંધો નથી.

मतवाला बनी रहो सांई, मोहे लगे नहि लेश जुदाई ।
लोगनको जैसी दरशाये, समझ पाय सोही बाते बताये ॥

हम तो सांई दिखे प्रकाशा, कायम कदमोमे रह हुं हजुरा ।
मिलन सांई शांती पाई, गंगाको गुरु ज्ञान लिखाई ॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું આ સ્પષ્ટ વચન શ્રવણ કરતાંની સાથે જ સુલતાનને ખરી શાંતિ થઈ. તેમના હૃદયમાં જે કંઈ સંશય હતો તે હવે મટી ગયો અને તેમને સંતોષ થયો. તેઓ બોલ્યા; 'હે સાંઈ ! આપ નિર્ભય રહી આત્માનંદમાં નિમગ્ન થઈ રહો. મને તો આપના વિરોધી લોકો જે આપની નિંદા કરતા હતા તે સાંભળી સહન થતું ન હતું, તેથી સત્ય જાણવા માટે જ હું આવ્યો હતો. મારા મનમાં સંતોષ થયો છે. આપનું કાર્ય પ્રેમથી ચાલું રાખો. વિરોધીઓની શક્તિ આપને હેરાન કરી શકવાની સ્થિતિ સુધી આવી નહીં શકે અને તેમને આટલી સમજ પણ આવી નહીં શકે. તેઓ ભલે ગમે તે પ્રકારની વાતો કરે પણ શાહ સાહેબ ! મને ખરેખર આપનું દિવ્ય તેજસ્વી - ક્રાંતિ સ્વરૂપ જોઈ આપના ચરણથી દૂર જવાનું મન થતું જ નથી. હંમેશાં આપના ચરણ પાસે જ નમી રહું એવી મને ભાવના થાય છે. આપને મળવાથી મારા હૃદયમાં સાચી શાંતિ પ્રાપ્ત થઈ છે. મારા હૃદયમાં જે એક અણસમજનો અંશ હતો તે હવે તદ્દન નીકળી ગયો છે.' એવું કહી વિનયથી નમીને પાદશાહ મહેમુદ પાછા ફર્યા. આ પ્રસંગનું વર્ણન કરતી વખતે સંત નાયાજીના પટ્ટશિષ્ય ગંગાસિંહ

ગોહિલ કહે છે કે આ પ્રસંગ મને મારા ગુરુ શ્રી નાયાજીએ કથન કરેલ છે અને તે આધારે જ હું તે પ્રસંગનું વર્ણન કરું છું.

(૮) સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અને સંત નિર્વાણ સાહેબનો સમાગમ -

સંત નિર્વાણ સાહેબ મારવાડના જાયલ ગુરુદ્વારાથી વિ.સ. ૧૫૩૭ માં સુરત ખાતે આવ્યા. સુરતના નવાબી મહાલય સામેના મેદાનમાં પોતાનું વિશાલ સ્થાન બનાવ્યું. આ મહાપુરુષે અનેક પ્રકારના ધાર્મિક પ્રહારો અને આક્રમણોનો સામનો કરી પ્રતિકાર કર્યો અને જગતના કલ્યાણ માટે શાંતિની સ્થાપના કરી.

सांई संतनकी दिदारसे, लगी निरवाणको प्रीत ।
बडे समदर्शी साध जो, रखे संतनकी रीत ।।
- निर्वाण चरित्र प्रकाश.

સંત, યોગી, સાંઈ, ફકીરોનાં દર્શનના નિર્વાણ સાહેબ અનુરાગી હતા. તે માટે તેમના દર્શન માટે તેઓ દૂર દૂર પર્યંત દેશાટન કરી મહાપુરુષોનો સમાગમ પ્રાપ્ત કરતા હતા. સદ્‌ગુરુના મંગલ મિલનની નોંધ પ્રાપ્ત થઈ છે તે જગ્યાના પાવન પ્રસંગમાંથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સાથે તેમનો સમાગમ થયો તે પ્રસંગનું વર્ણન કરેલ છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું તેમના મૂળ વતન મૂલસ્થાન તરફથી ગુજરાતમાં જ્યારે આગમન થયું. ત્યારે ગુજરાતમાં આવ્યા બાદ અમદાવાદના સુલતાન મહેમુદ બેગડાએ તેમની કસોટી કરી. અસલ સોનાની માફક આ મહાપુરુષને જનતાને ઓળખી લીધા અને તેના પ્રભાવની સુગંધ ચારે બાજુ ફેલાવા લાગી.

मूलस्थानसे आइया, सद्‌गुरु इमामशाह ।
सोही साधुताके ढंग से, लोगनको बडो चाह ।।

ऐसे संत दीदार के, बडे आशिक निर्बान ।
अमदावादमें शाहसे, मिलन हुए दिलजान ।।

સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ

સંત નિર્વાણ સાહેબ અમદાવાદ આવ્યા ત્યારે પ્રથમ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના દર્શનની ઉત્કંઠા જાગી. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના વિચારો અને આચાર શુદ્ધિની પવિત્રતા જાણી તેમજ તેમની જ્ઞાન આપવાની વિશિષ્ઠ રીત જાણી લોકો તેમને યોગી મહાપુરુષ સંત તરીકે જ ઓળખતા હતા. તેમના આ સદ્‌ગુણના કારણે નિર્વાણ સાહેબ તેમનાં દર્શન માટે પીરાણા આવ્યા. ઉચ્ચ કોટીના મહાપુરુષોનું મંગલ મિલન થયું.

सोबत बैठे साधकी, उरमे बडी उमंग ।
सद्‌गुरु शाह इमामको, रखे जीक्रको रंग ।।

परहित पेखे सांइया, आये भोम गुजरात ।
साहिबको मत भूलीयो, भगती करो दिन रात ।।

संत अपने ढंगमे, साधु रहो मस्तान ।
दोनो जीक्र बखानते, साहिबको दिलजान ।।

જેઓએ એકાગ્રતાથી ભગવાનની ભક્તિ કરી હતી, અતિ પ્રેમથી ભગવાન સાથે ઓતપ્રોત થઈ ગયા હતા એવા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને મળવા માટે અત્યંત ભાવપૂર્ણ અંતઃકરણથી સંત નિર્વાણ સાહેબ આવ્યા હતા. આગુંતક પ્રભાવી સંત પુરુષના આગમનથી સદ્‌ગુરુ પણ ખૂબ જ આનંદીત થયા હતા. પૂજનીય મહાપુરુષો અત્યંત પ્રેમથી અને આનંદથી એક સાથે બેઠા. સદ્‌ગુરુ શ્રી મહારાજ પરહિત કરતા કરતા પરોપકાર માટે જ યાત્રા કરી ગુજરાતમાં આવ્યા હતા અનેલોકોને ઉપદેશ આપતા હતા કે ઈશ્વરને ક્યારેય ભૂલશો નહીં. રાત દિવસ તેમનું નામ સ્મરણ અને ભક્તિ કરો તેવું જગતને જણાવતા હતા. આ રીતે સદ્‌ગુરુ ઉપદેશ કરતા હતા. નિર્વાણ સાહેબ પણ સદ્‌ગુરુની જેમ જ એવો જ ઉપદેશ કરતા હતા. આ રીતે બંને મહાપુરુષો એક જ ભગવંતની ભક્તિમાં મગ્ન બની એક જ ભક્તિમાર્ગનો ઉપદેશ આપતા હતા. બંને એક જગ્યાએ મળ્યા ત્યારે સત્‌ધર્મની ચર્ચા કરી હતી.

शाहको बानी कही, सुनो सांई निर्बान ।
तुम्ही हो प्यारे रामके, कोईको प्यारे रहमान ।।

ए दुनिया है सांईकी, सिरजनहार है एक ।
न्यारे नामसे भूल गये, हम तुम दोनो विवेक ॥

सबका साहिब एक है, दो साहिब मत मान ।
दोनोंमे दुनिया डूबी, शिर कुटे अजान ॥

साधुतासे यारी लगी, फक्कड लगे निर्बान ।
दिख साधु जौहरी, दिल लगे दिलजान ॥

દૈવી શક્તિથી પ્રમાણ ભૂત હોય તેવા મહાપુરુષનું અચાનક આગમન થયું. નિર્વાણ સાહેબને જોઈ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ બોલ્યા; 'સંત નિર્વાણજી ! આપ રામને ચાહનાર છો, તેથી રામ ઉપર પ્રેમ કરો છો. કોઈ કૃષ્ણની પસંદગી કરનારા હોય છે, તેઓ કૃષ્ણ પર પ્રેમ કરે છે. કોઈ રહેમાનને અનુસરનાર હોય છે, તેઓ રહેમાન પર પ્રેમ કરે છે. પરંતુ દુનિયાને નિર્માણ કરનાર એક જ ઈશ્વર, પરમાત્મા છે. લોકો તેને અલગ અલગ નામોથી બોલાવે છે અને એવું સમજે છે કે હું જે નામથી સ્મરણ કરું તે જ સાચો ઈશ્વર છે. આ રીતે મારો, તમારો અને આ સમગ્ર દુનિયાનો વાદ-વિવાદ ચાલી રહેલો છે.

આ જગતની બુદ્ધિ જ દ્વૈત બનેલી છે. સર્વનો સ્વામી એક છે, ભૂતકાળમાં બે ક્યારેય ન હતા, આજેય નથી અને ભવિષ્યમાં પણ રહેવાના નથી. તો પણ દરેક વ્યક્તિ પોતાની સમજ પ્રમાણે ભગવાનને અલગ અલગ માની અજ્ઞાનથી ભેદવૃત્તિ કરે છે. એવા માર્ગ ભૂલેલાઓને આપ સત્ય માર્ગદર્શન કરી સાચા માર્ગ પર લાવો છો અને આ કાર્ય કરતાં કરતાં મારા જેવા એક સાધુ સાથે આટલો અનુરાગ થયો તે અત્યંત આનંદની વાત છે. નિર્વાણજી ! આપ ફક્કડ સાધુની રીતે ન ફરતાં ભગવાનના દૂત બની જગતનું કલ્યાણ કરો છો, આપ ખરેખર સાધુના સ્વાંગમાં એક ઝવેરીના રૂપમાં અને મહાન સંત પુરુષ છો. ખરેખર મને આપ ખૂબ જ પ્રિય લાગો છો - સહૃદયી લાગો છો. આપને જોઈને જ મારા હૃદયમાં અપાર પ્રેમ સાગર ઊભરાઈ આવે છે. જાણે પૂર્વજન્મના સંબંધ જાગૃત થયા ન હોય.

करामतीके ढंगकी, जाको बडी पहेचान ।
सोही करामती आ गये, नैन दिखे निर्बान ॥

हमको साधु सांईके, जहां चेतावन आय ।
सोये वाको क्या करे, जागे ताको समाय ।।

सोही साहिबके लाल है, नाम बुझे निर्बान ।
बैया पकडके जीवकी, आये उबारन जान ।।

बडी खुशाली मिलनकी, निर्बान इमामशाह ।
हम तुम दोनो एक है, दोनोकी एक राह ।।

हम धरमकी आनमे, फिरते रहे बखान ।
नि:पक्ष न्यारे दिखे, बडे साहिब निर्बान ।।

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આગળ કહે છે : હે સંત નિર્વાણ સાહેબ ! હું તો ઈશ્વરનો દાસ, દુનિયાને જાગૃત કરવા માટે આવેલો એક સેવક. જે જગત સર્જનહાર છે તેમની સાથે અમારી પ્રેમ સગાઈ છે, પરંતુ જેમને વારંવાર જગાડવામાં આવે તો પણ ઘોર નિંદ્રામાં સૂતેલા રહ્યા છે તેવા અજ્ઞાની જીવો માટે શું કરવું ? આપ પણ તે જ ભગવાનના લાલ છો. ભગવાનના નામની ઓળખાણ કરાવી, ભવસાગરમાં ડૂબી રહેલા જીવાત્માઓના હાથ પકડી જાગૃત કરી તેમનો ઉદ્ધાર કરનારા ‘તારણહાર’ થઈને આવેલા છો. આપના મિલનથી હૃદય ઘણું જ પુલક્તિ થાય છે, અપાર હર્ષ થાય છે. નિર્વાણ સાહેબ અને ઈમામશાહ, તમે અને હું એક જ છીએ. બંનેનો રસ્તો પણ એક છે. હું ધર્મના પાવન પ્રચારનો મહત્ત્વનો ભાગ બજાવી રહ્યો છું, ત્યારે આપ અત્યંત નિરપેક્ષતાથી જગતની સેવા કરી રહ્યા છો. આપની પાસે ધર્મ વિષયને લગતો કોઈ અગત્યનો વિષય નથી. ભગવાનના કોઈ પણ નામનો જાપ કરો. આપ એવા કોઈ પણ વિશિષ્ટ આશયના ધર્મના આવરણથી દૂર-મુક્ત રહી સેવા કરો છો તેથી જ આપને ‘નિર્વાણ’ સાહેબ કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. આપ ઘણું જ મહાન કાર્ય કરી રહ્યા છો.’ એવું કહી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે નિર્વાણ સાહેબને પોતાના હૃદય સાથે લગાડી ગાઢ આલિંગન આપ્યું અને પ્રેમથી તેમની પીઠ પર, માથા પર હાથ ફેરવી ધન્યવાદ આપ્યા. ત્યાર પછી બંનેએ ઘણા સમય પર્યંત સત્સંગ કર્યો. પછી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ચરણ સ્પર્શ કરી સંત નિર્વાણ સાહેબ જવા માટે ઉઠયા અને તેઓ ભારે અંતઃકરણથી સદ્‌ગુરુ શ્રી મહારાજને પ્રણામ કરી પ્રયાણ કર્યું.

साईको शिर झुकाइके, संत हुवे बिदाय ।
'दुला' ऐसा दिन कहाँ, साई दीदारा पाय ॥

આ પાવન પ્રસંગનો આલેખ કરનારા બ્રાહ્મણ 'કવિ દુલારામે' 'નિર્વાણ ચરિત્ર પ્રકાશ' નામક ગ્રંથમાં લખેલા અંતિમ શબ્દો હૃદયમાં કંડારાઈ ગયા છે. તેઓ કહે છે કે એવો દિવસ ફરી ક્યારે આવશે કે એવા સાધુ-સાંઈ અને મહાન સંત પુરુષ વળી યોગી એવા સંત મહાત્માઓનાં દર્શન થવાનો યોગ પ્રાપ્ત થઈ શકે.

આવા પ્રકારના અનેક પાવન પ્રસંગો સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના જીવનમાં બની ગયા, તેમજ તેમના પશ્ચાત તેમના સંત ધામ પર વખતો વખત અનેક દૈવી ચમત્કારીક પ્રસંગો બની ગયા. પરંતુ આ પ્રસંગો કંઈ તેમનું જીવન સર્વસ્વ ન હતું. તેઓએ એવા પ્રસંગો દ્વારા વખતોવખત સદ્‌ભક્તોને જે જ્ઞાનોપદેશ કરેલો છે, તે ખરેખર પરમ પાવનકારી, પ્રેરણાદાયી અને માનવજીવનને દિશા દર્શાવનાર અમૃત તુલ્ય થાપણ છે. દરેક સત્‌પંથીએ પોતાના પરમ પૂજનીય અને વંદનીય એવા સદ્‌ગુરુના જીવનનો મર્મ જાણી તેમના માર્ગદર્શનાનુસાર પોતાનું જીવન સફળ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.



૨.

સંત શ્રી હાજરવીર મહારાજ

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના શિષ્યવર્ગમાં પાંચ મુખ્ય શિષ્ય હતા. (૧) સંત હાજરવીર (૨) સંત નાયાજી મહારાજ (૩) સંત ભાભારામ (૪) સાધ્વી કીકીબાઈ (૫) સંત શાણાકાકા.

સંત હાજરવીર એ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સત્‌પંથ ધર્મના સત્સંગ અને તેમની દૈવી શક્તિના પ્રભાવથી પ્રભાવીત બની કુટુંબનો અને સર્વ વૈભવનો ત્યાગ કરી તેમની સેવામાં આદરપૂર્વક હાજર રહેતા હતા. તેમની સેવાથી પ્રસન્ન થઈ 'હાજરવીર' આ સંબોધનથી જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમનું ગૌરવ વધાર્યું હતું. સત્‌પંથ ધર્મના પ્રચારાર્થે દેશો દેશના ભ્રમણમાં હરહંમેશ સાથે રહી, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની આજ્ઞામાં તેઓએ આખર સુધી સેવા કાર્ય બજાવ્યું હતું.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની સાથે કાયમ રહેવાથી અને અવિરત સેવા કાર્યથી સદ્‌ગુરુ મહારાજના પ્રસન્ન કૃપા પ્રસાદથી તેમને આત્મજ્ઞાન થયું હતું. અનેક દૈવી ચમત્કાર તેમના દ્વારા થયા. અલૌકિક દૈવી શક્તિના બળથી તેઓ સંત પુરુષોની હરોળમાં ગણાવા લાગ્યા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણાથી તેઓએ અનેક લોકોનું આત્મિક કલ્યાણ કર્યું હતું. તેઓ પોતે ભગવાનની ભક્તિમાં હંમેશાં તલ્લીન રહેતા હતા. સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે તેમના અંતિમ પ્રયાણ સમયે હાજરવીરને કહ્યું હતું કે; મારા નિર્વાણ પછી તમારું મૃત્યુ થશે અને આ પીરાણામાં જ મારી સમાધિ મંદિરની સામે વીસ પગલાં પર ખુલ્લા પ્રાંગણમાં તમારી સમાધિ થશે. ઉનાળામાં ભર બપોરના સમયે અતિશય તાપ-ગરમીમાં પણ તમારી સમાધિ ઠંડી જ રહેશે. મારા સર્વ અનુયાયી સૌથી પહેલાં

તમારી સમાધિ ને નમન કરી ફૂલ-પુષ્પહાર ચઢાવશે ત્યાર પછી જ મારા સમાધિ મંદિરમાં પ્રવેશ કરશે. એવા પ્રકારનો આશીર્વાદ આપી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમનું ગૌરવ વધાર્યું હતું અને ખરેખર જ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના બ્રહ્મધામ નિર્વાણ પછી જ હાજરવીરનું નિર્વાણ થયેલું છે. સદ્‌ગુરુના વરદાન પ્રમાણે જ હાજરવીરની સમાધિ ભર ઉનાળામાં બપોરના તપતા તાપમાં પણ ઠંડી જ રહે છે અને સર્વ સેવકો પ્રથમ હાજરવીર (ચંદનવીર) ને જ પ્રથમ ફૂલહાર ચઢાવી નમન કરી પછી જ સદ્‌ગુરુના સમાધિ મંદિરમાં દર્શન માટે જાય છે.

હાજરવીરની સમાધિમાંથી હજી પણ ઘણા દૈવી ચમત્કાર જોવામાં આવે છે. સમાધિ ઉપર હંમેશાં ચાદર (વસ્ત્ર) ઓઢાડેલી હોય છે. સત્‌પંથી અનુયાયી સિવાય અન્ય લોકોમાં પણ તેમનો ઘણો પ્રભાવ ફેલાયેલો છે. કેટલાક લોકો તેમને હનુમાનનો અવતાર પણ સમજે છે.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને બાઈ બુઢાઈ નામનાં એક બહેન હતાં. સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાથી હાજરવીરે તેને સત્‌પંથ ધર્મના તમામ રહસ્યો સમજાવી દીધાં હતાં. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની જ આજ્ઞાથી જ બાઈ બુઢાઈએ હાજરવીર મહારાજ પાસેથી જ દીક્ષા લીધી હતી. એક વિશ્વાસુ ધર્મોપદેશક તરીકે પણ હાજરવીર મહારાજે ઉત્તમ કાર્ય કરેલું છે. હાજરવીર મહારાજ તે સમયના એક ઉચ્ચ કોટિના પ્રભાવશાળી તત્ત્વનિષ્ઠ સંત હતા.

સત્‌પંથ ધર્મમાં ઘટપાટ વારિયજ્ઞ મહાપૂજા વિધિના માધ્યમથી વિશ્વ ચક્ર ચાલક સર્વ દેવ દેવી દેવતાઓની ઉપાસના, જ્યોતિ સ્વરૂપના માધ્યમથી અવિનાશી સત્‌-ચિત્‌-આનંદઘન ઈશ્વરનું ધ્યાન અને પ્રણવ બ્રહ્મ ૐ કાર આદ્યનારાયણના બીજવાચક મંત્રના સતત સ્મરણ, યુગ ધર્માનુસાર અવતારપાત્ર શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના નામનું સ્મરણ, ચિંતન, ધ્યાન અને જપ કરવામાં આવે છે. આ સત્‌પંથ ધર્મનાં મુખ્ય તત્ત્વોનું સુંદર વિસ્તૃતકરણ હાજરવીરે બાઈ બુઢાઈને કથન કરી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની શિક્ષાપત્રીનો ઉપદેશ કર્યો હતો. પોતાના ભાઈનું નહીં પણ પોતાના ઉદ્ધારક ગુરુનું આટલું અગાધ જ્ઞાન જાણી બાઈ બુઢાઈ દિઙ્‌મૂઢ લઈ ગયાં. હાજરવીર મહારાજે જીવનના અંતિમ ક્ષણ પર્યંત સદ્‌ગુરુની અને સત્‌પંથ ધર્મની તન મન અને પ્રાણથી સેવા કરી હતી.

ધન્ય છે સંત હાજરવીર મહારાજને ! અને ધન્ય તે સત્‌પંથ ધર્મના સદ્‌ભક્ત ને !!

ધન્ય તેની ગુરુભક્તિને !!! સેવા ભક્તિને !!!

૩.

સંત શ્રી નાયાજી મહારાજ

ડાંગ પ્રદેશમાં કોળી કુળમાં સંત નાયાજી મહારાજનો જન્મ થયો હતો. કેટલાક લોકો તેમને ભીલ-કિરાત જાતિના સમજે છે. તેમના વડીલો લૂંટફાટનો ધંધો કરી નિર્વાહ ચલાવતા હતા. યુવાન બનેલો નાયો પણ પરંપરાનુસાર લૂંટફાટનો, ચોરીનો ધંધો કરી પોતાનું અને પરિવારનું પોષણ કરતો હતો. નાયો એટલો કઠોર હૃદયનો હતો કે ક્યારેય કોઈની ઉપર દયા દાખવતો ન હતો. નિર્દયતાથી લોકોને માર મારી લૂંટી લેતો. તેની આસુરી વૃત્તિના કારણે નાયાએ અનેક અજાણ્યા વટેમાર્ગુઓને મૃત્યુના મુખમાં ધકેલી દીધા હતા.

એક વખતની વાત છે. સંવત ૧૫૨૩ કાર્તિક વદ એકમના દિવસે આ સમયમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પોતાના પરમ શિષ્ય હાજરવીરને સાથે લઈ બળદગાડીથી ડાંગ પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા હતા, આવા ડાંગના પ્રદેશના ગાઢ અરણ્યમાંથી જતા હતા ત્યારે નાયાએ રસ્તામાં જ તેમની ગાડી રોકી અને લૂંટ કરવા તૈયાર થયો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે એક ક્ષણ નજર નાયા તરફ નાખી અને અંતર્યામી સમજી ગયા કે પૂર્વ કર્મથી દોષિત થયેલો આ તો આપણો મિત્ર છે. ઠીક છે, એને હવે સીધા માર્ગ પર લાવવો એ આપણું કર્તવ્ય છે. એવો વિચાર કરી સદ્‌ગુરુ બોલ્યા; ‘નાયા ! હું તો સાધુ છું. મારી પાસે પૈસો કે જર ઝવેરાત વગેરે કશું જ નથી. પણ તને જોઈતું જ હોય તો અને આ પાપ કર્મ કર્યા વગર ખરેખર ધનવાન થવું હોય તો તારા હિતની વાત કહું છું તે સાંભળ. નાયો વિચારમાં પડ્યો કે, આ સાધુ

લૂંટફાટ કર્યા વગર ધનવાન થવાની વાત કરે છે. તે કઈ રીત હશે ? પછી બોલ્યો; એય સાધુ બાવા, તું મને પટાવવાની વાત કરતો નહીં, જે હોય તે સાચી વાત કહે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ શાંતિથી બોલ્યા : નાયા; તું પોતે લૂંટફાટ કરી કુટુંબનું પોષણ કરે છે પણ તે બધાં તારા આ પાપ કર્મમાં સહભાગી છે કે નથી એવું તેમને તું પૂછી પાછો આવ. તું પાછો આવે ત્યાં સુધી અમો અહીં જ રોકાઈશું.

નાયો સદ્‌ગુરુના કહેવા પ્રમાણે ઘેર પૂછવા માટે ગયો. તેઓએ પોતાના બાપ પશુર, બહેન ગંધોર, દીકરી ધીરજ, પત્ની કેશર આ સર્વેને પાપમાં સહભાગી થવા માટે પૂછ્યું, પણ આ વાત માટે કોઈ કબૂલ થયા નહીં. આ જોઈને નાયાનું હૃદય એકાએક બદલાયું. સદ્‌ગુરુ મહારાજ પાસે આવી પશ્ચાતાપ કરી તેમને આ નીચ વ્યવસાય છોડવા માટે અને સદ્‌ગુરુની સેવામાં હાજર થવા માટે પ્રતિજ્ઞા કરી. સદ્‌ગુરુએ તેને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. નાયાની તમામ આંતરિક સ્થિતિ જ બદલાઈ ગઈ. ક્ષણમાં સર્વ અજ્ઞાન-અવિદ્યા નષ્ટ થઈ જ્ઞાનમય પ્રકાશ સર્વત્ર ફેલાયો. તેના ચિત્તમાં પોતાના તારણહાર ભક્ત ઉદ્ધારક સદ્‌ગુરુ પ્રત્યે અનન્યભાવ, પ્રેમ, શ્રદ્ધા પ્રકટ થયાં. એક પદમાં તેઓ કહે છે.

नाया कहत मोहे सतुगुरु पाया, अधम लूंटेरा को धंध तजाया ॥
सद्‌गुरु मेरी अंखियाँ खोले, जनम जनम मेरे दिखे अमोले ॥


मिट गई रेनी भया उजियाला, दिये उपदेश गुरु मतवाला ॥
साहिब नाम संम्हारो प्यारा, राम रहिम मत पेखो न्यारा ॥

बहुनामी है सांईया मेरा, दिल चाहत सो नामे कीजे स्नेहा ॥
योगी हुई मत छिपै हो, लोगनके हितकर कहै यो ॥

इमामशाह गुरु मोहे मिलैया, देखत काहे तुम मुख फिरैया ॥
जात बरन मत देखे गुसांई, नायो कहे मेरा सद्‌गुरु बडा सांई ॥

જ્ઞાન-અજ્ઞાન, દર્શન - અદર્શન આ બંને વૃત્તિઓને છોડતાં જે બ્રહ્મસ્વરૂપમાં લીન થયેલા હોય છે, તેઓ કેવળ બ્રહ્મવેત્તા નથી પણ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા જ છે. એવા પ્રકારનો અભેદભાવ નાયાના હૃદયમાં જાગૃત થયો. '**एक शब्द गुरु देवका, जाका अनंत विचार । धाके मुनिजन पंडिता, देव न पावे पार ॥**' સદ્‌ગુરુનો એક જ

શબ્દ જો અંતરમાં ઉતરી ગયો તો મનુષ્યનું જીવન ધન્ય ધન્ય બની જાય છે. નાયાજીનું પણ એવું જ બન્યું. સદ્‌ગુરુશ્રીએ નાયાને પૂર્વજન્મના ઈતિહાસનું વર્ણન કરી સંભળાવ્યું તેમના હૃદયમાં સદ્‌ગુરુ દર્શન અને સમાગમથી આત્મજ્યોત જાગૃત થઈ ગઈ.



સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અને નાયા લૂંટારાનો મેળાપ,
નાયાને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનાં દિવ્ય દર્શન તથા તેને જ્ઞાનોપદેશ.

નાયાએ સદ્‌ગુરુને વિનંતી કરી કે; 'ગુરુ મહારાજ, સદૈવ આપની સેવામાં રહેવા માટે મને આપની સાથે લઈ ચાલો. સદ્‌ગુરુએ કહ્યું; 'નાયા, તું મારી સાથે આવીને શું કરીશ ? એક વાત ખાસ ધ્યાનથી સાંભળ. તું યોગી છે, તારા મન પર જે અવિદ્યાનું - અજ્ઞાનનું જે આવરણ હતું તે હવે દૂર થયું છે. હવે તું સાચા સોનાની માફક દૈદિપ્યમાન થયો છે. અજ્ઞાન અને અવિદ્યાનું આવરણ દૂર થવાથી તારો આત્મ સૂર્ય હવે પ્રકાશી રહ્યો છે. હવે આપણું સાચું કાર્ય શું છે તે તારે સમજી લેવાનું છે. સંત અને યોગી પુરુષોનું પ્રકટ થવું જગતના કલ્યાણ માટે જ થતું હોય છે. દુનિયાનું દુઃખ દૂર કરવા માટે જ મહાપુરુષો પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. તું યોગી છે. માનવ કલ્યાણ માટે અને અત્યંત કઠિન એવા ભવ દુઃખમાંથી મનુષ્ય માત્રને

મુક્ત કરવા માટે યોગી મહાપુરુષોએ સતત પ્રયત્ન કરવો જોઈએ. નાયા, તારી એ જ કક્ષા છે. તું આ મારી વાત સમજ અને જગતને સમજાવવા પ્રયત્ન કર. પૂર્ણબ્રહ્મ અવિનાશી, સચ્ચિદાનંદના સામ્રાજ્યમાં સ્વનું વિચરણ કર અને અન્ય આત્મિય લોકોને સદ્‌માર્ગ પર લાવ.

नाया मत सोचो यहाँ, जै हो जग चेताय ।
गाफिल जियरा मनाइयो, सोही हरि यश गाय ॥

दावानल संसार मे, संत बडे सुख देन ।
सोही सुभागी जियरा, नाया मिलावही नैन ॥

यह जग माया मोहिनी, काहु न शके उबार ।
लाखन में कोक जगही, नाया सोही हमार ॥

સદ્‌ગુરુની વાણી સાંભળી નાયાજી સ્વસ્થ બન્યા. તેના હૃદયમાં જે કંઈ થોડું માયાનું આવરણ હતું તે સર્વ દૂર થયું અને દીનતાથી તેઓ સદ્‌ગુરુના ચરણોમાં પ્રણામ કરી ભાવવિભોર બની ગયા.

आज्ञा बडी गुरुदेवकी, नाया करउ प्रयाण ।
दुवा करै दरवेशसे, जग दुःख होवे हाण ॥

પછી નાયાજી કહે; મહારાજ ! આપની આજ્ઞાનું પૂર્ણ પાલન કરીશ. મને શુભાશીર્વાદ આપો કે જેથી દીનદુઃખીઓના દુઃખનું નિવારણ થાય. સદ્‌ગુરુનો આશીર્વાદ લઈ સંત નાયાજી મહારાજ પ્રભુના કાર્યમાં લાગી ગયા. પરિવારની યોગ્ય વ્યવસ્થા કરી તેઓ લોકોને સદ્‌ઉપદેશ આપતા અનેક પ્રદેશોમાં ફરતા ફરતા પાવન ધર્મયાત્રા કરતા કરતા ધર્મ પ્રચાર કરવા લાગ્યા. અજ્ઞાનની ઊંઘમાં રહેલાઓને જગાડતા ભવાટવીમાં ભૂલા પડેલાના માર્ગદર્શક બની ભવપીડિતોની પીડા મટાડતા અને જિજ્ઞાસુઓને સત્‌માર્ગનો તત્ત્વોપદેશ કરતા કરતા સંત નાયાજી મહારાજ સદ્‌ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવા લાગ્યા.

સંત નાયાજી મહારાજ એક વખત ઉત્તર ગુજરાતમાં પાટણ શહેરમાં આવ્યા, ત્યાં ભૂમાનંદ બ્રાહ્મણ સાથે ભેટો થયો. સ્નાન કરી બ્રાહ્મણ મંદિરમાં જતો હતો ત્યારે અચાનક નાયાજીનો

સ્પર્શ થયો. આવેશમાં બ્રાહ્મણ કટુ શબ્દોથી – અપશબ્દો વડે જેમ તેમ બોલવા લાગ્યો. પણ નાયાજીએ સામો કોઈ જવાબ આપ્યો નહીં. આથી બ્રાહ્મણ વધારે ક્રોધિત થયો અને તેના પર કાળ સવાર થયો. અને તેને એક થપ્પડ નાયાજીને મારી દીધી. તેમ છતાં સંત નાયાજી શાંત જ રહ્યા.

खुदीया तो धरती खमे, काटी खमे वनराय ।
कठिन बचन साधु खमे, सरोवर नीर सुकाय ॥

આવા સંત પુરુષની સહનશક્તિ જોઈ બ્રાહ્મણનું હૃદય પીગળી ગયું અને ગદ્‌ગદ્ થઈ તે નાયાજીના ચરણોમાં પડી ગયો. સંત નાયાજીએ તેને ઉઠાડી ભાવથી હૃદય સાથે લગાડયો. ભૂમાનંદ નાયાજીના સદ્‌ઉપદેશથી સદ્‌ગુરુનો અનન્ય ભક્ત બની ગયો, તેમનું જીવન ધન્ય બની ગયું.

આ પ્રકારે જ પાલનપુર જઈ સંભાજી જાટને નાયાજીએ ઉપદેશ કર્યો. લુણાવાડાના ઉદાજી રાણા, રાજપીપળાના રાજા પૃથુરાજ, ચાંપાનેરના રાજા પતાઈ રાવળ, ધરમપુરના રાજા જગતસિંહ વગેરે અનેક રાજા મહારાજાઓ સાથે નાયાજીનાં મિલન થયાં અને તે તે પ્રદેશમાં સંતસમાગમ સત્સંગ કરી ‘સત્’ ધર્મનો પ્રચાર કર્યો. રાજવંશીય લોકોની સાથે સાથે તેમને અનેક ગરીબ પીડિત લોકોને દૈવી આત્મશક્તિના બળે દુઃખ મુક્ત કર્યા. ઘણા કષ્ટો સહન કરીને પણ સંત નાયાજી સદ્‌ગુરુના આદેશાનુસાર ધર્મ પ્રચાર માટે જુદા જુદા પ્રદેશોમાં ફરતા રહ્યા.

એક દિવસે રાત્રીના પ્રહરે જુનાગઢ શહેરમાં ફરતા હતા ત્યારે ત્યાંના મુસલમાન રાજા તાતારખાન ઘોરીના સૈનિકોએ તેઓને કોઈ શેતાન (ચોર) સમજી પકડી કારાવાસમાં પૂરી દીધા. રાત્રીના સમયે પકડાયેલો માણસ કોણ છે અને ક્યાંથી આવે છે એવી કોઈપણ પ્રકારની પૂછપરછ ન કરી અને ત્રણ માસ સુધી તેમના તરફ કોઈએ ધ્યાન પણ આપ્યું નહીં.

માનવ કલ્યાણના પથ પર ચાલતો સંત પુરુષ આ પ્રકારે ધર્મસંકટમાં સપડાઈ ગયો. ઈશ્વરી લીલા સમજી સંત નાયાજીએ પણ શાંત ચિત્તે ત્યાં જ અંધારી કોટડીમાં બેસી ઈશ્વર ચિંતન-સ્મરણમાં સમય વિતાવ્યો. બરાબર ત્રણ માસના અંતે તાતારખાનને ઊંઘમાં અત્યંત ભયાનક સ્વપ્ન આવ્યું. કાળના ચાર દૂતોએ તેને ઘણો માર માર્યો અને તેને કડક શબ્દોમાં જાણ કરી કે કાળકોટડીમાં તે એક સંત પુરુષને પૂરી દીધો છે તેને મુક્ત કર, નહીં તો તારો આવરદા કાળ

આજે જ પૂરો થઈ જશે. સફાળા ઊંઘમાંથી ઊઠતાંની સાથે જ તેણે તાત્કાલિક તપાસ કરી. કોટડીમાં જઈ સંત નાયાજીને પગે લાગી થયેલ અપરાધ માટે ક્ષમા માગી. સંત નાયાજી મહારાજે તેને સાલસ વાણીમાં તેના કલ્યાણનો જ ઉપદેશ આપી આશીર્વાદ આપ્યો. સંત નાયાજીએ કહ્યું; તાતાર ! જે દિવસે તારા તરફથી અથવા તારા વંશજો દ્વારા આ ભગવાન સ્વરૂપ સંતોનાં અપમાન થશે તે દિવસે જુનાગઢની તારી રાજગાદી નષ્ટ થઈ જશે. સંતોના આદર સત્કાર કરશો ત્યાં સુધી તમે સુખથી રાજ્ય કરી શકશો. (★તાતારખાન પછી પાંચ પેઢીઓ સુધી રાજગાદી કાયમ ટકી. ત્યાર પછી ઈ.સ. ૧૫૯૧ માં અકબરના દૂધભાઈ અજીજ કોકાએ ચઢાઈ કરી જુનાગઢનું રાજ ખતમ કર્યું).

मानव हित फिरते रहो, यही गुरुको आदेश ।
साधु तो रमता भला, नाया चलो उस देश ॥

गेबीनाथ महाराजजी, दत्त प्रभुकी करुणाय ।
आवत ही गिरनार पे, हरिसे घ्यान लगाय ॥

अपनी शुध बिसर गये, गाफिल मनवा मोर ।
गेबीनाथ महाराजजी, पैया परु कर जोर ॥

સંત નાયાજી મહારાજ ત્યાંથી આગળ ગિરનાર ઉપર ગયા અને ત્યાં આસન લગાવી ધ્યાનમગ્ન તપ કરવા લાગ્યા. પૂર્વ જન્મમાં અધૂરી રહેલી યોગ સાધના પૂર્ણ કરવા હવે તેમને સારો એવો અનુકૂળ સમય પ્રાપ્ત થયો. ગેબીનાથનો તેમને ત્યાં સમાગમ થયો. તેમના સાનિધ્યમાં તપ-યોગ સાધના કરી. તેનાથી નાયાજીનું જીવન ધન્ય થયું. તેમને અલૌકિક આનંદની પ્રાપ્તિ થઈ. સાત વર્ષનો સમય ક્ષણમાં નીકળી ગયો. અંતે ગેબીનાથે તેમને કહ્યું; નાયાજી, સદ્‌ગુરુએ તમારા શિર પર જે જવાબદારી સોંપી છે તે પૂર્ણ કરો.

गुर्जर मरु मेवाडसु, कोटा बुंदेल खंड ।
सौराष्ट्र कच्छ अरु सिद्ध फिरे चोखंड ॥

फिरे उज्जैन माळवा, महाराष्ट्र खानदेशजी ।
नायाजीको सबहु झुके, बडे अवधूताके भेषजी ॥

સત શ્રી નાયાજી મહારાજ

અત્યંત દીનતાથી ગેબીનાથના ચરણમાં શીશ નમાવી સંત નાયાજી ત્યાંથી આગળ સૌરાષ્ટ્રમાં વિચરણ કરવા લાગ્યા. ત્યાંથી કચ્છના ભૂજ, અંજાર પછી સિંધમાં થઈ મારવાડ આવ્યા. અનેક સદ્‌ભક્તોને ધર્મનું માર્ગદર્શન આપી યોગ નિપુણ બનાવ્યા. ત્યાંથી મેવાડ, ચિતોડગઢ, કોટા, બુંદેલખંડ વગેરે અનેક સ્થળો પર જઈ જન કલ્યાણ માટે પાવન સત્‌પંથ ધર્મનો પ્રચાર કર્યો. તેવી જ રીતે ઉજ્જૈન, માળવા, મહારાષ્ટ્રમાં ખાનદેશ વગેરે સ્થળોમાં જઈ તેઓએ પોતાનું પવિત્ર કર્તવ્ય બજાવ્યું.

સંત નાયાજી મહારાજ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે પરમ પાવન ઉપદેશ કરી લોકોને યુગધર્મની જાણકારી આપી અને વેદાંન્તના સિધ્ધાંત પ્રમાણે ઈશ્વરનું ધ્યાન અને પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો. જે જે ભાગ્યશાળી લોકો સાથે સંત નાયાજી મહારાજનો સમાગમ થયો તે સર્વનું જીવન ધન્ય ધન્ય બની ગયું. તે લોકોએ તેમને ગુરુ સ્થાને સ્થાપી તેમના આશીર્વાદ મેળવ્યા. આ રીતે લગભગ પચીસ વર્ષ પર્યંત પોતાનું આ ધર્મ પ્રચાર કાર્ય કરી સંત નાયાજી મહારાજ પાછા ગુજરાતમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ધામમાં આવ્યા.

પોતાના પરમ વંદનીય પૂ. સદ્‌ગુરુનાથનાં દર્શન થતાંની સાથે જ સંત નાયાજીના અંતરમાં પરમભક્તિનો દ્યોતક અષ્ટભાવ જાગૃત થયો. પરમ કૃપાળુ સદ્‌ગુરુના ચરણમાં સદ્‌ગત્ ભાવથી શિર નમાવી પ્રેમાશ્રુથી ચરણ ધોયાં. પૂજનીય સદ્‌ગુરુએ તેમને પોતાના કરકમલો વડે બેઠા કરી હૃદય સરસા લગાવ્યા. અનન્ય ભાવ પ્રેમથી રંગાયેલી ગુરુ શિષ્યોની જોડી જેવી જગતમાં જોડ નથી. અગાધ પ્રેમસાગરમાં સંત નાયાજી મહારાજ ક્ષણ માટે ડૂબકી મારવા લાગ્યા. પચીસ વર્ષના વિરહ પછી આજે ગુરુ શિષ્યનું આજે ભાવભર્યું મિલન થયું હતું. નાયાજીના મુખેથી શબ્દ નીકળતા ન હતા એટલી હદે તેઓ પ્રેમથી વ્યાકુળ બની ગયા હતા. અંતે સદ્‌ગુરુએ કહ્યું;

सद्‌गुरु कहे नाया सुनो, अब मत फिरो विदेश ।
बहुरी साल बीत गये, बीत गयो जोबन वेश ॥

तीर्थाटन बहुरी किये, नायाजी पच्चीस सालजी ।
सद्‌गुरुके चरण में, आयके सदा मरालजी ॥

मानवहित बहुरी फिरे, सदा रहो कुकस महालजी ।
आतिथ्यधाम बनायके, जनताको किजो न्यालजी ॥

'નાયાજી તમે સતત પચ્ચીસ વર્ષથી માનવ કલ્યાણના પાવનપથનું વિચરણ કર્યુ છે. હવે તો તમારા માટે શાંત ચિત્તે એક જ સ્થળે બેસવાનો સમય આવ્યો છે. તે માટે હવે બીજે કોઈ સ્થળે નહીં જતાં કુકસ ગામમાં જ તમારું સ્થાન બનાવી લોકોનાં ભવસાગરનાં દુઃખો દૂર કરી તેમને પરમ સુખી બનાવો.' સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની આજ્ઞા થતાં જ અત્યંત વિનમ્ર ભાવથી નાયાજી સદ્ગુરુના ચરણે નમી રહ્યા અને પછી સદ્ગુરુના આદેશ અનુસાર સંત નાયાજીએ કુકસ ગામ પ્રતિ પ્રયાણ કર્યું.

नायाजी के संत धाममे, भक्तोंकी भीड मचे भारे ।
साधु संत और अतिथि, सबको पावे सत्कारे ॥

भजन भक्तिको रंग मचेरी, भजनानंद मंगलकारे ।
दूर दूर के यात्रिक आयके, नायाजीकी जय पुकारे ॥

વિક્રમ સંવત ૧૫૪૮ માં એટલે કે ઈ.સ. ૧૪૯૨ ના સમયે સંત નાયાજી મહારાજનું કુકસ ગામે આગમન થયું. વડોદરા જીલ્લાના શિનોર તાલુકામાં કુકસ ગામ છે. ત્યાં સંત નાયાજી મહારાજનું આગમન થતાં જ ત્યાં ભાવિક લોકોએ તેમનો ઘણા જ આદરથી ભવ્ય સત્કાર કર્યો. ત્યાંના યવનોએ વિરોધ કરી અનાદર દર્શાવી સંત નાયાજીને ત્યાંથી નીકળી જવા માટે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ સંતે હૃદયથી કોઈને પણ રોષ ન દર્શાવતાં સદ્વિચાર અને સદ્વાણીથી પોતાનું ધર્મ પ્રચાર કાર્ય ચાલુ જ રાખ્યું, સમય સંજોગે રોષ, દોષ વગેરે નીકળી જઈ સર્વ જન સંત ચરણે પ્રેમથી સેવા કરવા લાગ્યાં. કાનમ પંચકોશની આસપાસના બધા લોકો સંત નાયાજીના સત્સંગમાં આનંદથી આવવા લાગ્યા અને હૃદયથી સંતની સામે જીવનના સુખદુઃખો વિદીત કરવા લાગ્યા. દયાનિધિ સંતે બધાનાં કલ્યાણ થાય એ હેતુથી દરેકના દુઃખો મટાડવા લાગ્યા. લોકોમાં જય જયકાર થઈ ગયો.

સંત નાયાજીએ જ્યાં પોતાનું આસન બનાવ્યું હતું તે વેરાન જગા સ્મશાન ભૂમી હતી. રાત્રીના સમયે નીચ યોનિમાં ગયેલા પ્રેતાત્માઓ સંતની આજુબાજુ ઉપદ્રવ કરતા હતા. દયાનિધિ સંતે તે સર્વ દુઃખી પ્રેતાત્માઓનો ઉદ્ધાર કર્યો અને તે જગ્યાએ વિશાળ એવા સંત ધામની સ્થાપના કરી. લોકો હર્ષથી સંત ધામમાં આવી પરમ શાંતિ પ્રાપ્ત કરવા લાગ્યા.

એક દિવસે રાત્રે સંત નાયાજી મહારાજ શાંત ચિત્તે પોતાના આસન પર ધ્યાનમગ્ન

બેઠા હતા, ત્યાં અચાનક સિદ્ધ પુરુષ ગેબીનાથનું આગમન થયું. સંતની આંખો એકાએક ખૂલી ગઈ. ગેબીનાથને જોતાંની સાથે જ નાયાજી ત્વરાથી પોતાના આસન પરથી ઊઠીને ઊભા થયા અને તે મહાપુરુષના ચરણોમાં વંદન કરી બોલ્યા;

હે સિધ્ધ મહાપુરુષ ! ગિરનારની ગિરી કંદરામાં આપે મને તપ-યોગની સાધનામાં સહયોગ આપી ધન્ય કર્યો હતો. આપની સેવા આ દેહ વડે પૂર્ણ થઈ શકી નથી મને ક્ષમા કરો. આપ આ અભાગીના માર્ગદર્શક બન્યા હતા પરંતુ આપની સેવામાં મારાથી અંતર પડી ગયું. આજે મારા ભાગ્યનો ઉદય થયો છે, ઘણા દિવસો પછી આજે મને આપનાં દર્શન થયાં. હવે આપ મારી સેવાનો સ્વીકાર કરશો એવી વિનંતી કરું છું.'

સિદ્ધ પુરુષ ગેબીનાથ બોલ્યા; 'નાયાજી, પૂર્વભવના તારા તારક ગુરુ સોહંનાથ મહારાજ તને શોધતા તારી પાસે જ આવ્યા છે. આ વાત તારા અંતર્જ્ઞાનથી જાણતો નથી કે ? તારા સહસ્ત્રાધારચક્રનો એક કૂપો ખોલ એટલે તને બધું સમજાઈ જશે.' આટલી સૂચના આપી સંત ગેબીનાથ અંતર્ધાન થયા., નાયાજી ગૂઢ વિચારમાં પડી ગયા. આ સોહંનાથ મહારાજ કોણ હશે ? ક્યાંના હશે ? એમની સાથે પોતાનો મેળાપ ક્યારે કંઈ જગ્યાએ થયો હશે ? આ રહસ્યનો ઉકેલ મળતો ન હતો. છેલ્લે તે જ તંદ્રા અવસ્થામાં ધ્યાનસ્થ બની અંતર્યામી સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજનું સ્મરણ કરી પોતાની સ્મૃતિ છેક સહસ્ત્રાધારચક્ર પર ચઢાવી. સદ્‌ગુરુની પ્રેરણાથી એકાએક તેજોમય પ્રકાશ થયો અને સંજ્ઞા થઈ કે પૂર્વભવના તારક ગુરુ સુરતમાં તને મળવા માગે છે. તાત્કાલિક ત્યાંથી પ્રયાણ કરી નાયાજી સુરતમાં આવી પહોંચ્યા. ત્યાં ઘણી શોધખોળ કરવા છતાં સોહંનાથનો મેળાપ થતો ન હતો. કારણ આ નામના કોઈ સંત મહાત્મા સુરતમાં ન હતા. આખરે ઉત્તર ખંડથી 'નિર્વાણ' નામના એક યોગી પુરુષ આવ્યા છે એવી જાણ થતાં સંત નાયાજી મહારાજ ત્યાં ગયા. સંત નિર્વાણ સાહેબના ધામમાં જઈ તેમને વંદન કરી નિર્વાણ સાહેબના આસન સામે શાંત ચિત્તે જઈ બેઠા. નિર્વાણ સાહેબ ધ્યાનમગ્ન હતા. તેઓએ આંખો ઉઘાડી અને સામે સંત નાયાજી મહારાજ તરફ જોઈ તરત જ ઓળખી લીધા અને કહ્યું;

झुंझार तोहे रंग है, आया गुरु के देश ।
दुर्लभ संत समागम, मिटे भव कलेश ।।

झुंझार कैसे होनी हुई, रंभा मिल गई आय ।
उनसे क्यों बिछर गये, अगली प्रेम संगाथ ।।

'ઝુંઝારસિંહ ! તું ખરેખર સત્સંગના રંગમાં સંપૂર્ણ રીતે રંગાઈ ગયો છે. મોડું ભલે થયું પણ આખરે તું સદ્‌ગુરુના શરણમાં આવી ગયો છે. સંતનો સમાગમ દુર્લભ છે. તેનાથી ભવકલેશ દૂર થાય છે. અરે પણ ઝુંઝાર ! તારી ગતિ એવી કેવી રીતે બની ? રંભાદેવી તને આવી મળી, તો પણ તું તેણીથી અલગ કેવી રીતે થયો ? પરભવની પ્રેમ સગાઈ પણ ભૂલી ગયો કે કેમ ?'

સંત નિર્વાણ સાહેબે નાયાને 'ઝુંઝાર' નામથી બોલાવતાં જ નાયાજીને નિર્વાણ સાહેબમાં જ સોહંનાથ દેખાવા લાગ્યા.

सोहंनाथ गुरु देवजी, मे हुं बडे अबुझ ।
झुंझार कहां रंभा कहाँ, कहाँ सोहंनाथकी सूझ ॥
नाया लूंटेरा होयके, भूल गये अगली रीत ।
गेबीनाथ पिछनाईया, पूरब जनमकी प्रीत ॥

સંત નાયાજી કહે; 'હે દયાનિધિ ! હું તો ખરેખર અજ્ઞાની છું. મને તો ઝુંઝાર, રંભાદેવી તેમજ આપની જરા પણ યાદ ન હતી કારણ કે હું તો એક અધમ નીચ લૂંટારો બન્યો હતો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આવી મને શુદ્ધિમાં લાવ્યા અને તેમણે જ મને આ સત્‌નો માર્ગ બતાવ્યો છે. તેમના જ માર્ગદર્શનથી જ હું આજે આપને મળવા આવ્યો છું. આપ મને મારા પૂર્વ જન્મની સ્મૃતિ કરાવી રહ્યા છો, પરંતુ મહારાજ ! આપ આ સ્વરૂપમાં આ સ્થળે કેવી રીતે ? મને આ ભ્રમ થઈ રહ્યો છે. આપનું સ્વરૂપ સોહંનાથનું છે પણ અહીં તો આપ સંત નિર્વાણ સાહેબના રૂપમાં છો. તો મારો ભ્રમ નિવારણ કરાવો.

સંત નિર્વાણ બોલ્યા; 'બાલક ! હું કહું છું તે કથા સાંભળ. જેથી તને સંપૂર્ણ સ્મરણ થઈ જશે. ભગવાન શ્રીરામચંદ્રની ચૌદમી પેઢીમાં સ્વામી દેવાનંદ નામના એક સત્પુરુષ થઈ ગયા. તેમની સમાધિ પછી સોહંનાથના નામાભિધાનથી તેઓ પાછા આ અવનીતલ પર અવતર્યા. તેઓએ પણ સમાધિ લીધા બાદ પુનઃ અવતાર ધારણ કર્યો. સિદ્ધ પુરુષ હોવાથી સોળમા વર્ષે તેઓએ ગૃહત્યાગ કર્યો. જાયલ ગુરુ દ્વારે જઈ તેઓએ દીક્ષા લીધી. સંત કેશવદાસે તેમને પોતાના શિષ્ય બનાવ્યા અને 'નિર્વાણ' નામની સંબોધી ગુજરાત પ્રાંતના માર્ગે પ્રયાણ કરવા કહ્યું. તે જ હું નિર્વાણ રૂપથી પૂર્વભવનો સોહંનાથ માનવ માત્રના કલ્યાણ કરવા માટે અહીં સુરતમાં આવી સ્થાયી થયેલો છું. ઝુંઝારસિંહ ! મારવાડમાં તારી સાથે મિલન થયું તે પહેલાં જ ઉત્તરાખંડમાં યોગી બ્રહ્માનંદ સાથે મિલન થયું. તે દિવસે તને ચેતવી

હરિરસના રંગમાં લાવ્યા હતા. અહાહા ! ધન્ય તે દિવસ ! ધન્ય તે ક્ષણ ! નાયાજી તે ક્ષણનું કોણ વર્ણન કરી શકે ? અશક્ય !

सोहंनाथ गुरुदेवकी, मोहे न आवे याद ।
साया वह कैसी गति, बिलखत फिरे बरबाद ।।

लूंटेराको गम नहीं, अधम उधारन साय ।
इमाम सद्‌गुरु स्वामीको, नाया दिये जगाय ।।

સંત નાયાજી કહે; 'મહારાજ ! મને આપનું એક ક્ષણ જેટલું પણ સ્મરણ ન હતું. હું તો એવા ભવાટવીમાં ભૂલો પડયો હતો કે ક્યારેય મારો ઉદ્ધાર ન થાત, પરંતુ આ અધમ લૂંટારા પર અનુગ્રહ કરવા માટે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું આગમન થયું અને એક ક્ષણ મારા તરફ જોયું અને મને જાગૃત કરી દીધો.

आगे तोहे ऐसे कहां, मिलही सत्‌गुरु तोर ।
तोहे उबारन आयेंगे, साहिब बंदी छोर ।।

बंद छुडावन आइया, सोही सत्‌गुरु स्वामी ।
नाया ताको बंद हुँ, इमामशाह गुरु गामी ।।

નિર્વાણ સાહેબ; નાયા ! પહેલાં જ તને કહ્યું હતું કે તને સદ્‌ગુરુનું મિલન થશે અને તેઓ તને ઉપદેશ કરી જાગૃત કરશે. તે મુજબ તને જે સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ તેઓ તો તારાં ભવબંધન તોડવા માટે અને સર્વ પ્રકારે બંધનમુક્ત કરવા માટે તને જાગૃત કરી ગયા છે. તમારો ગુરુ-શિષ્યનો જે અતૂટ સંબંધ બંધાયેલ છે તે ખરેખર અપ્રતિમ છે. નાયાજી તેમના ચરણે જ તું પ્રેમથી વંદન કરી રહે.'

नाया तोहे जगायके, सत्‌की सराह दिखाय ।
सोही साहिब इमामको, निशदिन लगाहु पाय ।।

भवमे सद्‌गुरु भेटिया, ताको कैसे भूलाय ।
निर्बान सोही सांईके, चरणनमे नमी जाय ।।

'નાયાજી ! તને જાગૃત કરી સત્યનો માર્ગ દર્શાવ્યો છે તે મહાત્માને દરરોજ વંદન કર.

વિકટ ભવાટવીમાં જેમની સાથે ભેટો થયો તેવા અને તને સત્યના માર્ગે લાવ્યા, તે સદ્‌ગુરુને કેવી રીતે ભૂલાય ! એવા સમયે સ્વામીના ચરણે આ નિર્વાણ પણ શરણે જઈ આળોટે છે.

आगे सोहंनाथ थे, अब तो बने निर्बान ।
मानवके हित आइया, योगी आवागमन ॥

परमार्थ की रीतको, बूझे साधु अतीत ।
नायाजी तुमी योगी हो, सदा रहो परहित ॥

હે નાયાજી ! 'પહેલા હું સોહંનાથ હતો અને હમણાં નિર્વાણ બની માનવના કલ્યાણ માટે અવતાર ધારણ કરી આવ્યો છું.સાધુ સંતો આ રીતે જગતના કલ્યાણ અને હિતનો વિચાર કરે છે. નાયાજી ! તું પણ યોગી પુરુષ છો, તેથી સદા સર્વદા પરહિત લોક કલ્યાણનો જ વિચાર કર.'

સંત નાયાજી બોલ્યા; 'હે કરુણા સાગર ! આ નાયો ખરેખર અજ્ઞાની છે, આ બાળક પર આપની અમૃતમયી દૃષ્ટિનો કૃપાળુ આશીર્વાદ આપો. કારણ આપ જ મારા સુહૃદય છો. આપની યાદ ભૂલાઈ ગઈ હતી પરંતુ એકાએક ગેબીનાથે મને જગાડયો અને અહીં આપના ચરણમાં આવ્યો છું.'

નિર્વાણ સાહેબ બોલ્યા; 'નાયાજી, આ ભવાટવીમાં મોટા મોટા સિદ્ધ યોગી અને દેવો પણ ભૂલા પડતા હોય છે તો માનવનું શું ? નાયાજી, તમે સંત સોહંનાથની શોધ કરતા કરતા આ સંત ધામમાં આવ્યા. તેમને જોતાં જ આ નિર્વાણના હૃદયમાં ખરેખર અત્યંત આનંદ થયો, પરમ શાંતિ મળી છે. સંત નિર્વાણ સાહેબે આનંદ વ્યક્ત કરતાંની સાથે જ નાયાજીએ તેમને પ્રણામ કર્યા.'

सोहंनाथ निर्वाणको, झुक झुक लागहुं पाय ।
सद्‌गुरु मोरे दयानिधि, किजे नाया पे करुणाय ॥

नाया परहित के लिये, योगी आये मझधार ।
सोही संत अवधूतको, निर्बान करै हुं जुहार ॥

સત શ્રી નાયાજી મહારાજ

સોહંનાથ - નિર્વાણ સાહેબના ચરણે વારંવાર પ્રણામ કરી સંત નાયાજી મહારાજ વિનંતી કરવા લાગ્યા; 'દયાનિધિ, આ દીન નાયા પર સદૈવ કૃપા કરો, મારી એ જ યાચના છે.'

સંત હસીને બોલ્યા; 'નાયાજી, પરહિત માટે યોગી પુરુષ આ સંસાર પ્રવાહના મઝધારમાં ઉતરે છે એવા સંત અવધૂતોને આ નિર્વાણ વિનયથી વારંવાર પ્રણામ કરે છે.'

દયાનિધિ સોહંનાથનાં દર્શન કરી અને મોટાભાગનું રહસ્ય સમજાઈ ગયું તેથી અત્યંત ઉલ્હાસિત બની પ્રેમથી છૂટા પડી નાયાજીએ સુરતથી પ્રયાણ કર્યુ. અંતઃકરણમાં ધ્યાન ચિંતન ચાલુ રાખીને જ તેઓએ ચરોતર ભૂમી તરફ પ્રયાણ કર્યુ. વસો ગામ નજીક આવતાંની સાથે જ અચાનક એક યોગી પુરુષની યાદ આવી અને દૈવયોગે માર્ગમાં જ તેમની મુલાકાત થઈ. પૂર્વભવના તે યોગી પુરુષ એટલે જ આ જન્મના ભાભારામ હતા.

ચરોતર પ્રાંતના એટલે કે હાલના ખેડા જીલ્લાના વસો નગરના કણબી કુટુંબમાં ભાભારામનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ કેશવદાસ અને માતાનું નામ વિમલાદેવી હતું. જીવીબાઈ નામનાં એક બહેન હતાં. કાશી વિશ્વેશ્વરમાં હતા ત્યારે એક મહાપુરુષના આશીર્વાદથી ભાભારામનો જન્મ થયો હતો. તેઓ પૂર્વભવના યોગભ્રષ્ટ યોગી હતા. તેમના પહેલાંના ત્રણ જન્મોની કથા કહે છે કે તેઓ ઉજ્જૈન શહેરના બ્રાહ્મણ કુટુંબમાં દીનકરરાયના પુત્ર હરિરાય આ નામથી પ્રકટ થયા હતા. જન્મથી જ ભગવાન સદાશિવના દર્શનનો ધ્યાસ હોવાથી મહાકાલેશ્વરના પૂજન માટે સતત જતા હતા પરંતુ દર્શન થયાં નહીં. બીજા જન્મમાં કાશીમાં અનંતાનંદ પંડિતના ઘેર કરુણાનંદ રૂપે અવતર્યા. ભગવાન શંકરના દર્શનની અભિલાષા પૂર્ણ થઈ પણ યોગધ્યાનાભ્યાસની પસંદગીના કારણે ઉત્તર ખંડના અડબંગનાથ સિદ્ધ પુરુષના આશીર્વાદથી યોગાભ્યાસ પૂર્ણ કરી યોગી બન્યા. પછીના જન્મમાં એ જ ભાભારામ નામથી કેશવદાસના ઘેર જન્મ થયો. એ જ યોગી ભાભારામના દર્શન માટે યોગી નાયાજી આવ્યા હતા. બંને યોગીઓનું રસ્તામાં જ મિલન થયું. આનંદનો પૂર ઉમટયો.

कणबी भाभाराम, दिखे नायाको रूप ।
उरमे बसेरी अवधूता, नाया योगी रूप ॥

योगी जान गुरु देवका, चरणमे शिर नाय ।
सुभागी भाभारामको, योगकी युक्ति पाय ॥

બંને યોગી પુરુષોની દૃષ્ટિ એક થતાંની સાથે જ ભાભારામે પણ યોગી નાયાજીને ઓળખી લીધા અને તેમના ચરણોમાં વંદન કરી પ્રણામ કર્યા. બંને જણાએ પોતપોતાના અંતરનો આત્મભાવ પ્રકટ કરી ક્ષેમકુશળ પૂછવા લાગ્યા. નાયાજીએ પોતાની પૂર્વ કથા કહી;

सद्‌गुरु महिमा बडो, अब तक रहे अबुझ ।
नायाजी सद्‌गुरु मिले, भई अगम की सूझ ॥

सोही गुरुके चरितको, मोहे दियो सुनाय ।
भाभारामके हियरा, सुनत ही हरखाय ॥

હું પોતે એક લૂંટારો હતો. સદ્‌ગુરુ મળ્યા અને તેઓએ મને ભક્ત બનાવ્યો. તે સંત સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું ચરિત્ર નાયાજીએ ભાભારામને શરૂથી કહ્યું, તે સાંભળી ભાભારામને સંત સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનાં દર્શન કરવાની તીવ્ર જિજ્ઞાસા થઈ. તેઓ બોલ્યા; 'મહાત્મન્, આપ ઘણા જ ભાગ્યશાળી છો. આપના જીવનમાં આપ સદ્‌ગુરુ મહારાજના સમાગમથી પાર ઉતરી ગયા છો, પરંતુ હું અભાગી બની હજુ સુધી અહીં જ ગોથાં ખાઈ રહ્યો છું. હવે દૈવયોગે આપ મળ્યા છો તો આ અભાગીને પણ સદ્‌ગુરુ મહારાજના સાનિધ્યમાં લઈ ચાલો. આપ મારા આત્મસ્વરૂપ સુહૃદય છો, મારા પર કૃપા કરો.'

સંત નાયાજી મહારાજ બોલ્યા; 'પ્રિય ભાભારામ ! મનુષ્યની આત્મોન્નતીનો સમય આવતાંની સાથે જ સદ્‌ગુરુ પોતે જ સદ્‌ભક્તને શોધતા આવે છે.' નાયાજીના મુખેથી આ શબ્દ બહાર નીકળે છે તે જ સમયે દૈવયોગે લાંબા અંતરે એક બળદગાડી આવતી દેખાઈ. આંતરિક પ્રેરણાથી નાયાજીએ જાણ્યું અને અત્યંત હર્ષ સાથેના અંતઃકરણથી તેઓ ભાભારામને કહેવા લાગ્યા; જુઓ, આપણા પરમ કૃપાળુ દયાનિધિ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પોતાના પરમ સેવક હાજરવીર સાથે સામેથી આવી રહ્યા છે. અહાહા... ધન્ય... ધન્ય... ભાભારામ... તમારાં અને મારાં ભાગ્યનાં. ગુરુ પ્રત્યેના આપણા ભાવ અને લાગણીને લીધે આપણને દર્શન આપવા માટે જ આવી રહ્યા છે. ચાલો, આપણે તેમની સામે જઈએ.' એમ કહી બંને ઊઠ્યા અને રસ્તા પર બળદગાડીથી આવતા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને સામે મળવા ગયા.

चरण ग्रही गुरु देवका, आपे किन्ह प्रणाम ।
बडे सुभागी देखिया, योगी भाभाराम ॥

योगीको योगी लिखे, आपे गुरु इमाम ।
नायाको समुजाईया, योगकी युक्ति तमाम ॥

સંત ભાભારામે સદ્‌ગુરુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સન્માનપૂર્વકથી પોતાના ઘેર લાવ્યા. બંને જણાએ ગુરુચરણે દંડવત્ પ્રણામ કર્યા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે 'યોગી ભાભારામ ઉઠ !' એવું કહી પોતાના હાથથી ઊભા કરી હૃદય સરસા લગાડયા. સદ્‌ગુરુનો અમૃતોપમ સ્પર્શ થતાંની સાથે જ બંનેના ચિત્તની અવિદ્યા-માયા વિલય પામી . તેમના ચિત્તમાં સત્ ચિત્ બ્રહ્મનું જ્ઞાન સ્ફુરણ પામ્યું. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પ્રેમથી બંનેને સામે બેસાડી કેટલીય જ્ઞાનની વાતો કરી તેમજ યોગવાશિષ્ઠય અને અથર્વવેદીય યોગ સાધના વિષે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ઘણું વર્ણન કર્યું. થોડા દિવસ પછી સૌએ એકબીજાની વિદાય લઈ પોતપોતાના માર્ગ પ્રતિ પ્રયાણ કર્યું.


સંત નાયાજી અને ભાભારામનું આ પછી ઘણી વખત મિલન થતું. તેમના મિલનના ઘણા પ્રસંગો છે. બધા જ પ્રસંગોનું વર્ણન કરીએ તો ઘણો જ વિસ્તાર થશે. સંત નાયાજીના જીવનના અને સંત ભાભારામના જીવનના પણ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પ્રેરણામૂર્તિ બન્યા અને એવી રીતે આ બંને યોગીઓનું જીવન ધન્ય થયું.

नायाजी भाभारामका, मंगल हुवा मिलन ।
योगीकी गतिको बुझे, योगी के दिल जान ॥

कुकुस से गुरु आयके, बैठे भाभाराम के संग ।
धन्य भाग जिन पाइया, सूर दुर्लभ सत्संग

કુકુસ ધામથી સંત નાયાજી મહારાજ ઘણી વખત ભાભારામ પાસે આવતા અને ઘણા દિવસો સુધી રાત્રીના સત્સંગમાં વ્યતીત કરતા હતા. જે કોઈ ભાગ્યશાળી જીવાત્માએ આ સત્સંગ સાંભળ્યો હોય તે જીવાત્માઓ ધન્ય થઈ જતા.

સંત નાયાજી મહારાજના જીવનમાં પણ અત્યંત કસોટીના અનેક પ્રસંગ આવ્યા હતા. કસોટીના એરણ પર અનેક પ્રસંગે તેમને વિધર્મીઓના પ્રહાર ખમવા પડયા હતા. સુલતાન મહેમુદ બેગડા, મુઝફરશાહ, બહાદુરશાહ, મહંમદશાહ એવા અનેક રાજાઓના જુલમ સહન કરી નાયાજીને પોતાની જીવન નૌકા પાર કરવી પડી હતી. તેમના નાવિક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ



સંત ભાભારામ મહારાજને સંત નાયાજી મહારાજ
દિવ્યજ્ઞાનનો ઉપદેશ આપી રહેલ છે.

મહારાજ હોવાથી દરેક પ્રસંગે સદ્‌ગુરુના આશીર્વાદથી કોઈ જ પ્રકારની હાણ થતી નહોતી.

જીવનના અંતિમ પ્રહરે સંત ધામ કુકુસ તીર્થધામ બની ગયું, કારણ બધા જ યોગી મહાત્માઓ સંત નાયાજીને મળવા માટે અને સત્સંગ માટે ત્યાં આવતા હતા.

योगीसे योगी मिले, मिले साध से साध ।
भक्ति भक्त भगवंतको, महिमा बडो अगाघ ॥

योगी ब्रह्मानंदजी, उत्तराखंड लुभाय ।
ता दिन योगीजन मिले, सोहि मिलनेको आय ॥

યોગી પુરુષોનું મંગલ મિલન એટલે ત્રિવેણી સંગમ. ભક્તિ, ભક્ત અને ભગવાનના મિલન જેવું હોય છે. યોગી બ્રહ્માનંદજી જ્યારે ઉત્તરાખંડમાં તપશ્ચર્યા કરતા હતા ત્યારે તે

સમયના યોગી પુરુષો અવની તળ પર અવતર્યા હતા, તેઓ બધા નાયાજીને મળવા માટે આવ્યા હતા. યોગસિદ્ધ અડબંગનાથ, યોગી ત્રિલોકનાથ, યોગી ઋષભનાથ, યોગી જાન્હવીદાસજી, યોગી પદ્મનાભ, યોગી રસિક્નાથ, યોગી નિલાંબરદાસ, યોગી સતાનંદજી, યોગી ઓચ્છવદાસ, યોગી બિરાગદાસ વગેરે અનેકાનેક મહાન તપસ્વી સંત સમાગમ માટે આવતા હતા.

अवतार लीला योगीकी, जीव कहां बुजे अज्ञान ।
जनम जनम बीत गये, फिर भी न पावे ज्ञान ।।

बहुरी योगीजन आइया, काहु न पेखे लगार ।
अकल गति अवधूतकी, गंगा लहे न पार ।।

સંત નાયાજી મહારાજ પાવન ઉપદેશ માટે પર્યટન કરવા જ્યારે ગયા હતા ત્યારે જે ભાગ્યશાળી જીવાત્માઓને ઉપદેશ આપી સન્માર્ગ પર લાવ્યા હતા એવા મહાભાગ્યવંતોના હૃદયમાં ગુરુની સ્મૃતિ જીવીત રહેતી હતી. તેઓ ગુરુ દર્શન માટે વ્યાકુળ બની ગુજરાત આવ્યા અને કુકસમાં ગુરુ નાયાજી મહારાજના શ્રી ચરણોમાં સ્થાન પ્રાપ્ત કરી તેઓએ મનની સત્ય શાંતિ મેળવી હતી. એવા સદ્ભક્તોમાંથી બ્રાહ્મણ ભુમાનંદ, સૌરાષ્ટ્રના તુલસીશ્યામના આહિર ભુલાજી, સિંધમાંના નગરઠઠ્ઠાના બાબા મહિપતરામ તેમજ ધોરમજી સુમરા, કચ્છ અંજારના દેવજી ઠક્કર, ભૂજના ભક્ત ખેમાજી, ભક્ત સોયાજી, જેસલમેરના રોહિતસેન પરમાર, મારવાડમાંના સાંગાનેરના તિકમચંદ વણિક વગેરે કેટલાય ભાગ્યશાળી સદ્ભક્તો સંત નાયાજીના સાનિધ્યથી અને સમાગમથી પોતાનું જીવન ધન્ય બનાવી ગયા.

સંત નાયાજી મહારાજની દિવ્ય શક્તિથી અનેક ચમત્કાર તેમના જીવનમાં જાણતાં અજાણતાં બની ગયા. સંતને તેની જાણ હોતી નથી. કારણ કે તેઓ અતિન્દ્રિય જ્ઞાનથી ઈશ્વર સાથે તાદાત્મ્ય પામતા હોય છે. ભગવાનની ચિદ્શક્તિ વડે એવા મહાત્માઓ કાર્ય કરાવી લે છે, તેને જ આપણે ચમત્કાર કહીએ છીએ. એ પ્રકારની અમુક દૈવી લીલા સંત નાયાજી મહારાજ દ્વારા થઈ હતી. અન્નકોષના ભંડાર અખૂટ રહેવા, દુષ્કાળનું નિવારણ કરવું, કોલેરાના રોગચાળાને નિર્મૂલ કરવો, અસાધ્ય રોગથી પીડિતોને નિરોગી બનાવવા, મહારોગીને રોગમુક્ત કરવા, ગણિકાઓનો ઉદ્ધાર, ગાયિકાઓને ભક્તિપારાયણ કરવી, સુલતાન મહેમુદ બેગડા જેવા કઠોર બાદશાહને પણ વિનયી બનાવી દેવો, મેહાજી જેવા લૂંટારાને સન્માર્ગ પર લાવ્યા વગેરે અનેક ચમત્કાર

તેમના દ્વારા બની ગયા. એ તમામ પ્રસંગો તેમના પરમ સેવક ચિતોડગઢના સદ્ભક્ત ગંગાસિંહ ગોહિલે શબ્દાંક્તિ કર્યા હતા અને સંત નાયાજી પછી પહેલા ગાદીના વારસ તરીકે ગંગાસિંહ ગોહિલ જ થયા હતા.

એક સમયે સંત નાયાજીએ પોતાના સર્વ ભક્ત સમુદાય અને સત્સંગી લોકો સમક્ષ પોતાના હૃદયની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું કે; 'કુકસ ગામમાં લગભગ અંદાજે સુડતાલીસ વર્ષ થયાં, હવે તો મારા સ્વામી મને યાદ કરી રહ્યા છે, મને બોલાવી રહ્યા છે. અનેક વખત તેઓએ મને સંદેશા મોકલ્યા છે. પરંતુ લોકકલ્યાણના કર્તવ્ય માટે હું સ્વામીના આદેશોને આટલા દિવસ વિલંબમાં રાખતો આવ્યો છું. હવે તો મારા હૃદયમાં મારા સ્વામીના મિલન માટે ખૂબ જ વ્યથા જાગૃત થઈ છે.' આ સાંભળી બધાને બહું જ દુઃખ થયું. તેઓએ અનેક રીતે વિનંતી કરી સંત નાયાજીને હમણાં સમાધિ ન લેવા માટે પ્રાર્થના કરી. લોકોના હિત ખાતર તેઓએ વધુ એક વર્ષ પૃથ્વી પર રહેવાનું પસંદ કર્યુ, આખરે ભાદ્રપદ શુદ્ધ (સુદ) બીજના દિવસે સમાધિ લેવાનું તેઓએ નક્કી કર્યુ. તે દિવસે તમામ જનસમુદાય તેમને મળવા આવ્યો.

राजपूता अरु जाट, ठाकरडा धाये ।
समाधि मंदिर बनाय, गुरु आज्ञाये ॥

मेवाडी कळा देख, नैना छक जाये ।
बडे घुमट मंदिर, ध्वजा फव्हराये ॥

સંત નાયાજી મહારાજે સમાધિ લેવાનો દિવસ અને સમય જાહેર કરવાથી ભક્તોના હૃદયમાં ઘણી જ ઉદાસીનતા આવી ગઈ હતી. રાજપૂત, જાટ, મેવાડી, ઠાકરડા, કિરાત વગેરે અનેક કારીગરોને બોલાવી સમાધિ મંદિર કલાકૃતિ પૂર્ણ બાંધવાનું નક્કી થયું. સમાધિ કેવી સુંદર, ભવ્ય અને અપ્રતિમ બનાવવી તેનો ભાવિક ભક્તોમાં ઘણો જ વિવાદ થયો. આ જોઈ સંત નાયાજી મહારાજ ખૂબ વ્યથિત થઈ ભાવી સંકટ જોઈ શાંતિથી બોલ્યા; 'મારા પ્રેમી ભક્તો ! તમારા પ્રેમનું હું કેવી રીતે કથન કરી શકું. લોક કલ્યાણ માટે મારું આગમન થયું છે અને તમે જ મારા સુહૃદયી છો. હું સદૈવ સૌનો જ બની રહ્યો હતો અને પછી પણ તમારા સૌથી દૂર રહી શકું નહીં. લોકોના હૃદયમાં મારી ભાવના દૃઢ થઈ ગયેલી છે. તમારા આ દિવ્ય પ્રેમને આધિન થઈ હું સદૈવ તમારી પાસે જ રહીશ. તમે મારા છો તેથી મારા હૃદયનું ગૂઢ રહસ્ય હું તમને કહું છું.

कुकसपे क्या बीत गये, ताको करो विचार ।
जैसे राजा ऐसी प्रजा, यवनको कहां इतबार ।।

बडे मंदिर यहां बने, मानो कलामय धाम ।
पातशाही ले कहारसे, आखिर फना मुकाम ।।

એક બાજુ તમારી અભિલાષા અને બીજી બાજુએ ભૂતકાળની યાદ જીવંત થઈ રહી છે. વિચાર આવે છે કે એક સમયે આ કુકુસના આ સંત ધામ પર શું શું વીતી ગયું હતું. તમારામાં દીર્ઘદૃષ્ટિ હોય તો વિતેલી ક્ષણોનો વિચાર કરો. 'જેવો રાજા તેવી પ્રજા.' આપણે પણ આ પ્રમાણે જ રહેવું. વિધર્મી - યવનરાજાઓનો વિશ્વાસ ક્યારેય કરશો નહીં, પછીથી તમને લાગે તો આ જગ્યાએ ભલે મોટું વિશાળ મંદિર બંધાવજો. કલાપૂર્ણ ધામ બનવા છતાં પણ સુલતાનના જુલમથી તે ટકી શકશે નહીં. અંતે તેનો નાશ થશે.'

સંત નાયાજી મહારાજનું ભાવી ભયાનકતાનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણન સાંભળી તમામ લોકો ઉદાસ થઈ ગયા, પરંતુ સર્વ શક્તિમાન સમર્થ ગુરુ સમક્ષ દૃઢ વિશ્વાસથી ભક્તોએ દીન યાચના કરી.

समाधि स्थान अचल रहे, भक्तनकी अभिलाष ।
करुणा करो गुरुदेवजी, पहुंचे मनकी आश ।।

'ગુરુદેવ ! આપ કહો છો તે પ્રમાણે થવાનું હોય તો પણ અમારા હૃદયની અભિલાષા એવી છે કે કોઈ પણ ઉપાયથી આ આપણું સમાધિ સ્થાન અચલ-કાયમ-અખંડ રહે અને સર્વ લોક આપનાં દર્શન કરી પાવન થાય અને સૌની ભાવનાઓ પૂર્ણ થાય. આપ સર્વજ્ઞ છો, કૃપા કરી એનો ઉપાય જણાવો.'

ભાવિકોનો અતિ પ્રેમભાવ જોઈ સંત નાયાજી બોલ્યા, -

जैसा शासनकाल है, ऐसा स्थान विचार ।
सोही स्थान कायम रहे, साच लिखो निरधार ।

सद्‌गुरुके बेणको, सब हि लिये शिरधार ।
समाधि स्थान बनाईया, शासनकाल अनुसार ।।

આ સમયે જેની આણ પ્રવર્તમાન છે તે મુજબ સ્થાન બનાવવું તો જ તે કાયમ ટકશે.

મુસ્લિમ શાસનકાળ હોવાથી ગુરુની સૂચના પ્રમાણે સેવકોએ, જેવો દેશ કાળ તેવો વેશ ભજવવા તૈયારી દર્શાવી અને સમય અનુસાર સમાધિ સ્થાન તૈયાર કરવામાં આવ્યું. ભવ્ય ઘુંમટદાર સમાધિ મંદિર બાંધીને તૈયાર થયું. હિંદુ સ્થાપત્ય અનુસાર સમાધિ મંદિર બનાવ્યું હોત તો તે ક્યારનુંય જમીન સરસું થતું હોત. ગુજરાતના સુલતાનોએ હિંદુ મંદિરોનો વિધ્વંસ કર્યાના ઘણા પ્રમાણો મળે છે. ખુદ મુસલમાન ઈતિહાસકાર લેખક 'ફરિશ્તા' એ પણ આ બાબતનો ઉલ્લેખ કરેલ છે અને **'मिराते सिकंदरी'** માં પણ આ હકીકત વિસ્તારથી જણાવેલી છે.

સર્વજ્ઞ સંત નાયાજીએ ભવિષ્યકાળમાં દૃષ્ટિ રાખી જે કાર્ય કર્યુ તે યથાર્થ જ હતું. મુસ્લિમ શાસનથી બચાવ કરવા માટે ઘણા સ્થાનોનું આ પ્રકારે પરિવર્તન થયાનું જણાઈ આવે છે. પાવાગઢ ઉપર મહાકાળીના પુરાતન મંદિર ઉપર ઘુંમટમાં સદનશાહ પીરની દરગાહ જો ન હોત તો સુલતાન મહેમુદ બેગડાએ તે સ્થાન સલામત રાખ્યું ન હોત. પરંતુ સાચી વાત એ છે કે પીરની દરગાહના કારણે તે સ્થાન કાયમ રહ્યું. તેની પાછળ લોકકથા-દંતકથા ઘણી બધી હોવા છતાં મહાપુરુષોની દીર્ઘદૃષ્ટિની જ એ સફળતા છે.

જ્યારથી ગુરુ નાયાજીએ સમાધિસ્ત થવાનું વૃત્તાંત જાહેર કર્યુ ત્યારથી જ ભાવિક સેવકોના હૃદયમાં ગહન ફાળ પડી ગઈ હતી. એવા સંત પુરુષનું પ્રયાણ થાય તો આપણે કોના આધારે રહેવું. લોકો વ્યાકુળ બની સંત ધામ ઉપર આવવા લાગ્યા અને દીનતાથી પોતાની વ્યથા કથન કરવા લાગ્યા.

संत पुरुषके चरणमे, सब दुःख जात बिलाय ।
साया हमरी कौन गत, किनसे व्यथा सुनाय ।।

लोगनके हित आईया, योगी धरे अवतार ।
मे लोगनका बनी रहुं, संशय नाही लगार ।।

તમો એવું સમજો છો કે મારા અહીંના પ્રયાણથી તમારાથી દૂર જઈશ, પરંતુ હું સદા સર્વદા તમારી પાસે જ તમારો જ થઈને રહીશ, કારણ કે જનકલ્યાણ માટે જ યોગીઓ અવતાર ધારણ કરે છે. આજે તો હજુ હું તમારી સાથે જ બેઠો છું. તમને જે કંઈ માગવાનું હોય તે ખુશીથી માગી લો.' ધન, દોલત, પુત્ર, જમીન, સુખ વગેરે જેને જે માગવાનું હોય તે માગી શકો છો. જેને જે

માગવાનું હતું તેઓએ તે તે માગ્યું, સંસાર આસક્તિના લાલચુ જીવાત્માઓએ જે જે માગ્યું તે તેમને મળ્યું. તેની સાથે નિર્લોભી અનાસક્તોએ સદ્‌ગુરુના ચરણ પાસે બેસી મુક્તિના લાભ માટે જ્ઞાનની યાચના કરી તો તેમને તે મળ્યું. અમુક સદ્‌ભાગીઓએ વૈરાગ્યની માગણી કરતાંની સાથે તે તેમને મળ્યું. કોઈએ ભક્તિ, કોઈએ મુક્તિ તો કોઈએ યોગ યુક્તિની યાચના કરી. તે તે બધું તેમને પ્રાપ્ત થયું. સંત પોતાની પાસેનું સર્વસ્વ આપી હળવા બની ગયા.

હરણની ચપળ ગતિ મુજબ એક વર્ષનો સમય થોડીક ક્ષણની માફક નીકળી ગયો. સંત નાયાજી મહારાજનો નિશ્ચિત કરેલો સંવત ૧૫૮૯ ના ભાદ્રપદ શુદ્ધ (સુદ) બીજનો દિવસ આવી પહોંચયો.

सब लोग रोने लगे, रोवे कुकस गाम ।
नायाजीके नैना रुवे, लोगनके विश्राम ।।

प्रहरी होवे गुरु द्वारपे, गंगा रुवे चोधार ।
दूरसे दिखे गुरुदेवको, हियरा लगी कटार ।।

સંત નાયાજી મહારાજ સમાધિ લેવા તૈયાર થયા હતા. કુકસ ગામના સર્વ લોકો નાના બાળકની માફક આકુળ વ્યાકુળ બની રડવા લાગ્યાં. તેમનો પ્રેમ જોઈ નિર્મોહી સંત નાયાજીના નેત્રોમાંથી અશ્રુધારાનો પણ પ્રવાહ શરૂ થયો. અશ્રુ સાથેના નયનથી દૂર સુધી જોયું તો મંદિરના દ્વાર પર પહેરેદાર ગંગાસિંહ ગોહિલ તો અનાથ બાળકની માફક વ્યાકુળ બની અશ્રુપાત કરતો હતો. પોતાના પરમ પ્રેમાળ અનુજ ગંગાસિંહની આ દશા જોઈ સંતના હૃદયમાં ખૂબ જ વજ્રઘાત લાગ્યો. તેઓ વ્યથિત હૃદયે તેમની પાસે ગયા.

आसनसे उठ धाइया, गंगा मेरा क्यों रोई ।
साया बुलावा भेजीया, मंगल बेरन होई ।।

आनंदके दिन आइया, कैसे बहावत नैन ।
गंगा मोहे तेरे बीना, कबहु न पावै चैन ।।

गंगा मेरा बनी रहे, गंगा हिया समाय ।
गुरुदेवको बडे हेत से, गंगा हिया लगाय ।।

'ગંગાસિંહ ! તું રડે છે શું કામ, આજે તો આનંદનો દિવસ છે. પરમાનંદ પ્રભુના મિલનનો મંગલ દિવસ આજે ઊગ્યો છે. આ અત્યંત દુર્લભ મહત્ત્વપૂર્ણ ક્ષણે તું અશ્રુપાત કેમ

કરે છે ગંગા ? મને તારા સિવાય ક્ષણ માટે પણ ચેન પડતું ન હતું ! તું મારો જ છે અને સદૈવ મારામાં જ સમાઈને રહીશ ! એવું બોલી નાયાજીએ ગંગાસિંહને પોતાના હૃદય સાથે લગાડયો. એ ભાવપૂર્વકનું ગુરુ-શિષ્યનું મિલન ખરેખર અનુપમ જ હતું. બંનેની આંખોમાંથી વહેતા પ્રેમાશ્રુને કઈ ઉપમા આપી શકાય ! તે જોઈ લોકોની આંખોમાંથી વધુ જોરથી અશ્રુ પ્રવાહ શરૂ થયો. સંત નાયાજી મહારાજ ગંગાનો હાથ પકડી પોતાના આસન પાસે લઈ આવ્યા.

गंगाजीको कर ग्रही, आसन समीप लाय ।
नायाजी अपने हाथसे, आचार्य तिलक लगाय ।

गंगाजी गुरुदेवका, आसन बिराजो आप ।
संत धाम संभारीयो, सद्‌गुरुके प्रताप ॥

સંત નાયાજી મહારાજે ગંગાસિંહને પોતાના હાથ વડે ગુરુપદનું આચાર્ય તિલક કર્યું અને હાથ પકડી ગુરુ ગાદી પર બેસાડયો અને કહ્યું - 'ગંગાજી ! તું આ સંત ધામની સંભાળ રાખ. સદ્‌ગુરુના પ્રતાપથી તને સદૈવ સુખ અને શાંતિ પ્રાપ્ત થશે !'


ગુરુદેવના શબ્દ સાંભળી વ્યથિત બનેલા ગંગાસિંહ બોલ્યા; - 'ગુરુદેવ ! હું તો એક સેવક છું, પહેરેદાર છું, મને ગાદીની જરૂર નથી ! મારા જેવા પહેરેદારને આ ગાદી સંભાળવી શોભતું પણ નથી ! મને મુક્ત કરો, મને અધિકારી બનવું નથી ! મને આપના દ્વારે પહેરેદાર જ રહેવા દ્યો અને હંમેશાં પ્રભુ ભક્તિમાં લીન રહું એવો આશીર્વાદ મને આપો !

સંત નાયાજી મહારાજ બોલ્યા; 'ગંગાસિંહ ! જીવનભર તે એક પણ વખત ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી ! તું બહુ જ વિવેકી અને વિનયી છો, તેથી જ હું તને આ કાર્ય સોંપી રહ્યો છું. ગુરુના વચન પર વિશ્વાસ રાખ, હું સદૈવ તારી પાસે જ રહીશ !' એવું બોલી નાયાજીએ તેના શિર પર પોતાનો પ્રેમાળ વરદ હસ્ત મૂકયો. અત્યંત ભાવથી ગંગાસિંહે ગુરુની આજ્ઞા સ્વીકારી.

पंद्रसो नव्वासी भादो, शुकला दूज निर्वाण ।
संत नायाजीने किये, यहां से महा प्रयाण ।

अवनि तलपे आयके, योगी लीला बखान ।
लोगनके बडे लाडिले, चल गये महेमान ॥

સત શ્રી નાયાજી મહારાજ



પોતાના પ્રેમી શિષ્ય સદ્‌ભક્ત ગંગાસિંહ ગોહિલને
તેમના પછી ગાદીના વારસદાર થવાની આજ્ઞા કરતા સંત શ્રી નાયાજી મહારાજ.

સંવત ૧૫૮૯ ના ભાદ્રપદ શુદ્ધ (સુદ) બીજના દિવસે સંત નાયાજી મહારાજ સમાધિસ્ત બન્યા. એક યોગી મહાપુરુષ અવની તલ પર આવી પરહિત કાજે અગમ્ય લીલા કરી, લોકોના વહાલા બની મહાન સંતે અલોકમાંથી મહા પ્રયાણ કર્યું.

पंद्रहसो नव्वासी भादो, शुक्ल दूज बखानजी ।
समाधि लिन्ही संतको, यहांसे बडे महेमानजी ॥

सोही संतनकी जीवनी, शायरके जीवन प्राणजी ।
अवगुण मोरे नाथजी, बक्षो मे हुं नादानजी ॥
सेवकलाल चरणनका चेरा, संत पुरुषकी लीला बखानगी ॥

સંત નાયાજી મહારાજ પદ્માસન બનાવી સમાધિની અંદર સમાધિસ્થ બિરાજમાન થયા. સત્પંથ ધર્મનો એક દૈવી વિરલ તારલો અસ્ત પામ્યો. સમાધિ સ્થાન તેમના આદેશાનુસાર બનાવવામાં આવ્યું હતું. 'સંત નાયાજી મહારાજનો જય ! સંત નાયાજી મહારાજનો જય !!' જય જયકાર કરતો અશ્રુપાત વહાવતો માનવ મહેરામણ સંત ધામમાંથી ધીમે ધીમે વિખેરાઈ ગયો. ગંગાસિંહના હૃદયમાંની વિરહ વેદના હજી શાંત થઈ ન હતી. અધીરો બનીને તે તો આસન પર બેસીને જ અશ્રુપાત કરતો હતો.

गंगा गुरुके विरहमे, आसन बैठै रोई ।
साया अकेला क्यों रहे, यहां नहीं मेरा कोई ॥

गुरुदेव मोहे संगमे, रखों प्रहरीको पास ।
गंगाजी आवन चाहे, नाया गुरुकी पास ॥

गंगाजी गुरुदेवसे, कबहु रहे न दूर ।
साया न्यारे क्यों हुवे, मोसे रहो हजूर ॥

नाया गुरुदेवजी, मोहे दिये विश्वास ।
गंगा तुं काहे रुवे, मे हुं तिहारी पास ॥

અશ્રુપાત કરતા ગંગાસિંહને જોઈ ગુરુદેવ નાયાજીનું હૃદય દ્રવી ગયું. તેઓ પ્રગટ થયા. ગંગાસિંહને મળ્યા. વિયોગિનીને પતિનું દર્શન થાય તેમ ગુરુદેવ અને શિષ્યનું પુનર્મિલન થયું. ગુરુના દર્શનથી ગંગાના હૃદયમાં જે વિરહ અગ્નિ સળગતો હતો તે કાયમનો વિલીન થયો.

खोजनहारको पाइया, पियरा अपनी पास ।
गंगाको गुरुदेवजी, मिल गये खासे खास ॥

૪.

સંત શ્રી ભાભારામ મહારાજ

સત્‌પંથ ધર્મના પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સદ્‌ભક્તો અનુસાર ત્રીજા ભક્ત સંત શ્રી ભાભારામ મહારાજ છે. તેમની જીવનલીલા વિષે થોડું અવલોકન (વર્ણન) કરીએ.

ગુજરાતના ચરોતર પરગણાના એટલે કે હાલના ખેડા જીલ્લામાંના 'વસો' ગામે, પાટીદાર જ્ઞાતિમાં કેશવદાસ નામના કુળવાન ગૃહસ્થ રહેતા હતા. તેઓ ધર્મનિષ્ઠ રાજપુરુષ હતા. કાશી ક્ષેત્રથી નિયમિત રીતે સાંઢણી દ્વારા ગંગાજળ લાવી તેઓ સ્નાન કરતા હતા. તેમના આંગણામાં સદૈવ સદાવ્રત અને આતિથ્ય સત્કાર થતાં હતાં. કેશવદાસ તાલુકા (પરગાણા) પ્રમુખ હોવાથી જમીન મહેસૂલ વસૂલ કરી અમદાવાદના સુલતાનના દરબારમાં જતા હોવાથી બાદશાહી દરબારમાં તેનું ઘણું જ માન અને પ્રતિષ્ઠા હતી.

કેશવદાસને વિમળાદેવી નામનાં પતિવ્રતા શીલવાન ધર્મપત્ની હતાં. તે બંને જણાંએ અનેક તીર્થ યાત્રાઓ પણ કરી હતી. કેટલાક દિવસ કાશી ક્ષેત્રમાં રહી ભાવથી સાધુસંતોની સેવા પણ કરી હતી. કેશવદાસ અને વિમળાદેવી હંસ-હંસિણીની જુગલજોડી હતી. જીવીબેન નામથી તેમને એક કન્યા રત્ન હતું. ત્યાર પછી તેમને કોઈ સંતાન ન થયું. ઘરમાં ઘણા નોકર ચાકર હતા, પરંતુ અતિથિ-સંત-અભ્યાગતોનું તે પોતે જાતે જ આતિથ્ય સત્કાર કરતાં હતાં.

વિમળાદેવી એક દિવસે બહુ બિમાર પડયાં અને અનંતની ચિરનિદ્રામાં પોઢી ગયાં. જોગાનુજોગ તે જ સમયે અચાનક એક મહાપુરુષનું આગમન થયું. તેઓએ બહારથી જ જોરથી

'ગંગામૈયા' એવી બૂમ પાડી, ઘરમાં તે વખતે સૌ આકુળ વ્યાકુળ થઈ ગયાં. સર્વે શોકસાગરમાં ડૂબી ગયાં હતાં. એક સેવકે રડતાં રડતાં મહાપુરુષને કહ્યું; 'મહારાજ, જે ગંગામૈયાને આપ બોલાવી રહ્યા છો તે હવે ક્યારેય ઊઠી શકશે નહીં. તેઓ તો મૃત્યુ શય્યા પર છે.

સેવકના શબ્દ સાંભળી મહાપુરુષ ઘરની અંદર આવ્યા અને વિમળાદેવી પાસે જઈ પોતાના કમંડલનું જળ તેણીના પર છાંટી બોલ્યા; 'ગંગામૈયા, અહીંથી ક્યાંય જવું નથી. અહીંથી જતી રહીશ તો અતિથિ અભ્યાગતનો સત્કાર કોણ કરશે ? માતા ! સંતોનો સત્કાર કરવા તને અહીં જ રહેવું પડશે. ઊઠ, ઊભી થા !' એમ કહી તેઓએ હજી વધુ જોર જોરથી તેણીના મુખ પર જળ છાંટયું. ત્યાં આશ્ચર્ય થયું, વિમળાદેવી ઊંઘમાંથી ઝબકીને જાગીને ઊઠીને બેસી ગયાં હોય તે રીતે તેમને આંખો ખોલી અને સંતના ચરણે નમી પડયાં. સંત પુરુષે તેણીના શિર પર વરદ હસ્ત મૂક્યો અને **'मैया तुम्हारा जय जयकार हो !'** એવો શુભાશીર્વાદ આપી ત્વરાથી બહાર નીકળી ગયા. કેશવદાસ ત્વરાથી તેમની પાછળ દોડયા પરંતુ સત્પુરુષ ક્યાં અદ્રશ્ય થઈ ગયા તે સમજ ન પડી. કેશવદાસ નારાયણની કૃપા સમજી ભાવવિભોર બની ગયા. વિમળાદેવીના પુનર્જીવનથી આનંદિત થઈ ગયા.

साधु आवत देखके, उठकर मिलीये धाय ।
क्या जानु उस वेशमे, नारायण मिली जाय ।।

કેશવદાસ ધર્મ પરાયણ હોવાથી તેમણે સાધુ-સંતો તેમજ અભ્યાગતોની સેવા તેમજ સદાવ્રત ચાલુ જ રાખ્યાં હતાં. એક સમય કુંભ મેળાના સમયે હરિદ્વાર જઈ ત્યાંના સંત પુરુષોની ઘણી સેવા કરી. તેમાંથી એક મહાપુરુષે તેમની સેવા જોઈ આશીર્વાદ આપ્યો હતો.


केशव तेरे घर आयेगे, योगी पुरुष अवतारजी ।
सोही संतसे होयेंगे, कुणबी कुल उजीयारजी ।।

बडे प्रभावी महात्मा, लोगनके हितकारजी ।
कुणबी तेरे कुलमे, होयेगे जयजयकारजी ।।

'બેટા ! કેશવદાસ તારા ઘેર એક યોગી પુરુષ અવતાર ધારણ કરશે અને તારું કુળ ઉજ્જવલ કરશે. તે મહાન પ્રભાવી મહાત્મા, લોક કલ્યાણ માટે અવની તલ પર અવતરશે ! તારું જીવન પણ ધન્ય બનશે ! તારું કલ્યાણ થાવ !' એવા આશીર્વાદ આપ્યા. તે સાંભળી

કેશવદાસનું હૃદય ભરાઈ આવ્યું. તેઓએ મહાત્મા પુરુષના ચરણે દંડવત પ્રણામ કરી ચરણ રજ શિર પર ચઢાવી આશીર્વાદ લીધા અને ત્યાં થોડા દિવસ રોકાણ કરી પછી વસો આવવા પ્રયાણ કર્યું.

થોડા સમય પછી વિમળાદેવી ગર્ભવતી બન્યાં. તેનું તમામ ચિત્ત ઈશ્વર ભજન પ્રત્યે અને સંત મહાત્માઓની સેવામાં જ લાગી રહેલું હતું. સમય આવ્યે મહા પુરુષના શબ્દ સત્ય થયા. વિ.સ. ૧૫૦૫ માં માતા વિમળાદેવીના કુખે એક સુંદર તેજસ્વી બાળકનો જન્મ થયો. અંશાવતારી યોગી પુરુષે આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો. આકાશમાં મંગળ વાદ્યો વાગ્યાં, ચંદન અને પુષ્પની વૃષ્ટિ થઈ. સર્વત્ર આનંદ આનંદ પ્રસરી ગયો. કેશવદાસના આંગણે શુભ ચોઘડીયાં વાગવા લાગ્યાં. દીપોત્સવી જેવો આનંદોત્સવ ઉજવાઈ રહ્યો. કેશવદાસે યાચકોને સંતુષ્ટ કર્યા, ચારણ, ભાટ, બ્રાહ્મણ વગેરેને અપાર દક્ષિણા આપી. કુળપુરોહિતને બોલાવી નામાભિધાન થયું. 'ભાભારામ' આ પવિત્ર નામ બાળકનું રાખવામાં આવ્યું.



બાલ ભાભારામની મંદિરમાં દેવભક્તિ વિષેની બાલક્રીડા જોઈ તેમનાં માતા-પિતા વિસ્મય પામે છે.

હર્ષથી ભરેલા અંતઃકરણથી માતાપિતા બાળ ભાભારામનું લાલનપાલન કરવા લાગ્યાં. બાળલીલાએ ભાભારામે બધાને આનંદ આપ્યો. બાળપણથી જ દેવધર્મ અને મંદિર પ્રત્યેનું તેનું વર્તન જોઈ કેશવદાસજી સમજી ગયા કે મહાપુરુષના કૃપાશીર્વાદ મુજબ આપણો આ બાળક અંશાવતારી યોગી જ હોવો જોઈએ. પાંચ વર્ષની ઉંમરે ભાભારામને વિદ્યાભ્યાસ માટે નિશાળમાં મોકલવામાં આવ્યો. પૂર્વભવે સુસંસ્કારી રહેલા તે પ્રગટ આત્માને જાગૃત કરવાની જરૂર જ રહી નહીં. લૌકિક દૃષ્ટિએ શાળાનું શિક્ષણ પુરું કરી તેઓએ તમામ વિદ્યામાં પ્રાવિણ્ય પ્રાપ્ત કર્યું.

તરુણ અવસ્થામાં પદાર્પણ થતાંની સાથે જ ભાભારામનો પેટલાદના પેથાભાઈ પટેલની સુંદર કન્યા રોહિણી સાથે વિવાહ થયો. સ્વર્ગ સમાન સુંદર સંસારમાં આનંદ માણતાં તે પ્રેમી યુગલને એક રૂપાળા પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. રોહિણી માતા બની. પુત્રનું નામ શંકર એવું રાખવામાં આવ્યું.

આખું કુટુંબ આનંદ વિભોર સમય પસાર કરતું હતું ત્યારે એકાએક અઘટિત ઘટના બની. કેશવદાસ મરણાસન્ન થયા અને થોડા દિવસોમાં જ તેમને સ્વર્ગમાંથી તેડુ આવ્યું. ભાભારામ પિતાની પાસે જ બેઠા હતા, તેમનું મુખ જોઈ પિતાને પરમ સંતોષ થયો. એકોત્તેર પેઢીઓનો ઉદ્ધાર કરનારો કુલદીપક અંશાવતારી પુત્રના દર્શન થતાંની સાથે જ કેશવદાસના હૃદયની વ્યથા દૂર થઈ ગઈ અને હર્ષભરીત અંતઃકરણે તેઓ કાળપુરુષને આધીન થયા. સ્વામીના સ્વર્ગારોહણ પછી સતી વિમળાદેવીએ પણ થોડા દિવસમાં પતિની પાછળ સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.

पिव मरणकी बातको, सुनते छांडे प्राण ।
ऐसी सती इह लोकमे, जुग जुग रही बखान ॥

जुग जुग रही बखान, सुफळ करती जग जाना ।
पद पंकज बलिहार, बुझे कहा बैगाना ॥

कहेत माधवदास आयो, मे तोरे शरणा ।
सुन तही छांडे प्राण, सती मत दिखे पिव मरणा ॥

પતિના નિધન પછી સતી આ લોકમાં રહી શકે નહીં, એમ પોતાના પતિ પછી થોડા દિવસમાં જ તેને પણ જગતમાંથી પ્રયાણ કર્યુ. સતી વિમળાદેવી આ પ્રકારે પોતાના સ્વામી સાથે મહા પ્રયાણ કર્યુ. ભાભારામને આ દુઃખમય વિયોગ અસહ્ય થયો. સર્વ પ્રકારના સાંસારીક ભોગોથી તેઓ વિરક્ત બન્યા. સંસારમાંથી તેમનું મન તદ્દન ઊઠી ગયું. હવે તો તેઓ આ અસાર સંસારથી દૂર જવાની ઈચ્છા કરતા હતા. તેઓએ પોતાની અઢળક સંપત્તિનો સન્માર્ગે સદુપયોગ શરૂ કર્યો. સમાજની સેવા માટે તેઓએ અનેક તળાવ, કૂવાઓ બંધાવ્યાં. ગરીબો માટે મફત ઔષધોપચાર કેન્દ્ર શરૂ કર્યા. તેઓ પોતે સંસ્કારી હોવાથી સમાજનાં નાનામાં નાનાં કુમળાં બાળકોને સારા પ્રકારના સંસ્કાર મળે તે માટે પાઠશાળાઓ શરૂ કરી. તેના આચાર્યની જવાબદારી પોતે વહન કરી. અનેકાનેક તીર્થક્ષેત્રોમાં ધર્મશાળાઓ બંધાવી, યાત્રિકોની સેવા કરી. એવાં કેટલાંય લોકોપયોગી કાર્યો કરી પોતાની સંપત્તિનો તેઓએ સદુપયોગ શરૂ કર્યો. તેની સાથે જ પોતાના જીવનનો પણ સદ્દુપયોગ કરવા લાગ્યા. કાશી, હરિદ્વાર બદ્રીનાથ, કેદારનાથ વગેરે અનેક ક્ષેત્રોમાં જઈ અન્નદાન, વસ્ત્રદાન, દ્રવ્યદાન કરી સત્પુરુષોની સેવા કરતાં કરતાં તેમના સત્સંગમાં પરોવાઈ જવા લાગ્યા.

તેનું મન વૈરાગ્યના વિચારથી અસ્વસ્થ બની ગયું. જગતનો અસત્ વ્યવહાર જોઈ અને સ્વાર્થી વ્યવહાર જાણી વિરક્ત ભાભારામનું મન અતિશય ઉદાસ બની ગયું. તેનો યોગભ્રષ્ટ યોગીનો જ અવતાર હોવાથી અધૂરો રહેલો યોગ પૂરો કરવા માટે ઘણો સંઘર્ષ શરૂ કર્યો, માર્ગમાં જે અમુક સાંસારિક બંધનો હતાં તે દૂર કરવા પ્રયત્ન કરવા લાગ્યા તેમજ દૈવયોગે તે એની મળે જ દૂર થવા લાગ્યા. સ્વર્ગ ભૂમી સમાન કાશીપુરીથી ઘેર એટલે કે વસોમાં આવતા હતા ત્યારે તેમનું મન ભગવાન સદાશિવના વિયોગથી તડપતું હતું.


काशी दिलमे बस गई, अब ना वसो रहाय ।
भाभाराम तुने क्या किया, पछ पछ हिया झुराय ॥

वसो नगरमे आइया, भाभाराम मन भंग ।
कबहु चेन न पाइया, सदा रहे असंग ॥

જેના હૃદયમાં કાશી વસેલું હોય છે, તેને વસો કેમ ગમે. તેનું મન ઘરબાર કે સંસારમાં ચોટે નહીં. પોતાના પતિની એવી દશા જોઈ રોહિણી જાણી ગઈ કે હવે સમય થવા આવ્યો છે તેથી પોતાના સ્વામીને આ મૃગજળ જેવા સંસારમાંથી મુક્ત કરવા.

रोहिणी नैना दिखे, अपने पियुका हाल ।
यह संसार मानसर, पियरा मेरा मराल ।।

हंसा सोही मोती चुंगे, कबहु न आन लुभाय ।
पियरा मेरा हंस है, सोही हंस रहाय ।।



(૧) ભાભારામનાં માતા-પિતાનાં નિર્ગમન.
(૨) ભાભારામની સાંસારિક ઉદાસિનતા.
(૩) પત્ની રોહિણીનું નિર્ગમન.
(૪) ભાભારામનો ગૃહત્યાગ અને વૈરાગ્યધારણ.

રોહિણી ભાભારામ પાસે આવી વિનયથી બોલી; 'સ્વામીનાથ ! તમે મારાથી હમણાં હમણાં મોઢું કેમ વિમુખ કર્યું છે ? મારો કોઈ અપરાધ છે ? મારાથી દૂર રહેવાનો પ્રયત્ન કેમ કરો છો ?'

ભાભારામ બોલ્યા; 'રોહિણી ! તું સમજે છે તેવું કંઈ નથી પણ મારું મન હવે આ અસાર સંસારમાં રહેવા માગતું નથી. મારા હૃદયની આ વ્યથા કેવી રીતે દર્શાવવી એ જ મને સમજાતું નથી !'

પોતાના સ્વામીની આ દશા જાણી રોહિણી તેમના પગ પકડીને બોલી; 'પ્રાણનાથ ! તમે સદૈવ મારા જ થઈને રહો. મને કેવળ તમારી જ અભિલાષા છે. આ રોહિણીને આપના ચરણમાં સ્થાન આપો. સ્વામી ! હવે હું અહીંથી આપની વિદાય લઈ રહી છું, મને આજ્ઞા આપો. એક સમયની આ પદ્મરેખા અપ્સરા આ જન્મે રોહિણી રૂપે આવી અને પૂર્વ સંકેત અનુસાર આપને આવી મળી હતી. હે પ્રાણેશ્વર ! મારો સમય પૂરો થયો છે. તેથી આ લોકમાં મારાથી હવે રહેવાય તેમ નથી, તેથી હસ્તામુખે મને અહીંથી જવા માટે વિદાય આપો. જતાં જતાં મારી એક વિનંતી સાંભળો. સ્વામી ! હું જાણું છું કે આપ યોગી છો અને યોગી જ રહેશો. પરભવના સમયમાં આ યોગ સાધનામાં ચોવીસ વર્ષ ફોગટ ગયાં. તમારી તપશ્ચર્યા વ્યર્થ ગઈ હતી. નાથ ! આ પરાભૂત થયેલી બાજી જીતવા માટે હવે ક્યારે કટિબદ્ધ બનશો ? આ સમયે જ જાગૃત થઈ યોગી બની આ જગતને પાવન કરો.' એવું બોલી પોતાના પ્રાણપતિની ગોદમાં મસ્તક મૂકી જાણે સ્વર્ગીય સ્વપ્નમાં લીન બની ગઈ હોય એવા અલૌકિક આનંદ સાગરમાં ડૂબકી લેતી હોય એવા ભાવથી તેણી ચિરવિશ્રાંતીમાં પોઢી ગઈ. મધુર મંદ હાસ્ય કરતી કોઈ એક હંસિણી ધીમેથી પાંખો ફડફડાવી ઊડી જાય તે પ્રમાણે રોહિણીદેવીનો પંચપ્રાણ જગત રૂપી માનસરોવરમાંથી ઊડી ગયો.

अपने पियुकी गोदमे, रोहिणी सोई उमंग ।
प्रेम दिवानी क्यो जगे, रखे प्रेमको रंग ॥

विरक्त भाभारामको, ता दिन लगेरी घाव ।
रोहिणी तुम जीत गई, हार गया मै दाव ॥

રોહિણીએ અત્યંત આનંદથી પોતાના સ્વામીની ગોદમાં ચિરવિશ્રાંતી મેળવી. ધનુષ્યમાંથી બાણ છૂટે તે પ્રમાણે તે પ્રેમ દિવાનીએ અંતિમ પ્રયાણ કર્યુ. ભાભારામના હૃદયને મોટો અસહ્ય આઘાત લાગ્યો. પ્રાણ પ્યારી અર્ધાંગનાનો વિયોગ તેને અસહ્ય થયો. 'રોહિણી ! તારી અકળ ગતિ આ ભાભારામ ક્યારેય ઓળખી શક્યા નહીં. સ્વર્ગલોકમાંથી તું આવી, માયા લગાડી ક્ષણમાં નીકળી ગઈ. એવો અસહ્ય વિયોગ આ ભાભારામ સહન કરી શકશે નહીં. આ પ્રકારે શોકમગ્ન ભાભારામે રોહિણીના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર પૂરા કર્યા.

હવે તેમના હૃદયને શાંતિ ક્યાંથી મળે ! તીર્થયાત્રામાં જવા માટે જ્યારે તેઓ વિચાર કરવા લાગ્યા ત્યારે તેમનો પુત્ર શંકરદાસ સાશ્રુનયને સામે આવ્યો. ભાભારામે શંકરને કહ્યું; 'બાળ શંકર, રડવું નહીં. શાંત રહે. ઈશ્વર તને સદૈવ સુખમાં રાખે. મને પરમ પાવન એવા વૈરાગ્ય માર્ગે જવા માટે તું રજા આપ. પ્રભુ ભક્તિથી મને જીવન સફળ કરવા દે.' એમ કહી અપાર પ્રેમથી તેના શિર પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યો. તે થોડો શાંત થાય કે ન થાય એટલામાં તેની બહેન જીવીબેન રડતી રડતી આવી. ભાભારામે જીવીબેનને પણ સમજાવી. ભાભારામે પોતાની સંપત્તિનો અમુક ભાગ પોતાના દીકરા માટે રાખી બાકીનો ભાગ પોતાની બહેનના બે છોકરાઓ પ્રેમજી અને હીરજીને વહેંચી આપ્યો અને પોતે મુક્ત થયા.

સંસારની મૃગજળ જેવી માયા ત્યાગી, ભાભારામ ગૃહ ત્યાગ કરી દેવા ગામમાં આવ્યા, ત્યાં પણ સ્થિર થઈ શક્યા નહીં. ત્યાંથી વનખંડીમાં આવ્યા, તેને ચંપકવન પણ કહેવાતું હતું. ત્યાં એક તળાવના કિનારે સુંદર એવી વનરાઈમાં ભાભારામે પોતાની યોગ સાધના શરૂ કરી.

ध्यानी भाभारामको, हरिसे लगन लगाय ।
रसना लग गई नामसे, हरिमे रहे लुभाय ।।

योगीकी गति को बुझे, टाळी लागी दिन रेन ।
हरिसे लगे हरिके हो, हरि बीन पावे न चेन ।।

હરિ સ્મરણ કરતાં કરતાં ભાભારામ એકાગ્ર થઈ હરિમય બની જતા. રાત દિવસ તેઓ ધ્યાન મગ્ન રહેવા લાગ્યા. આહાર નિંદ્રાનો ત્યાગ કરી સુરતા શ્રી હરિના ધ્યાનમાં લાગી જતી. એમ કહે છે કે ભાભારામે બાર વર્ષ પર્યંત લીલાં પાંદડાઓ ખાઈ અને પછીનાં બાર વર્ષ સૂકા પાંદડાં ખાઈ નિર્વાહ કર્યો હતો.

मस्त दशा योगीकी, कोन रखे संभाल ।
पिवजी योग निभाइयो, सांया किये प्रतिपाल ।।

बारा बरस पिछे बने, बाहेनी मिलनको योग ।
नटपुरसे आ गई, कीकीबाई हरि योग ।।

વિરક્ત દશામાં ધ્યાનમગ્ન બનેલા યોગીની દેખભાળ કોણ રાખે ! તેઓ પોતે પરમાત્માના ધ્યાનમાં મગ્ન હતા, તે જ ભક્ત વત્સલ ભગવાન તેમની સંભાળ રાખી શકે. એક દિવસ

ઘટીત ઘટના ઘટી. સંત ભાભારામની પૂર્વભવની જીવભાવની એક બહેન નટપુર નડિયાદથી દૈવ યોગે ભાભારામ ચંપકવનમાં જ્યાં તપ કરતા હતા ત્યાં નજીકથી જતી હતી ત્યારે ભાભારામે યોગબળથી તેણીને ઓળખી હતી. ભાભારામે તેણીને કોઈ પણ પ્રકારનું અંતર ન રાખતાં પોતાની પાસે રાખી હતી. આ કીકીબાઈ ખરેખર મહાસાધ્વી વિદુષી અને સદ્‌ભક્ત હતાં. સંત સેવાથી આગળ જતાં વંદનીય બન્યાં.


सजनी संतके चरणमे, पाया परम सोहाग ।
आली मोहे मिल गये, भय उब्बारनको लाभ ॥

અલિંદ્રા કીકીબાઈનું જન્મ સ્થળ હતું. તેમનાં લગ્ન નટપુર નડીયાદના માંડણ પટેલ સાથે થયાં હતાં. કાળક્રમે તેણીને બે પુત્રો થયા પરંતુ કમનસીબેન પતિના નિધનથી વૈધવ્યનું દુઃખ તેના શિર પર આવી પડ્યું. ઉપરાંત તે સમયે મહા ભયંકર દુષ્કાળ પડયો અને તેના દુઃખમાં વધારો થયો. દુષ્કાળના દુઃખના દિવસોમાં તેને કોઈ મદદ કરવા તૈયાર નહોતું. સગાં-પરિવાર પણ દૂર થઈ ગયાં. હવે કરવું શું ? સંસારથી એટલે કે ઘરબારથી તેનું મન ઊઠી ગયું. બંને છોકરાઓને બળદગાડીમાં બેસાડી ગાડી પોતે હાંકી નટપુર નડીયાદને રામરામ કર્યા. ક્યાં જવું એ અનિશ્ચિત હતું. રસ્તે જતાં ચંપકવનની નજીક આવી પહોંચ્યાં.

ઉનાળાના દિવસો હતા. ભર બપોરે સૂર્યની પ્રખર ગરમીથી બંને દીકરા અને તે પોતે ઘણાં જ આકુળ વ્યાકુળ થતાં હતાં, પાણીની તરસથી મોઢાં સૂકાઈ ગયાં હતાં. દીકરા પાણી પાણી કરતા હતા. ત્યારે નજીક એક કૂવો દેખાયો. પાણી કાઢવા માટે તેની પાસેના ઘડાને દોરી બાંધી પાણી ખેંચવા લાગ્યાં. અર્ધોભાગ ખેંચ્યો એટલામાં દોરી તૂટી ગઈ. ઘડો કૂવામાં પડી ગયો. કીકીબાઈ બેબાકળાં બની ગયાં અને હવે પાણી કેવી રીતે કાઢવું એ વિચારથી આજુબાજુ જોવા લાગ્યાં. અચાનક એક વિશાળ વૃક્ષ નીચે નાની પર્ણકુટી દેખાઈ અને એ કુટીરમાં એક તપસ્વી મહાત્મા બેઠેલા જોયા. તરત જ તેમની પાસે જઈ દીનતાથી પ્રણામ કરી કીકીબાઈએ પોતાની મુશ્કેલી કહી; 'મહારાજ ! ઘણી તરસ લાગી છે. પાણી કાઢવા ગઈ પણ દોરી તૂટી ગઈ અને ઘડો કૂવામાં પડી ગયો. મારી પાસે અન્ય કોઈ સાધન નથી. દીકરાઓ તરસથી આકુળ વ્યાકુળ થાય છે. આપની પાસે કૂવામાંથી પાણી કાઢવા કોઈ સાધન હોય તો આપવા વિનંતી કરું છું.' ભાભારામે પોતાની પાસેનું શીતળ જળ તેણીને આપ્યું. તે યોગે કીકીબાઈ અને બંને દીકરાઓ પાણી પીને તૃપ્ત થયાં.

કીકીબાઈએ વિનયથી સંત ચરણે નમસ્કાર કર્યા અને બંને બાળકોને સંત ચરણે નમન કરાવ્યું. ભાભારામે કીકીબાઈ તરફ નિરખીને જોયું અને અત્યંત ઉલ્હાસિત અંતઃકરણથી બોલ્યા : કીકીબાઈ, હું તારી જ રાહ જોતો હતો. આખરે મારી બહેન મને આવી મળી. હવે તને અહીંથી ક્યાંય જવાનું નથી, કારણ કે આ સ્થળે તારું ઋણ છે. પૂર્વજન્મના આ ઋણ સંબંધને તું ક્યારેય તોડી શકીશ નહીં. તેથી આગળ ન જતાં શાંતિથી અહીં જ રહે.'

મહાપુરુષની આ દિવ્ય વાણીથી કીકીબાઈ વિચારમગ્ન બની એકદમ વિચારમાં પડી ગયાં. આખરે ધીમા અવાજે બોલ્યા; 'મહારાજ ! પૂર્વભવનો સંબંધ એટલે શું ? આપણી સાથે મારો પૂર્વજન્મનો શું સંબંધ હતો ? આ તો મને કંઈ સમજાતું નથી. કૃપા કરી પૂર્વજન્મની ઋણાનુબંધની કથા મને સમજાવીને કહો.' કીકીબાઈના શબ્દો સાંભળી સંત ભાભારામ થોડા સ્વસ્થ થયા. ધીમેથી તેઓએ પૂર્વ જન્મની કથા કહેવાની શરૂઆત કરી.



સદ્‌ભક્ત યુવક હરિરાયની ઉજ્જૈનના મહાકાલેશ્વરમાં તપશ્ચર્યા અને કરુણામૂર્તિ બહેન તેમની સેવા કરે છે.

સંત શ્રી ભાભારામ મહારાજ

સંત ભાભારામના ત્રણ જન્મોની કથા મળે છે. તેમનો પ્રથમ જન્મ ઉજ્જૈન શહેરમાં દિનકરરાય નામના બ્રાહ્મણના ઘેર થયો હતો. તેમનું નામ હરિરાય હતું. તેઓ ભગવાન સદાશિવના અનન્ય ભક્ત હતા. મહાકાળેશ્વરને પ્રસન્ન કરવા તેઓએ ઘણી સેવા કરી હતી. સેવા કરતાં કરતાં બાર વર્ષ પૂરાં થયાં. છેલ્લે એક રાત્રે સ્વપ્નમાં શિવજીએ દર્શન આપી કહ્યું; 'હે બ્રાહ્મણ ! તારી ભક્તિ જોઈ હું પ્રસન્ન થયો છું, પરંતુ તને આ જન્મમાં મળી શકે એવું કંઈ નથી, પછીના જન્મે હું તને અવશ્ય મળીશ.' હરિરાયની આંખો ખૂલી ગઈ અને સ્વપ્નનો વિચાર કરવા લાગ્યા. જ્યારે આ જન્મે ઈશ્વર મળશે નહીં તો જીવતા રહીને શું કરું ? દ્રઢ નિશ્ચયથી હરિરાયે અન્નજળનો ત્યાગ કર્યો. મહાકાળેશ્વરના મંદિરમાં જઈ શાંત ચિત્તે, એકાગ્ર મને ધ્યાનમગ્ન બન્યા. અન્ન જળના ત્યાગના લીધે શરીર દુર્બળ હાડપિંજર જેવું થઈ ગયું. તે સમયે તેની બહેન ત્યાં આવી. હરિરાયની આવી દશા જોઈ ઘણું જ દુઃખ થયું અને રડવા લાગી. પછી બહેન ઘેર જઈ ખાંડ નાખેલું દૂધ લાવી ભાઈને પીવાનો ઘણો આગ્રહ કર્યો. પ્રથમ ભાઈએ તેનો ઈન્કાર કર્યો, પરંતુ બહેનની આંખમાં અશ્રુ જોઈ દૂધ પી ગયા અને ફરીથી કંઈ પણ ન લાવવાની વાત કરી. બહેનની અપાર માયા પ્રેમ જોઈ તેમનું હૃદય દ્રવી ગયું. તેઓ બોલ્યા;

બહેની મારી નિરખી તમારું મુખ, દિલના દુઃખ ગયા રે લોલ,
ભવોભવ રહે સંગાથ, આ ભવ ભેળા થયા રે લોલ.

વીરા મારા લીધો યોગીનો વેશ, જીવોને તારવા રે લોલ,
કરી બહેનીને યાદ, ભવજળ ઉગારવાને રે લોલ.

એ જ આ ભાભારામની બહેન, આ જન્મે કીકીબાઈ રૂપે આવી મળી. કીકીબાઈ ખરેખર ધન્ય બની ગયાં અને તેણીનું જીવન મંગલમય બની ગયું. તેણીએ બળદગાડું ત્યાં જ છોડયું અને બંને બાળકો સાથે સંતની કુટીર પાસે જ નિવાસ સ્થાન બનાવ્યું. ભાભારામના ધ્યાન સાધના કાળમાં તેણીએ અપાર પરિશ્રમ કરી સંતની સેવા કરી. સમય સંજોગે ભાભારામની કીર્તિની સુગંધ ચારેબાજુએ પ્રસરવા લાગી. અનેક પીડાયેલા જીવાત્માઓ પોતાના ભૌતિક સુખની અભિલાષાએ સંત ચરણે દર્શન માટે આવવા લાગ્યા. તે સર્વનો દુઃખ ભાર ઓછો કરવા બંને બંધુ-ભગિની દિવસ રાત પ્રયત્ન કરતાં રહ્યાં. પરદુઃખ જોઈ તેમનાં હૃદય ગદ્ગદીત થઈ જતાં. લોકોનાં દુઃખ દૂર કરવા બંને ભાઈ-બહેન સદાય તત્પર રહેતાં.

ભાભારામ એક સમયે ધ્યાનમગ્ન અવસ્થામાં હતા ત્યારે કેટલાક યોગી લોકો રસ્તા પરથી જતા હતા. આશ્રમ નજીકમાં વિશ્રાંતિ માટે થોડા સમય માટે રોકાયા. ધ્યાન મગ્ન ભાભારામને જોઈ તેમાંનો એક યોગી બીજાને કહેવા લાગ્યો, 'અરે એ તો આપણા ઈંદ્રકીલ પર્વત પરના તપેશ્વર યોગી ! પોતાનો ચોવીસ વર્ષનો તપશ્ચર્યાનો અધૂરો રહેલો યોગ પૂરો કરવા માટે અહીં આવ્યા છે.' એવું કહી તે યોગી અડબંગનાથે પોતાના સર્વ સાથી યોગી જાન્હવીદાસ, યોગી સતાનંદજી, યોગી રસીકનાથ વગેરે સર્વ યોગી સંઘને ભાભારામના પરભવનું વૃતાંત કહી ભાભારામને યોગનિંદ્રામાંથી જગાડયા. સંત ભાભારામને સર્વ સિદ્ધ પુરુષ યોગીનાં દર્શનથી ઘણો જ આનંદ થયો. અત્યંત આનંદથી તેઓ સૌને મળ્યા અને ઘણી જ્ઞાનચર્ચાઓ કરી.

ભાભારામે જીજ્ઞાસાથી પોતાના પૂર્વ જન્મની હકીકત પૂછયા બાદ યોગી અડબંગનાથે પૂર્વ જન્મની સર્વ વાત કરતાં કહ્યું : 'ભાભારામ ! તારા એક જ કેમ પણ ત્રણ જન્મોની હું તને સ્મૃતિ કરી આપું છું. તેમાંથી પ્રથમ જન્મ તારો ઉજ્જૈન શહેરમાં દિનકરરાય બ્રાહ્મણના ઘરે હરિરાય નામથી થયો. બાળપણથી જ ભગવાન સદાશિવના દર્શનનો અનુરાગ થયો. ભગવાન મહાબળેશ્વરના મંદિરમાં જઈ ઘણી તપશ્ચર્યા ધ્યાન ધારણા કરી પણ ભગવાને સ્વપ્નમાં આશીર્વાદ આપ્યો કે એના પછીના જન્મે તને મારું દર્શન થશે. ભગવંતના વિરહથી વ્યથાપૂર્વક ઝૂરી ઝૂરીને અંતે તે દેહત્યાગ કર્યો. તે સમયે આ તારી બહેને તારી સાધના કાળમાં અપાર પરિશ્રમ કરી તારી સેવા કરી હતી અને વારંવાર તારી યોગ સાધનામાં વિક્ષેપ ન પડે તે માટે તને સદૈવ જાગૃત રાખ્યો. તેણીએ ધૈર્ય આપી તને ઘણો સમજાવ્યો હતો પણ અન્નજળનો ત્યાગ કરી તે તારો દેહ છોડી દીધો, તે આ સાધ્વી કીકીબાઈ પણ યોગભ્રષ્ટ થઈ પોતાનું ૠણ પૂર્ણ કરવા અહીં ત્રીજા જન્મમાં તારી પાસે આવી છે. તારો બીજો જન્મ ભગવાન સદાશિવના વિરહથી ઝૂરી ઝૂરી શરીર ત્યાગ કરવાથી મોક્ષધામ એવા કાશીપુરીમાં પંડિત અનંતાનંદના ઘેર પુત્ર કરુણાનંદના નામથી થયો. ભગવાન સદાશિવના દર્શનની અભિલાષાથી તે જ્યોતિર્લીંગ કાશી વિશ્વેશ્વરની પૂજા શરૂ કરી. અનન્ય પ્રેમભાવથી ભગવાનની આરાધના કરી. આખરે કૃપાળુ ભગવાને દર્શન આપી તને કહ્યું; 'બ્રાહ્મણ ! હું તારા પર પ્રસન્ન છું. તને જે માગવાનું હોય તે માગી લે.' તે કહ્યુંઃ 'પ્રભુ ! હું બીજું શું માગું ? ફક્ત આપના દર્શનની અભિલાષા હતી. મારો આ મૌલિક મનોરથ આજે સિદ્ધ થયો. ભગવાન હું એકાગ્રતાથી તમારું ધ્યાન કરી શકું એટલો મારો મનોરથ પૂર્ણ કરો.' આ યાચના તે ભગવંતને કરી હોવાથી ભગવાન શંકરે આ તારો મનોરથ પૂર્ણ થવા માટે કહ્યુંઃ 'કરુણાનંદ ! તારી અભિલાષા પૂર્ણ થશે. ઉત્તરાખંડમાં

જઈ એકાગ્રતાથી ધ્યાનમગ્ન બન. તું યોગી બનીશ અને સદૈવ મારો અનુરાગી રહીશ.' એવા શુભાશીર્વાદ આપી ભગવાન અંતર્ધાન થઈ ગયા.

ભગવંતના સંકેત મુજબ તે ઇંદ્રકીલ પર્વત પર જઈ તપશ્ચર્યા શરૂ કરી. સમયનું ભાન ન રહ્યું. દિવસ રાત એક સરખો ધ્યાન યોગ તે શરૂ કર્યો. આહાર નિંદ્રાનું નિયંત્રણ કર્યું, યોગી પુરુષ પ્રમાણે ચોવીસ વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી. તારી યોગ સાધનાથી ભગવાન શંકર ભોળાનાથનો તને દર્શન આપવાનો સમય નજીક આવ્યો પરંતુ તે જ સમયે એક આકસ્મિક ઘટના ઘટી. સ્વર્ગલોકથી પદ્મરેખા નામની અપ્સરા ઇંદ્રકીલ પર્વત પર ઉતરી આવી. કર્મ ધર્મ સંજોગે ફરતાં ફરતાં તું જ્યાં તપ કરતો હતો ત્યાં જ આવી. એ સમયે તેણીએ તારી તરફ જોયું અને તે વિહ્વળ બની. તને યોગમાંથી જગાડવા અને પ્રસન્ન કરવા તેણીએ બહુ પ્રયત્ન કર્યા. હાવભાવ, નૃત્યઝંકાર, રાગ-તાન, આલાપ, ગાયન સર્વ પ્રકાર કરી જોયા. આખરે તાલબદ્ધ નૃત્ય અને નુપૂરના ઝંકારથી તારી યોગતંદ્રા તૂટી. અચાનક આંખો ખૂલી ગઈ. જીવનમાં સ્ત્રીને પાપ દ્રષ્ટિથી જેણે જોયું ન હતું તે યોગી પુરુષે તે અપ્સરાની મોહિની મૂર્તિ જોતાં જ મોહાંધ બન્યો અને કંઈપણ વિચાર કર્યા વગર તે મન મોહિનીને બાહુપાશમાં જકડી. અપ્સરાને તે જ જોઈતું હતું. તેણીનો મનોરથ પૂર્ણ થયો. તે યોગીના હૃદયમાં સમાઈ ગઈ.

वेरण वासना विषय किटमे बोया, चोवीस सालकी तपसी तपस्या खोया ।
योगी अपने कर्मपे बहुरी रोया, बम्मन तुम बीरथ आयु बिगोया ॥
योगी तुं फिर भी योगी रहाया ॥

વેરી વિષય વાસનાના કીચડમાં ડૂબવાથી પરમાનંદ પ્રભુની પ્રાપ્તિ માટે કરેલી તપશ્ચર્યા વ્યર્થ બની ગઈ. ઘડીભરના ક્ષુદ્ર વિષયાનંદમાં ચોવીસ વર્ષની તપશ્ચર્યા વેડફાઈ ગઈ. નશાબાજ માણસ નશો ઉતર્યા પછી જે રીતે પશ્ચાત્તાપ કરે છે, તેવી રીતે સ્વસ્થ થયા બાદ તારા હૃદયમાં પણ અત્યંત સંતાપ થવા લાગ્યો : 'યોગી તે ભોગી બની આ શું કર્યું ? ચોવીસ વરસની તપશ્ચર્યા પર પાણી ફરી ગયું. આ શું વિપરીત સૂઝયું ? પોતાના કર્મ પર ચિડાઈ માથું કૂટી પશ્ચાતાપ કરવા લાગ્યો, નયનોથી અપાર અશ્રુધારા વહેવા લાગી.

યોગીને પ્રાપ્ત કરી આનંદસાગરમાં ડૂબેલી પદ્મરેખા નજીકમાં જ શાંત બેઠી હતી. યોગીનો દુઃખદ સંતાપ જોઈ તેણીના હૃદયમાંથી પણ ઘડીભરનો આનંદ વિલાઈ ગયો, કારણ

યોગીનો યોગ ભ્રષ્ટ કરવાના ઉદ્દેશથી તે આવી ન હતી. અનાયાસે તેના પર તેણીની દૃષ્ટિ પડી. યોગીનું દિવ્ય તેજપ્રભા જોઈ તેણીના સ્ત્રીહૃદયમાં કામનાનો ઊભરો આવી તેને પ્રાપ્ત કરવા નૈસર્ગિક અભિલાષા જાગૃત કરવાનો તેણીએ પ્રયત્ન કર્યો. તેમાં તે સફળ બની, પરંતુ મહાપુરુષના આત્મ કલ્પાંતથી તેણીનું હૃદય ભરાઈ આવ્યું, પરંતુ હવે શું કરવું ? અચાનક અલ્પ વાસના જાગૃત થઈ. કોને શું ખબર કે પાછળથી પશ્ચાતાપ થશે !

जो मै ऐसा जानती, प्रीत किये दुःख होई ।
नगर ढंढोरा फेरति, प्रीत कियो मत कोई ।।



(૧) પદ્મરેખા અપ્સરાથી મોહિત થવાથી યોગી કરુણાનંદનો તપોભંગ.
(૨) યોગી અડબંગનાથનો કરુણાનંદને ઉપદેશ.
(૩) ભાભારામ રોહિણીના વિવાહ.
(૪) ભાભારામ-રોહિણીનું સુખી ગૃહસ્થ જીવન

'બ્રાહ્મણ ! તે આ શું કર્યુ ? કાશીથી હિમગીરીમાં આવ્યા ! યોગભ્રષ્ટ થયો ! જો આવી જ રીતે જીવન જીવવું હતું તો સંસારમાં રહી કાળ નિર્ગમન કર્યુ હોત તો શું ખોટું હતું. બ્રાહ્મણ ! તે પોતાનું અમૂલ્ય જીવન વ્યર્થ વિતાવ્યું !' આ પ્રકારે પોતાના કર્મને દોષ આપી રુંદન અને વિલાપ કરતાં કરતાં તું પશ્ચાત્તાપ કરી રહ્યો હતો તે જ વખતે યોગી પુરુષના આ કલ્પાંતના વલોપાતથી જાગૃત થઈ હું ત્વરીત તારી પાસે આવ્યો. તારી પીઠ પર હાથ ફેરવી તને ધીરજ આપી કહ્યું; 'યોગી પુરુષ ! ગભરાઈને રડવાનું છોડી દે. યોગ ભ્રષ્ટ થયો તો શું થયું. જયાંથી ભૂલો પડ્યો છે ત્યાંથી ફરી માપી લે ! જાગૃત થા ! તું યોગી છે, ફરી યોગી જ બનીશ, તારી ક્યારેય અધોગતિ નહીં થાય.' મારું આ આશ્વાસન સાંભળી તારા હૃદયનો સંતાપ ઓછો થયો. તને પાછો ધ્યાન મગ્ન થવા માટે સ્વસ્થ થયેલો જોઈ અપ્સરા વંદન કરી બોલી; 'યોગીરાજ ! હું જાણી જોઈને આપનું તપોભંગ કરવા માટે આવી ન હતી પરંતુ આપનું દિવ્ય સ્વરૂપ જોઈ મારા હૃદયમાં કામ જાગૃત થયો અને આપને પ્રાપ્ત કરવાની દૃઢ અભિલાષા જાગૃત થઈ અને આખરે તમે મને પ્રાપ્ત થયા પણ હવે આપ ધ્યાન મગ્ન થાવ છો તો મારું શું થશે ? આપણું ફરીથી મિલન ક્યારે થશે ?' તું બોલ્યો; 'દેવી, એક વાર ભ્રષ્ટ થયો પણ હવે આ દેહ તને ફરીથી પ્રાપ્ત થનાર નથી. તારો પ્રબળ અનુરાગ હશે તો પછીના જન્મે તે પૂર્ણ થશે, એવું કહી તું ધ્યાન મગ્ન થઈ ગયો. ભગવાનનો એક વાર હું પથ ભૂલી ગયો પરંતુ હવે હું ભૂલીશ નહીં, મને ક્ષમા કરો.

પછી હરિ સ્મરણ કરતાં કરતાં તે દેહત્યાગ કર્યો. એ જ કરુણાનંદ યોગી આ જન્મે કણબી કુળમાં જન્મી ભાભારામ આ નામે અવતર્યો. ભાભારામ આ તારો ત્રીજો જન્મ છે. પદ્મરેખા તે જ તારી રોહિણી હતી. ભગવાન શ્રીકૃષ્ણના વચન પ્રમાણે તું યોગી જ રહેલો છે. ઇંદ્રકીલ પર્વત પર ચોવીસ વર્ષની બાજી જે તું હારી ગયો હતો, તે તપશ્ચર્યા કરી તે પરમાનંદ પ્રભુને પ્રાપ્ત કરી પરિપૂર્ણ કરી છે. અત્યાર સુધી તું આ બધું ભૂલી ગયો હતો પણ હવે તને તારા તમામ અવતારોનું યથાર્થ દર્શન થયું છે. હવે તારો પરમ મિત્ર સંત નાયાજી તારી પાસે આવી યોગ સાધના વિષે ચર્ચા કરશે. અમે જઈએ છીએ. એવું બોલી ભાભારામને પ્રણામ કરી યોગી અડબંગનાથ તથા અન્ય યોગીઓએ આગળ જવા પ્રયાણ કર્યુ.

સંત બીજ પલટે નહીં, જો જુગ જાય અનંત,
ઊંચ નીચ ઘર અવતરે, પણ આખિર સંત કો હી સંત.

તીર્થાટન માટે નીકળેલા સંત નાયાજી મહારાજ પાવન પર્યટન કરતા કરતા ચંપકવનમાં આવ્યા.

સંત ભાભારામના સ્થાને આવી યોગી પુરુષનું દર્શન કર્યુ. બંને યોગીઓ એકબીજાને મળ્યા, સંત નાયાજીએ ભાભારામની યશોગાથાનું વર્ણન કર્યુ.

धन्य चरोतरकी भूमि, धन्य भोम वसो गाम ।
धन्य जो कुलमे उपने, योगी संत भाभाराम ॥

ભાભારામે પ્રતિ જવાબ આપ્યો :-

नायाजी तुमी भी योगी हो, फिरते पर हितकार ।
योगी क्या सुनाईये, किस विध हुआ उध्धार ॥

'નાયાજી મહારાજ ! આપ પણ યોગી પુરુષ છો. કેવી રીતે આપનો ઉદ્ધાર થયો અને આપને પૂર્વજન્મનું જ્ઞાન કેવી રીતે થયું, એ કથા મને સંભળાવો. આપનું પાવન ચરિત્ર સાંભળવાની મને બહુ ઈચ્છા છે. ભાભારામની જિજ્ઞાસા જાણી સંત નાયાજી મહારાજ બોલ્યા;

'ભાભારામ ! હું તો એક અધમમાં અધમ લૂંટારો હતો. કોળી કુળમાં જન્મી લૂંટફાટનો ધંધો કરવા લાગ્યો. કર્મ ધર્મના સંયોગથી અનુગ્રહના દિવસો નજીક આવ્યા અને સદ્‌ગુરુશ્રીનું આગમન થયું. તે મહાપુરુષે મને લૂંટફાટનો ચોરીનો ધંધો છોડવાની સમજ આપી. મારા મૂળ સ્વરૂપનું ભાન કરવા માટે મારા પૂર્વ જન્મનો વૃત્તાંત કહ્યો.

ભાભારામ બોલ્યા; 'મહારાજ ! એ સદ્‌ગુરુ કોણ ? તેમનું નામ શું ?'

સંત નાયાજી બોલ્યા; 'ભાભારામ ! મારા સદ્‌ગુરુની ગતિનું વર્ણન મારાથી યથાર્થથી થઈ શકશે નહીં. એમને મારા જેવા અગણિત પાપીઓનો પણ અપાર કરુણાથી ઉદ્ધાર કર્યો છે. મને પણ જાગૃત કરી સત્માર્ગે લાવ્યા. તે મહાપુરુષનું નામ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ છે. તેઓએ મને નરાધમમાંથી નરોત્તમ બનાવ્યો. મારા પરમ પ્રેમાળ સદ્‌ગુરુએ મારા પહેલાંના ત્રણ જન્મોનું દર્શન કરાવી ભગવંતના દિવ્ય સ્વરૂપનું દર્શન અપાવ્યું અને મને ધન્ય કર્યો. ત્યાંથી જ હું જાગૃત બની સદ્‌ગુરુની કૃપાથી પ્રાપ્ત થયેલા આ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર પ્રસરાવી લોકોમાં ધર્મ જાગૃતિ કરાવતો ફરી રહ્યો છું.'

ભાભારામ બોલ્યા; 'નાયાજી, મને આપનો પરમ પાવન પૂર્વ જન્મ વૃત્તાન્ત સાંભળવો છે. તે આપને કોણે અને કેવા પ્રકારે કહ્યો તે મને પહેલાં કહો.'

નાયાજી બોલ્યા; 'સાંભળો યોગીરાજ ! મારવાડમાં 'જાયલ રિયાસત' માં દેવાનંદ સ્વામીનું પુરાતન સ્થાન છે. તે મહાપુરુષે જ્યારે મહાપ્રયાણની તૈયારી કરી ત્યારે વ્યાકુળ બનેલા લોકોને આશ્વાસન આપી કહ્યું. હવે તો હું તમારી દૃષ્ટિ બહાર જઈ રહ્યો છું પરંતુ સોળમી પેઢીમાં અવતાર ધારણ કરી હું પુનઃ આ સ્થળે આવીશ. મુલતાન શહેરમાં એક વણિક ગૃહસ્થ સંતાન પ્રાપ્તિ માટે સંતોની સેવા કરતા હતા ત્યારે એક મહાપુરુષે તેને આશીર્વાદ આપ્યો; 'બેટા, તારો મનોરથ પૂર્ણ થશે. તને એક પુત્ર થશે પણ તે સાધુનો લાલ હોવાથી તે વૈરાગ્યના રસ્તે નીકળી જશે.

મહાપુરુષના આશીર્વાદ પ્રમાણે પુત્ર અવતર્યો. તેનું નામ સોહંનાથ રાખ્યું. બાર વર્ષનો થયા બાદ એક મહાપુરુષનું ત્યાં આગમન થયું. તેમની સાથે સોહંનાથ પણ ઉત્તરાખંડ હિમાલયમાં નર નારાયણ પર્વત પર જઈ ધ્યાન મગ્ન થઈ બેઠો. કેટલાંક વર્ષે ધ્યાન મુક્ત થયા બાદ યોગીરાજ પોતાના સ્થાન પરથી ઊઠી ગિરીકંદરામાંથી નીચે ઊતર્યા. માનવ કલ્યાણ માટે વિરાટ માર્ગે વિચરણ કરવા લાગ્યા. તે સોહંનાથનું મારવાડમાં આગમન થયું.

મારો પ્રથમ જન્મ મરુ ભૂમિ મારવાડમાં રાઠોડ કુળમાં થયો હતો, તે સમયે મારું નામ ઝુઝારસિંહ હતું. સત્સંગ અને સંત સેવામાં અનન્ય પ્રેમ રહેતો. એક દિવસ સોહંનાથ ગુરુદેવનું અચાનક અમારા ઘેર આગમન થયું. મારું ભાગ્ય જાગૃત થયું, મેં તે મહાપુરુષનું સ્વાગત સત્કાર કરી પ્રેમથી સેવા કરી. તેમનાં ચરણ ધોઈ ચરણામૃત લીધું. મારા ઘરનાં બધાં જ લોકો તે દિવસે પાવન બન્યાં. પ્રસન્ન બની યોગીરાજે મને મનોવાંછિત વરદાન માગવા જણાવ્યું. મેં કહ્યું; 'મહારાજ ! કેવળ એક જ વર હું માગું છું. મને આવાગમનમાંથી મુક્ત કરો. આ જન્મ મરણ બહુ દુઃખદાયક છે તેથી લક્ષચોર્યાસીના ફેરામાંથી છોડાવો.' મારી આ યાચના શ્રવણ કરતાંની સાથે જ સંત અવાક્ થઈ ગયા. અમુક સમય પર્યંત ધ્યાન મગ્ન બની બોલ્યા; 'રાઠોડ ! તે જે યાચના કરી તે આ જન્મે સિદ્ધ થઈ શકશે નહીં, કારણ કે તું જે વચન આપી આવેલો છે તે પૂર્ણ કરવાનો સમય નજીક આવી ગયો છે. તે બંધનમાંથી તું છૂટી શકીશ નહીં.

राठोड अगले जनममे, योगी थे ब्रह्मानंदजी ।
बडी तपस्या कीनी, ताहरे उतरा खंडजी ।।
पर्यटनमे वामा मिले, किये कोल धरे ही पिंडजी ।

राठोड अब तो राह चूके, पूर्व जन्म मिटे फंदजी ॥
मुरधर देशसे गुर्जर धरामे, ज्ञानी संतका हुवे मिलानजी ॥

ઝુઝારસિંહ ! તું ગત જન્મે બ્રહ્માનંદ સ્વામી નામનો યોગી પુરુષ હતો. મહાન તપસ્વી થયો હતો. હિમાલયની ગિરીકંદરામાં મહાન કઠણ તપશ્ચર્યા કરી હતી. કેટલાક વર્ષો પછી તપશ્ચર્યા પૂર્ણ કરી નીચે ઉતરી પાવન માર્ગથી પ્રયાણ કર્યુ. તે સમયે એક તરુણીએ તારી પ્રેમથી મનોભાવે સેવા કરી. પ્રસન્ન બની તે તેણીને મનોવાંછિત વરદાન માગવા જણાવ્યું, તે બોલી; 'મહારાજ ! આપ મારા પર પ્રસન્ન થયા છો તો મારા સ્વામી બનો. પતિ રૂપે આપની સેવા કરવી એ જ એક માત્ર મારી ઈચ્છા આપ પૂરી કરો.' યુવતીની ઈચ્છા સાંભળી તું સ્તબ્ધ બની ગયો. તેણીએ તને ધર્મસંકટમાં મૂક્યો, વચન તો આપેલ હતું. તે પુરું કરવું કર્તવ્ય હતું. તે તેણીને કહ્યું; 'દેવી ! આ જન્મે મેં યોગીનો દેહ ધારણ કરેલો છે. હું યોગ ભ્રષ્ટ થઈ શકું નહીં. પરંતુ આગલા જન્મે હું તને જરૂર મળીશ અને તારી યાચના પૂરી કરશ. એવું તેણીને આશ્વાસન અને વચન આપ્યું. અત્યંત હર્ષ પામીને તે યુવતી ત્યાંથી નીકળી ગઈ પછી તને પ્રાપ્ત કરી લેવા તેને તપશ્ચર્યા શરૂ કરી. શેષ જીવન હરિસ્મરણમાં વિતાવવા લાગી.

એ ભાગ્યવાન યુવતીને આપેલ વચન પૂર્ણ કરવા માટે તે આ જન્મે અહીં અવતાર ધારણ કર્યો છે. તે યુવતી થોડા દિવસોમાં જ તને આવી મળશે. તે રૂપવતીના પ્રેમમાં તું ભાન ભૂલી સંસારમાં પૂર્ણ - બદ્ધ બનીશ તેથી આવાગમનના ફેરામાંથી મુક્ત થઈ શકીશ નહીં. પરંતુ પછી તારો જન્મ ગુજરાતમાં થશે. ત્યાં મહાપુરુષના દર્શનથી તું ખરેખર પાવન બનીશ. તે સંત પુરુષ તારા પર અનુગ્રહ કરશે અને સત્યનું સુદર્શન કરાવશે ત્યારે તને યોગી સ્વરૂપનું ભાન થશે અને તું મુક્ત બની જઈશ. બેટા ! ઝુઝારસિંહ ! આ પ્રકારે તારો અનુગ્રહનો સમય હજી દૂર છે.

આ પ્રકારે વૃતાંત કહી યોગી નીકળી ગયા. સમયના પ્રવાહમાં તેમણે કહેલું બધું સત્ય બન્યું. તે દેવાંગના ભટ્ટી વંશમાં રંભાદેવી નામથી જન્મી, વચન પ્રમાણે ઝુઝારસિંહના સંસારમાં આવી. કાળનું નિર્ગમન થતાં રંભાદેવીના પ્રેમ સાગરમાં ડૂબેલા ઝુઝારસિંહ મુગ્ધ બની પરવશ બન્યા.

એક સમયે રણશિંગુ સાંભળી સર્વ રાજપૂત યુદ્ધ પર જવાની તૈયારી કરવા લાગ્યા. ઝુઝારસિંહે પણ રંભાદેવીને મળી યુદ્ધ પર જવાનું પ્રયાણ કર્યુ. તેણીએ પ્રેમથી પૂજન કરી પોતાના સ્વામીને યુદ્ધ પર જવા રજા આપી. તેમાં રાઠોડ વીરગતિ પામ્યો અને આગલા જન્મે

ગુજરાતમાં કોળી કુળમાં આવી લૂંટારો બની ગયો. તેનું નામ નાયાજી લૂંટારો. એ જ લૂંટારાને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આવી મળ્યા અને તેઓએ આ નાયાને નરમાંથી નરોત્તમ બનાવ્યો.

ભાભારામ ! એવી છે મારી અવતાર કથા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે મને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવી ત્રણ અવતારોનું ભાન કરાવ્યું અને મને યુગધર્મનું જ્ઞાન થયું. તે યોગે હું જાગૃત બન્યો. ભાભારામ ! તમે પોતે યોગી છો તેથી જ મને યથાર્થતાથી ઓળખ્યો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના અનુગ્રહથી લૂંટારુમાંથી સંત બન્યો અને હવે માનવ કલ્યાણ માટે વિરાટ પંથથી પાવન પર્યટન કરી રહ્યો છું. ભવાટવીમાં ભૂલેલા અજ્ઞાની જીવાત્માઓને જગાવી ફરી માર્ગ પર લાવવાનો પ્રયત્ન કરું છું. ભાભારામ ! આપણા જેવા યોગી પુરુષના સમાગમથી હૃદયમાં અવર્ણનીય આનંદ થઈ રહ્યો છે. સાચું કહું તો આપણે બંને ગુરુબંધુ આ જન્મે તો મળ્યા છીએ અને પૂર્વજન્મે પણ મળ્યા હતા. હવે આ જન્મે તો આપણે એકબીજા વગર ક્યારેય રહી શકીશું નહીં. આપણે બંનેને સદ્‌ગુરુ મહારાજે અનુગ્રહથી સોંપેલ લોક જાગૃતિનું કાર્ય પૂર્ણ કરી એક જ સમયે આ દુનિયાથી પ્રયાણ કરવું છે.

ભાભારામ બોલ્યા; 'નાયાજી ! આપને જે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો મેળાપ થયો તે પાવન પુરુષનાં દર્શનની અભિલાષા છે તેથી એક વખત એ સંત પુરુષનાં દર્શન થાય એવો યોગ ફળીભૂત થાય તેમ કરો.'

નાયાજી કહે; 'ભાભારામ ! આપની અભિલાષા વહેલામાં વહેલી તકે સિદ્ધ થશે. એક દિવસ આપના આ સ્થાનમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું જરૂર પદાર્પણ થશે. તે દિવસે આપના હૃદયમાં ખરેખર અદ્‌ભૂત પરમાનંદ પ્રકટ થશે.' એવું કહી સંત નાયાજી મહારાજ ભાભારામના આશ્રમમાંથી પ્રયાણ કરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં જ પોતાના પરમ સેવક હાજરવીર સાથે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો રથ ત્યાં દાખલ થયો.

भाभारामको भेटिया, इमामशाह सत् सधीर ।
सोही संतके चरणमे, वंदहु गुण गंभीर ॥

नायाजीकी संगमे, आये इमामशाह ।
भाभाराम के धाममे, बैठ गये बादशाह ॥

અચાનક રીતે ત્રણે યોગીઓનો સમાગમ થવાથી સર્વને અતિ આનંદ થયો. સંત નાયાજી અને સંત ભાભારામ સદ્‌ગુરુના ચરણમાં નમી પડયા. બંનેને પોતાના હાથે ઉઠાડી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પોતાના હૃદય સાથે લગાડયા.

जा घर योगी अवतरे, धन्य माता पिताय ।
धन्य धन्य तेही कुळको, धन्य वे धरती माय ॥

भाभाराम तुम योगी हो, धन्य तेरो अवतार ।
योगीको तुमी पेखिया, योगी सोही निर्धार ॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આપણને યોગી તરીકે સંબોધ્યા, આ સાંભળી ભાભારામ બોલ્યા; સદ્‌ગુરુ દેવ ! મને આશ્ચર્ય લાગે છે કે હું યોગી ન હોવા છતાં આપ મને યોગી કહો છો એ કેવું ?'

मोहे बडो अचरज भयो, सुने गुरुके वेन ।
मोहे योगी कैसे लिखे, हियरा होत बेचेन ॥

संत वचन पलटे नहीं, भाभा तुं मत भूल ।
योगी सोही योगी बने, तामे न संशय शूल ॥

सद्‌गुरु बानी आपकी, हियरा हुई निश्चिंत
रोम रोम ही रम रही, खटक रही दिल चंत ॥

'ભાભારામ ! સંત પુરુષના મુખેથી અસત્ય વચન ક્યારેય નીકળતું નથી. તું યોગી હતો અને આ જન્મે પણ યોગી જ છો. આ વાતનો જરા પણ સંશય નથી.'

ભાભારામ બોલ્યા; 'સદ્‌ગુરુ નાથ ! આપણી વાણી શ્રવણ કરતાંની સાથે જ મારું હૃદય આનંદ વિભોર બન્યું અને રોમરોમમાં આપના શબ્દો રમી રહ્યા છે.'

योगी जनके संगमे, योगी पावे मोज ।
सद्‌गुरु बडे इमामशाह, कीये प्रभुकी खोज ॥

भाभारामकी संगमे, लगे साईको रंग ।
ज्ञान गोष्ठि बहुरी कीये, हियरा जगे उमंग ॥

યોગી પુરુષ સાથે યોગી પુરુષને જ આનંદ થાય છે. તે પ્રમાણે મહાપુરુષ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પણ યોગ સિદ્ધ પુરુષ હતા, તેથી ભાભારામને પાસે બેસાડી તેની સાથે જ્ઞાનની વાતો કરી. અત્યંત આનંદમય સાથે અર્થ સભર એવી પરમાત્મા પ્રાપ્તિ માટેની યોગ ધર્મની ગોષ્ઠિ કરી.

सद्‌गुरु इमाम शाहको, अथर्ववेदका ज्ञान ।
सोही भाभारामसे, सांई कह्यो बखान ।।

योग वासिष्ठ बखानके, साहिब दियो सुनाय ।
ता दिन भाभारामको, अखंड आनंद पाय ।।

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અથર્વવેદના જ્ઞાતા હતા. અથર્વવેદ યોગ, સમાધિયોગ, રાજયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ધ્યાન, બ્રહ્મવિદ્યા, આત્મશોધન વગેરે સંબંધી ઘણી જ્ઞાન ચર્ચા થઈ. યુગધર્માનુસાર પ્રચલિત ધ્યેય પુરુષની ઉપાસના, ઉપાસનાનું માધ્યમ કળશપૂજા - વારિયજ્ઞ, જ્યોતિ સ્વરૂપ આત્માનું ધ્યાન ચિંતન અને લયયોગની ચર્ચા થઈ અને કાળની અપરિમિત ગતિ, માયાનું સ્વરૂપ, માયાપતિનું રહસ્ય વગેરે બાબતોની યોગવાસિષ્ઠયમાંની જ્ઞાનચર્ચા વગેરેના સત્સંગથી સર્વનું મન તૃપ્ત થયું. ભાભારામ, નાયાકાકા, કીકીબાઈ એમના હૃદયમાં અખંડ આનંદ થયો. ઘણા દિવસો પર્યંત સદ્‌ગુરુ મહારાજનો નિવાસ ત્યાં રહ્યો. આજુબાજુના પંથકોમાંથી અનેકાનેક વિદ્વાન લોકો આ જ્ઞાનચર્ચા સાંભળવા માટે આવતા. ભાભારામના આશ્રમને યાત્રાનું સ્વરૂપ મળ્યું. ભાભારામનું મન વારંવાર ગુરુ પ્રેમથી અને તેમના પ્રભાવથી મોહિત થઈ જતું, તેમના જીવનનો આ અદ્‌ભૂત આનંદ અપૂર્વ હતો.

वंदहु शाह इमामको, ज्ञानीकी गति ओर ।
ऐसे संतके चरणमे, सदा रहुं करजोर ।।

इमामशाहके चरणमे, झुक गये भाभाराम ।
प्रगट साहेबको पेखलो, जो चाहो आराम ।।

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું સાચું સ્વરૂપ યોગી ભાભારામે તત્કાળ જાણી લીધું. તેઓ વારંવાર તે મહાપુરુષના ચરણમાં પ્રણામ કરવા લાગ્યા. જ્યારે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ત્યાંથી પ્રયાણ કરવાની તૈયારી કરી તે સમયે ભાભારામે તેમના ચરણોમાં દીનતાથી

પ્રણામ કર્યા. તેમના વિનય અને નમ્રતાથી સદ્‌ગુરુ પ્રસન્ન થયા અને શુભાશિષ આપી ત્યાંથી પ્રસ્થાન કર્યુ. તે મહાપુરુષના આશીર્વાદથી ભાભારામે જગતને સમજાવ્યું કે તમે પ્રકટ બ્રહ્મને જાણો. બ્રહ્મ સ્વરૂપ મહાપુરુષને જાણો તો જ તમને જીવનમાં સાચી શાંતિ પ્રાપ્ત થશે. તમને ખરેખર શાંતિ જોઈતી હોય તો, એટલે કે જન્મ મરણમાંથી નિવૃત્ત થવાનું હોય તો એવા બ્રહ્મરૂપ સદ્‌ગુરુને જરૂરથી ઓળખી લો. તેમના શરણે જાઓ. તેમના જ ચરણની પૂજા કરો.

प्रत्येक पात्र परखीने, प्रेमे पूजो पाये ।
चौद भुवननो धणी, प्रगट छे जुगमांहे ॥

ભાભારામના આ શબ્દો હૃદયમાં અંકિત રાખવા જેવા છે.

साधु संत संसारमे, आये परहितकार ।
ज्ञानी मुह मत मोडीये, देखत कीजे जुहार ॥

સદ્‌ગુરુના સમાગમ બાદ બ્રહ્મમય થયેલા ભાભારામના જીવનમાં ઘણું પરિવર્તન આવી ગયું. તેમની કીર્તિ રૂપી સુગંધ દશે દિશામાં કસ્તૂરીની જેમ પ્રસરવા લાગી. સંપૂર્ણ માનવ માત્ર સાથે જ નહીં પણ સંપૂર્ણ ભૂત પ્રાણીમાત્રના ચૈતન્ય સ્વરૂપ સાથે તે સમરૂપ બની ગયા. તેમના આશ્રમમાંથી વેરભાવ, રાગદ્વેષ, મોહ, ક્રોધ, તિરસ્કાર વગેરે વિકાર નષ્ટ થયા અને સમતા, શાંતિ અને આનંદના સામ્રાજ્યનો પ્રસાર થયો. અનેકાનેક સંત મહાત્માઓ, સાધુ-યોગીઓ, વિદુષી-સાધ્વીઓ તેમની પાસે આવવા લાગ્યાં. દરેકે તે લોકોત્તર વિભૂતિ પાસે હૃદયપૂર્વક જ્ઞાનચર્ચા કરી પોતાનું મન શુદ્ધ, પવિત્ર, પાવન કરી લીધું. પારસમણીના સંપર્કમાં આવેલ કટાયેલું લોખંડ પણ પોતાનો સ્થાઈ ભાવ છોડી સુવર્ણમય બની જાય છે ત્યારે આ ચૈતન્ય સ્પર્શમણીના સાનિધ્યમાં આવ્યા પછી કોણ અતૃપ્ત રહી જાય?

સાધ્વી કીકીબાઈ પણ શક્ય બને એટલી સેવા ચાકરી કરી આવતાં જતાં દર્શનાર્થીઓનાં સ્વાગત-સત્કાર કરતાં. ભૂખથી પીડિતોનો પોતે ખ્યાલ રાખી બધાને જમાડતાં અને તૃપ્ત કરતાં. સૌને જ્ઞાનબોધ આપી ભાભારામ તૃપ્ત કરતા અને ભૂખ્યાને ભોજન આપી કીકીબાઈ તૃપ્ત કરતાં. આ પ્રકારનું આશ્રમ જીવન અત્યંત સુખમય ચાલતું હતું.

ચરોતર વિભાગમાંના પેટલાદ ગામે સુનીતિદેવી અને નિજાનંદ આ બ્રાહ્મણ દંપતિ રહેતું હતું. ઘણા વર્ષ પર્યંત તેઓ સંતાનહિન હતા. મનોભાવથી સંત પુરુષોની સેવા ચાકરી

કરી સમય વ્યતિત કરતાં હતાં. આ પતિ પત્ની સદૈવ સેવા પૂજા, ભજન, કીર્તન, સ્વાધ્યાય કરતાં હતાં. સંતોના આશીર્વાદથી ઘણા દિવસો પછી તેમના મનની ઈચ્છા ફળીભૂત થઈ. સુનીતિદેવી સગર્ભા બની પરંતુ નવ માસ, દસ માસ, એક વર્ષ થયું પણ પ્રસૂતી થતી ન હતી. માતાની વેદના તીવ્ર થતી હતી. ઘણા ઉપચાર કર્યા પણ વ્યર્થ. એક નહીં, બે નહીં, પૂરાં સાત વર્ષ નીકળી ગયાં, મોટા મોટા વૈદ, દેવભક્ત ઋષિ વગેરેએ ઘણા ઉપચાર કર્યા પણ વ્યર્થ. આખરે કોઈ અનુભવી વ્યક્તિએ ચંપકવનમાં જવાની સલાહ આપી. સંત ભાભારામના શરણે આવી તે સુનીતિદેવીએ પોતાની દારુણ વ્યથાનું નિવેદન કર્યુ.

सप्त साल प्रसव नहीं होवे, गर्भ बसेरा है दुःखदाय ।
ज्ञानी पुरुष वे मायासे, भाग रहे सदा मुक्ताय ।।

'મહારાજ ! દુઃખની વાત કોને જઈને કહેવી. સાત વર્ષનો ગર્ભ પેટમાં છે. પણ પ્રસવ થતો નથી. કોઈ દૈત્ય તો આ ગર્ભમાં વસેલો નહિ હોય ને ? મહારાજ ! હવે તો મૃત્યુ આવે તો સારું, કારણ આ વેદના મને અસહ્ય થઈ રહી છે.'

'માતે ! દુઃખ વિહવળ બની આવું બોલવું ન જોઈએ જે તું બોલી રહી છે. તારા ગર્ભમાં દૈત્ય નથી પણ કોઈ એક દેવપુરુષ - સંત પુરુષે નિવાસ કરેલો છે. માયાથી હંમેશાં મુક્ત રહેનારા આ મહાપુરુષ મોહમયી મનોહારી માયાથી દૂર રહેવા તેઓ ગર્ભથી બહાર આવવાની ઈચ્છા કરતા નથી. માતે ! બોલ, તારી શું ઈચ્છા છે ? આવનાર બાળકને મુક્ત રાખવાની તારી ઈચ્છા હશે તો તેઓ જરૂર બહાર આવશે. જ્યાં સુધી તું એ આશ્વાસન આપીશ નહીં ત્યાં સુધી તેઓ ગર્ભમાંથી બહાર નીકળશે નહીં. સંત ભાભારામના આ શબ્દો શ્રવણ કરી સુનીતિદેવીએ દઢતાથી જવાબ આપ્યો.

मुक्त मेरे लालको, संतनको अर्पायजी ।
अपने घर सिधाइये, बंधन देहो छुडायजी ।।

'મહારાજ ! આપ કહો છો તે બધું જ મને માન્ય છે. મારા ઉદરથી પુત્રનો જન્મ થાય તો હું તેને સંત ચરણે અર્પણ કરીશ, હું આપની સાથે વચનથી બંધાયેલી છું.' એવું તે માતાએ સંત પાસે કબૂલ કર્યું.

ભાભારામ બોલ્યા; 'માતાજી ! હવે તું નિશ્ચિત બની ઘેર જા. જે મહાપુરુષે તારા

ઉદરમાં આશ્રય લીધો છે તે મહાત્મા મુક્ત બની હવે જન્મ ધારણ કરશે.

સંત ભાભારામને વંદન કરી બંને પતિપત્ની ઘેર પેટલાદમાં આવ્યાં. ઘેર આવતાંની સાથે જ સુનીતિદેવીએ એક સુંદર પુત્રનો જન્મ આપ્યો. પુત્રનું મુખ જોઈ બંનેને અપાર આનંદ થયો. થોડા દિવસ પછી તે બંને સંત ભાભારામના આશ્રમમાં આવ્યાં. બાળકને જોઈ આનંદીત બનેલા ભાભારામે બાળકને પોતાના હૃદય સાથે લગાડયો અને કહ્યું; 'માતાજી, જે માયામાંથી મુક્ત બનવાની ઈચ્છા કરી રહ્યો છે તે આ બાળકનું નામ મુક્તિરામ એવું રાખવું. સંતે તેને મુક્તિરામ નામથી જ સંબોધ્યો. બે ઘડી સંત ચરણે બેસી શુભાશીર્વાદ લઈ બંને પતિપત્ની પોતાના ગામ પાછાં આવ્યાં.

बारा बरसके लालको, गुरु चरणमे लायजी ।
भाभारामके लाल सोही, मुक्तिराम कहायजी ॥

બાળક મુક્તિરામનું લાલન પાલન કરવામાં માતાએ અપાર આનંદમાં દિવસો વ્યતિત કર્યા. તે સુખના દિવસો ક્યાં નીકળી ગયા તેનો ખ્યાલ પણ ન રહ્યો અને અચાનક દુઃખ અને શોકનો સમય નજીક આવ્યો. બાળક મુક્તિરામ બરાબર બાર વર્ષનો થયો તે સમયે તેણે પોતે જ સંત ભાભારામના દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. માતા સજાગ બની ગઈ. તેના હૃદયમાં પ્રથમથી જ એ ભય હતો. બાળક પોતે જ સંત ભાભારામના દર્શનની ઈચ્છા વ્યક્ત કરતો હોવાથી તેની ઈચ્છાને તે ટાળી શકતી ન હતી. તેણીને હૃદયમાં ઘણો જ સંતાપ થતો હતો. બાળકની ઈચ્છા તોડવી તે સારું ન હતું. હૃદયનું દુઃખ દબાવી રાખી માતા બાળકને લઈ સંતના દર્શન માટે નીકળી, નિજાનંદ બ્રાહ્મણ પણ સાથે હતા.

બાળક મુક્તિરામ માતા-પિતા સાથે ચંપકવનમાં સંત ચરણે આવ્યો. આશ્રમમાં પ્રવેશતાં જ મુક્તિરામે દોડતા જઈ ધ્યાન મગ્ન બેઠેલા ભાભારામના ચરણે મસ્તક નમાવી દીધું તે ઊંચું કર્યુ જ નહીં. મહાપુરુષે ધીમેથી આંખો ખોલીને જોયું તો મુક્તિરામ પોતાના ચરણોમાં પ્રણામ કરી રહ્યો છે. અપાર વાત્સલ્યથી તેના શિર પર હાથ ફેરવી બોલ્યા; 'બેટા મુક્તિરામ ! તું આવ્યો, એવું બોલી ભાભારામે તેને હૃદય સાથે લગાડયો અને સંતોનો તે લાડકવાયો સુપુત્ર ખરેખર સંતના હૃદયમાં સમાઈ ગયો. થોડા સમય પછી સ્વસ્થ બની સંતે તેને પોતાના ખોળામાં બેસાડયો અને પૂછ્યું; 'મુક્તિરામ ! તું શા માટે આવ્યો છે ? સુખમાં આનંદમાં છો ને ?'

મુક્તિરામ બોલ્યો; 'મહારાજ ! ઘણા દિવસથી મારું મન અસ્વસ્થ બન્યું હતું, આપના દર્શનની ઈચ્છા મનમાં થતી હતી. હૃદયની આ વ્યથા માતાને કહી. માતાજી સંમત થયાં અને આપના ચરણે આવવાની અભિલાષા પૂર્ણ થઈ. આપના દર્શનથી હૃદયમાં અપાર આનંદ થયો. હવે આપણા આ પાવન ચરણથી દૂર જવાની ઈચ્છા થતી નથી. આપના ચરણ પાસે જ રહી સમય પસાર કરવો એ જ મનોકામના છે ! મહારાજ, આપ મને આપના ચરણમાં રાખશો ને ?'

'મુક્તિરામ, તને અહીં મારી પાસે રહેવું છે ?' ભાભારામ બોલ્યા.

'હા મહારાજ, મને અહીં રહેવું, બહુ ગમશે. અહીંથી હવે હું ક્યારેય મારે ગામ જઈશ નહીં.' બાળક મુક્તિરામના આ શબ્દો સાંભળી માતા સુનીતિના હૃદયમાં જાણે કોઈએ ધારદાર છરીનો ઘા કર્યો હોય તેમ લાગ્યું. તેની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. માતાની આ વ્યથા ભાભારામે દૂરથી જોઈ અને મુક્તિરામને બોલ્યા;-

'બેટા મુક્તિરામ ! તું આ આશ્રમમાં રહેવાની ઈચ્છા કરે છે પણ તારી માતાની શું હાલત થશે ? બાળક, જરા માતાની વેદનાનો વિચાર તો કરી જો.'

માતાનું નામ સાંભળતાં જ બાળકે માતા તરફ જોયું. જોતાંની સાથે જ વ્યાકુળતાથી માતા પાસે ગયો અને માતાને ગાઢ આલિંગન કરી બોલ્યો; 'માતાજી, માતાજી, તમે રડો છો ? શા માટે રડો છો ? તમારા હૃદયમાં આટલી વેદના શાની ? માતે, સંતના ચરણે રહેવાની ઈચ્છા વ્યક્ત કરતાંની સાથે તમને આટલું દુઃખ થાય છે, તો હું ન રહું ! હું અહીં રહીશ નહીં ! પણ તમે ન રડો ! શાંત થાવ ! હું તમારી સાથે જ ઘેર આવું છું ! માતે, તમને મારા શપથ છે તમે ન રડો ! હું સદૈવ તમારો જ છું અને તમારો જ થઈને રહીશ.' એવું કહી મુક્તિરામે માતાનાં અશ્રુ લૂછ્યાં. અપાર વાત્સલ્યથી માતાએ પોતાના સુપુત્રને હૃદય સરસો લગાડયો. તે સમયે માતાના હૃદયમાં જે આનંદનું મહાપૂર ઉમટયું તેનું વર્ણન કરવું અશક્ય છે.

ઘડીભર પછી અપાર આનંદ સુખ સાગરમાંથી જાગૃત થયેલી માતાને ભૂતકાળનું સ્મરણ થયું. જ્યારે ગર્ભ છૂટતો ન હતો ત્યારે સંત ચરણે આવી અમે પતિ-પત્નીએ વ્યથા કથન કરી હતી. સંતે કહ્યું હતું કે, - 'માયા રહિત એવા મુક્તાત્માનો જન્મ થવાનો છે. તે બાળકને જો તું સંસારમાંથી અલિપ્ત રાખવાના શપથ લેતી હોય તો જ તેનો જન્મ થશે.' તે સમયે અમે પતિ-પત્ની

સંમત થયાં હતાં અને વચન આપ્યું હતું કે તે બાળકને હું આપના ચરણે અર્પણ કરીશ. આજે તે જ બાળક પોતે સંત ચરણમાં રહેવાની ઈચ્છા કરે છે ત્યારે મારે આ બાળકનો અને મારા વચનનો વિચાર કરવો જોઈએ. સમય સ્વરૂપે પ્રભુની અકળ ગતિને ન જાણીએ તો વિકટ માનવ જન્મારામાંથી મુક્તિનો સમય આવશે નહીં. આમ વિચાર કરી માતા સુનીતિદેવી તરત જ સચેત બની. વાત્સલ્ય પ્રેમના અમૃતથી ભરેલા હૃદયને તેણીએ વજ્રની માફક કઠોર બનાવ્યું અને બોલી;

'દીકરા મુક્તિરામ ! તને આ જગ્યાએ રહેવું ગમે છે ! બોલ બાલુડા, તને અહીં રહેવું છે?' માતાએ બાળકને બહુ લાડથી પૂછયું. બાળક કશું બોલ્યો નહીં. તે ફરીથી બોલી; 'બેટા, તું બોલતો કેમ નથી? મને જવાબ આપ.' તેમ છતાં બાળક બોલ્યો નહિ. ત્યારે વ્યાકુળતાથી માતા બોલી; 'બેટા, તું બોલતો ન હોય તો તને આ તારી માતાના શપથ છે. તને સંત પુરુષના ચરણે રહેવું ગમે છે ને? હું તને જરૂર સંમતિ આપીશ. દીકરા ! નિખાલસ હૃદયથી તને જે કહેવાનું છે તે કહે. હું તારી ઈચ્છાને અવગણીશ નહીં. તારી ઈચ્છામાં હશે તેમજ વર્તીશ.

'માતાજી ! હવે પૂછવા જેવું શું બાકી છે? મને પૂછવાની કોઈ આવશ્યક્તા જ નથી. તમારા હૃદયમાં જે વેદના થઈ રહી છે, અંતરમાં જે દુઃખ થઈ રહ્યું છે અને સંતાપની વ્યથાથી તમે મને પૂછી રહ્યાં છો, માટે આ સ્થાને રહેવાની વાતને જ ભૂલી જાવ.' બાળક મુક્તિરામના આ શબ્દો સાંભળી માતા અવાક્ બની ગઈ. થોડું મૌન રાખી ફરીથી બાળકને સમજાવવા માટે પોતાના હૃદયની વ્યથા વ્યક્ત કરવા લાગી !

'બેટા ! એક સમયે તું મારા ઉદરમાં હતો. તારો જન્મ થતો ન હતો, સાત વર્ષ નીકળી ગયાં પણ તારો જન્મ થતો ન હતો, ત્યારે આ મહાપુરુષના શરણે અમે આવ્યાં હતાં. પ્રાર્થના કરી ત્યારે સંતે કહ્યું હતું કે; આ બાળક કોઈ ભક્ત બનશે એવું જણાય છે. તમે એને સંસારથી મુક્ત રાખવાની વાત સ્વીકારતા હો તો જ તેનો જન્મ થશે. અમે તે સમયે તને માયાના બંધનથી મુક્ત રાખવાનું વચન આપ્યું હતું, ત્યારે આ સંતના આશીર્વાદ અને કૃપાથી તારો જન્મ થયો. બેટા ! તું આ મહાપુરુષનો જ લાલ છો તેથી જ તે અહીં આવવાની ઈચ્છા વ્યક્ત કરતાંની સાથે જ તને અહીં લઈ આવી છું. જો તારું મન અહીં રહેવા કહેતું હોય તો તું અહીં ખુશીથી રહે. જયારે અમોને તને મળવાની ઈચ્છા થશે ત્યારે અહીં આવી તારાં અને સંત પુરુષનાં દર્શન કરી જઈશું. હવે તને ખાત્રી થઈને કે તું એક સંત પુરુષનો લાડકવાયો લાલ

છો. તું સંત જ થવાને લાયક છો, એમાં નવાઈ નથી.'

બાળક મુક્તિરામ બોલ્યો; 'માતાજી, તમારી સંમતિ છે એ જાણી મને આનંદ થયો. તમે રાજીખુશીથી મને સંતના ચરણે અર્પણ કરી જતાં હોવ તો જ હું અહીં રહેવા ખુશ છું. પરંતુ શરત એટલી જ કે ઘેર જઈ તારે રડવું નહીં, શોક કરવો નહીં.'

'દીકરા ! રાજી ખુશીથી જ અમે તને સંત ચરણે અર્પણ કરવા માટે આવ્યાં છીએ. અમને ખરેખર આનંદ જ છે. અમારો પુત્ર સંત બનશે, દેવભક્ત થશે એનું અમને કેટલું બધું ગૌરવ રહેશે. જગત કાર્ય કરવા માટે, લોક કલ્યાણ માટે એક જીવનપુષ્પ સમર્પણ ભાવથી અમે ઈશ્વર ચરણે સમર્પિત કર્યુ તેની ઉજ્જવલ કીર્તિરૂપ સુગંધ ચારે તરફ પ્રસરે તો અમારા મનને કેટલો આનંદ થશે. દીકરા ! તારું હૃદય સંતનું છે. ઈશ્વર કાર્ય તારા હાથથી થવાનું છે. અમે પામર જીવ એક સાધન માત્ર છીએ, પરંતુ દીકરા ! તારા જીવન સાથે તું અમારો જન્મારો પણ ધન્ય બનાવજે ! તારા જેવા કુળ દીપક પુત્રનાં માતાપિતા થવાનું ભાગ્ય અમોને મળ્યું છે. અમારું જીવન ધન્ય બન્યું.' હર્ષાતિરેકથી માતાનું હૃદય ભરાઈ ગયું. હવે તેણીના નેત્રોમાંથી પ્રેમાશ્રુનો પ્રવાહ વહેતો હતો. પોતાના બાળકને હૃદય સાથે આલિંગન કરી અપાર પ્રેમની ચુંબન કર્યુ. આખરે તેનો હાથ ઝાલી સંત ભાભારામ પાસે તેને લાવી બોલી;

'મહારાજ ! ઘણાં વર્ષો પહેલાંની માનતા પૂર્ણ કરવાનો સુયોગ અવસર આજે આવ્યો છે. આ બાળક આપનો જ છે. આપે જ અમોને આપ્યો હતો. આ બાળકને આપના ચરણાવિંદે અર્પણ કરવામાં અમે ઘણી ધન્યતા અનુભવીએ છીએ. મહારાજ ! આજથી આ પુત્ર આપનો છે. તેની આપ સંભાળ કરો. એવું બોલી માતાએ મુક્તિરામનો હાથ સંત ભાભારામના હાથમાં આપ્યો અને તેઓએ પણ અપાર મમતાથી તે બાળકને પોતાના ખોળામાં બેસાડયો. માતાપિતાએ સંત ચરણને પ્રણામ કરી ઘેર જવા સંતની અને બાળકની રજા લીધી.

ગુરુના આશ્રમમાં રહી મુક્તિરામને પરમ સુખની પ્રાપ્તિ થઈ. એક સમયનો પુણ્યશાળી આત્મા યોગી બન્યો. સોળ વર્ષની ઉંમરે મુક્તિરામે સંત ચરણે વંદન કરી આજ્ઞા માગી કે; 'ગુરુજી, મને ધ્યાન મગ્ન થવું છે.' ગુરુજીએ કહ્યું; 'બેટા, તું પીરાણા જા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપા મેળવી યોગસાધના પૂર્ણ કરી લે.'

सोला बरसकी उंमरमे, जाय पहूँचे पीराना मोजार ।
घ्यानी बैठे घ्यानमे, रिझे सद्‌गुरु सांई दातार ॥

ભક્ત મુક્તિરામે ભક્તિ-સેવાથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને પ્રસન્ન કર્યા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પ્રસન્ન થઈ મનોવાંછિત વરદાન માગવા જણાવતાં મુક્તિરામ બોલ્યો; 'મહારાજ, આપ સદા સર્વદા મારા પર પ્રસન્ન રહો.' એ જ મારી માગણી છે. સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ બોલ્યા; તથાસ્તુ, અને તેના શિર પર વરદહસ્ત મૂકી આશીર્વાદ આપ્યા. એ જ મુક્તિરામ સંત ભાભારામનો પટ્ટશિષ્ય બન્યો. ભાભારામ મહારાજે પોતાની પશ્ચાત તેને ગાદી અર્પણ કરી હતી.

એક સમયે ભાભારામ પોતાના આશ્રમમાં ધ્યાનસ્થ બેઠા હતા ત્યારે એકાએક તેમને અવાજ સંભળાયો 'ભાભારામ ! આપ મળવા માટે કુકુસમાં આવવાના હતા પરંતુ હજુ સુધી આવ્યા નહીં. હમણાં જ આવો, વિલંબ કરશો નહીં.' આ અગમ્ય અવાજ સાંભળી ભાભારામે તાત્કાલિક કુકસ જવા માટે પ્રયાણ કર્યું. આદેશ થવાથી કંઈક વિશેષ હશે એવું જાણી કીકીબાઈ પણ તેમની સાથે નીકળ્યાં. ત્યાં જઈને જોયું તો સંત નાયાજી મહારાજ અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ અગમ્ય જ્ઞાન ગોષ્ઠિ કરતા હતા.

सद्‌गुरु संगमे, शाणाजी आये तेही ठाम ।
भाभारामको देखते, हियरा पहूँचे हाम ॥

सद्‌गुरु इमाम के चरणमे, बैठे शिर झुकाई ।
साहिबको भली भातसे, दिलकी गती सुनाई ॥

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સાથે તેમના પ્રેમાળ શિષ્ય શાણાજી પણ કુકસ આવેલ હતા. ભાભારામને જોતાંની સાથે જ શાણાજીના હૃદયમાં અપાર આનંદ ઊભરાયો. તેમની સાથે બહેન કીકીબાઈને પણ જોઈને તે સર્વેને અત્યંત આનંદ થયો. સર્વ અધિકારી જીવન મુક્ત મહાત્માઓનું તે અદ્‌ભુત ભાવ મિલન હતું. સર્વ યોગીશ્વરોનું આ પ્રેમ મિલન સંત નાયાજી મહારાજની ઈચ્છાનુસાર કુકસના તેમના આશ્રમમાં થયું હતું. તેનાથી સંત નાયાજીને વિશેષ આનંદ હતો.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ચરણે સાષ્ટાંગ નમન કરી યોગી ભાભારામ તેમની પાસે બેઠા. અપાર વાત્સલ્ય ભાવથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમને ક્ષેમકુશળના સમાચાર પૂછ્યા અને પછી હૃદયની વાત કરી;

હે 'પ્રિય ભાભારામ ! પ્રિય નાયાજી ! પ્રેમી શાણાજી ! પ્રેમી હાજરવીર ! વિદુષી

કીકીબાઈ ! તમે પાંચે જણ મારા પંચ પ્રાણ છો. અનંત કાળથી યોગ વિદ્યાની સાધના કરતાં કરતાં આજે આપણે આ સ્થળે એકત્ર મળ્યાં છીએ. આજે આ આપણું ભાવમિલન શા માટે થયું છે તે હું તમને જણાવું છું. આપણે જે સદ્ધર્મનું નિશાન લઈ જગતમાં આજ પર્યંત વિચરણ કર્યુ તે સત્પંથ સનાતન ધર્મને ઉજ્જવલ યશ પ્રાપ્ત થાય, આપણે સાથે મળી દુન્યવી લોક માનસ પર ધર્મની સારી છાપ પડે, લોકોનું સત્ધર્મના તત્ત્વ અનુસાર જીવનની ઉન્નતિસર જીવન સાર્થક થાય અને સત્પંથ ધર્મના અનુયાયી બાંધવો પણ તેમના જીવનનો ઉત્કર્ષ કરી લે એ જ આપણો ઉદ્દેશ્ય છે.

ધર્મ તત્ત્વો બહુ ગહન હોય છે, બુધ્ધિની ચંચળતાથી માનવીનું મન અસત્યને જ સત્ય માની પોતે અને પોતાની સાથે બીજાને પણ ગુમરાહ કરે છે અને પરિણામે બધાં જ દુઃખી થાય છે. તેઓ સૌ સાથે નીચા સ્તરે જાય છે. આ માટે મિથ્યા અવિદ્યા, માયાવી વિકારોનો ત્યાગ કરાવવો. નિર્લોભથી પીડાયેલા લોકોની સેવા કરવી. આપણા પરમ ઉજ્જવલ વૈદિક સનાતન સત્પંથ ધર્મના તત્ત્વોની જાળવણી કરવી.

આજે સત્પંથ ધર્મ પર બહુ મોટા મોટા પ્રહારો થઈ રહ્યા છે. વૈદિક સનાતન ધર્મનો ક્ષણે ક્ષણે હ્રાસ થઈ રહ્યો છે. તેનો તમામ બાજુએથી વિકાસ રૂંધાઈ ગયો છે. ધર્મ રક્ષકોના આળસથી અને લોભીવૃત્તિથી ધર્મ અને કર્મ માર્ગમાં શિથિલપણું આવ્યું છે, વિધર્મીઓનો જોર જુલમ વધી રહ્યો છે. ધર્મ રક્ષકો ઐહિક અને પારલૌકિક સુખો માટે દોડે છે. તેથી સામાન્ય પ્રજાની પરિસ્થિતિ જાળમાં ફસાઈ ગયેલી માછલી જેવી થઈ ગઈ છે.

ભારતમાં સુલતાનશાહી અને જાગીરશાહીને પરિણામે તાનાશાહી વધુ પ્રબળ થતી જાય છે. સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. પોતાની ઐહિક ઉન્નતિ જ નહીં પણ ભવિષ્યમાં સુખથી આપણું ઘરબાર તો સંભાળી શકીશું કે કેમ એવી ભ્રમણામાં સર્વ પ્રજા પડેલી છે. પ્રજા અસ્થિર બની છે. લોકો વિધર્મીઓના જોર જુલમ અને જબરદસ્તીને લીધે પીડિત થઈ રહ્યા છે. એવા સમયે પ્રજા સત્ય ધર્મ તરફ જાગૃત થાય તે જ લોક જાગૃતીનું કાર્ય આપણે કરવું છે. જનતાને ઐહિક, પારલૌકીક અને પારમાર્થીક સુખ મળે અને તેમની સર્વાંગી પ્રગતિ થાય, આપણા મૂળ સનાતન સત્પંથ ધર્મની જાણ થાય અને તે અનુસાર તેમને કર્મ-ભક્તિ-જ્ઞાન, વૈરાગ્ય-મુક્તિ આ તત્ત્વ પ્રણાલીની જાણકારી મળી રહે, ધર્માચરણ સુલભ બને તે માટે

તેઓ સમજી શકે એવો સરળ, સાદી ભાષામાં ઉપદેશ તેમને કરવો પડશે. વર્ણાશ્રમ ધર્મ પદ્ધતિનું સ્વરૂપ લય પામેલું જણાય છે. તેને આપણા સનાતન ધર્મની આધુનિક વિચારના આધારે ઉજાશ આપવો છે. માનવ માનવોમાં પ્રેમભાવ, આત્મિયતા રહે તે માટે આપણે પ્રયત્નશીલ રહેવું પડશે. આપણા પ્રાચીન ઋષિવર, મુનિવર, ભક્તવર, યોગીશ્વર જે માનવધર્મનું આચરણ આપણને શીખવી ગયા તે જ 'સત્' માર્ગ આપણે સ્વીકારી તેનો જ પ્રચાર પ્રસાર કરવો જોઈએ.

આ ધર્મની ધૂરા આપણા ખભા પર લઈ આજથી જ, આ કાર્યમાં આપણે લાગી જવું. અર્થાત્ આ કાર્ય કરતી વખતે આપણને કઠિન અડચણો આવશે. લોકદ્વેષ, મત્સર, તિરસ્કાર, નિંદા થશે પણ સત્ય ધર્મની જાણ થતાં તેમને તેનું મહત્ત્વ જણાઈ આવશે, તે માટે આપણે કોઈનો પણ દ્વેષ કરવો નહીં. ખરાબ ભાવનાથી કોઈની સાથે પણ વર્તવું નહીં. આપણા તપશ્ચર્યાના બળ થકી પ્રયત્નથી, ચીવટથી અને ખંતથી આ કાર્ય કરવું એવી મારી આંતરિક અભિલાષા છે. પ્રિય યોગીશ્વર ભાભારામ ! પ્રિય યોગીશ્વર નાયાજી ! મેં કહ્યું તે આપના ધ્યાનમાં આવ્યું ને ?

योगीसे योगी मिले, मानो सुहागरात ।
ताथे भाभारामको, याद किये भली भात ॥

अवनी तलपे आयके, सदा परहित कार ।
जात बरन कहा योगीको, बडो मानवसे प्यार ॥

યોગીશ્વરો યોગીશ્વરોનું મિલન થયા પછી રાત અને દિવસ સર્વ સમય તેમનો અમૃતમય જ્ઞાનચર્ચામાં પ્રસાર થઈ જાય છે, તેમને સમયનો જ્ઞાત પણ રહેતો નથી. સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજે ભાભારામને આ માટે જ અહીં બોલાવ્યા હતા. ભાભારામ પરમ યોગી છે, એવું તેઓએ જાણી લીધું હતું. તેથી ફરીથી તેમને બોલ્યા; 'આ અવની તલ પર સિદ્ધ પુરુષ - સંત પુરુષ આ માટે જ અવતરે છે. તેઓ વંશ, વર્ણ, જાતિ કે કોઈપણ ભેદ ન જોતાં, પૃથ્વી મુજબ નિશ્ચલ સ્થિર રહી કાર્ય કરે છે. તેમને તો માનવજાત પર પ્રેમ હોય છે અને તે પ્રેમ ખાતર જ આપણે તમામ યોગીશ્વરોનો આ સ્થળે મેળાપ થયો છે.

संप्रदायकी झापटमे, योगी नहीं लिपटाय ।
दिल चाहे सोही नाम से, साहिब के गुण गाय ॥

हरिके नाम हजार है, राम कहो या कान ।
जो तेरे दिलमे बसे, सोही तेरे दिलजान ।।

'યોગી પુરુષોને મત મતાંતર, સંપ્રદાય-પંથ ભેદ હોઈ શકે જ નહીં. દુનિયામાં ઈશ્વર એક છે, ઈશ્વરને મળવાનો માર્ગ એક છે, તેનાં નામ અનેક છે, રૂચિ મુજબ તેની ઉપાસનાના ભેદ અનેક છે. પરંતુ અંતિમ લક્ષ્ય માત્ર એક જ છે. તેથી યોગી પુરુષે અંતિમ ધ્યેય પ્રાપ્તિ માટે જગતના માયામય વિકારથી અલિપ્ત રહેવું એ જ ઠીક છે પણ ઈશ્વરોપાસનાનો ભેદ માનવ માત્રને કહેવા માટે - જગત કલ્યાણ માટે તેઓએ નિર્લેપ ભાવે કર્મ ધર્મના માર્ગનું આચરણ કરવું. આખરે તમો યોગી જ રહેવાના છો.'

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મુખેથી આ દિવ્યોપદેશ સાંભળી તે સર્વ ભક્તમંડળને આનંદ થયો અને ધર્મ પ્રચારના કાર્યનું વહન કરવાનો નિશ્ચય કરી સદ્‌ગુરુ ચરણને નમ્ર ભાવે સાષ્ટાંગ પ્રણામ કરી મનના ભાવપુષ્પ ગુરુ ચરણે અર્પણ કર્યા.

ભાભારામ બોલ્યા; 'કૃપાળુ સદ્‌ગુરુ મહારાજ, આપે અંગિકાર કરેલ સત્યધર્મ સત્‌પંથનું ઉપદેશ કાર્ય જગતના કલ્યાણ માટે કરવા અમે કટિબદ્ધ છીએ પરંતુ મહારાજ, આપના કૃપાશીર્વાદ સિવાય તે પૂર્ણ થઈ શકે નહીં, અમને તે માટે સત્ પ્રેરણા આપો. સત્‌પંથની આચાર સંહિતા આપ અમને કહો. આહાર-વિહાર-વિવેક-વિચાર એની યોગ્ય મેળવણી કરી આત્મજ્ઞાન પ્રાપ્તિનો ઉપાય કથન કરો. મનુષ્ય કર્મ વિમુક્ત બની અંતે ઈચ્છિત ધ્યેય જે આત્મસાક્ષાત્કાર કેવી રીતે પ્રાપ્ત કરી લે છે અને નિષ્કામ કર્મબુધ્ધિથી જીવન મુક્ત અને વિદેહ મુક્ત કેવી રીતે થઈ શકે છે, આ સર્વ અમોને કહો. અમે આપના દાસ શરણાગત સેવક છીએ. દયાવાન નિર્લિપ્ત આત્મવાન ગુરુ મહારાજ, આપના ચરણે અમે તન, મન અને આત્યંતિક ઈચ્છાથી યાચના કરી રહ્યા છીએ તો અમારી અભિલાષા પૂર્ણ કરો. સર્વેએ સદ્‌ગુરુ ચરણે દંડવત્ પ્રણામ કર્યા.

આપણા પરમ પ્રેમાળ ગુરુભક્ત અનુચરોની અભિલાષા સદ્‌ગુરુ મહારાજે પૂર્ણ કરી. તેઓએ ઉપદેશ કરેલું તે અમૂલ્ય જ્ઞાન ગુરુવાણી, યોગવાણી, મન ચેતાવણી, શિક્ષાપત્રી, નિષ્કલંકી ગીતા વગેરે ગ્રંથોમાં ગ્રંથીત કરેલું છે. (ગદ્ય અને પદ્ય રૂપે અને અલંકારી ભાષાથી યુક્ત હોવાથી અને વરિષ્ઠ યોગીયો માટે તે સંક્ષિપ્ત ઉપદેશ હોવાથી અને પૂર્ણ વિવરણ સિવાય સામાન્ય લોકોને તે સમજવા જરા કઠિન જણાય છે)

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મુખારવિંદથી શ્રવણ કરેલું તે અમૃતબિંદુ સર્વ સદ્‌ભક્તોએ પોતના શ્રવણેન્દ્રિય દ્વારા હૃદયગ્રંથીમાં સંગ્રહીત કર્યું. સર્વ પરમાનંદના સામ્રાજ્યમાં મગ્ન બની ગયા. પછી સદ્‌ગુરુ મહારાજની પરમ આદરથી સ્તુતિ કરી ભાભારામ બોલ્યા :

इमामशाह गुरु देवका, पाया पवित्र विचार ।
भाभारामके हियरा, सचमुच हुवा-उजीयार ।।

जा दिन मिलके बिछरे, ता दिनकी रही याद ।
प्रगट सद्‌गुरु पायके, हम ही हुवे आबाद ।।

'સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું દર્શન ખરેખર મહાન પવિત્ર અને પાવનકારી છે. મારું આખું જીવન આજે ધન્ય બની ગયું. આ પહેલાં જ્યારે મને તેમનું થોડાક સમય માટે જ દર્શન થયું હતું અને પછી અનંતકાળનો વિયોગ થયો હતો ત્યારે જ તેમના દર્શન સત્સંગની ઉત્કંઠ ઈચ્છા મને થતી હતી. આ પ્રગટ સ્વામીને પ્રાપ્ત કરી મારું જીવન ખરેખર ધન્ય થયું છે.'

सद्‌गुरु इमामको पेखना, सुमत दिये किरतार ।
गाफिल मोल गमाइया, अवसर जै हो हार ।।

बेर बेर मत पाइये, पिव मिलनको दाव ।
पेखो सांई इमामको, यही जीवनको लहाव ।।

જો તમને ઈશ્વરે ખરેખર સુમતિ આપેલ હોય તો તમે સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજને જાણી લો. અસાવધ રહી અમૂલ્ય તક ગુમાવી દેશો તો પશ્ચાત્તાપ કરવાનો સમય આવશે. વારંવાર આવા અવતારી પુરુષનું મિલન થઈ શક્તું નથી. દર વખત એવો અમૂલ્ય સમય સાધી શકાતો નથી. તેથી ગમે તે પ્રયત્ને તમે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને જાણી લો, તેમાં જ આપણા અમૂલ્ય જીવનની સાર્થકતાનું મૂલ્ય છે. જે ભાગ્યવાન જીવાત્માઓએ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના અવતાર કાર્ય અને તેમના સદ્‌વિચારોને જાણ્યા તે સદ્‌ભાગ્યવંતોના ચરણે આ ભાભારામ નમન કરે છે. કારણ કે તેઓ ખરેખર શ્રેષ્ઠ છે, આ પ્રકારે ભાભારામે મુક્ત કંઠે સદ્‌ગુરુની સ્તુતિ ગાઈ અને આગળ બોલ્યા;

नायाजीकी संगमे, गुंज बोले गुरु सधीर ।
शाणीजीसे मिलीया भाभा गुण गंभीर ।।

नायाजी से बहुरी मिले, स्वामीका दिदार पाय ।
शाणाजी तोहे मिलनको, हियरा रहे तडपाय ॥

શાણાજી, આપ ખરેખર ભાગ્યવાન છો. યોગી નાયાજીની અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું મિલન થયું હતું પણ આપણું મિલન થવું અશક્ય હતું, તે મારું ભાગ્ય આજે ઉદય પામ્યું, તમને જોઈ આજે ખરેખર મને સ્વર્ગીય આનંદ થયો છે.

आज अचानक मिल गये, हियरा हुआ मगन ।
शाणाजी तोहे धन्य है, गुरु से लगी लगन ॥

भाभाराम गुरुदेवकी, गति न जाने कोई ।
जेही गुरुका बनी रहे, सोही गुरुका होई ॥

'પ્રેમાળ ગુરુ બંધુ શાણાજી ! આપ સદ્‌ગુરુમાં અનન્ય પ્રીતિ લગાડી ધન્ય બની ગયા છો.'

શાણાજી બોલ્યા; 'ભાભારામ ! સદ્‌ગુરુની ગતિ કોઈ જાણી શકતો નથી. પણ જે સદ્‌ગુરુના પ્રેમી બની રહે છે તે જ સદ્‌ગુરુનો અનુજ (શિષ્ય) બને છે.'

योगी होकर आईया, भाभा परहितकार ।
मै तो गुरु चरणमे, बैठ रह हुं निरधार ॥

गुरु बीन मेरा कोई नहीं, सोही बडे दातार ।
नैया बहे मजधारमे, साहिब खेवनहार ॥

ભાભારામ ! આપ તો યોગી પુરુષ છો. જગતના કલ્યાણ માટે આવેલા છો અને હું તો ફક્ત સદ્‌ગુરુના ચરણે શાંતિથી બેસી રહેનારો છું, કારણ કે મારા માટે અન્ય કોઈ જ હિતકારી નથી. આ વિકટ ભવસાગરમાં સદ્‌ગુરુ સિવાય અન્ય કોઈ પણ તારણહાર નથી.

गुरुको कबहु ना भूलो, गुरुसे बडा न कोई ।
शाणीजी साची कहे, गुरु करे सो होई ॥

मेरे गुरु इमामको, मैने पेख लिया निरधार ।
सोही समर्थ सांईया, पहूँचा वही भवतार ॥

તેથી તો કહું છું કે, આ સત્ય સદ્‌ગુરુને ક્યારેય ભૂલશો નહીં. તેમનાથી કોઈ પણ મોટા નથી. એ સદ્‌ગુરુ જે કરે છે, જે કહે છે, તે જ બને છે, અગમ્ય આગમ-નિગમનું રહસ્ય તે જ જાણી શકે છે, તે જ પ્રેરણા આપી પ્રાણીમાત્ર દ્વારા જગત કાર્ય કરાવી લે છે, દીન દુર્બળ લોકોની પીડા મટાડે છે, તેથી તેમને સદ્‌ગુરુ કે યુગગુરુ પણ કહે છે. ભવરોગથી વ્યથીત થયેલા રોગીઓને પણ તેઓ આત્મકલ્યાણના બોધ દ્વારા આશીર્વાદથી સુધારે છે તેથી તેમને ભવતારણહાર પણ કહે છે. આ તેમની વિવિધ ભૂમિકાઓ જાણી મેં તેમના ચરણ પાસે જ નિવાસ કરવાનો સંકલ્પ કર્યો છે. તેઓ સર્વ સમર્થ છે. હું એક પામર જીવાત્મા સૂર્ય સામે આગીયા સમાન છું, પણ તેમનો જ અંશ હોવાથી તેઓ મારો બાહુ પકડી ઉદ્ધાર કરશે જ એવી મને ખાત્રી છે. આ પ્રકારે શાણાજીએ મુક્ત કંઠે ભાભારામ પાસે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું યશોગાન ગાયું.

पतित पावन सांईया, मोरे गुरु इमाम ।
शाणाजी मत भूलीयो, सद्‌गुरुको नाम ।।

सत्संगा गुरु साहेबका, सारी रेन बीताय ।
भोर ही शिर झुकायके, योगी हुवे बिदाय ।।

સંત નાયાજી મહારાજના ધામમાં બેસી સત્સંગ કરી સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજના સંગમાં રહી યોગી ભાભારામે આખી રાત્રી પસાર કરી. મહાપુરુષની સાથે બેસી અગમ્ય જ્ઞાન સમજી લેવામાં રાત્રી ક્યારે પૂરી થઈ ગઈ તેની પણ ખબર ન પડી. અરુણોદય થયો ત્યારે જ બધાને સ્મૃતિ થઈ કે રાત્રી પૂર્ણ થઈ છે. સદ્‌ગુરુશ્રીના મુખારવિંદમાંથી ઝરતાં જ્ઞાન અમૃત સરોવરમાં યોગી ભાભારામ, સત્ તત્ત્વ જાણનારી યોગીની કીકીબાઈ, સંત નાયાજી, સંત શાણાજી, સંત હાજરવીર અને અન્ય સદ્‌ભાગ્યવાન જીવાત્માઓ યથેચ્છ વિહાર કરતા હતા. ત્યારે સૂર્યોદય થયો અને ભગવાન સહસ્ર રશ્મિ સવિતા નારાયણ પોતાના સહસ્ર લક્ષાવધી કિરણો વડે અવનિ તલ પર અંધકાર દૂર કરી ચિન્મય પ્રકાશ પ્રસરાવતા આવ્યા. ત્યારે સંપૂર્ણ યોગી મંડળ-સત્સંગી મંડળ વિસર્જન થવાની તૈયારી કરવા લાગ્યું. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ચરણે સાષ્ટાંગ પ્રણામ કરી સંત ભાભારામ, સાધ્વી કીકીબાઈએ સદ્‌ગુરુશ્રીની રજા લઈ ચંપકવન તરફ પ્રયાણ કર્યું. અપાર વાસ્તલ્યભાવે અશ્રુપૂર્ણ દૃષ્ટિ સદ્‌ગુરુ મહારાજે એ બંને બંધુ- ભગિની પર ફેરવી. પછી તેઓ પણ પોતાના રથમાં બેસી સંત નાયાજી મહારાજની રજા લઈ પોતાના

ધામ પ્રેરણાપીઠ (પીરાણા) તરફ જવા પ્રસ્થાન કર્યુ.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મિલન પછી સંત ભાભારામે પાવન તીર્થ પર્યટન શરૂ કર્યુ. સર્વ તીર્થક્ષેત્રમાં જઈ તેઓએ અનેક સાધુ સંત સત્‌પુરુષો સાથે મેળાપ કર્યો. સુલતાનશાહીના જોર જુલમથી ત્રસ્ત થયેલી પ્રજાનું કલ્યાણ કેવી રીતે કરવું એ અનુસંધાનમાં સૌ સંતો ફરતા હતા ત્યારે ભાભારામે અનેક દીન દુઃખીજનોને સાંત્વના તેમજ હૈયાધારણ આપી કે આપણે જ આપણી ઉન્નતિ કેવી રીતે કરવી. તેમને અનેક ધર્માદા સંસ્થાઓની સ્થાપના કરી તે મારફતે દીનજનોની સેવાનું કાર્ય શરૂ કર્યું. ગામેગામ ફરી લોકજાગૃતિ કરી મંદિરો, દેવઘરો, પૂજાગૃહોની સ્થાપનાઓ કરી. લોક શિક્ષણ અને ધર્મ શિક્ષણનું કાર્ય શરૂ કર્યુ. સદ્‌ગુરુ મહારાજે સોંપેલી કાર્યવાહીની જવાબદારી નિભાવી તેઓએ સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્યપ્રદેશ, ખાનદેશ-મહારાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત વગેરે પ્રદેશોમાં લગભગ બાર વર્ષ પર્યંત ધર્મ પ્રચારનું કાર્ય કર્યુ. માર્ગમાં તેમને અનેક યોગી, સંત મહાપુરુષો મળ્યા. બધાએ તેમના કાર્યનું સન્માન કર્યું અને તેમના હિત-યશ માટે પ્રાર્થના કરી.

સંત ભાભારામના જીવનમાં અનેક કસોટીના પ્રસંગ પણ આવ્યા. ભગવંતના અનેક મોહિની માયા સ્વરૂપોએ તેમને આકર્ષવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમનું વ્રત-નિયમ એકનિષ્ઠ નિશ્ચલ હોવાથી તેમજ મનનો દ્રઢ નિશ્ચય હોવાથી સર્વને સહમાર્ગે લાવી ઈશ ભજનમાં લગાડયા. અનેક સતી પતિવ્રતા ભક્તિમયી સ્ત્રીઓને પ્રભુ પ્રાપ્તિનો માર્ગ દર્શાવી પરમજ્ઞાની બનાવ્યાં. સંત સાધ્વી કીકીબાઈની સાથે રહેવા બાબતે પણ અનેક લોકાપવાદ સહન કરવા પડયા હતા, પરંતુ સંત ભાભારામ સર્વ વાતોથી અલિપ્ત નિર્વિકાર અને નિરીચ્છ બુધ્ધિથી તેઓએ કર્તવ્યની ધૂરા પોતાના શિર પર જ વહન કરી.

જીવનની સંધ્યા સમયે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સંદેશાનુસાર સર્વ સદ્‌ભક્ત સદ્‌ગુરુના નિવાસસ્થાને ફરી એક વખત મળ્યા. સદ્‌ગુરુ શ્રી મહારાજે પોતાના પ્રેમાળ આજ્ઞાધારી સદ્‌ભક્તગણનો બહુ આદર કર્યો. સદ્‌ગુરુ શ્રી મહારાજની અપેક્ષાઓ બધાએ પૂર્ણ કરી હતી. લોકજાગૃતિ, સદ્‌ધર્મપ્રચાર, વૈદિક પુરાતન સંસ્કૃતિનો પ્રસાર એ કાર્ય તેમના બધા સદ્‌ભક્તોના પ્રયત્નથી ઠેર ઠેર શરૂ થયું હતું. ઘણા સ્થળે ધર્મશાળા, મંદિરો, પૂજાગૃહો, દેવઘરોની સ્થાપના થતી. સત્‌પંથ સનાતન વૈદિક ધર્મ પદ્ધતિનુસાર ઘટપાટ મહાપૂજા વારિયજ્ઞ વિધિ શરૂ થયાં હતાં. સત્સંગ, ધર્મસભા, ધર્મચર્ચા, કથાકીર્તનો, મેળાવડાઓ દ્વારા ગુરુદ્વારે સનાતન સંસ્કૃતિનું

શિક્ષણ કાર્ય શરૂ થયું હતું. સદ્‌ગુરુ મહારાજે અપેક્ષિત કરેલાં સર્વ કાર્યની પરિપૂર્તતા થઈ હતી. અત્યંત આનંદથી તેઓએ સૌ સદ્‌ભક્તોનો ભાવપૂર્વ આદર કરી આશીર્વાદ આપ્યા. કર્તવ્ય પૂર્તિનો સંતોષ સર્વના ચહેરા પર દેખાતો હતો.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની વિદાય લઈ સંત ભાભારામ પોતાના આશ્રમે આવ્યા.

ઘણો સમય પસાર થયા પછી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ, તેમના પરમ સેવક હાજરવીર, સંત નાયાજી મહારાજ યથાયોગ્ય સમયે સમાધિસ્થ થયા બાદ ભાભારામનું મન પણ હવે વિરક્ત અને મુક્ત થવાની ઈચ્છા કરતું હતું. તેમની આ ન સ્થિતિ જોઈ સાધ્વી કીકીબાઈ અને તેમના બધા સદ્‌ભક્તો ઉદાસ થઈ ગયા.

जनता तब रोवन लगी, भक्त रूवे चोधार ।
दयानिधि गुरुदेवजी, ता दिन किये निरधार ।।

भक्त हेत सदा रहे, हम ही बारह मास ।
पिछे भादो पंचमी, निर्वाण करहीं खास ।।

સંત યોગી ભાભારામે સમાધિસ્ત થઈ આ જગતની વિદાય લેવાની વાત કરવાથી સર્વ લોકો ખૂબ ઉદાસ બની અશ્રુ સારવા લાગ્યા. લોકોએ અનેક વિનંતીઓ કરી. ત્યારે તેમને દિલાસો આપતાં સંત ભાભારામે કહ્યું કે; તમારા આગ્રહ ખાતર હું વધારાના થોડા દિવસો થોભું છું પરંતુ આવતા ભાદ્રપદ શુદ્ધ (સુદ) પંચમી-ઋષિપંચમીના દિવસે હું અહીંથી મહા પ્રયાણ કરીશ. જન હિત માટે સંતે પોતાનું મહાપ્રયાણ થંભાવ્યું એ સત્ય જાણી ભાવિક લોકો સમજી ગયા કે હવે જો આપણે સ્વનું હિત સાધીશું નહીં તો પસ્તાવો કરવો પડશે.

सद्‌गुरु यहाँसे जायगे, फिर नहीं एसो दाव ।
भाभाराम के चरणमे, मनवांछित फल पाय ।।

दुःखियन बहुरी आयके, गुरुको अरज सुनाय ।
कृपानिधान गुरुदेव, करुणा मेह बरसाय ।।

ગુરુદેવના ચરણે નમન કરી મનોવાંચ્છિત કાર્ય પ્રાપ્ત કરવા માટે ભાવિક હરિભક્તો અધીરા થયા. અનેક દીન દુઃખીઓ આવ્યાં અને પોતાની વ્યથા કહી. ભાભારામે તેમનાં દુઃખ દૂર કર્યાં. કેટલાક અનુરાગી એવા હતા કે તેમના હૃદયની વ્યથા શાંત થતી ન હતી. તેઓ તો ગુરુજી

અમને તમારી સાથે લઈ જાવ તેવી વિનંતી કરતા હતા. ભાવિકોની આ વેદના જાણી સંતે સૌને હૃદયથી મનોવાંચ્છિત માગવા કહ્યું. આશાવાન જીવ સમયાનુસાર ઐહિક, પારલૌકિક સુખની અપેક્ષા કરતા હતા, કોઈ ધર્મ, અર્થ, કામની અપેક્ષા વ્યક્ત કરતા હતા, કોઈ રોગમુક્ત થવાની તો કોઈ સંકટ મુક્ત બનવાની અપેક્ષા કરતા હતા. તે સર્વની ઐહિક મનોકામના પૂર્ણ થવાનો આશીર્વાદ સંતે આપ્યો. કેટલાક સદ્‌ભાગ્યવાન જ્ઞાન, ભક્તિ, મુક્તિની અપેક્ષા કરતા હતા. તેમને પણ ગુરુજીએ દિલાસો આપ્યો. કેટલાક અભાગીઆ સંત પાસે આવીને ખાલી હાથે પાછા પણ ગયા. પૂર્વ જન્મનું સુકૃત જેનું બલવત્તર હોય છે તેને જ આવા સંતનો સહવાસ પ્રાપ્ત થાય છે અને પોતાની મનોકામના પૂર્ણ બને છે. અભાગીઆઓને તેનું ભાન રહેતું નથી.

સંત ભાભારામના સદ્‌ભક્તોના હૃદયમાં બહુ સંતાપ થવા લાગ્યો કે ગુરુદેવની સાથે આપણું પણ પરમાત્માના ધામમાં ગમન થાય તો કેટલા ભાગ્યવાન કહેવાઈએ એવું તેને લાગતું હતું. આ હૃદયદ્રાવક સમાચાર સાંભળી તેમનો પરમ પ્રેમી સદ્‌ભક્ત મુક્તિરામ તરત જ ગુરુજી પાસે આવ્યો. અત્યંત અધીરો બની તે ગુરુજીના ચરણે પ્રણામ કરી અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

भादोके दिन आ गये, लगा केलेजे तीर ।
मुक्तिराम गुरु चरणमें, बैठ बहावत नीर ॥

गुरुजी मोहे छांडके, कैसे अकेला जाय ।
अनुजको छांडो नहीं, संग ही रखो गुरुराय ॥

गुरु बीन यहां कैसे रहु, ज्यो जळ बीछरो मीन ।
भाभाराम गुरुदेव बीन, मुक्ति मरै छीन छीन ॥

પ્રિય અનુજ મુક્તિરામના હૃદયની વ્યથા જાણી સંત ભાભારામ બોલ્યા; 'બેટા મુક્તિરામ ! તું શું કામ રડે છે ? હું તારાથી અલગ નથી. તું જ્યારે મળવાની ઈચ્છા કરીશ ત્યારે હું આવી મળીશ. જ્ઞાની પુરુષ શોક કરતા નથી. ભગવંતના મંગલ મિલન સમયે દુઃખ-શોક શા માટે કરો છો ?'

भाभारामके रूपको, बुझे सोही गुणवान ।
ऐसै मुक्तिरामको, बुझे मेरे दिलजान ॥

मुक्तिरामके चरणमे, सब कुछ पावही साज ।
जाके हिये विश्वास है, ताको मिले महाराज ॥

ભાભારામે લાડકા શિષ્ય મુક્તિરામને ઘણી ગૂઢ વાતો સમજાવીને કહી. આશ્રમ વ્યવસ્થા અંગે ત્યાંના સદાવ્રત, નીતિ રીતિ, સદાચાર વિષે, સાધુ સંત અતિથિ અભ્યાગતોના આદર સત્કાર વિષે માર્ગદર્શન આપ્યું અને આખરે એવું પણ કહ્યું કે; 'મુક્તિરામ, જ્યાં સુધી અહીં સાધુ સંત સત્‌પુરુષોનાં સ્વાગત, સત્કાર, સેવા થશે ત્યાં સુધી ઐશ્વર્ય રહેશે, તેમાં વિક્ષેપ જો પડયો અથવા આળસ થયું અથવા તેમનાં અપમાન થયાં તો આ તમામ ઐશ્વર્ય લય પામશે. આ માટે બેટા, આ ધામનું મહત્ત્વ જાણી તું વ્યવહાર ચલાવ, મારો તને પૂર્ણ આશીર્વાદ છે.'

ભક્ત મુક્તિરામ, સંત ગંગાસિંહ ગોહિલ, સતી મેઘાવતી, સંત ભોજરાજ, સાધ્વી કીકીબાઈ વગેરે બધાને પ્રેમનો સંદેશ આપી અને શુભ આશીર્વાદ આપી સંત ભાભારામ સમાધિની તૈયારી કરવા લાગ્યા. કીકીબાઈને તેઓએ ચંપકવનમાં આશ્રમ બાંધવા જણાવ્યું કારણ કે ત્યાં જ તારું ઋણ હતું માટે ત્યાં જ તું કાર્ય કર, એવો આશીર્વાદ આપ્યો.


સંવત ૧૫૮૯ ના ભાદ્રપદ શુદ્ધ (સુદ) ચતુર્થીના દિવસે ભાવિકજનોનો અને ભક્તોનો ભાવ વિરહ હૃદયમાં સમાવી ગુરુદેવ ભાભારામ સ્વસ્થ ચિત્તે સમાધિ મંદિરમાં ગયા અને શાંત ચિત્તે આસન માંડયું. મંદિરનો અંદરનો દરવાજો બંધ કરી ધ્યાનસ્થ બેઠા. તે દિવસે સર્વ લોકો ગુરુદેવનાં સ્તુતિગાન, ભજન, પૂજન, અર્ચન, સ્મરણ કરતા રહ્યા. પ્રાતઃકાળ થયો અને માનવ મહેરામણ ઊભરાયો. સવારે એક પ્રહર થયા પછી જ મંદિરનો દરવાજો ખોલવાની ગુરુદેવ ભાભારામની આજ્ઞા હતી.

प्रहर बीते गुरुदेवकी, आज्ञा कीये अनुसार ।
समाधि मंदिर के द्वारको, भोज खोले तेही ठार ॥

सत्‌गुरु ताहा दिशे नहीं, फूलका ढेर जेही ठार ।
प्रगट ज्योति जली रही, ज्योति रूप निरधार ॥

એક પ્રહર પછી ભોજરાજજીએ સમાધિ મંદિરનો દરવાજો ખોલ્યો. ગુરુદેવ ભાભારામ ક્યાંય દેખાયા નહીં. ફક્ત ફૂલની ઢગલી અને દિવ્ય અખંડ જ્યોત ઝગમગ ઝગમગ પ્રકાશતી હતી.

पंचतत्त्वमे मिला दिये, अपना स्थूल शरीर ।
ज्योति रूपे हो गये, भाभाराम गुरु सांई ।।
लोगन आये धायके, दिखे न भाभाराम ।
ज्योति रूपे निहारके, बोले जय जय गुरुदेव ।।



સંત ભાભારામ મહાનિર્વાણ પામ્યા અને જ્યોતિ સ્વરૂપે પ્રગટ રહ્યા.

ગુરુદેવ ભાભારામ પોતાનું શરીર પંચતત્ત્વમાં વિલીન કર્યુ અને જ્યોતિ સ્વરૂપ બની ગયા. તેમના દર્શન માટે અધીરો બનેલો ભાવિક માનવ મહેરામણ દોડતો આવ્યો. ભાભારામનાં સ્થૂળ દેહે દર્શન ન થયાં પરંતુ જ્યોતિ સ્વરૂપનાં દર્શન કરી સૌ જયજયકાર કરવા લાગ્યા.

जय गुरु भाभारामजी, ज्योति स्वरूप भगवान ।
प्रभुजी दर्शन दियो, बडे हो कृपा निधान ।।

જ્યોતિ સ્વરૂપ ગુરુદેવ ભાભારામને વંદન કરી જન સમુદાય પરત જવા લાગ્યો. ઋષિપંચમીના દિવસે ભાભારામ અંતર્ધાન થઈ જ્યોતિ સ્વરૂપે ભૂલોકમાં બિરાજમાન રહી બ્રહ્મધામમાં નિવાસ કર્યો.

ऋषिपंचमी भोर देखन नहीं पाये, चकित हुई देवाकी जनताय ।
आसन तहां एक फूलोका, ज्योति स्वरूप दिखलाय ।।

ब्रह्मका अनुरागी ब्रह्ममें समाये, तहां प्रगट ज्योत पिछनाय ।
ज्योति स्वरूप गुरु भाभारामको, जनता देख ही पाय ।।

જન્મજન્માન્તરનો સદા પરમતત્ત્વનો અનુરાગી યોગી અંતે પોતાના પ્રેમાળ પરમ તત્ત્વમાં સમાઈ જ્યોતિ સ્વરૂપથી પ્રગટી રહ્યો. એક પરમ પાવન ચરિત્ર અનંતમાં વિલીન બની ગયું. તેમની સ્મૃતિની સુમધુર સુગંધ ચારેબાજુ પ્રસરી રહી. આજે પણ તે સ્મૃતિની સુગંધ મહેંકતી અનુભવાય છે કારણ કે તે અમર છે.

भाभाराम गुरुदेवका, पावन चरित रसाल ।
क्षीर नीर न्यारा हो रखे, पिवत सोही मराल ।।

भाभाराम गुरुदेवका, पतित पावन नाम ।
दुर्लभ साध चरितसे, पूरण होत सब काज ।।

भाभारामके चरणमे, धन्य जगे अनुराग ।
सजनी साच बखानहु, सोही बने महाभाग ।।

संत चरित प्रभु भजन, मानो एक ही सार ।
संत भाभाराम से, शाना करै हो प्यार ।।

भाभाराम गुरुदेवकी, जाये करुणा होई ।
संत पुरुष के चरितको, मानो वरनै सोई ।।

૫.

સંત સાધ્વી કીકીબાઈ

વસોની નજીકમાં જ આવેલા અલિંદ્રા ગામે હરસુખભાઈ નામના પાટીદાર પટેલ પોતાના કુટુંબ સાથે સુખેથી રહેતા હતા. તેમના પત્નીનું નામ મણીબા હતું. પ્રૌઢ ઉંમર થવા છતાં તેમને સંતતિ સુખ ન મળ્યું. લોકોના મોઢેથી નિઃસંતાન (વાંઝિયા) એવું સાંભળી તેમને ઘણી મહાવ્યથા થતી હતી. તેમના કોઈ ભાવિક હિતેચ્છુ સંબંધીએ કહ્યું કે; તમારી પાસે ધન છે. તે શું ઉપયોગમાં આવવાનું છે, તે કરતાં તમે એ ધનથી સંતોની સેવા કરો તે યોગે સંતોના આશીર્વાદથી તમારા મનોરથ પરિપૂર્ણ થઈ શકશે.

હરસુખભાઈના મનને આ સલાહ અનુકૂળ લાગી. તેઓએ આ વાતનો સ્વીકાર કરી આંગણામાં આવનાર સાધુસંતોની સેવા કરવાનું વ્રત લીધું. સદાવ્રત ચાલુ કર્યુ અને તે યોગે સંત અભ્યાગતોનાં તેમના ઘેર આગમન થવા લાગ્યાં. પતિપત્નીએ સાધુ સત્‌પુરુષોની સેવા શરૂ કરી. યથા શક્તિ દાન આપવું અને આશીર્વાદ પ્રાપ્ત કરવો, આ સત્કર્મ જીવનમાં વણી લીધું. આ પ્રકારે ઘણો સમય પસાર થયો. ભક્તિયોગ ધીમે ધીમે જીવનના ઊંડાણમાં વિકસિત થયો અને તે ફલસ્વરૂપે એક દિવસ સોનાનો સૂરજ ઊગ્યો. સિદ્ધ પુરુષ અડબંગનાથનું તેમના ઘેર આગમન થયું. આવા પુરુષો મોટા ભાગે કોઈના ઘેર જતા નથી, પરંતુ તે ભક્ત પરિવારનું ભાગ્ય ઉદય પામ્યું હતું તેથી યોગી પુરુષનું આગમન થયું અને તેઓએ અલખ જગાડયો.

'આવો આવો ગુરુદેવ ! બોલી મણીબાએ આદરપૂર્વ સંતને અંદર આવવા વિનંતી

કરી. આસન આપી બેસાડી અને પૂજન અર્ચન કરી ચરણામૃતનું પાન કર્યુ. તે સમયે તેમના હૃદયમાં ઈશ્વરીય સંકેત થયો કે આજે આપણા આંગણામાં સાક્ષાત્ ઈશ્વરનું આગમન થયું છે અને જો આપણે આ તક હાથમાંથી જવા દઈશું તો આજીવન મનની અભિલાષા પૂર્ણ થશે નહીં. આપણે કેટલા અભાગી છીએ એવો વિચાર તેમના મનમાં આવી ગયો અને નેત્રમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. તે જોઈ જ્ઞાની સંત યોગી તેણીના હૃદયની વ્યથા સમજી ગયા. તેઓ બોલ્યા; 'માઈ ! તારા હૃદયની શું ઈચ્છા છે ? આંખમાંથી અશ્રુ કેમ વહે છે ?'

'મહારાજ ! આપ તો સર્વજ્ઞ છો. શેર માટીની ખોટ છે. લોકો વાંઝિયા કહી ઉપહાસ કરે છે. સંસારી જીવને એ કરતાં વધુ દુઃખ તે કયું હોઈ શકે ! હરસુખભાઈ બોલ્યા.

હરસુખભાઈના આ શબ્દો સાંભળી સંત બોલ્યા; 'બેટા હરસુખ, તારા નસીબમાં પુત્ર સુખ દેખાતું નથી માત્ર એક કન્યા યોગ છે. તને એક પુત્રી જન્મશે જે તારા કુળને ઉજ્જવલ કરશે. આટલું જ નહીં પણ તે તમારી એકોત્તેર પેઢીઓનો ઉદ્ધાર કરશે એવી સતી થશે.

'સંત પુરુષોના વચન પર વિશ્વાસ રાખજો. તમારા બધા મનોરથ પૂર્ણ થશે.' એવો આશીર્વાદ આપી રમતા યોગી ત્યાંથી વિદાય થયા. ત્યારબાદ બંને પતિ પત્ની સ્વસ્થ બન્યાં અને વિચાર કરવા લાગ્યાં કે, આટલા મહાન સંતનું આગમન થયું, પરંતુ આપણે તેમની પાત્રતા જાણી ન શક્યાં એ ખેદજનક કહેવાય. આ યોગી પુરુષ કોણ હશે ! એવા વિચાર કરવા લાગ્યાં, પરંતુ અલ્પબુદ્ધિ જીવાત્માઓને યોગીની ઓળખાણ અને તેમનાં શુદ્ધ ચરિત્રની ક્યાંથી ખબર પડે. આખરે ઈશ્વર ભજન કરી પોતે સ્વીકારેલું સંત સેવાનું વ્રત ચાલું રાખ્યું.

યથા સમયે તેમના ધ્યાન પર આવ્યું કે મહાપુરુષની વાણી પ્રમાણે પોતાનું વાંઝપણ મટી ગયું છે. તેમના આશીર્વાદની ફલપ્રાપ્તિ થઈ. મણિબાને પ્રૌઢ ઉંમરે ગર્ભ રહી વિ.સં. ૧૫૧૯ ના શ્રાવણ શુદ્ધ (સુદ) સપ્તમી, શીતળા સપ્તમીની મધ્ય રાત્રે કન્યા રત્ન પ્રાપ્ત થયું. સાક્ષાત્ આદ્ય શક્તિના અંશમાંથી ઉતરી આવે એ પ્રમાણે દિવ્ય ક્રાંતિમાન દુહિતાનું આગમન થયું. આ તેજસ્વી સ્વરૂપે ભવસાગરમાં પીડાતા જીવાત્માઓના કલ્યાણ માટે જ સાક્ષાત્ ભગવતીનું જાણે અવનિ તલ પર અવતરણ થયું. હરસુખભાઈએ પુરોહિતને બોલાવી

પોતાની કન્યાની જન્મપત્રિકા બનાવી. તેણીના ભાવી મહત્તાનું યશ ગુણગાન કરીને કુલપુરોહિતે કહ્યું;-

भावीको बरनी शके, धन्य तिहारे भाग ।
सती योग शुभ लक्षणी, कुल तारण सुभाग ॥

कुंडली ऐसी ना दिखे, लाखनमे कोई एक ।
धन्य तुम्हारे भाग्यको, दुहिता पाई विवेक ॥

'ભાવી તો સંપૂર્ણ રીતે કોઈ જાણી શકાય નહીં પરંતુ એટલું તો સ્પષ્ટ થઈ રહ્યું છે કે તારા ભાગ્યની બલીહારી છે. તારી કન્યા સતી સન્નારી બનશે અને તે તારું કુળ ઉજ્જવલ કરી કુળનો ઉદ્ધાર કરશે. આવી કુંડલી મેં મારી હયાતીમાં અન્ય કોઈની જોઈ નથી. આ તારી કન્યા ખરા અર્થે રત્ન છે.' આ પ્રકારે તે કન્યાનું ગુણગાન કરી કુળ પુરોહિતે કન્યાનું નામ 'કીકીબાઈ' એવું સૂચવ્યું.

धन्य दुहिता आपकी, महिमा बरनो न जाई ।
सतीपनको पुकारीयो, शुभ नाम कीकीबाई ॥

દિનપ્રતિદિન ચંદ્રકળા પ્રમાણે વધતી જતી કીકીબાઈ પાંચ વર્ષની થઈ. સવારે સૂર્યોદય પહેલાં નહાઈને મંદિર જતી. મંદિરમાં ઘંટનાદ, નોબત, પ્રાતઃ આરતી થતી. બાલિકા કીકીબાઈ હર્ષથી આરતીનો આનંદ લેતી હતી. આંગણામાં કોઈ સાધુ સંત આવે તો બાલિકા પોતાના હાથે તેમને ભોજન-પાણી પીરસતી હતી, ગામના બધા જ બાલિકાને વહાલ કરતા. તે જોઈ મણીબા અને હરસુખભાઈ આનંદ વિભોર બની જતાં અને આવી સુસંસ્કારી કન્યા પ્રાપ્ત થઈ તે માટે પોતાને પરમ ભાગ્યવાન સમજતાં.

સાધુ સંતોની સેવા તો કોઈ ભાગ્યશાળી જીવાત્મા જ કરી શકે છે અભાગીથી નહીં. સત્યનો માર્ગ હતભાગીને સૂઝતો જ નથી. દયા, દાન અને સત્યનો માર્ગ સદ્‌ભાગી માટે છે. અભાગી માટે સન્માર્ગ કલેશદાયક છે. આ બધું દરેક જીવાત્માના મનની ગતિ પર અવલંબે છે. જેનું મન નિર્મળ હોય, પવિત્ર હોય તેના માટે સત્કાર્ય સરળ હોય છે અને જેનું મન મલિન સંકુચિત રહે છે તેના માટે પરમાર્થ વિષમ હોય છે. જ્યારે અહીં તો માતાપિતા સુસંસ્કારી હોય ત્યારે પૂર્વ ભવની સદ્‌ભાગ્યવાન યોગભ્રષ્ટ કન્યા તેમના જીવનમાં પોતાના સદ્‌ગુણોથી કેમ આનંદીત ન

કરે. બાળકીની બાળલીલા અને તેની પાસે દેખાતી પારમાર્થિક બુધ્ધિ જોઈ માતાપિતા પોતાના ભાગ્યને ધન્ય સમજતાં હતાં.

કીકીબાઈની ઉંમર હવે બાર વર્ષની થઈ. તે સમયે વંદનીય સંત શ્રી અડબંગનાથનું પુનરાગમન થયું. જેમના કૃપાશીર્વાદથી બાલિકાનો જન્મ થયો તે જ સંત પુરુષ આવ્યા હતા. માતા પિતાએ તેમનો આદર સત્કાર કર્યો.

સંતે કીકીબાઈ પર ઉપદેશની અમૃતમય વાણીનો વર્ષાવ કરી તેના હૃદયને પાવન કર્યું.

પવિત્ર સંત પુરુષોની પાવન વાણીનું હૃદયમાં સતત કાળજીપૂર્વક ચિંતન કરવું જોઈએ. કારણકે આ માનવ સૃષ્ટિમાં વારંવાર જન્મ મળતો નથી. અન્ય પ્રાણી સૃષ્ટિમાં ગમે તેટલા જન્મ થયા હોય તેમ છતાં આત્મકલ્યાણની દૃષ્ટિએ તેનું કોઈ મહત્ત્વ નથી, તેથી આપણે આપણા જ મનથી ઈશ સ્મરણ નિયમિત કરવું જોઈએ. કારણ ભગવાનનું પવિત્ર મીઠું મધુર નામ એ જ આ અસાર સંસાર સાગરનું પરમ સુખદાયક અમૃત ફળ છે. બાકી તો આ સમગ્ર સંસાર તો દુઃખ રૂપ છે.

सुखदु:ख संसारमे, रेन दिनको मेल ।
ताको देखके मन रुवो, अविगतका यही खेल ॥

जीवन हरिके हाथमे, एक आवे एक जाय ।
कैसे रोना रोइये, जा विध हरिको भाय ॥

સુખ અને દુઃખ એ તો સંસારનું સમયચક્ર છે તે કાયમી ફરતું જ રહે છે. દિનમણી ઊગે છે, અસ્ત પામે છે. દિવસ પછી રાત, રાત પછી દિવસ આવે જ છે. આનંદના સુખના દિવસ આવે એટલે હરખાઈ ન જવું. દુઃખના કઠણ દિવસ આવે તો હતાશ ન થવું જોઈએ. એ તો અવિગત પ્રભુનો ખેલ છે. એવું જાણી નિત્ય ઈશનું સ્મરણ કરવું, કારણ આ જનમ મરણની દોરી તે જ અવિનાશીના હાથમાં છે. હરિ ઈચ્છાના આધિન થઈ રહેવું. આપણા કર્મોના આધારે તે જે પ્રકારની સ્થિતિ બનાવે તે પ્રકારે રહેવામાં જ સાચું સુખ છે. અજ્ઞાન અંધકારમાં ગોથાં ખાઈ રહેલો માનવ પોતાના ધારણાનુસાર કાર્ય કરે છે પરંતુ ભગવાને ધારેલા કાર્ય પ્રમાણે જ થાય છે. માનવ બળ કે ઈચ્છા તે જગ્યાએ ચાલી શકે નહીં.

સુખ દુઃખની આ દશાનું વર્ણન સંત ગુરુએ કેમ કર્યું ? તેની કીકીબાઈને સમજણ પડી

નહિ, પરંતુ કીકીબાઈ હૃદયમાં આ દિવ્ય અલૌકિક ઉપદેશ તીરની માફક જડાઈ ગયો. કાર્ય સિદ્ધ કરી સંત અડબંગનાથ થોડો સમય રોકાઈ આશીર્વાદ આપી વિદાય થયા. જેવા આવ્યા તેવા પાવન પંથે જતા રહ્યા.

भ्रमर भोरींगा ने संतजन, दंशी दंशी दूर थाय ।
मगर मकोडा ने कामिनी, पची पचीने खाय ॥

કીકીબાલાની હવે સોળ વર્ષની ઉંમર થઈ હતી. ત્યારે તેના માતાપિતાએ તેણીના વિવાહની તૈયારી કરી. નટપુર-નડિયાદના સુખડજી પટેલના પુત્ર માંડણ પટેલ સાથે તેણીનો સંબંધ કર્યો. નિયુક્ત દિવસે કુળ રીતિ પ્રમાણે તેમનો વિવાહ થયો, યોગ્ય વરદક્ષિણા આપી કન્યાદાન કરી માતાપિતાએ મંગલ કન્યા વિદાય કરી. નિરાધાર બાળકની માફક કીકીબાઈની આંખોમાંથી અશ્રુ વહેલા લાગ્યાં.

જે ઘરમાં જન્મ થયો. બાળપણનો નિર્દોષ આનંદ અનુભવ્યો અને યૌવનનું આગમન થયું, માતાપિતાના લાડકોડમાં મોટી થઈ તે ઘરનો ત્યાગ કરી નટપુર-સાસરે જવાનો સમય આવ્યો. જે આપણાં હતાં, નિત્ય આંખ સામેથી દૂર થતાં ન હતાં, તેમનાથી દૂર જઈ હવે પારકાના ઘરમાં જવાનું છે. અલિંદ્રા ગામ હૃદયમાં પૂરેપરું વસેલું હતું તે ધરતીનો ત્યાગ કરી, હવે તો નટપુરમાં મન લગાડવું પડશે એવી આશા નિરાશાની ઉર્મીઓ હૃદયમાં ઉછળતી હતી. કીકીબાઈ શ્વસુરગૃહે પહોંચી ગયાં.

કુમકુમ પગલાંએ કુલવધૂએ ઘરમાં પ્રવેશ કર્યો અને મંગલ આનંદ પ્રસરી ગયો. સર્વ વાતાવરણ મંગલમય બની ગયું. કીકીબાઈના પગલાંએ જાણે લક્ષ્મીદેવીનું આગમન થયું શ્વસુર ઘરના સર્વેને આનંદોલ્હાસ થયો.

એક સમયે અલિંદ્રા ગામના મુક્ત વાતાવરણમાં રહેલાં કીકીબાઈને હવે નટપુર સૌભાગ્યદાયક અને આનંદમય લાગવા માંડયું. સ્વામીના ઘરમાં પ્રેમ મૂર્તિ થઈ રહેવું એ સૌભાગ્ય અને સદ્‌ભાગ્યનું લક્ષણ છે. સતી સન્નારીના મનને સ્વામીનું ઘર એ જ તીર્થધામ અને મોક્ષનું ધામ છે. તે સિવાય અન્ય કોઈ તીર્થ કે અનુગ્રહનું સ્થાન તેને નથી. કીકીબાઈ એવા સ્વર્ગીય સ્થાનમાં રહી આનંદમય બની સમય વ્યતીત કરતાં હતાં. પતિ પ્રેમ અને સુખી શ્વસુર ગૃહના લાભથી કીકીબાઈ સુખી હતાં. ભગવત્ કૃપાથી થોડા સમયે તેઓ બે દીકરાઓનાં માતા

બન્યાં. સુવર્ણમાં સુગંધ આવે તે પ્રમાણે મૂળ સુખી સંસારમાં આનંદ આનંદ થઈ ગયો. બંને પતિ પત્ની પોતાના બાળકોના લાલનપાલનમાં અને લાડ કરવામાં મગ્ન બની ગયાં હતાં.

कर्मगति कैसे मिटे, जो विधियन को लेख ।
होनी सोही होती रहे, को नहीं मारत मेख ।।

सुखके दिन बीत गये, दुःख के दिन आये धाय ।
पियरा परवश हो गये, देख हिया तडपाय ।।

કર્મની ગતિ અતિ ગહન છે. વિધિએ લખેલો લેખ મટાડવા કોઈ સમર્થ નથી. જે ઘટના બનવાની હોય તે બની જ રહે છે. કીકીબાઈના જીવનમાં અચાનક અત્યંત દુઃખદ ઘટના બની ગઈ. દુઃખની કાળી છાયા અચાનક તેણીના સુખી સંસારમાં પ્રસરી ગઈ. તેના પતિ અચાનક વ્યાધિગ્રસ્ત થઈ પથારીવશ થયા. તેની આવી પરિસ્થિતિ જોઈ કીકીબાઈનું હૃદય કંપાયમાન બન્યું.

मत छांडो मोहे नाथजी, यह संसार मझधार ।
पियरा संगमे ले चलो, तुम्ही हो प्राणाधार ।।

छोटे दो संतानकी, रक्षा करो तुमी मात ।
तुमी बीनी जीवन नहीं, जल बीना मीन तडपात ।।

મૃત્યુ આસને સૂતેલા પતિની સ્થિતિ અતિ દારુણ બની. અશ્રુપૂર્ણ નજરથી પતિની સ્થિતિ જોતાં કીકીબાઈ પાસે બેસી વિનવે છે; 'સ્વામી ! આપ એકલા ન જતા. આપણી સાથે મને પણ લઈ ચાલો. મને આપના વગર આ દાવાનલ રૂપી સંસારમાં એકલીને રહેવું નથી. આપ જ મારા પ્રાણાધાર છો, તેથી મને એકલીને છોડી જશો નહીં.' અતિશય દારુણ વલોપાત કરતાં કરતાં કીકીબાઈ નાના બાળકની માફક રડવા લાગ્યાં. ત્યારે કીકીબાઈને દૃઢ આશ્વાસન આપતાં માંડણ પટેલ ધીમા સ્વરે બોલ્યા : 'દેવી ! તું મારી સાથે આવીશ તો આપણા આ બે દીકરાઓની દશા કેવી થશે ? કોણ એમની સંભાળ કરશે ? માતા સિવાય આ બાળકો કેવી રીતે જીવન પ્રસાર કરી શકશે ? પાણી વગર માછલી તરફડી મરે છે તે પ્રમાણે માતા સિવાય બાળકો ઝૂરી ઝૂરીને મૃતપ્રાય બનશે. તેથી દેવી, મારી સાથે આવવાની વાત છોડી દો અને આ બાળકોની સંભાળ કરો !' ભગ્ન હૃદયે માંડણ પટેલે પોતાની પત્નિને સાંત્વના આપવાનો પ્રયત્ન કર્યો.

'મનમાં ધૈર્ય રાખો. નિર્બળ બનવું નહીં અને ભગવાનમાં પ્રીતિ રાખો. તે જ તમારો સહાયક, મદદગાર બનશે. જીવન નિર્વાહ માટે આપણી પાસે ખેતી છે.તેથી કોઈ મુશ્કેલી આવે એવું નથી. હિંમત રાખો. હૃદયનું દુઃખ ધીમે ધીમે ભૂલી આપણા આ પુત્રરત્નોનું પાલન કરો.' એ જ આપણી સ્મૃતિ છે, સંપત્તિ છે તેમનું પરિપાલનકરો.' એવું બોલી માંડણ પટેલે પરમાત્માને યાદ કરી અંતિમ શ્વાસ લીધો.

સ્વામી કીકીબાઈને એકલી છોડી શ્રીહરિના દેશમાં પ્રયાણ કરી ગયા. સતી કીકીબાઈના હૃદયમાં તેનાથી અતિશય દુઃખ થયું. સ્વામી સિવાય એક ક્ષણ માટે પણ આ અસાર સંસારમાં જીવતા રહેવાની ઈચ્છા નહોતી પણ અંત સમયે પતિએ વ્યક્ત કરેલી ઈચ્છા ખાતર પુત્રોનું જતન કરવાની જવાબદારી નિભાવવી અને આવનાર દિવસોને પાર કરી જીવન પસાર કરવું પડશે. સમય સંજોગે અનેકાનેક વિચારો તેણીના મનોબળને અસર કરી નાખતા હતા. મન વ્યથિત બની જતું હતું. આંખોમાંથી અશ્રુધારાનો પ્રવાહ શરૂ થતો. અત્યંત કઠણ હૃદય કરી પોતાના બંને બાળકોનું પાલનપોષણ કરતાં કરતાં દુઃખના દિવસો પૂરા કરવા લાગ્યાં.

પતિ નિધન બાદ ચારે તરફથી કઠિનાઈઓ આવવા લાગી. જાણે પતિ ગયા તો બધું જ ગયું. ઈશ્વર પણ રીસાઈ ગયા, કેમ કે ખેતીની પણ વિકટ પરિસ્થિતિ બની ગઈ. વરસાદ ન થયો. ભયંકર દુષ્કાળ પડયો. અનાજ ન થવાથી દુઃખદ દિવસો આવ્યા. હવે તો નટપુરમાં રહેવું અશક્ય બની ગયું. કર્મભૂમિનો ત્યાગ કરી જવાનો પ્રસંગ ઊભો થયો. પણ ક્યાં જવું ? કઈ જગ્યાએ આપણું અન્ન-જળ લખેલું હશે ? શું કરવું ? કોના આશ્રયમાં જવું ? વિચાર કરવા લાગ્યાં.

એક દિવસે ઘરની સર્વ વસ્તુઓ ભેગી કરી જરૂરી સામાન બળદગાડીમાં મૂક્યો અને બંને દીકરાઓને ગાડીમાં બેસાડી કીકીબાઈ પોતે ગાડી હાંકવા લાગ્યાં. ક્યાં જઈ રહ્યાં છીએ તેનું પણ તેને ભાન ન હતું. અલિંદ્રા તરફ જવાનો તેનો ઈરાદો હતો. આ દુઃખમય દિવસોમાં પિયરમાં જ આશ્રય મળશે આ આશા હતી. ઘણા વર્ષો પછી કીકીબાઈએ અલિંદ્રાના રસ્તે પ્રયાણ કર્યું હતું. પરંતુ સર્વ કર્તાહર્તા ભગવાનની લીલા કોણ જાણી શકે છે ! પોતે ક્યાં જવા નીકળી હતી અને ભગવાને તેને ક્યાં પહોંચાડી દીધી ! કઈ ધરતી પર તેણીનું અન્ન-જળ લખેલું હતું એ તો ઈશ્વર જ જાણતા હતા.

मेरे मन कुछ और है, कर्ता के मन ओर ।
ओधो कहे माधो सुणो, जूठी मनकी दोर ।।

लगी प्यास बिकल भये, रोने लगे दो तन ।
धूप देख जल भरन को, जाय कीकी तेही दन ।।

માર્ગે જતાં જતાં કીકીબાઈ વસોથી ત્રણ માઈલ દૂર રહેલા ચંપકવન નજીક આવી પહોંચ્યાં. ગ્રીષ્મ ઋતુના દિવસો હતા, માથા પર સૂર્ય તપતો હતો. એવા મધ્યાહન સમયે બંને દીકરાઓને તરસ લાગી અને પાણી પાણી કરી રડવા લાગ્યા. માતૃ હૃદય વ્યાકુળ થયું. નજીકમાં કોઈ જગ્યાએ પાણી ન હતું. એટલામાં થોડે દૂર એક કૂવો દેખાયો. તેણીના હૃદયમાં થોડો સધીયારો આવ્યો. ગાડી ઊભી કરી, ઘડો અને દોરી લઈ પાણી લાવવા કૂવા પર ગયાં.

कूवे पाणी लेने गई, तूटी हीरनी दोरी रे ।
नयने आंसु पोछतां, नारी गागर फूटी रे ।।

आज को ल्हावो लीजिये, काल कोणे दीठी रे ।
तेडां आव्या श्रीरामनां, एना जोर न चाले रे ।।

કીકીબાઈની એવી જ ગતિ થઈ. પાણી વગર દીકરા તલસતા હતા. કૂવો જોઈ તેમાંથી પાણી કાઢવા ગયાં, ઘડાને દોરનો ફાંસ બાંધ્યો અને કૂવામાં પાણી માટે ઉતાર્યો. પાણી ભરાયા પછી ધીમે ધીમે દોર ખેંચવા લાગ્યાં પણ કમનસીબે અર્ધે ઘડો આવતાંની સાથે જ દોર તૂટી ગયો. ઘડો કૂવામાં પડી ગયો. હવે શું કરવું. અરેરે દૈવ ! હે પ્રભુ ! શું તમે કસોટી કરો છો ! હવે પાણી કેવી રીતે કાઢવું. કીકીબાઈ વ્યાકુળ બની ગયાં, નિરાશ બની ગયાં, બહાવરાં બની આજુબાજુ કોઈ વસ્તી છે કે કેમ તે જોવા લાગ્યાં. અચાનક દૂર એક વૃક્ષ નીચે નાની કુટીરમાં એક તપેશ્વરી મહાત્માને જોયા. ત્વરાથી કીકીબાઈ તેમની પાસે ગયાં અને દીનતાથી તેણીએ મહાત્માના ચરણે પ્રણામ કરી પોતાની વ્યથા કહી.

'મહારાજ ! અત્યંત તરસ લાગી હતી અને પાણી કાઢવા કૂવા પર ગઈ પણ દૈવ સંજોગે દોર તૂટી ગયો અને ઘડો કૂવામાં પડી ગયો. બે દીકરા છે, તરસથી વ્યાકુળ બનેલા છે. પાણી કાઢવા કોઈ સાધન હોય તો આપો. પાણી પીને શાંત થયા બાદ આગળના માર્ગે ચાલી જઈશ. હું એક દીન અબળા છું. આટલી કૃપા કરો મહારાજ !'

સત સાધ્વી કાકાબાઇ



દુષ્કાળ પીડિત કીકીબાઈનું સ્થળાંતર અને અગમ્ય રીતે ભાભારામ સાથે મેળાપ.

સંત યોગી ભાભારામે પોતાની પાસેનું ઠંડું પાણી તેમને પીવા માટે આપી તૃપ્ત કર્યાં. 'મહારાજ ! અમ દીન દુર્બલ પર આપે બહુ ઉપકાર કર્યો.' કીકીબાઈએ એવું બોલી મહાત્માના ચરણો પાસે પોતાના બંને પુત્રોને બેસાર્યા અને પોતે સંત ચરણો પાસે પ્રણામ કરી બેઠાં. મહાત્માએ પણ અનિમેષ દૃષ્ટિએ કીકીબાઈ તરફ નિરખીને જોયું અને ધ્યાનસ્થ બની અતિશય ગહન વિચારમાં મગ્ન થયેલા દેખાયા.

એકાએક આંખો ખોલી આનંદ વિભોર બની સંત સ્વરૂપ ભાભારામે અત્યંત સ્નેહપૂર્વક વાણીથી કહ્યું; **'बहेनी मेरी आ गई, परभवकी सगाईजी !'** અહાહા, બહેન મારી કીકીબાઈ, તું આવી ગઈ ! હું તારી જ રાહ જોઈ અહીં બેઠો છું. આખરે મારી બહેન મને આવી મળી છે, હવે તને અહીંથી ક્યાંય જવાનું નથી. કારણ આ જગ્યાએ તારું ઋણ છે. પૂર્વ જન્મનો આ ઋણ સંબંધ તું ક્યારેય તોડી શકીશ નહીં, તેથી બીજે કોઈ જગ્યાએ ન જતાં હવે તું આ સ્થળે નિવાસ કર. 'મહાપુરુષના મુખેથી આ શબ્દ સાંભળી કીકીબાઈ વિચારમગ્ન બની ગયાં.

'કાલે બનેલી વાતનું આજે આપણને સ્મરણ રહેતું નથી અને મહાપુરુષ તો ગત જન્મની વાત કરે છે. મને તો કંઈ પણ યાદ નથી. હું તો એક સામાન્ય અબળા છું ! આ મહાપુરુષ કોણ હશે ? તેઓએ કેવી રીતે જાણ્યું ? બહુ વિચાર કરી તે થોડાં સ્વસ્થ બન્યાં. આ અતિ દુઃખદ સમય પસાર કરવા હું પિયરે જવાનો વિચારમાં છું. પરંતુ પિયરની સ્થિતિ આજે પણ ક્યાં સારી રહી છે ? પહેલાંની માફક ત્યાં સુખેથી રહી શકાશે નહીં અને અહીં આ મહાત્મા પ્રેમભાવથી રહેવા માટે આગ્રહ કરી રહ્યા છે, ત્યારે સંત પુરુષના પ્રેમાગ્રહનો અનાદર કરી આગળ જવું યોગ્ય નથી. કીકીબાઈ ઘણાં સમજુ હતાં. સંતના શબ્દો શિરોમાન્ય માની તેમને દૂર ઊભી રાખેલી બળદગાડી લાવી બળદોને છોડી મૂક્યા અને પોતે સંત ચરણની સેવા કાર્ય માટે પ્રવૃત્ત બન્યાં.

संत चरण सुखदायना, मानो सजनी मोर ।
दावानल संसार है, संत चरण सुख और ।।

સંતપુરુષોના શરણે નિવાસ કરવો અતિ સુખદાય છે. સંસાર દાવાનલ છે તો સંતોના ચરણે જે સુખ છે તેનું કોઈ વર્ણન ન કરી શકે. ગુરુદેવ સંત ભાભારામના ચરણો નજીક રહેવાથી કીકીબાઈના હૃદયમાં જે શોક સંતાપ હતો તે દૂર થઈ ગયો. તે પરમ શાંતિથી દિવસો પસાર કરવા લાગ્યાં.

સંત ભાભારામ આખો દિવસ ધ્યાન મગ્ન જ રહેતા હતા. એકાગ્રતાથી અવિનાશી પરબ્રહ્મ સાથે લીન થઈને રહેતા. સ્વને પણ ભૂલી જતા. આ પ્રેમલય સ્થિતિ જોઈ કીકીબાઈ વિચાર મગ્ન બની ગયાં. એવા ધ્યાનાવસ્થામાં આ મહાપુરુષના દિવસ કેવી રીતે વ્યતીત થતા હશે ? એમની સેવા કરવા કોણ આવતું હશે ? જેમને પોતાની કોઈ પરવા નથી. આહાર,

નિંદ્રા અને તૃષાનું કોઈ ભાન ન રાખનાર એવા યોગી પુરુષની સેવા કોણ કરતું હશે ? સંત પુરુષની આ સ્થિતિ જોઈ કીકીબાઈનું હૃદય ભરાઈ ગયું. તેથી ત્યાં જ તે મોટેથી રડવા લાગ્યાં. બરાબર તે જ સમયે મહાત્માની આંખો ખૂલી અને ધ્રુસકે ધ્રુસકે રડતાં કીકીબાઈ પર દૃષ્ટિ જતાં જ બોલ્યા :-

'બહેન કીકીબાઈ, તું કેમ રડે છે ? શા માટે રડે છે ? તારા હૃદયમાં શું વ્યથા છે ? સંતના સ્થાને રહી અશ્રુ ઢાળવાનાં હોય નહીં. તારી આંખોમાં અશ્રુ છે તેનું શું કારણ ?' સંતે પ્રશ્ન પૂછ્યો, એટલે કીકીબાઈ અશ્રુ લૂછી ધીમી વાણીથી બોલ્યાં;

'મહારાજ, મારા હૃદયમાં આપની આ સ્થિતિ જોઈ દુઃખ થયું. મન વ્યથિત બની ગયું. મને રડવાનું બીજું કોઈ કારણ નથી.'

'બહેન કીકીબાઈ ! યોગી પુરુષ ઈશ્વર ચિંતનમાં એકાગ્ર બની સર્વ દુનિયા ભૂલી જાય છે. દુનિયાની તેને જાણ રહેતી નથી, ત્યારે પોતાના દેહનું ધ્યાન કેવી રીતે રાખે ? તારા હૃદયમાં જે વ્યથા જાગૃત થઈ તે સહજભાવ હતો. પરંતુ, યોગી ખરેખર તેના અવિનાશી સ્વરૂપના રંગમાં લીન બને એટલે પોતાને પણ ભૂલી જાય છે. બહેન ! તું જ્યારે આ અનુભૂતિ આનંદ અને અમૃતમય સ્થિતિ સમજી શકીશ તો તારા હૃદયમાં એવી વ્યથા જાગૃત થશે નહીં. સર્વ યોગી પુરુષના હૃદયની ગતિ આ પ્રકારની જ હોય છે.

યોગીએ બાંધી અલખ સાથે પ્રીતડી,
ભૂલી ગયા આ દાવાનલ સંસાર જો.
અવિનાશી સંગાથે બાજી લગાવી પ્રેમથી,
હારજીતની હોડ માંડી આ વાર જો.
આસન માંડી યોગી બેઠા ધ્યાનમાં,
પિયુ સંગાથે બની ગયા એક તાર જો.
આહાર નિંદ્રાને ક્ષુધા પ્યાસ ભૂલી ગયા,
સાયાજીની સુરતા રહ્યા નિહાર જો.
ધૂણી તપે ને અજંપા આરાધતા,
યોગી જનને હરિ દર્શનની આશ જો.

અવિનાશી વિના નહીં કોઈ આશરો.
અલખ ધણી આવી બેસે એની પાસ જો.
યોગી ને અવિનાશી બેઉ ભેળા મળ્યા,
અંતર માંહી જાગી રહે ઉલ્લાસ જો.
પરમાનંદ શું પ્રીતિ લાગી રહી ઉરમાં,
પ્રભુજી એના બની ગયા છે દાસ જો.
યોગી મારો ને હું યોગીનો બની રહું,
ન્યારો કદી નહીં રહું એની પાસ જો.
પ્યારાની સંગાથે પ્રીતે રહું,
યોગી મારો ને હું યોગીનો દાસ જો.
યોગીની ગતિ કોઈ નહીં વર્ણવી શકે,
અકળ ગતિ બુજે કોઈ હરિના દાસ જો.
હરિરાય યોગીના ચરણમાં રાચતા,
પૂરણ થાયે અંતરની અભિલાષ જો.

યોગી પુરુષની અકળ ગતિ વિષે ગુરુ મહારાજ ભાભારામે કીકીબાઈને યથાર્થ રીતે સમજાવ્યું. ગુરુ વૃત્તિ જાણ્યા બાદ તેણીના હૃદયમાં રહેલો સંશય નીકળી ગયો અને તે વિનમ્ર બની બોલ્યાં; 'ગુરુદેવ ! મારામાં ખરેખર અજ્ઞાન હતું તેથી મારી આંખોમાંથી અશ્રુ વહેતાં હતાં. આપની અમૃતમય કૃપા દૃષ્ટિથી મારામાં સમજણ આવી. હવે અજ્ઞાન અંધકારમાં ક્યારેય અથડાઈશ નહીં.' આ પ્રકારે ગુરુદેવના જ્ઞાનથી કીકીબાઈના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રકટ થયો.

गुरुदेवके प्रतापसे, हुवा ज्ञान उजीयार ।
कीकीबाइके हृदयमे, दर्शीया तत्त्वसार ॥

એક દિવસ કીકીબાઈએ ભાભારામને પૂછ્યું; 'ગુરુદેવ ! આપે તે દિવસે કહ્યું હતું કે તું મારી પૂર્વ જન્મની બહેન છો. ઘણા દિવસોથી હું તારી રાહ જોતો હતો. તે સમયે ખરેખર મને આશ્ચર્ય થયું હતું પણ હું બોલી શકી ન હતી પરંતુ આજે આપને પૂછું છું કે; એ પૂર્વ જન્મ કયો ? મને તો ગઈ કાલે બનેલી વાતોની યાદ આવતી નથી, આપ તો ગત્ જન્મોની વાત કહો છો. મને તો આ કાંઈ જ સમજાતું નથી. કૃપા કરી મને સમજાવીને કહો.

સંત ભાભારામે પોતાને પ્રાપ્ત થયેલા અંતર્જ્ઞાનથી અને ગુરુદેવે દિગ્દર્શન કરેલ તેમના ત્રણ જન્મોની કથા કીકીબાઈને નિવેદન કરી. ઉજ્જૈનમાં હતા ત્યારે મહાકાલેશ્વરના મંદિરમાં તેણીએ કરેલ સેવાનું અને પ્રેમભાવનું વર્ણન કરી કીકીબાઈએ પોતાના પૂર્વ ઋણાનુંબંધની જાણકારી આપી. હવે આ ત્રીજા જન્મમાં કણબી કુળમાં ભાભારામ નામથી અવતર્યા છે. સર્વસ્વનો ત્યાગ કરી ધ્યાન મગ્ન બેઠો હતો ત્યારે તારું આગમન થયું. કીકીબાઈ, આ રીતે તું મારી પૂર્વજન્મની બહેન હતી. ગત્ જન્મના વચનાનુસાર મારી બહેન મને આવી મળી છે. એ તો ઋણાનુંબંધનો એક યોગ છે અને તે તને વચન આપ્યા મુજબ આખર સુધી નિભાવવાનું છે. આ પ્રકારે ભાભારામે કીકીબાઈ સામે ગત્ જન્મનું જીવંત સ્મરણ કરાવી સત્યનું યથાર્થ દર્શન કરી આપ્યું. પૂર્વજન્મની જીવંત યાદ થતાં કીકીબાઈ ખરેખર હર્ષોલ્લાસમાં આનંદ વિભોર બની ગયાં.

એક સમય એવો હતો કે યોગી સંત ભાભારામ એકાંતમાં ધ્યાન મગ્ન થઈ બેસતા હતા ત્યારે તેમના તરફ ખાસ કોઈનું ધ્યાન રહેતું ન હતું. પરંતુ જ્યારે કીકીબાઈનું આગમન થયું ત્યારથી સંતધામની પ્રતિભા બદલાઈ ગઈ. એક નાની કુટીરમાં યોગી આસન માંડી ધ્યાનસ્થ બેસી રહેતા હતા. તેમને પોતાના ખાવાપીવાની સૂધ ન હતી ત્યારે તે સ્થાનને સુંદર બનાવવાની વાત જ ક્યાંથી હોય, પરંતુ હવે કીકીબાઈ આવી અને તેમના પાવન સ્પર્શે તે ભૂમિમાં નવ ચૈતન્યનું નિર્માણ થયું. કીકીબાઈએ પોતાની જાતે પ્રયત્ન કરી ત્યાં એક સુંદર આશ્રમ બનાવ્યો. રમણીય ફૂલછોડ-ફળઝાડ ઉછેરી તેમની માવજત કરી મોટાં બનાવ્યાં. આગંતુક દર્શનાર્થીઓની આવન-જાવન વધી ગઈ. આશ્રમની વિશ્રામ ભવન જેવી રમણીયતા જોઈ ત્યાં જ બેસી રહેવાનું મન થાય. દર્શનાર્થીઓનાં મન આનંદથી પ્રસન્ન બની જતાં અને સંત દર્શનથી તેમના ત્રિવિધ તાપ ઓછા થઈ જતા. લોકોનું આવવાનું એટલું બધું વધી ગયું કે મહાપુરુષના આ સ્થાનને દેવમંદિરનું સ્વરૂપ પ્રાપ્ત થયું. શ્રદ્ધા ભાવનાથી લોકોની મનોકામના પણ પરિપૂર્ણ થતી હતી. એક સમયે અતિ ભયાનક જણાતી આ ચંપકવનની ભૂમિ સંત પુરુષોના નિવાસથી પરમ પાવન બની ગઈ અને હવે યોગમાયાના અવતાર સ્વરૂપ કીકીબાઈના મંગલમય પ્રયત્નથી પરમ મંગલદાયી દેખાવા લાગી, સંત પુરુષોનાં દર્શન અને સહવાસ આનંદદાયક હોય છે. જગતમાં તે અદ્વિતિય હોય છે.

સતત અહર્નિશ ધ્યાન મગ્ન રહેતા યોગી ભાભારામ તો આંખો બંધ કરી આત્મ-સ્થિતિમાં જ પૂર્ણ ધ્યાનસ્થ રહેતા હતા. પરંતુ પૂર્ણ ઈચ્છા હૃદયમાં રાખી બેઠેલા દુઃખી

લોકોનાં તારણહાર તો કીકીબાઈ જ બનતાં હતાં. દરેકની વ્યથા તે જાણી લેતાં. તેમને સહાનુભૂતિ દર્શાવી, સમજ આપી ગુરુદેવ કૃપાથી પ્રાપ્ત થયેલા દિવ્યજ્ઞાનના વચનામૃત પીવડાવી તૃપ્ત કરતાં. તેટલામાં તેમનું સમાધાન ન થાય તો ગુરુદેવ ભાભારામનું ચરણ તીર્થ આપી તેમનાં દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરતાં હતાં. પૂર્ણ શ્રદ્ધાથી કરેલું કોઈ પણ કાર્ય સફળ થઈ સિદ્ધ થાય છે. આ પ્રમાણે સર્વ લોકો સંત ચરણામૃતથી પરમ પાવન બની તેમની પીડા દૂર થતાં શાંત ચિત્તે પાછા જતા. દિવસે દિવસે તે સંતધામમાં સાધુ, સંત, યોગી અને અતિથિઓનું આવવું વધી ગયું. કીકીબાઈ પોતે શક્ય બને તેટલી સેવા કરી તેમને સંતોષ આપતાં હતાં. સંત ભાભારામ દ્વારા તેમની પરમ વાણી પ્રસાદ રૂપ બનવા લાગી.

ભગવાન ભરોસે તે અતિથિધામ ચલાવવા લાગ્યાં. આજે રસોઈ બની શકી પણ આવતી કાલે શું થશે ? અરે, હા ફિકર કોણ રાખે. જેનું સદાવ્રત હશે તે ફિકર રાખશે. સદાવ્રત તો સંત ભાભારામ મહારાજનું છે અને એ મહાત્મા તો હરહંમેશ ધ્યાન મગ્ન જ રહે છે. હવે તેનું અતિથિધામ અથવા આશ્રમની વ્યવસ્થા કેવી થશે ? ભગવદ્ગીતામાં ભગવાને આશ્વાસન આપેલું છે ને, 'જે મારો અનન્ય ભક્ત હશે તેનો હું બનીને રહીશ.' ગીતાના તે નાયક ભગવાન મનમોહન જ સંત ધામ ચલાવવા કટીબદ્ધ હતા. કીકીબાઈ પણ તેની આ લીલા જોઈ દંગ બની જતાં હતાં. વસ્તુઓ ક્યાંથી આવે છે ? કોણ મોકલે છે ? તે તો ભગવાન જ જાણે. પરંતુ જે કંઈ જોઈતું હોય તે આવી જતું અને તેથી આતિથ્ય ધામની વ્યવસ્થા સારી રીતે ચાલવા લાગી.

લોકો ભાભારામ મહારાજની તપશ્ચર્યાની બલિહારી માનતા તો કેટલાક કીકીબાઈ તરફ દૃષ્ટિ કરી બોલતા કે; આ માતાજી ખરેખર શક્તિનો અવતાર છે. આ યોગમાયાના પુનિત પગલાંના પરિણામે જે જોઈએ તે મળી જાય છે. પરંતુ કીકીબાઈ પોતે આ વિષે કંઈ જ સમજી શકતાં ન હતાં. તે ફક્ત જાણતાં હતાં કે સંત ચરણનો જ આ પ્રતાપ છે. નવ નિધિ અને અષ્ટ સિધ્ધિ સંત ચરણોની દાસીઓ થઈને જ રહે છે. યોગી ભાભારામના આશ્રમમાં પ્રત્યક્ષ અન્નપૂર્ણા દેવી આવીને રહ્યાં હતાં એ સાચું જ લાગતું હતું.

સંત સેવા કરતાં કરતાં કીકીબાઈ સંત સ્વરૂપ જ બની ગયાં. પારસમણીના સ્પર્શથી લોખંડનું સુવર્ણ બને છે તે રીતે કીકીબાઈમાં પણ દિવ્ય પ્રભાવ પ્રગટ થવા લાગ્યો. આશાપૂર્ણ અંતઃકરણથી લોકો આશ્રમમાં આવતા. પરંતુ સંત ભાભારામ સદૈવ ધ્યાન મગ્ન અવસ્થામાં

રહેતા. તેમને દર વખત ધ્યાનમાંથી જગાડવા યોગ્ય ન હતું. કેટલાક લોકો તેમના દુઃખોના નિવારણ માટે આવતા, કેટલાક તેમની અભિલાષાની પૂર્ણતા માટે આવતા, જેમની મૂંઝવણ કીકીબાઈ જોઈ શકતાં ન હતાં. પણ જ્યારે ભાભારામ ધ્યાનમાંથી જાગૃત થાય પછી સ્વસ્થ હોય ત્યારે કીકીબાઈ પોતાના હૃદયની વ્યથા સમજાવીને કહેતાં.

એ સાંભળી ભાભારામ કહેતા :-

संतको बिरद बखानके, संत बनो कीकीबाई ।
लोगनके दुःख द्वन्द्वको, भेटन करो उपाई ।।

योगी बैठे ध्यानमे, करो जनताकी प्रतिपाल ।
दुःखीयन के दुःख दूर करो, बनो लोगनके रखवाल ॥

કીકીબાઈ ! તું પણ સંતની બહેન છો, દુઃખિયારાના દુઃખનું નિદાન કરી ઉપાય તારે જ દર્શાવવો. જ્યાં સુધી હું ધ્યાન મગ્ન રહું ત્યાં સુધી મારું આ કામ તારે જ કરવાનું છે.' સંતના આ આદેશથી કીકીબાઈમાં એક સબળ પ્રેરણા જાગૃત થઈ અને લોકોનાં સર્વ દુઃખોનું નિવારણ કરનારાં, તેમની તમામ આશા અરમાનો પૂર્ણ કરનારાં પ્રેરણામૂર્તિ તે બની ગયાં.

દિવસે અતિથિ અભ્યાગતોની, સંતોની સેવા અને રાત્રે ભગવત્ ધ્યાન. આ પ્રકારનો તેમનો નિત્ય કાર્યક્રમ બની ગયો. અજંપા જાપના ધ્યાન યોગ દ્વારા તે પણ યોગી રૂપ બની ઘણી જ ઊંચી કક્ષાએ પહોંચી ગયાં.

સંત ભાભારામે બાર વર્ષ સાધનામાં વ્યતીત કર્યા હતાં. તો પણ તેમની સાધના સફળ થઈ નહોતી, તેમ છતાં તેઓ ભક્તિથી ચલિત થયા નહોતા. પોતાના સાધના માર્ગમાં નિશ્ચલ જ રહ્યા. કીકીબાઈ પણ તેમના સાનિધ્યમાં ધ્યાન સાધના અને સેવા કાર્ય કરતાં હતાં. સંત ભાભારામનાં ધ્યાન સાધનામાં ચોવીસ વર્ષો પરિપૂર્ણ થયાં અને પરમાનંદ પ્રભુ પુરુષોત્તમનું આગમન થયું ત્યારે ભાભારામ અત્યંત પ્રેમ વિભોર બની અત્યાનંદથી હર્ષઘેલા થઈ નાચવા લાગ્યા, તે સમયે ભગવંત્ સાથે તેઓએ ઘણી વાતો કરી. ભાભારામે પોતાની તમામ શંકા કુશંકાઓનું નિવારણ કર્યું.

ધ્યાનાવસ્થામાં કીકીબાઈએ ભાભારામ સાથેના ભગવાનના મેળાપનો ગૂઢ સંવાદ શ્રવણ કર્યો. જતાં જતાં ભગવંતે કીકીબાઈને પણ સાક્ષાત્ દર્શન આપ્યાં અને કીકીબાઈનો

પ્રેમયોગ - હરિસાધના સાર્થક કરી. ભગવંતે અત્યંત પ્રેમથી તેને મુક્ત હૃદયે મનોવાંછિત વરદાન માગવા કહ્યું, ત્યારે કીકીબાઈએ ભગવંતને કહ્યું; 'પ્રભુ ! આપની પાસેથી મનોવાંછિત વરદાન પ્રાપ્ત કરવા જેટલી મેં કોઈ ભક્તિ સાધના કરી નથી. કેવળ આપના દર્શનની અભિલાષા હતી તે આજે પૂર્ણ થઈ. હે દયાનિધિ ! આ ભાવ નિત્ય રહે, આપની કરુણા દૃષ્ટિ આ સેવિકા પર સદૈવ રહે અને આપનું મનોહારી દર્શન સતત થતું રહે.' એ જ મારી આપને પ્રાર્થના છે. નિઃસ્વાર્થ કીકીબાઈએ ભગવંત્ પાસે કંઈ પણ માગ્યું નહિ. જેના હૃદયમાં કોઈ પણ અભિલાષા નથી તેને શું માગવાનું હોય ? અતિશય પરિશ્રમથી કરેલી કિંમતી ભક્તિ લોભ લાલસામાં વેડફી ન દેવાય. સંતોનું હૃદય એવું નિર્લોભી અને નિષ્કામી હોય છે. જેને પ્રેમાળ પ્રભુની પ્રાપ્તિ થઈ તેમના હૃદયનો આનંદ અકથ્ય - અવર્ણનીય છે. કીકીબાઈએ આનંદ સાગરમાં ડૂબકી મારી એક પદમાં ગાયેલું છે;

મૈ તો સમર્યા સુંદર શ્યામ, વ્હાલા વનમાળી રે,
નિશ દિન ધરતી ધ્યાન, ભક્તોના પ્રતિપાળ રે.
અજંપા જપ્યા દિન રેન, અલખને આરાધ્યા રે,
હરિ મુખ જોવા કાજ, પ્રેમ યોગ સાધ્યા રે.
અંતરની અભિલાષા આઘી આઘી જાયે રે,
મારા પ્રભુજીનો પંથ, કેમ કળાયે રે.
વીતી ગયા દિવસને માસ, વરસો વાયા રે,
જોતી હતી જેની વાટ, એ હરિ નવ દેખાયા રે.
આશાને ગઢ ઊંચો, લાગ્યો અવિનાશી રે,
તેમને ભજતાં લાગી રહી આજ, જનમની પ્યાસી રે.
હવે જીવન તમારે હાથ, રાખો તો રહીએ રે,
વાદીગરના ખેલ, ખેલાવો ત્યાં જઈએ રે.
બાનાની પત નહિ જાય, પ્રભુજી એવા પ્યારા રે,
યુગ વીત્યો નેં આણ્યાં ધામ, નામથી ન્યારા રે.
પ્રથમ દર્શન દીધાં ગુરુદેવ, ભાભારામે ભાળ્યા રે,
કર જોડી રહે કીકીબાઈ, અવિનાશી પ્રભુ આવ્યા રે.

ઘણા વર્ષોએ ભક્ત અને ભગવંતનું મંગલ મિલન થયું હતું. પ્રથમ ગુરુ ભાભારામને ભગવાને દર્શન આપ્યાં અને પછી કીકીબાઈ પર અનુગ્રહ થયો. ભગવાનનું પરમ પાવન દર્શન થતાંની સાથે જ તેમના સર્વ મનોરથ પરિપૂર્ણ સિદ્ધ થયા. જગતના પાલનહાર મનમોહનને પ્રાપ્ત કર્યા બાદ તેને માગવાનું શું બાકી રહે ? જેને જગતનો નાથ મળી ગયો તેને સાંસારિક તુચ્છ વૈભવની શું કામના હોય ?

ભગવદ્ દર્શન પછી કીકીબાઈના જીવનમાં ઘણો જ ઉત્સાહ-આનંદ અને મનોબળ-ધૈર્ય આવી ગયાં. પછી તેમણે દૃઢ મનોબળ કરી આશ્રમના આતિથ્યધામ અને સદાવ્રતની ખૂબ જ પ્રગતિ કરી. સદાવ્રત હતું તેથી ક્યારેક પંદર, ક્યારેક પચાસ તો ક્યારેક ક્યારેક સો-બસો માણસો પણ આવતાં હતાં. આટલા બધા લોકોની રહેવાની, જમવાની, સ્નાનાદિની સર્વ વ્યવસ્થા જોવાનું કાર્ય એકલાં કીકીબાઈને જ કરવું પડતું. પરંતુ કોઈ પણ પ્રકારનું આળસ ન કરતાં તેમણે પોતાનું જીવન આ કાર્ય માટે સમર્પિત કરી દીધું હતું.

એક સમયે સદાવ્રતમાં અનાજ ખૂટી ગયું. કીકીબાઈ ચિંતામગ્ન બની ગયાં. તાત્કાલિક બહારથી ગમે ત્યાંથી સગવડ કરવી પડે તે માટે બારણા પાસે જવા નીકળ્યાં. તે જ સમયે એક માણસ હાથ જોડી સામે આવ્યો અને બોલ્યો; આ અનાજની ગુણો લાવ્યો છું કંઈ જગ્યાએ ઉતારવી છે તે કહો. કીકીબાઈ ભાવવિભોર બની ગયાં અને કરજોડી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યાં - 'કે, હે શામળીયા ! તે આજ આશ્રમની લાજ રાખી.'

એક વખત ઘણા સંતો જમતા હતા તે જ વખતે સો દોઢસો સાધુઓનો સંઘ ભાભારામના દર્શન માટે પધાર્યો. માતાજીએ તે જ પંગતમાં બધાને બેસાડી જમાડી તૃપ્ત કર્યા. બધા આશ્ચર્યચકિત થઈ ગયા. આ માતાએ આટલી રસોઈ આટલા મિષ્ટાન્ન સાથે ક્યારે બનાવી હશે ! આટલા લોકોને જમાડી તૃપ્ત કર્યા પરંતુ રસોઈનાં વાસણો તો કોઈ દેખાતાં નથી ! કીકીબાઈના હાથનું તે અમૃત સમાન ભોજન લઈ સર્વ સંતજન પોતાને ભાગ્યવાન માનવા લાગ્યા.

કીકીબાઈને ભગવાને મુક્ત હસ્તે અપ્રતિમ સૌંદર્ય આપ્યું હતું. સંતના ધામમાં અનેક પ્રકારના માણસો આવતા. એક દિવસે એક ફરતો ફરતો સાધુ આવ્યો. સાધુ હોવા છતાં તેના હૃદયમાં વિષયોનું વિષ મટી ગયું ન હતું. તે પંગતમાં જમવા બેઠો પરંતુ જમી શકતો ન હતો. કારણ કે તેનું ધ્યાન તો કીકીબાઈ પર જ હતું. તદ્દન નિષેધ (હલકી) દૃષ્ટિથી તે કીકીબાઈને

નિહાળતો હતો. સાધુની તે વિષયાસક્ત નજર જોઈ કીકીબાઈ ધીમેથી તેની પાસે આવ્યાં અને થોડા આવેશથી બોલ્યાં;

બેટા, તને દૂધ પીવડાવી, ધવરાવી મોટા કર્યા તે દિવસો તને યાદ નથી આવતા ! તું આ દૂધને ભૂલી ગયો તો વાંધો નથી પણ જેણે તને જન્મ આપ્યો તે માતાને પણ ભૂલી ગયો ?' કીકીબાઈના આ શબ્દ પ્રહારથી ભાન ભૂલેલો સાધુ શુદ્ધિમાં આવ્યો. આકસ્મિક રીતે અચંબામાં પડી કીકીબાઈ તરફ જોવા લાગ્યો,તો સાક્ષાત્ તેની માતા સામે ઊભો રહેલો દેખાયો. સાધુ ત્વરાથી ઊભો થઈ માતાના ચરણમાં દીનતાથી નમન કરી બોલ્યો;

'માતાજી ! મને ક્ષમા કરો, મારો અપરાધ માફ કરો. હું તમારો અધમ પાપી પુત્ર છું. પુત્ર કુપુત્ર બન્યો પણ માતે ! તમે આ ગરીબ, હીન, દીન, પાપી, ચાંડાળ પર કૃપા કરો. માતે ! હું ખરેખર માર્ગ ભૂલ્યો હતો. તમે મને ઠેકાણે લાવ્યાં, તમે સાક્ષાત્ ભગવતી છો.' એવું બોલી તે કીકીબાઈના ચરણમાં નમી પડયો. અપાર વાત્સલ્યથી તેને ઉઠાડી અને કહ્યું; 'બેટા, તું ભૂખ્યો છે. શાંતિથી ભોજન કર.' એવું કહી કીકીબાઈએ તેને બેસાડયો અને સ્વ હસ્તે ભોજન પીરસી તૃપ્ત કર્યો.

સંત ભાભારામની કૃપા દૃષ્ટિથી વાંઝિયાપણું મટી પુત્રરત્ન પ્રાપ્ત થયેલો એવાં એક કણબી શેઠ અને શેઠાણી માનતા-બાધા પૂરી કરવા માટે એક કુશળ કારીગર પાસેથી ચાંદીનો ઝૂલો તૈયાર કરાવી સંત ધામમાં લઈ આવ્યાં. સંત ભાભારામ ધ્યાન મગ્ન હતા. તેઓએ આશ્રમમાં આવી ગુરુગાદી પર ફૂલહાર ચઢાવી, શ્રીફળ ધરાવી અને ચાંદીનો ઝૂલો ગાદી સામે મૂકી પોતાના નાનકડા દીકરાને ગાદી સામે સૂવડાવી અને હાથ જોડી વિનયથી બોલ્યાં; 'મહારાજ ! અમે તો વાંઝિયાં હતાં, પણ આપે અમારા પર કરુણા કરી પુત્ર રત્ન આપ્યું અને દુનિયાના મેણાં-ટોણાંથી અમોને મુક્ત કર્યાં. આ પુત્ર આપે આપેલ છે. માનતા માની હતી તે અનુસાર આ ચાંદીનો ઝૂલો અહીં ચઢાવી અને આપના કૃપા પ્રસાદ તરીકે પુત્રને લઈ જઈએ છીએ.' એવું બોલી માતાએ તે બાળકને ઊંચકી ખોળામાં લીધો.

એટલામાં કીકીબાઈ ત્યાં આવ્યાં. તેમણે ચાંદીનો ઝૂલો ત્યાં મૂકેલો જોઈ બોલ્યાં; 'બહેન, સાધુના સ્થાનમાં આવા ચાંદીના ઝૂલાની કોઈ જરૂર નથી. ઉલટાની એવી વસ્તુઓથી ઉપાધિ વધે. તમારી માનતા ફળી ગઈ હવે આ ઝૂલો ઘેર લઈ જાઓ. બાળક જ્યારે રમવા જેવડો થાય ત્યારે તેને રમવા માટે આપજો.' એવું કહી ઝૂલો પાછો લઈ જવા આગ્રહ કર્યો. પરંતુ કણબી

શેઠે ના કહી અને કહ્યું કે, અમે આજે બાધાના બંધનમાંથી મુક્ત થયા છીએ તેમ છતાં પણ આ ઝૂલાને પાછો ઘેર લઈ જઈશું નહીં. એવું બોલી તે દંપતી કીકીબાઈને વંદન કરી ત્યાંથી ઘેર જવા નીકળી ગયાં.

સંત ધામમાં અનેક પ્રકારના સાધુ-સંતો આવતા હતા. આ વખતે ચાંદીનો ઝૂલો ભેટ તરીકે આવેલ છે એ જોઈ એક સાધુના મનમાં તે ઝૂલો લઈ જવાની દુર્બુદ્ધિ આવી. લાગ મળવાથી રાત્રીના સમયે ચૂપચાપ ઊઠી ઝૂલો ઊંચકી તે પલાયન થઈ ગયો. બીજા દિવસે સવારે કીકીબાઈને ઝૂલાની ચોરી થયાનું ધ્યાનમાં આવ્યું. તે પોતે નિરપેક્ષ હોવાથી ખાસ દેખભાળ રાખી ન હતી. આ બાજુ ચોર સાધુ એકાદ કોસ ગયા બાદ એક માણસે તેને પકડી તેની ઝોળીમાંથી ચાંદીનો ઝૂલો કાઢી લીધો અને તેને અતિશય માર મારી અધમૂવા જેવો કરી નાખ્યો. સાધુ પોતાના હૃદયમાં પશ્ચાતાપ કરવા લાગ્યો. મનોમન તેણે સંત ભાભારામ અને સાધ્વી કીકીબાઈની ક્ષમા માગી.

એક વખતે રાત્રીનો પહેલો પ્રહર પૂરો થયા બાદ આશ્રમમાં એક યોગી પુરુષ સંત ભાભારામના દર્શન માટે આવ્યા. તે યોગીની ભવ્ય, દિવ્ય, તેજસ્વી મૂર્તિ જોઈ અને આગંતુક રાત્રીના સમયે આવેલા હોઈ કીકીબાઈને આશ્ચર્ય થયું. કીકીબાઈએ વિનયથી યોગીને કહ્યું; ‘મહારાજ ! આપ બહુ દૂરથી આવેલા જણાવ છો. થોડોક સમય વિશ્રાંતી લો ત્યાં સુધીમાં હું આપના માટે ભોજનની વ્યવસ્થા કરું છું. ગુરુજી તો હમણાં ધ્યાન મગ્ન બેઠેલા છે અને કોણ જાણે ક્યારે તેમની ધ્યાનાવસ્થા છૂટે !’ આગંતુક યોગી યોગી બોલ્યા; ‘માતાજી ! યોગી પુરુષની ગતિ જ અકળ હોય છે. તે તો પોતાના જ પ્રભુના ધ્યાન ચિંતનમાં આનંદ અનુભવી રહ્યા હોય છે. મને તો ફક્ત તેમના દર્શનની જ ભૂખ છે. તેથી એકવાર તે જ ધ્યાનાવસ્થામાં મને તેમનું દર્શન કરાવી આપો. માતાજી, હું નિત્ય તૃપ્ત જ છું મને ભૂખ નથી. સંત ભાભારામના દર્શનની જ ફક્ત તૃષા છે, તેમની પાસે મને લઈ ચાલો.’

સાધ્વી કીકીબાઈ તે યોગીશ્વરને લઈ ગુરુના આસન પાસે ગયાં, ત્યાં જઈ તે ધ્યાનમૂર્તિ નિહાળી યોગીએ દંડવત્ પ્રણામ કર્યા અને અત્યંત ભાવપૂર્ણ નયનોથી તે મૂર્તિ જોઈ પરમ આનંદમાં પ્રસન્નતા પામી નજીકમાં જ ઊભાં રહેલાં કીકીબાઈના ચરણને નમન કરી બોલ્યા; ‘માતાજી ! આજે આપનાં દર્શનથી ખરેખર ગંગામૈયાનાં દર્શનનો લાભ મળ્યો. સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ ભાભારામ મહારાજ અને આપના પાવન દર્શનથી આજે હું તૃપ્ત થયો. માતે ! હું જ્યારે જ્યારે અહિ આવું ત્યારે ત્યારે આ બાળક પર આપણી કૃપા દૃષ્ટિ રાખજો.’ એવું બોલી

કીકીબાઈની ચરણ ધૂળ મસ્તકે ધારણ કરી જેવો આવ્યો હતો તેવો જ જતો રહ્યો.

योगी प्यासा दरशनका, आया गुरुके धाम ।
गुरुदेव अरू साध्वीको, झुक झुक कीये प्रणाम ॥

એક વખત યોગી અડબંગનાથ, જાન્હવીદાસ, સતાનંદજી અને રસિકનાથ આ ચારે સિદ્ધ પુરુષો માનવ કલ્યાણ માટે પોતાના પવિત્ર સ્થાનકેથી પ્રયાણ કરી જગતમાં તીર્થાટન પર્યટન કરતા કરતા ચંપકવનમાં આવ્યા. યોગી ભાભારામના આશ્રમમાં પ્રવેશ કરતાંની સાથે જ કીકીબાઈ સામે ગયાં અને અત્યંત વિનમ્ર ભાવથી પ્રણામ કર્યા. સિદ્ધ પુરુષ અડબંગનાથે કીકીબાઈ તરફ ગહન દૃષ્ટિથી જોયું ત્યારે તેમને ભૂતકાળનું સ્મરણ થયું. અલિંદ્રા જઈ આપણે જેમને વરદાન આપી જેમનું વાંઝિયાપણું મટાડયું હતું તેની જ આ કન્યા છે. આ અહીં કેવી રીતે આવી હશે ? યોગી, અનિમેષ દૃષ્ટિથી નિરખવા લાગ્યા તે સાથે જ કીકીબાઈને પણ જ્ઞાન થયું કે એ જ ગુરુદેવે આપણને બાળપણમાં સંસારની અસારતા સમજાવી હતી. તે ગુરુવર્યને જાણી કીકીબાઈ અડબંગનાથના ચરણે દંડવત્ નમન કરતાં પડી ગયાં. હર્ષા અશ્રુ વડે યોગીના ચરણ ધોઈ પ્રક્ષાલન કરવા લાગ્યાં. ત્યાગ મૂર્તિ યોગી પુરુષના નેત્રોથી પણ જલબિંદુ ટપકવા લાગ્યાં. તે મહા પુરુષે તેમના શિર પર વરદહસ્ત મૂકી પોતાના હાથથી તેને ઊભી કરી અને કહ્યું; બાલિકે ! ઊઠ, આ જગતમાં સેવામાં જ આપણા જન્મનું કલ્યાણ છે. તું ચિંતા ન કર. યોગીશ્વર સંત ભાભારામના સાનિધ્યમાં તારું જીવન પરમ ઉજ્જવળ બની ઝળકશે. શિર પર જે કર્તવ્ય કર્મની જવાબદારી ઉઠાવી છે, સેવિકા તે પ્રમાણે પાર કર. તારો ભાવી સમય ઉજ્જવળ છે. એમ કહી તેને આશીર્વાદ આપ્યો. ગુરુનો અને શિષ્યાનો આ અદ્ભૂત અનુરાગ અનુપમેય જ હતો. તે જોઈ બધા આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયા.

કીકીબાઈ સ્વસ્થ બન્યાં. અન્ય ત્રણે યોગીઓના ચરણાવંદી તેણીએ લીનતાથી પ્રણામ કરી, સર્વને ગુરુદેવ ભાભારામ ધ્યાન મગ્ન હતા તે આસન પાસે લઈ ગયાં. યોગીઓને યોગી મળ્યા અને આનંદનું પૂર ઉમટ્યું, ભાભારામ ધ્યાનમાંથી જાગૃત થયા. યોગી અડબંગનાથ અને સર્વ યોગીઓનો યોગીશ્વર ભાભારામ સાથે સત્સંગ થયો. તેઓએ સાથે બેસી અગમ્ય જ્ઞાન વાતોની ચર્ચા કરી. કીકીબાઈએ પણ એકાગ્ર અંતઃકરણથી તે ચર્ચા સાંભળી અને તેણીના અંતઃકરણમાં પ્રેમ સાગર ઉછળી આવ્યો. જ્યારે તેઓ પાછા જવા માટે તૈયાર થયા ત્યારે મહાપુરુષનું હૃદય તેમનો વિયોગ સહી શકતું ન હતું. તેમ છતાં હૃદય કઠણ કરી તેઓ ઊઠયા, ત્યારે કીકીબાઈ દૂર

ઊભાં રહી ડૂસકે ડૂસકે રડતાં હતાં. તે જોઈ સિદ્ધ પુરુષનું હૃદય દ્રવી ગયું. તેઓ તેણી પાસે ગયા. તેણીના શિર પર વરદહસ્ત મૂકી બોલ્યા, 'બાલિકે ! યોગી પુરુષની માફક માનવ કલ્યાણના વ્યવસાયમાં પ્રવૃત્ત રહો. તારું નામ સદા સર્વદા અમર બની રહેશે.' એવું બોલી આશીર્વાદ આપી યોગી પુરુષો વિદાય થયા. કીકીબાઈએ નીચે નમી તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

આ અલૌકિક પ્રસંગ જોઈ સંત ભાભારામ મહારાજ પણ આશ્ચર્યચકિત બની ગયા. શું કીકીબાઈ પણ યોગી અડબંગનાથને જાણે છે ? એવો પ્રશ્ન તેમના ચિત્તમાં ઉદ્ભવ્યો. પણ યોગીઓના વિરહની વ્યથામાં એ પ્રશ્ન ભૂલાઈ ગયો. મહાપુરુષોના મિલનથી થનારો આનંદ અને તે પછી થનાર વિયોગના દુઃખનું વર્ણન થઈ શકે જ નહીં, પણ તેમના સંગથી પ્રાપ્ત થનારો આનંદ કંઈ અલગ જ હોય છે.

योगी जनके मिलनकी, योगी को अभिलाष ।
भाभारामको देखते, पहुँची मनकी आश ।।

સંત ભાભારામે એક વખત પ્રશ્ન કર્યો; 'બહેન કીકીબાઈ, તું યોગી અડબંગનાથને ક્યારથી જાણે છે ? તારા વિષે આટલા આત્મિયતાથી યોગીએ પ્રેમભાવ વ્યક્ત કર્યો તે જોઈ મને ખરેખર આશ્ચર્ય થયું.' ભાભારામના આ પ્રશ્નનો જવાબ નહીં આપતાં કીકીબાઈએ તેમને જ ઉલટાનું કહ્યું; 'મહારાજ ! મને પણ એ જ આશ્ચર્ય થાય છે કે યોગીરાજ અડબંગનાથ સાથે આપનો પણ સંબંધ શું છે કે આપણને મળવા માટે દૂરથી દોડતા આવ્યા ?

પદ

અડબંગનાથજી ગુરુજી તમને ઓળખે, સિદ્ધ પુરુષ મળવાને કેમ ધાય જો,
અસલ નાતો શું છે તમારો એમનો, કહોને ગુરુજી પૂછું લાગી પાય જો.

પૂર્વ જન્મમાં ઉત્તર ખંડમાં બેસીયા, તપેશ્વરી થઈ ધરે પ્રભુનું ધ્યાન જો,
અડબંગનાથજીના સંગમાં જઈને બેસતા, યોગીજનો થઈ જાતા ગુલતાન જો.

સિદ્ધ પુરુષે મુજને ઘણી વાતો કહી, યોગી પુરુષ પ્રગટે પરહિતકાર જો,
અવનિમાં જઈ અધમને ઓધારતા, ભક્તજનોની નિશ દિન કરતા વહાર જો.

ગિરિ ગુફામાં બેસીને તમે શું કરો, ભાવ કરીને ભજવાને કિરતાર જો,
અવિનાશીના બાળ જગતમાં આથડે, નાગા ભૂખ્યા લોક રડે હજાર જો.

દુ:ખિયાના બેલી થઈને રહો, આંસુ એના લૂછી નાખો આ વાર જો,
પરમાર્થમાં પાછા ડગ ભરશો નહીં, અફળ જાશે યોગીના અવતાર જો.

ગુરુ અડબંગનાથના શબ્દો હૃદયમાં લાગીયા, ઉતરી ગયા છે માનો આરપાર જો,
ઈંદ્રકિલથી આ અવનિમાં આવીયા, માંડી બેઠા છે પરમાર્થનો વેવાર જો.

રિદ્ધિ સિદ્ધિ યોગીના ચરણની દાસી છે, ભાવ કરી એને વાપરો પર હિત કાજ જો,
યોગીની લીલા જોવાને આવીયા, ગુરુદેવ અડબંગનાથ મહારાજ જો.

પરમાર્થની પૂજા ભાભારામની જોતાં, હરખીયા યોગી પુરુષના દ્વન્દ્વ જો,
દુ:ખિયારાના દુ:ખ સદા હરતા રહો, જોતાં અમને હૈયે થયો આનંદ જો.

કીકીબાઈ આ કથની છે ગઈ કાલની, યોગી પુરુષનો ત્રીજો છે અવતાર જો,
ભક્તોને કાજે અવનિમાં વસી રહું, મુખથી કદી માગું નહીં ઉદ્ધાર જો.

ગુરુદેવ હેતે હૈયા ખોલીયાં, નિરખી ગુરુની આંખે આંસુ ધાર જો,
કીકીબાઈએ ગુરુના ચરણ ગ્રહી લીધા, માફ કરી દો મુજને દેવ મોરાર જો.

'બહેન કીકીબાઈ ! આ સિદ્ધ પુરુષ સાથે મારો બહુ જૂનો સંબંધ છે. પૂર્વ જન્મમાં ઉત્તરાખંડમાં ઈંદ્રકિલ પર્વત પર તપશ્ચર્યા કરતો હતો ત્યારે આ મહાપુરુષ સાથે મેળાપ થયો હતો. તે સમયે આ મહા યોગીએ મને આદેશ આપ્યો હતો કે; 'હે તપેશ્વરી ! ગિરિ ગુફામાં બેસી શું કરશો ? ફક્ત એકલાએ જ હરિ સાધના કરવાનો શું અર્થ ? યોગીનું પ્રાગટય જન હિત માટે થતું હોય છે. પાપી જીવાત્માઓનો ઉદ્ધાર, ભક્તજીવોની અહર્નિશ સંભાળ કરવા માટે અને જગતમાં ભગવંતના લાડકા બાળકો ભૂખી દુ:ખી અવસ્થામાં ફરતા હોય છે, તેમનાં તપ્ત અશ્રુ લૂછવા પાવન પર્યટન કરી ભગવંતનું કાર્ય કરવું જોઈએ. કેવળ ગિરિકંદરામાં એકલાએ બેસી જગત કાર્ય થઈ શકે નહીં. પરોપકારી બની દુ:ખિયાનું દુ:ખ કરવું જોઈએ. પરમાર્થના આ વ્યવહારમાં ઊણપ ન આવવી જોઈએ અને જો કદાચ તેવું બને તો યોગીનો અવતાર પૂરો ન જ થયેલો ગણાય. તેથી જો હવે માર્ગ ભૂલી ગયા તો મુક્તગામી નહીં બનતાં અધોગામી બનશો.'

ગુરુવર્ય અડબંગનાથનો આ અમૂલ્ય ઉપદેશ આ ત્રીજા જન્મમાં યથાર્થ કરવા માટે આ પાવન કાર્ય શરૂ કર્યું છે. આપણને કરેલા ઉપદેશનું યથાર્થ પાલન થાય છે કે નહીં તેનું નિરિક્ષણ

કરવા માટે એ સિદ્ધ પુરુષ પોતાના ત્રણ સહયોગીઓને સાથે લઈ અહીં આવ્યા હતા. પરમાર્થનું આ પાવન કાર્ય જોઈ યોગી પરમ આનંદ પામ્યા.' ગુરુદેવ ભાભારામના મુખેથી આ અલૌકિક સંદેશ સાંભળી કીકીબાઈની આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. તેણીએ પોતે સામે પ્રશ્ન પૂછી ગુરુદેવના હૃદયને વ્યથા કરવા બદલ તેમની ક્ષમા માગી.

ચંપકવનના આશ્રમમાં દેવાના રાજદરબાર ભોજરાજ ઠાકોર હંમેશાં ગુરુદેવ સંત ભાભારામના દર્શન માટે આવતા હતા. કેટલાક વર્ષોથી તેમનો આ નિયમ અખંડ રીતે ચાલુ હતો. હવે તેમની ઉંમર પણ ઘણી થઈ હતી. વૃદ્ધાવસ્થાથી પગે ચાલી શકાતું ન હતું. મનમાં જીવન પર્યંત ગુરુના દર્શનની ઘણી અભિલાષા તે પૂર્ણ થઈ શકશે કે નહીં એવા સંશયમાં હતા. એક દિવસ તેઓ ગુરુના ચરણવિંદમાં ભાવથી નમી રહ્યા. આંખોથી અશ્રુનો પ્રવાહ ચાલુ હતો પણ મુખેથી એક શબ્દ નીકળતો ન હતો. કારણ ત્રિભુવન તારણ ગુરુ મહાત્મા સર્વના અંતરની વાત જાણતા હોય છે પછી બોલીને શું કરવું. ગુરુએ પોતાના હાથે તેમને ઊઠાડી કહ્યું; 'ભોજરાજજી, તમે અશ્રુ ઢાળી રહ્યા છો ! કેમ ? મુખેથી વાણી ઉચ્ચારો ! દરબાર ! બોલો, આપના પર એવું શું સંકટ આવી પડયું છે ? ભગવંતની કૃપાથી તેનું નિવારણ થશે. આપની જે કંઈ મનોવાંછિત ઈચ્છા હશે તે પૂર્ણ બનશે. વિના સંકોચે વિદિત કરો.'

ગુરુની આ આશ્વાસન રૂપી વાણી સાંભળી દરબાર હળવા થયા અને બોલ્યા;

ગુરુજી મુખથી બોલત, જીભ ઝાલી રહું,
કેમ કરીને બોલું કિરપા નાથ જો.
હૈયું મારું રાત દિવસ રડી રહે,
ગુરુને તેડી લાવું સંગાથ જો.
દયા કરીને દેવામાં આવી રહો,
ભાંગે મારા મનડા કેરી ભ્રાંત જો.
ભક્તજનો સહુ આવીને ભેળા થાશે,
ટાળજો એના તનડાના સંતાપ જો.

'મહારાજ ! શું બોલું ? બોલતાં બોલતાં મારી જીભ અચકાય છે, મારું હૃદય તદ્દન વ્યાકુળ થઈ જાય છે. દિવસ રાત એક જ વાત મનમાં ધોળાય છે કે કોઈ પણ પ્રકારે ગુરુજીને

દેવામાં લઈ જવા. ગુરુદેવ ! હું દીન હીન આપનો દાસાનુંદાસ છું. મારા મનની અભિલાષા પૂર્ણ કરો ! આપ દેવામાં આવી નિવાસ કરો. જે રીતે અહીં ભક્તજન ભેગા થઈને આવે છે તે પ્રમાણે ત્યાં પણ આવશે. આપ તેમના હૃદયનો સંતાપ ઓછો કરો. સેવકોના સંતાપને દૂર કરો. દેવામાં રહી લોકોનું કલ્યાણ કરો. એ જ મારી પ્રાર્થના છે. આ મારી યાચના પૂર્ણ કરો !'

ભોજરાયની વિનંતી પ્રભુયે સાંભળી,
ભક્ત હેત એને ખાલી કીધો મુકામે જો.
દયાનિધિ દેવામાં આવી વસ્યા,
દેવા તે દિન બની ગયું સંત ધામ જો.
ચરોતરના લોકોને અચરજ થયું,
ભોજજી પર રિઝીયા ભાભારામ જો.
ચંપકવનથી ગુરુજી પ્રેમથી પરવરીયા,
જઈને કીધો દેવામાં મુકામ જો.

સંત ભાભારામે વચન આપ્યું હતું અને ભવિષ્યકાળ પર નજર રાખી મહાપુરુષ જે કંઈ ઘટનાઓ નિર્માણ કરાવે છે તે અત્યંત ગૂઢ હોય છે. સર્વ સામાન્ય માણસ તે સમજી શક્તો નથી. યોગી ભાભારામે ભોજજી ઠાકોરની વિનંતી પરથી દેવામાં મોટો આશ્રમ બાંધી સ્થાયી નિવાસ કર્યો. ખરેખર મહાપુરુષ આશ્રમ, મઠ, મંદિરો વગેરે બાંધવાના અને આશ્રમ ચલાવવાની ઉપાધિમાં પડતા નથી પરંતુ ઈશ્વર જ તેમના દ્વારા તેવું કાર્ય કરાવી લે છે, કારણ ઈશ્વરનો તેમાં કોઈક ઉદ્દેશ રહેલ હોય છે.

એક વખત ચંપકવનથી દેવા તરફ આવતા હતા ત્યારે સંત ભાભારામ અને સંત નાયાજીનું મંગલ મિલન થયું. સંત નાયાજી મહારાજ યોગી પુરુષ હતા. તેમના પણ ત્રણ જન્મ થયા હતા. ત્રીજા જન્મમાં કોળી કુળમાં તેમનો જન્મ થયો હતો અને લૂંટારુનો ધંધો કરતા હતા પણ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના મેળાપથી તેઓ સંત બની ગયા. સંત ભાભારામ અત્યંત પ્રેમ આદર ભાવે તેમને પોતાના આશ્રમમાં લઈ ગયા. સંત નાયાજી મહારાજના દર્શનથી કીકીબાઈને પણ પરમ આનંદ થયો. કીકીબાઈનું પ્રાગટય યોગીવર અડબંગનાથના શુભ આશીર્વાદથી થયું હતું. ભાભારામ પણ તે જ સિદ્ધ પુરુષના શુભ આશીર્વાદથી પ્રગટ થયા હતા. જ્યારે સંત નાયાજીને સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો મેળાપ અને યોગીશ્વર

સોહંનાથનો શુભ આશીર્વાદ મળ્યો હતો. આ પ્રકારે આ સર્વ યોગીશ્વરોનો પૂર્વ ઋણાનુબંધ હતો તેથી મૃત્યુલોકમાં તેઓનું આ રીતે મિલન થયું હતું. કીકીબાઈ એ પૂર્વ સંબંધ જાણતાં હતાં તેથી સંત નાયાજીના આગમન સાથે તેમને મંગલ ગીત ગાઈ તેમનું સ્વાગત કર્યું.

પદ

આવ્યા આવ્યા નાયાજી મહારાજ, દુર્લભ દર્શન કીજીયે રે,
આ તો યોગી જનનો દેશ, ઓળખીને લ્હાવા લીજીયે રે.

યોગી થઈને અવનિ માંય, આવ્યા છો અવતાર ધરી રે,
ભૂલ્યા ભટકયા જીવ, એના પર મહેર કરી રે.

ગુરુજી જુગ જુગની સગાઈ, અડબંગનાથ ઓળખે રે,
એમાં સોહંનાથ સોહાય, અવતાર સઘળા એ લખે રે.

નાયાજી બેઠા છે આસનવાળી, યોગી આવે મળવા રે,
હૈયામાં હરખાય, ધન્ય ધન્ય યોગી અવતાર રે.

નાયાજી આવ્યા અમ ઘર આજ, દિવાળી દન ઊગીયો રે,
પરભવ કેરી સગાઈ, આનંદ ઉરથી ઉછળ્યો રે.

ગુરુજી ભાભારામ મહારાજ, અડબંગનાથને વિનવે રે,
કીકીબાઈ બેઉ કરજોડ, નાયાજી ચરણે નમે રે.

કીકીબાઈએ નાયાજીને જન્મોજન્મના જૂના પ્રેમ સંબંધોનાં વર્ણન કરી કહ્યાં અને તેમનો યોગ્ય આદર સત્કાર અને સન્માન કર્યું. પછી તેણીએ આપણને જે ગુરુ મળ્યા તે કેવા છે તે વિશે જીજ્ઞાસુ બુદ્ધિથી પ્રશ્ન કર્યો. :-

કીકીબાઈ :-

કહોને ગુરુજી એક વાર, સદ્‌ગુરુ કેવા મળિયા રે,
અકરમ કીધા દૂર, ભક્તિમાં કેમ ભળીયા રે.

નાયાજી :-

મારા ગુરુજી દીનદયાળ, જગજીવન સાચા રે,
ક્ષણમાં છોડાવ્યા ફંદ, આપી મુજને વાચા રે.

વસતા પીરાણા માંહી, સદ્‌ગુરુ ઈમામશાહ રે,
એમના ચરણકમળની માંય, પરચા અથાહ રે.

કીકીબાઈ :-

પરચા બતાવે મોરાર, દુનિયા વખાણે રે,
મને ગુરુના દર્શન કેરી આશ, ક્યારે ગુરુ આવે રે.

નાયાજી :-

મોંઘો અવસરીયો આવે, ગુરુનાં દર્શન થાય રે,
વિનય કરીને મહારાજ, આરત વાણી ગાય રે.

કીકીબાઈ :-

નાયાજી તમારા ગુરુદેવ, નીરખવા છે નૈને રે,
કીકીબાઈ કહે અમ ઘેર, તેડી લાવો એમને રે.

સંત નાયાજીએ પોતાના ગુરુદેવના યશ ગાયા તે સાંભળી કીકીબાઈએ તેમનાં દર્શનની અભિલાષા વ્યક્ત કરી અને પ્રેમાગ્રહથી કહ્યું કે; 'એક વખત આપના ગુરુદેવનું દર્શન કરી તેમનો આદર સત્કાર કરવાની મનમાં બહુ ઈચ્છા છે.

ત્યારે નાયાજી બોલ્યા; -

આવશે આવશે મારા ગુરુદેવ, આંગણીયે તમારા રે,
તે દિ ઉજળા હોશે તન મન, ચેતાવન હારા રે.

ગુરુજી બુડતાની ઝાલે બાંય, તાર્યા કઈ જીવન રે,
એના ગુણલા વખાણ્યા કેમ જાય, પેખી લેજો ભવને રે.

જાંબુદ્વિપની માંય, થંભ એમને રોપ્યો રે,
પ્રગટ પીરાણા મોરાર, સ્વામીજી આવ્યા રે.

મારા ગુરુજી અગમના ભેદ, ભાખે જો ને ખડા રે,
સુગરા દર્શન પામે, ભાગે નર કૂડા રે.

કીકીબાઈ :-

ગુરુજીના વખાણ, કરો છો તમે પૂરા રે,
અમને મળવાની હોશ, પરખીયે શૂરા પૂરા રે.

નાયાજી અમારા બોલ, ઉરમાં લખી લેજો રે,
એક દિન ગુરુના દિદાર, અમને દેજો રે.

સંત નાયાજીનો અને સંત ભાભારામનો ઘણા સમય સુધી વાર્તાલાપ થયો. સત્સંગની જ્ઞાનચર્ચામાં ત્રણે જણાં ન્હાઈ રહ્યાં છે. તેમની જ્ઞાન ચર્ચાની વિમલ કથાઓની નાયાજીના પરમ શિષ્ય ગંગાસિંહ ગોહિલે યથાર્થ નોંધ કરી રાખેલ છે.

અત્યંત પ્રેમથી ઉલ્હાસમય બનેલાં બંને બહેન-ભાઈ મનોમન સદ્‌ગુરુનાં દર્શન અને મિલન માટે અત્યંત આતુર બની ગયાં. તેમને પોતાની આંતરિક અભિલાષા સંત નાયાજી પાસે ફરી વિદિત કરી.

સંત નાયાજી મહારાજ બોલ્યા; 'ભાભારામ ! કીકીબાઈ ! આપની અભિલાષા ટૂંક સમયમાં જ પૂર્ણ બનશે. એક દિવસ આપણા આ સ્થાનમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનું આગમન જરૂર થશે. તે દિવસે આપણા હૃદયમાં અદ્‌ભુત પરમાનંદ પ્રગટ થશે.' એવું બોલી સંત નાયાજી આશ્રમથી પ્રયાણ કરવાની તૈયારી કરતા હતા તે જ સમયે પરમસેવક હાજરવીર સાથે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો રથ ત્યાં દાખલ થયો.

અણધારી રીતે સર્વ યોગીઓનો મેળાપ થવાથી બધાને ખૂબ જ આનંદ થયો. સૌએ સદ્‌ગુરુ ચરણે સાષ્ટાંગ નમન કર્યાં. સર્વેને અત્યંત પ્રેમથી ઉઠાડી સદ્‌ગુરુએ પોતાના હૃદય સાથે લગાડયા અને પોતાના અમૃત વચનથી સર્વેને શાંત કર્યા. સાત દિવસ પર્યંત સદ્‌ગુરુ મુખેથી અમૃતધારા વહી. શ્રીમદ્ ભાગવત, મહાભારત, રામાયણ,યોગવાસિષ્ઠય, ગુરુગીતા, ભગવદ્‌ગીતા, વૈરાગ્યશતક, ગર્ભોપનિષદ વગેરે અનેક વિષય પર પ્રવચનો થયાં. ભાભારામને સંબોધી સદ્‌ગુરુને અનેક પદો ગાયાં. આ તો ઠીક પણ સંત ઈમામશાહનો તત્ત્વોપદેશ જે ઘણો જ વિસ્તૃત છે. તે દેવ દુર્લભ સત્સંગ સાંભળીને કીકીબાઈએ પોતાનું જીવન ધન્ય માની લીધું. સંત સેવા સાથે સાંભળવા મળેલો તત્ત્વોપદેશ ગ્રહણ કરી તેમનું મન તૃપ્ત બની ગયું. સદ્‌ગુરુના ચરણ પાસે બેસી તેણીએ તેમની સાથે જે જ્ઞાનચર્ચા કરી તે વિશેષ છે. મહાપુરુષનું

મંગલ આગમન થયું તે સમયે તેણીએ એક મંગલ ગીત ગાયું.

સદ્‌ગુરુ ઈમામશાહ પધારીયા, આનંદ અંગ ન સમાય,
ધન્ય ધન્ય દિન આજનો, મળી સાહેલી મંગલ ગાય.

પ્રગટે સાંચા પાવન દેશમાં, આવી વસ્યા ગુજરાત,
પીરાણા ગાદી કરી, આપે બીરાજયા સાક્ષાત.

નાયાજીને વિનંતી કરી, ગુરુને તેડી લાવો આ ઠામ,
ખેપ કરીને ગુરુજી આવ્યા, ચંપકવન મુકામ.

ભાભારામને ગુરુ ભેટીયા, સત્સંગ કીધો સપ્ત રાત,
જ્ઞાન અમીરસ પીવડાવીયાં, ગર્ભ ગીતાની કહી વાત.

એંસી પદો ભાભારામને, સંબોધી કહ્યા સદ્‌ગુરુ દેવ,
શ્રોતા બની બેસી રહ્યા, ભાભારામ ગુણ ગંભીર.

અવસર મોંઘા મૂલનો, અમ ઘર આવ્યો આજ,
કર જોડી કીકીબાઈ વિનવે, સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ.

સંત ભાભારામ સાથે બેસી થતા સત્સંગમાં ઓતપ્રોત બનેલા સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને જ્યારે નવરાશ મળે એવો સમય જોઈ સાધ્વી કીકીબાઈ પોતાના હૃદયની જિજ્ઞાસા વ્યક્ત કરી પ્રશ્ન પૂછી સદ્‌ગુરુજીના સમક્ષ ખુલ્લા હૃદયે જે કહેવાનું હોય તે સ્પષ્ટતાથી કહી તેમની પાસેથી તે ગૂઢ રહસ્ય ઉકેલી લેતાં હતાં. કીકીબાઈએ સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજને સંબોધી એવો જ એક ગૂઢ પ્રશ્ન કહ્યો, -

હિંદવા મેરા બની રહે, અને મેં હિંદવાકા હોઈ,
પ્રતિજ્ઞા કરી મૂલસ્થાનમાં, એ તો જાણે છે સહુ કોઈ.

ગુજરાતમાં સદ્‌ગુરુ પધારીયા, દીધો હિંદવાને ઉપદેશ,
સત્પંથ માર્ગ બતાવીને, એના કાપી નાખ્યા કલેશ.

પૂજા વિધિ ઘટ પાટની, ઉત્તમ ધર્મ કહેવાય,
આદિકાળથી આવીયો, એવું શાસ્ત્ર માંહી ગવાય.

હિંદવાને સેવક કર્યા, તમે હિંદવાના યુગરાય,
હિંદવાને સત્‌પંથ આપીયા, એની વાતો કૈ વખણાય.

જાત્રાળુનો સંઘ આવીયો, કાશી તીરથ કરવા જાય,
રોકી દીધા તમે નાથજી, કાશી ધામ બતાવ્યા ત્યાંય.

સત્ ધર્મ દર્શાવીને, સો ક્રિયાની જનોઈ દીધી મોરાર,
સેવા કીધી તે ભલી કરી, એને શિષ્ય કીધા કિરતાર.

સત્‌પંથ ધર્મ દેખાડીયા, ગુરુ દેવ બન્યા છો આપ,
અન્ય મારગડે જો પડે, એ તો ડૂબે ભવ સંતાપ.

વાડા ધર્મના વેગળા, એમાં ઝાઝી છે ખેંચાતાણ,
કીકીબાઈ તમને વિનવે, સદ્‌ગુરુદેવ ધર્મના કહોને એંધાણ.

'સદ્‌ગુરુજી ! આપ ધર્મ પ્રચાર કરતા કરતા આ ગુર્જરભૂમિમાં આવ્યા અને અહીં સત્‌પંથના પ્રવર્તક તરીકે કાર્ય કરવા લાગ્યા. આપના વતનમાં કરેલી પ્રતિજ્ઞા મુજબ હિંદુઓને શિષ્ય બનાવી પોતાના વૈદિક સનાતન ધર્મનું જ્ઞાન તેમને જણાવ્યું એ તો ઠીક પરંતુ કાશી યાત્રામાં જતા યાત્રાળુઓને કાશી વિશ્વેશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરાવી તેમને સત્ય ધર્મની સમજ કેમ અને કેવી રીતે આપી ? તેમના મનમાં કોઈ અવઢવ નહોતી થઈ ? ગુરુજી ! હું આ વિષયથી અજાણ છું એટલે મને આ વિગત સમજાવીને કહો.

સદ્‌ગુરુએ સત્‌પંથ ઉજાળીયો, નિજીયા ધર્મ મહાન,
આન કછુ ભાખો નહીં, જીવડા ઝાઝી છે એમાં હાન.

ધર્મ વિચાર કરતા રહો, ધર્મથી હોય કલ્યાણ,
ધર્મી થઈ ધર્મને ઓળખો, એવું સાંયાજી વદે છે વાણ.

આન ધર્મીને ખેપથી,સમજાવો શુદ્ધ જ્ઞાન,
સત્‌પંથ માર્ગ બતાવીને, એને કરજો સાચું ભાન.

સંત સાધુને ઓલીયા, એ તો ધર્મના દૂત કહેવાય,
ધર્મ પ્રચાર ચાહે બધા, આન અધર્મી કહેવાય.

અવધૂતો યોગી જનો, જેના મનમાં નહીં ભેદભાવ,
ચાહે તે નામે ભજો, તમે લઈ લ્યો ભજીને લ્હાવ.

સદ્દગુરુ એવું નહીં દેખીયું, નિઃપક્ષ પેખાવો હિતકાર,
અકળગતિ અવધૂતની, એને નિરખ્યા ગુણ ગંભીર.

સંત સાધુના ઢંગને, તમે પેખી લીધા કીકીબાઈ,
દીનતા દાસ બની રહે, નીત દીન તણા યશ ગાઈ.

નિષ્પક્ષ કોઈ ન્યારા નહીં, શોધી જોયા બહુ સાથ,
કીકીબાઈ સદ્દગુરુને વિનવે, મારા સદ્દગુરુ રહોને અબાધ.

ધર્મની કેવળ વાતો કહેનારા જોયા. તેમનાં રીત-ભાત, લક્ષણ નીરખીને જોયાં અને તેમનાં ગહન પ્રવચનો સાંભળ્યાં પરંતુ કેવળ ધર્મના પ્રચાર સિવાય અને પાંડિત્યની ભ્રામક વાતો સિવાય તેમની પાસેથી કંઈ પણ જોવામાં આવ્યું નહીં. અન્ય જનોને ધર્મ માર્ગ દર્શાવવો સુલભ છે પણ પોતે તે પ્રમાણે વર્તન કરવું દુષ્કર હોય છે, સર્વ ધર્મ પ્રવર્તક એ જ ગર્તામાં ફસાયેલા દેખાય છે. મહાપુરુષોની વાત અલગ છે પરંતુ કેવળ ધર્માંધતા અથવા અંધશ્રદ્ધા આત્મનાશનું કારણ નથી બનતી ?

યોગી, અવધૂત, સાધુ, સંત, ઓલિયા જેવા મહાપુરુષ સદા સર્વદા નિષ્પક્ષ હોય છે. જેમને કોઈ વિશિષ્ટ ધર્મની ખેંચતાણ નથી તે તો કેવળ એક ભગવંતને જ ઓળખે છે. બાકી ગમે તે હોય ઉત્તમ કર્મ અને માત્ર ઈશ્વરનું સ્મરણ, ચિંતન એ જ તેમની શિખામણ અને એ જ તેમનું આચરણ હોય છે. આ દ્વિધામાં તે અટવાઈ રહેવા ન જોઈએ. સદ્દગુરુ મહારાજ ! તે ગમે તેમ હોય પણ આપના આશીર્વાદથી સદૈવ નિમગ્ન રહી નિરાભિમાન, નિરપેક્ષથી જનતા જનાર્દનના આત્મકલ્યાણનું જ માર્ગદર્શન અમારા હાથથી થાય એ જ મારા મનની અભિલાષા છે.'

કીકીબાઈના એવા ઉચ્ચ, મહાન વિચાર અને માનવ માત્રના આત્મવિકાસની ભાવના જાણી સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેને દિલાસો આપ્યો અને કહ્યુંઃ

સત્પંથ મારગ સુગમ છે, એને સમજી લ્યો ને આ વાર,
ઘટપાટ પૂજન તમને સોપીને, અને અલગ થયા નિરધાર.

સાચી વસ્તુ સમજાવીને, કહી દીધું વારંવાર,
જૂઠ પ્રપંચ બહુ મળે, વહી જશો ન તેની લાર.

ઉત્તમ ધર્મ અભડાવીને, એમાં કરી દીધો કલેશ,
સદ્‌ગુરુ કહે એવા અસુરથી, દૂર રહેજો તમે હંમેશ.

કર્તા હોય તે કરી રહો, પૂજા ધર્મ અને નેમ,
સોહી સંગાથે આવશે, તમને રાખશે કુશળ ક્ષેમ.

નિજીયા ધર્મને ઓળખો, તમે એના કરોને વખાણ,
પરમાર્થ ભય ઉપજે, એવું શ્રીમુખ ઓચરે છે વાણ.

અવનિમાં અસુરો પાકશે, તે તો કરશે ધર્મનો લોપ,
કીકીબાઈ કહે ગુરુદેવજી, તમે કેમ નથી કરતા કોપ.

સત્‌પંથ માર્ગ સુગમ છે. એવું હોવા છતાં તેનો તેને ઉપહાસ કરનારા અસુરોને આપ શિક્ષા કેમ કરતા નથી? ધર્મનો લોપ થાય એવા પ્રકારનું વર્તન કરનાર ધર્મદ્રોહી લોકોને આપ સજા કેમ કરતા નથી? સ્વધર્મ મહાન છે. પરધર્મ લાયક નથી. આ તો ભગવાનના મુખેથી નીકળેલા શબ્દો છે. પણ સ્વધર્મ એટલે શું? એનું સ્પષ્ટિકરણ કરી તેમાં રહેલા જ્ઞાનનું ચિંતન કરી આચરણમાં મૂકવાનો પ્રયત્ન આપણે કરવો જોઈએ. સદ્‌ગુરુજી, એ જ આપના સન્માર્ગનો સાર છે ને? અહાહા! ધન્ય આજનો દિવસ, ધન્ય આજની ઘડી. આપે અમોને બંને બંધુ-ભગિનીને ખરેખર પરમ પાવન બનાવ્યાં.

જીવનના સાર સમજાવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમને વધુ સંબોધન કરી અંતિમ બોધ કર્યો -

સત્‌ની વાતો સાંભળો, એક નામ જપો સુખદાઈ,
નિશ દિન મારા નાથનું, સ્મરણ કરોને મારા ભાઈ.

સાચું નામ સાહેબનું, અવિચળ રહે જુગમાંય,
દેખાય તે બધું નાશવંત, અહીં રહેવાનું નથી કાંય.


કોઈ આજે કોઈ કાલે જશે, પાંચ વરસ પચીસ,
અમર કોઈ રહેવાનું નથી, તમે જપી લ્યોને એક ઈશ.

જૂઠા ફંદ તજી દીયો, સમરો સરજનહાર,
મારું મારું તમે શીદ કરો, અહીં તારું નથી તલ ભાર.

ન્યારા થઈને નાથજી, ઓળખી લ્યો એક સાંઈ,
બોલનહારો કોન છે, એને ઓળખી લેજો મારા ભાઈ.

ધર્મની વાતો ભિન્ન છે, એના જુજવા લાગે વિચાર,
સદ્‌ગુરુ એમ બોલીયા, કીકીબાઈ સમજી લ્યોને સાર.

અંતિમ બોધ આપતાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કીકીબાઈને ઈશ્વરના નામની મહત્તા વિષે જાણકારી આપી. ઈશ્વરનું નામ ચિંતન જ સત્ય અને અવિચલ છે. બાકી તો બધું નાશવંત છે. તેથી તે અવિચલને જ જાણી લો. ધર્મની વાતો બહુ અલગ અલગ હોય અને પ્રત્યેક મન પણ ભિન્ન ભિન્ન હોય છે તેથી મન જ્યાં ત્યાં ભટકે છે એટલે સારાસારનો



સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પોતાના પ્રિય સદ્‌ભક્તોને દિવ્ય જ્ઞાનનો ઉપદેશ કરી રહ્યા છે.

વિચાર કરી માત્ર ઈશ્વરના થઈને જ રહો.

આ પ્રકારે સત્‌જ્ઞાન સમજાવી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તે સદ્‌ભક્તોને પરમેશ્વરનું સ્વરૂપ, તેને પ્રાપ્ત કરવાનો માર્ગ, યોગજ્ઞાન, આત્મજ્ઞાન, જ્ઞાનોત્તર જીવાત્માઓનું કર્મ, જીવનમુક્ત અને વિદેહમુક્ત અવસ્થા અને જીવાત્મા દ્વારા થનાર જગત કલ્યાણ, આત્મોન્નતિ વગેરે બાબતે સાત દિવસ પર્યંત ધર્મોપદેશ આપ્યો હતો. સંત ભાભારામ આ જ્ઞાનચર્ચામાં તો અતિશય તલ્લીન બની ગયા હતા. તેને તો ભાવ સમાધિ લાગી ગઈ હતી. આખરે સંત નાયાજીએ આપણા પ્રિય ગુરુબંધુને તે ભાવતંદ્રામાંથી જાગૃત કરી સદ્‌ગુરુના વચનામૃત સાંભળવા કહ્યું ત્યારે સંત ભાભારામ જાગૃત થયા. તેઓ બોલ્યા; 'અહાહા, પ્રિય ગુરુ મહારાજ, અમારો જ નહીં પણ અખિલ જગતનો ઉદ્ધાર કરવા માટે ભગવાને આપના રૂપે આ અવતાર ધારણ કરેલો છે. જગત બાહ્ય ચિન્હો ઉપર ભૂલી જાય છે, પરંતુ તેનું અંતરંગ સ્વરૂપ જ્યારે પ્રકાશીત થઈ જશે ત્યારે તેમના ચિત્તમાં રહેલું ઘનઘોર અંધકાર રૂપ અજ્ઞાન નષ્ટ થઈ જશે અને તેમને કેવળ અદ્વૈત, અભેદ્ય સ્વરૂપ ઈશ્વરનું સાક્ષાત્‌ દર્શન થશે. સદ્‌ગુરુ મહારાજ આ અજ્ઞાની બાળક પર આપે અનહદ કૃપા કરી. આ ઋણમાંથી હું મુક્ત ક્યારે થઈ શકીશ ! આપણા ચરણકમળની સતત અહર્નિશ સેવા થતી રહે એ જ એક અભિલાષા.'

સાત દિવસ પછી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે જ્યારે સંત ભાભારામ પાસે હવે અહીંથી પ્રસ્થાન કરવાનું છે એવી વાત કરી ત્યારે ભાભારામની એક અનાથ બાળક જેવી સ્થિતિ બની ગઈ. તેમની આંખોમાંથી અશ્રુનો પ્રવાહ શરૂ થયો. સદ્‌ગુરુનો વિરહ તેમને સર્વથા અસહ્ય બની ગયો. પછી સદ્‌ગુરુએ પાછા આવવાનું આશ્વાસન આપ્યું અને પ્રસ્થાન કર્યું. તે સમયે કીકીબાઈએ પણ સાશ્રુનયનોથી સદ્‌ગુરુને વિનંતી કરી; -

પ્રગટ પ્રેરણાપીઠ ધામમાં, પરચા પૂર્યા અનેક,
કીકીબાઈ તમને વિનવે, સદ્‌ગુરુ રાખજો અમારી ટેક.

ત્યાર પછી પ્રેરણાપીઠમાં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના ધામ પર, સંત નાયાજીના કુકસ ધામ પર તેમજ ચંપકવનમાં અનેક વખત આ સર્વ સદ્‌ભક્તોનો સત્સંગ મેળાપ થવા લાગ્યો. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ દ્વારા સર્વેને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. સત્‌પંથના ઈતિહાસમાં એ સમય અનન્ય અસાધારણ હતો. ઉજ્જવલ યશ અને કીર્તિ તે સમયે

તે ભક્તમંડળને મળી અને સદ્દ્ગુરુના સાનિધ્યમાં જ્ઞાનસાધના કરી સર્વેએ આત્મોન્નતિ પ્રાપ્ત કરી. તેની સાથે સાથે પરમાર્થીક સેવા પણ તેમના હાથે થઈ.

સાધ્વી કવયિત્રી કીકીબાઈના જીવનમાં અનેક પ્રસંગો ઉદ્દભવ્યા છે. તેમાં તેણીના જીવનની કસોટીની ક્ષણો, તેણીના ઈશ્વર વિષયક શ્રદ્ધાના પ્રસંગ જેવા અનેક પ્રેરક પ્રસંગો છે. એમાંય એક પ્રસંગે વ્યાપારીના વેષમાં આવેલ ભગવત્ સ્વરૂપનો ન ભૂલાય એવો પ્રસંગ કીકીબાઈએ પોતાના શબ્દોમાં આલેખીત કરેલ છે.

રૂડી રૂડી સત્સંગ કેરી રાત, ભક્તો થાય ભેળા રે,
સદ્દ્ગુરુનો ઉપદેશ, ભક્તિમાં ભળીયો રે.

આંધળો આવે અર્ધી રાતે, ગુરુજી મુજને ભાળો રે,
બેઠા છે દયાનિધિ દેવ, દુઃખડાં મારાં ટાળો રે.

ગુરુજીએ કીધી મહેર, ચરણે હાથ ધરીયો રે,
પાંગળો પંથી જન, ત્યાંથી પરવરીયો રે.

સત્સંગની રમણીય રાત્રીઓમાં કેટલાક અલૌકિક પ્રસંગો બની ગયા. એક સમયે એક અંધ માણસ આવી પોતાનું દુઃખ દૂર કરવા વિનવવા લાગ્યો અને તેનું કાર્ય સંતના આશીર્વાદથી સફળ બની ગયું તે આંખોથી જોવા લાગ્યો અને આનંદથી ઘેર ગયો. એક પંગુ માણસ આવ્યો. સંત ભાભારામના ચરણ સ્પર્શ કરતાંની સાથે જ તેનું પંગુત્વ જતું રહ્યું. એક વખત એક વણઝારો (વ્યાપારી) મધરાતે માલ સામાનના કોથળા ભરી લઈ આવ્યો. ભાભારામ ઊંઘી ગયેલા હતા. કીકીબાઈએ તેને મધુર શબ્દોમાં કહ્યું, 'ભાઈ વણઝારા ! આટલી અડધી રાત્રે તું કેમ આવ્યો છે ? મહારાજ તો ઊંઘી ગયેલા છે. તારા માલના પૈસા કોણ આપશે ?'

વણઝારો ભરીને પોઠ, રાતલડીયે આવ્યો રે,
ગુરુજી સૂતા છે નિંદ્રામાંય, રાતે સીધું લાવ્યો રે.

સુખે સૂવા દો મહારાજ, પોઠ ખાલી કરવી રે,
મારે પ્રભાતે થાવું છે વિદાય, ગુરુની સેવા કરવી રે.

'માતાજી ! આપવા લેવાનો હિસાબ તો સંત ભાભારામ સાથે છે, તેની તમે ફીકર ન કરો. ગુરુજી ઊંઘી ગયેલા છે તો કોઈ વાંધો નથી તેમને ઊઠાડશો નહીં. મને તો આ અનાજના કોથળાઓ ક્યાં મૂકવા છે તે બતાવો, બીજું કંઈ જોઈતું નથી. એવું બોલી તેમને લાવેલ અનાજની ગુણો અને અન્ય સામાન ભંડાર ગૃહમાં વ્યવસ્થિત મૂકી નિશ્ચિત મને શાંતિથી બેઠો.

ખાલી કરીને પોઠ, વિદાય એને માગી રે,
નિરખી લીધો નૈન, સાચા એ સોહાગી રે.

ચરણ ગ્રહી ગુરુદેવ, જળધારા વહાવી રે,
તમે અબળા જાત કહેવાય, ભક્તિ ક્યાંથી આવી રે.

પોતાનું કાર્ય પૂર્ણ થયું છે જોઈ પછી વેપારીએ જવા માટે રજા માગી. ત્યારે કીકીબાઈએ તેના તરફ જોયું અને ચકિત બની ગઈ. ત્વરાથી તેણીએ તેમના પગ પકડી પ્રેમાશ્રુ વડે પ્રક્ષાલન કર્યુ અને ભાવવિભોર બની ગઈ. વેપારી આ અકલ્પિત પ્રસંગથી આશ્ચર્ય ચકિત થઈ કીકીબાઈને બોલ્યો; 'આ શું કીકીબાઈ ! તમે તો એક અબળા છો અને આટલું વ્યક્તિત્ત્વ તમારામાં કેવી રીતે આવ્યું ? મને આ સમજાતું નથી, તમે આટલાં જ્ઞાની અને મહાનુભવી કેવી રીતે થયાં ?' વેપારીનો આ પ્રશ્ન ગૂઢ અને સ્વાનુભવનો હતો, કીકીબાઈએ ધીમેથી પ્રત્યુત્તર કર્યો;

મહેર કરીને મહારાજ, ભાભારામ ભેટયા રે,
મારા દુઃખડા કીધા દૂર, સંતાપ સમેટયા રે.

કાંઈ ન કહેશો કીકીબાઈ, અવિગત આવ્યા રે,
આ તો સંત પુરુષનું ધામ, ભક્તો મન ભાવ્યા રે.

'દયાનિધિ ! આપ પૂછો છો તે ભક્તિભાવ મને ગુરુદેવ સંત ભાભારામ પાસેથી મળ્યો છે અને તેમની કરુણા દૃષ્ટિને કારણે પ્રાપ્ત થયો છે. તે મહાત્માએ મારાં બધાં જ દુઃખો દૂર કરી દીધાં છે. એટલું જ નહીં પણ સંપૂર્ણ ભવસંતાપનું નિવારણ પણ કર્યુ છે. પ્રભુ ! એવા યોગીની કૃપા થઈ પછી હજુ વધારે કઈ આશા રાખવી.'

ભગવાન કહેઃ 'ત્યારે તો તું ખરેખર મહાભાગ્યશાળી કહેવાય. એવા સંત પુરુષના સમાગમથી જ તું આ અવિગતનું રૂપ જાણી શકે છે. પરંતુ એક વાત ધ્યાનમાં રાખજે, હું આવ્યો છું તે વિષયે ભાભારામને કંઈ પણ કહેવું નહીં, જુઓ આ છે સંતનું ધામ. "ભક્ત મારા છે હું ભક્તોનો છું." તેમનો પ્રેમ-ભક્તિનો ભાવ મને અહીં ખેંચી લાવે છે. આ હૃદયની વાત ભાભારામને કરવી નહીં.

કીકીબાઈ બોલ્યાં; 'કૃપાનાથ ! આપે મને આજ્ઞા કરી છે પણ આપની આજ્ઞાનો ભંગ થવાનો ભાસ થઈ રહ્યો છે. કારણ કે આ વાત તો પહેલાં જ ગુરુજીના કાને ગઈ હશે. જુઓ ગુરુજી જાગૃત છે અને અહીં જ આવી રહ્યા છે.

મારા જાગે છે ભાભારામ, નિંદ્રામાં નથી સૂતા રે,
જપતા અજંપા જાપ, યોગી અવધૂતા રે.

દોડી આવ્યા છે ભાભારામ, ચરણમાં પડીયા રે,
અમે વણઝારા લોક, ગુરુજી શાને અડીયા રે.

ઝડપથી દોડતા આવી ભાભારામ આગંતુક સ્વરૂપને ચરણે આળોટી પડયા. ત્યારે તેમનો હાથ પકડી ઊઠાડતાં 'અરે, અરે, આ શું ? આવા મોટા મહાત્મા અમારા જેવા વણઝારાના ચરણે પડે છે, આ તો ખરેખર વિપરીત છે. કોઈ જુએ તો અનર્થ દેખાશે. યોગી પુરુષ માટે આ યોગ્ય નથી. જાત, કુળ, જોયા વગર કોઈના પણ ચરણે આમ નમી પડવું મહાપુરુષનું કર્તવ્ય નથી !' વેપારીના બોલ ભાભારામ શાંત ચિત્તે સાંભળતા હતા. તે પછી બોલ્યાઃ

મૂકી દોને મહારાજ, મમત જૂઠો જાણી રે,
યોગી પુરુષે વાત, આપણી સર્વે જાણી રે.

હેતે ઝાલ્યો હરિએ હાથ, આસને બિરાજ્યા રે,
નિરખી ત્રિલોકનાથ, જમડા લાજ્યા રે.

'પ્રભુ ! હવે આ માયાનો ખેલ છોડી દો, કારણ કે મેં આપની બધી વાતો જાણી છે. કૃપાનાથ ! આપ અમ આ આત્મીય સ્વજન સાથે આવું અલગપણું રાખશો નહીં. નાથ !

મારો શું અપરાધ કે, આપ મારાથી એવું અલગત્વ રાખો છો ! એવું બોલતાં બોલતાં ભાભારામના નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તે જોઈ પ્રેમાળ પ્રભુએ તેમને પોતાના હૃદય સાથે લગાડયા. ભક્ત અને ભગવંતનું મંગલ મિલન થયું. આ સમયે પ્રભુને વંદન કરી ભાભારામ બોલ્યા: 'સર્વેશ્વર પ્રભુ ! આપ અગમ્ય છો. આપની રીત પ્રીત પણ ગૂઢ હોય છે. એવા અગમને કોઈક જ સમજી શકે છે. પ્રભુજી ! આપની કરુણાથી જ આપનું આ અવિગત સ્વરૂપ જાણવા સમર્થ બન્યો છું. નહીં તો મને પામરને આ ક્યાંથી ખબર પડે.' એવું બોલી બંને ભાઈ-બહેન ભગવંત સ્વરૂપના ચરણે નમી રહ્યાં. પરમ પાવક વરદ હસ્ત તેમના શિર પર મૂકી ભગવાન અંતર્ધાન થયા.

ગુરુજી ગેબી તમારી રીત, ગેબી કોઈ જાણે રે,
કર જોડીને કીકીબાઈ, ગુરુને ગેબી વખાણે રે.

સંત પુરુષોનું આગમન જગતના કલ્યાણ માટે જ થતું હોય છે, સંત પુરુષ જગતના મુક્તિ માર્ગનું એક સાધન છે. જેઓએ આંતરિક ઈચ્છાથી આ દેહ રૂપી સાધનોનો ઉપયોગ કરી આત્મોન્નતિ કરી લીધી તે જીવાત્માઓ ધન્ય ગણાય. જે ભાગ્યશાળી જીવાત્મા પર સંત કૃપા થઈ છે તેમના વિવિધ તાપ નષ્ટ થયા છે અને મહાપુરુષોના સંસર્ગથી અધમ, અભાગી પુરુષ પણ શ્રેષ્ઠ બની પરમ ગતિ પામ્યા છે. એવા ભક્ત ભાભારામને ભગવાન યમરાજના દૂતો તેમના મહાપ્રયાણની સૂચના આપવા માટે આવ્યા. તેનું અકલ્પ્ય વર્ણન સાધ્વી કવયિત્રી કીકીબાઈ પોતાના શબ્દોમાં કરે છે.

ભાભારામ મહારાજ, ભલું તમે કીધું રે,
ગુરુજી ગરીબોના નાથ, દુઃખ હરી લીધું રે.

દેવા નગરના લોક, દર્શન કરવા આવ્યા રે,
નિરખી લઈને નાથ, કરુણા મેહ વરસાવ્યા રે.

કોઈ સભાગીને મળી જાય, કિરપા ગુરુ દેવની રે,
એના ત્રિવિધ તાપ દૂર થાય, લીલા કહું એમની રે.

ગુરુજીયે તાર્યા અભાગી જીવ, સભાગી એને કીધા રે,
પાપીને કીધા પાવન, નરોત્તમ બનાવી દીધા રે.

પરમાર્થમાં પ્રીત, ગુરુજીયે હાટ માંડયા રે,
કૂડા કર્મ તજાય, રામના રંગમાં લાગ્યા રે.

લેખ પર મારે મેખ, ભાભારામ યોગી રે,
ધર્મ રાયના દરબાર, વાતો થાય એવી રે.

ભાભારામની પાસે, જઈને તમે કહેજો રે,
પરમાર્થનો વેપાર, છોડીને તમે રહેજો રે.

કૂડા કર્મના ખેલ, એનાથી લોકો દુઃખી રે,
કરણીના ફળ પામે, બનાવો તમે સુખી રે.

મૃત્યુ લોક આનું નામ, મરવાને સહુ આવ્યા રે,
વીરલા કોઈ જન, સ્મરણ મન ભાવ્યા રે.

પાત્ર કુપાત્ર નહીં જોઈ, સમદર્શી તમે એવા રે,
ભૂંડાને દયા શીદ હોઈ, કરો છો એની સેવા રે.

યોગી તમારી રીત, નિભાવી કેમ લઈએ રે,
લીલા તમારી જોઈ, અંતરમાં સમાવી દઈએ રે.

રિદ્ધિ સિદ્ધિ તમ ઘેર, દાતાર બનીયા કહીએ રે,
આ તો કર્મભૂમિ કહેવાય, ચાલ્યા સૌ અહીંથી રે.

યોગીના હૈયા માંય, સર્વે લાગે પ્યારા રે,
પાપીને પુણ્યવાન, નીરખે નહીં ન્યારા રે.

તમે ચાહો તો જવાને તૈયાર, બૈઠા અમે થઈએ રે,
વિદાય આપો મહારાજ, અહીંથી ચાલ્યા જઈએ રે.

રહી જાવો યોગીરાજ, પ્રભુજી તમને પરખે રે,
કીકીબાઈ ગુરુના યશ ગાય, હૈયા માંહી હરખે રે.

એક વખત સંત ભાભારામે કીકીબાઈને અને બધા જ સદ્ભક્તોને પોતાના પરલોક ગમન વિષે જાણકારી આપી; -

षड्मास पिछे हम जायगे, यहांसे उस देश ।
कीकीबाई जानत रहो, यह सद्गुरुका देश ॥

'કીકીબહેન ! આજથી છ માસ સુધી મને અહીં રહેવાનું છે. પછી અહીંથી વિદાય લઈ શ્રી હરિના દેશમાં પ્રયાણ કરવાનું છે. તું શાંત ચિત્તે અહીં રહી સત્કાર્ય અને ધર્મનો ઉપદેશ ચાલુ રાખજે. કારણ કે આ સદ્‌ગુરુનો આદેશ છે.' ભાભારામના મુખેથી આ શબ્દો સાંભળી કીકીબાઈના શરીર પર જાણે કે વજ્રાઘાત થયો. અત્યંત વ્યથીત અંતઃકરણથી તે બોલ્યાં:

ગુરુજી મહા પ્રયાણની વાત, તમે શીદને માંડી રે,
દુનિયા દુઃખની ખાણ, થઈ હું તો ગાંડી રે.

ગુરુજી પૂર્વ જન્મની સગાઈ, જુગતે તમે જોડી રે,
આવી વસમી વેળાએ દયાળ, શાને નાખો તોડી રે.

રહોને ગુરુજી દેવા માંહી, દુઃખીયા બહુ લોક રે,
તમને વિદાય થતા જોઈ, કરશે પોકા પોક રે.

પરમાર્થનો વેપાર, માંડયો હતો પ્રીતે રે,
મુખ મોડીને મહારાજ, થયા છો બે ચિત્તે રે.

દયાનિધિ દીનાનાથ, ઝાઝુ શું કહેવું તમને રે,
રોતા મારગડાની માંય, શીદ છોડી જાવો અમને રે.

રૂઠયા છે ધરમરાય, વારીને શીદને તેડે રે,
એના દિલમાં નાહી ધ્યાય, ધાય છે યોગીના કેડે રે.

સમદર શી ગુરુદેવ, અમારી ગતિ શી થાશે રે,
જળ વિના તપડે જેમ મીન, ઝૂરીને મરી જાશે રે.

બાના કેરી પત જાય, તમે છો ટેક ધારી રે,
કીકીબાઈ કહે કરજોડ, રાખોને લાજ અમારી રે.

ગુરુદેવ ભાભારામને વિનયથી કીકીબાઈએ અંતરથી વ્યથા કહી ત્યારે તેણીના મનનું સમાધાન કરતાં ભાભારામે પોતાની ગતિ વિષયની વાત તેને કહી. આ અવનિ પર પોતાનું આગમન અને પરહિત માટે નિર્ગમન કર્યુ હતું તે સમજાવ્યું, હવે તો સમય પૂર્ણ થયો એટલે અંતર્ધાન થવું જ જોઈએ. અવિગતની ઈચ્છાને આધીન થયા સિવાય ચાલે ખરું !

યોગી રમતા રામ, અવનિમાં અમે આવ્યા રે,
દીઠાં દુઃખિયારાં લોક, યોગીને મન ભાવ્યા રે.

ઉત્તર ખંડની માંય, ઉગ્ર તપ અમે કીધા રે,
આવ્યા પરહિત કાજ, લાખેના લ્હાવા લીધા રે.

સ્વજન લાગે સંસાર, જલ કમલવત રહીયે રે,
મનવાંછિત દીધાં દાન, લોકોને અમે ચાહીયે રે.

જીવન નિચોવી દીધું, જન સેવા લાગી સારી રે,
ભૂલ્યાને બતાવી રાહ, ભક્તિ કરજો પ્યારી રે.

હળી મળીને રહ્યાં સંગાથ, ન્યારા નહીં થઈએ રે,
હૈયામાં રાખો વિશ્વાસ, સાથે અમે છૈઈએ રે.

અહીંથી થઈશું અરૂપ, ધોખા દઈશું જમને રે,
કરશો જ્યારે અમારી યાદ, આવી મળશું તમને રે.

સદ્‌ગુરુજીના એ વેણ, અંતરથી રૂડાં લાગ્યાં રે,
ભલી નિભાવી પ્રીત, હૃદયમાં અમને રાખ્યા રે.

કરજોડીને કીકીબાઈ, વધાવે ગુરુ મારા તમને રે,
લળી લળી લાગુ પાય, ભૂલશો નહીં ગુરુજી અમને રે.

'કીકીબહેન ! આ તો કેવળ યમરાજાને માન આપવા પૂરતું મારું પ્રયાણ છે. પછી તો મારું અહીં જ તારા સાન્નિધ્યમાં નિરંતર નિવાસ સ્થાન રહેશે. હમણાં સુધી હું સાકાર રહ્યો છું, હવે નિરાકાર રૂપે રહેવાનો છું. જ્યારે તું સ્મરણ કરીશ ત્યારે હું હાજર થઈ તારું કાર્ય કરીશ. તારા હૃદયથી હું દૂર જનાર જ નથી. તને શું એમ લાગે છે કે હું સ્વર્ગની સુંદરતાને અને સુખને આકર્ષાઈને ત્યાં જઈ રહ્યો છું ? એવું કશું નથી. કારણ યોગીઓને સ્વર્ગ દુઃખદાયક અને તુચ્છ લાગે છે. તને સ્વર્ગની અસારતા કહું છું તે શ્રવણ કર.'

દીઠો દુરીજન કેરો દેશ, સ્વર્ગ લાગે રૂડાં રે,
કડવાં જેનાં મૂળ, લોકો લાગે કૂડાં રે.

તમને સ્વર્ગે જવાની આશ, સુખ નહીં જોયું રે,
અહીં રહીને રિઝાવો રઘુનાથ, સ્વર્ગમાં મન શું મોહ્યું રે.

તપેશ્વરી પામે રાજ, કર્મ કરે ખોટા રે,
થાય નર્કમાં એનો વાસ, મારે જમડા સોટા રે.

સાચી સ્વર્ગ ભૂમિ સંસાર, નજરે અમે દીઠી રે,
તમે સમજ્યા નહીં સૂધ વાત, માયા લાગી મીઠી રે.

ભક્તિ પદારથ પામી, હરિને ભજ્યા જેણે રે,
ધન ધન એની કમાઈ, વખાણે દેવો તેણે રે.

હાથે કરોને તમે દાન, સુખીયા સંસારી રે,
આ તો કલ્પતરુની છાંય, માનો વાત મારી રે.

સ્વર્ગ પુરીના દેવ, ઈંદ્રાદિક થાયે રે,
માનવ તન મોંઘુ રતન, માનો નહીં એને કામે રે.

જાગો ભાગો જંજાળી જીવ, ગફલત છોડો ઘેરી રે,
કીકીબાઈ ચેતાવે ગુરુદેવ, જમડા આવશે વેરી રે.

'ગુરુદેવ ! આપના પ્રયાણને હજુ છ માસ બાકી છે. મારા હૃદયનો સંતાપ હવે તદ્દન નીકળી ગયો. આપે ખરેખર મારા મનનું સમાધાન કર્યું. આ છ માસ છ યુગ જેવા બનો અને અમારી પાસેથી અખંડ સતત જનહિત થતું રહે એ જ પ્રાર્થના.

ભાભારામ ગુરુદેવજી, દિન્હા દૃઢ વિશ્વાસ,
મત ભૂલોરી બાવરે, મે હું તુમારી પાસ.

નુગરા સોહી ન્યારા રહે, સુગરા ગુરુકી પાસ,
કીકીબાઈ મત ભૂલો, તુમી ગુરુચરણ કી દાસ.

વિ.સં. ૧૫૮૯ ભાદ્રપદ સુદ-બીજ આ દિવસે સંત નાયાજીએ મહાપ્રયાણ કર્યાના સમાચાર મળતાં જ ભાભારામના હૃદય પર મોટો આઘાત લાગ્યો. તેઓએ તે મહાપુરુષ સાથે

મહાપ્રસ્થાન કરવાનું વચન આપેલ હતું તેથી ભાભારામે પણ મહાપ્રયાણની તૈયારી કરી.

તે સમયે વ્યાકુળ અંતઃકરણથી તેમનો પટ્ટશિષ્ય મુક્તિરામ આવ્યો, પરમ પ્રેમથી હૃદય સાથે લગાડી તેમને સાંત્વન આપ્યું. સંત નાયાજીનો શિષ્ય ગંગાસિંહ ગોહિલ તો રડતાં રડતાં જ સંત ભાભારામના ચરણે નમી રહ્યો. આંખોથી અશ્રુનો પ્રવાહ વહે છે, આખું શરીર ધ્રુજી રહ્યું છે. એવી તેમની સ્થિતિ જોઈ યોગી બોલ્યાઃ 'આવા સમયે જ્ઞાની માણસ ધીરજ છોડી ક્યારેય અશ્રુ વહાવતા નથી. માટે બેટા, ધીર-ગંભીર બન.' સૌ શાંત થયા. ત્યાર પછી આહિર શિષ્યા મેઘાવતી આવી, તેણીના હૃદયની વ્યથા અત્યંત દારુણ હતી પણ ગુરુજીના મુખના શીતલ શબ્દ સાંભળી તે પણ શાંત બની ગઈ. એટલામાં દેવાના દરબાર ભોજરાજ આવ્યા અને નિરાધાર અનાથ બાળકની માફક ગુરુદેવના ચરણે પડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. તેમને હાથથી ઉઠાડી દૃઢતાથી આશ્વાસન આપી કહ્યું કે; આપ જે સ્વરૂપમાં દર્શન કરો છો તેવું સ્થાન બનાવી ગુરુની સેવા કરજો. તમારાં બધાં જ કાર્યો સફળ બનશે. ભોજરાજજીને આશ્વાસન આપી શાંત કર્યા. હવે કીકીબાઈએ ગુરુ ચરણે મસ્તક મૂક્યું. તેણીના હૃદયની દુર્દશાનું તો વર્ણન કરી શકાય જ નહીં, પોતાની બહેનના હૃદયની વ્યથા જોઈ ભાભારામ પણ ગદ્ગદ બની ગયા. તેઓ બોલ્યા;

कीकीबाई रोवत खडी, बरखा बहावत नैन ।
देखत विकल हो गये, भाभाराम सुख दैन ॥

कीकीबाई कैसे रोवे, बडे सुभागी आप ।
भाभाराम गुरु देवका, तुम्ही बडा प्रताप ॥

'બહેન કીકીબાઈ, તું કેમ રડે છે? સદ્ગુરુના કૃપાશીર્વાદથી તારું જીવન તો સફળ બની ગયેલું છે. સદ્ગુરુજી સદૈવ તારી પાસે જ છે. પછી અશ્રુપાત કરવાનું શું કારણ?'

तुम से कभी न्यारे नहीं, सुनोरी कीकीबाई ।
दर्शन सद्‌गुरु देवका, तोहे पावे सुखदाई ॥

जैसा रूप यहां दिखे, वैसा धाम बनाय ।
चंपक वनमे जायके, सदा रहो सुखदाय ॥

वहाँ तुम्हारा रुण है, देवा मन लुभाय ।
बडी कृपा गुरु देवकी, सब कुछ मिले ही त्यांय ॥

'કીકીબાઈ અહીં તું જે ધામનું દર્શન કરે છે એવું જ ધામ ચંપકવનમાં જઈને કર. કારણ કે ત્યાં તારું ઋણ છે. આથી હું કહું છું કે તું દેવામાં મોહિત થઈને રહીશ નહીં. ચંપકવનમાં તને બધું જ આવી મળશે. ભાભારામે સરળતાથી કીકીબાઈના હૃદયને દિલાસો આપ્યો અને અખંડ શાંતિના આસન પર બેઠા. ત્યારે તેણીના મનમાં એક જ વાત સાલતી હતી કે ગુરુજીનો દેશ તો હવે દેવા છે અને મને ચંપકવનમાં જ જવાનો આગ્રહ કેમ કરી રહ્યા છે ? મનની આ મુંઝવણ એક પદમાં વર્ણન કરી તે ગુરુજીને કહે છે; -

અમને દેવાથી શીદને વળાવો રે ભાભારામ, ગુરુજી વિના કેમ ચાલશે રે.
વસમો તમારો વિયોગ રે ભાભારામ, હૈયા માંહી ઘણો હાલશે રે.
અબુધને અજ્ઞાની હતા અમે જીવડા રે, તમે ઉપદેશ અમને દીધા રે.
સત્યનો મારગ અતિ દોહ્યલો રે, તમે અકરમ દીધા તજાવી રે.
ગુરુજી સત્સંગની વાતો સોહામણી રે, પાપી પાવન થાય રે.
ગુરુ દર્શન વિના નૈન બાવરી રે, તમને શોધતી ફરે ચોપાસ રે.
અલગાપણાની વાતો તમે કેમ આદરી રે, સન્મુખ રહોને સંગાથ રે.
સદ્‌ગુરુનો દેશ શાને અમે તજીયે રે, અમને રાખો તમારી પાસ રે.
કીકીબાઈ કર જોડી તમને વિનવે રે, આપો ચરણ કમળમાં વાસ રે.

ભાદ્રપદ શુદ્ધ (સુદ) ચતુર્થીના દિવસે પ્રેમીજન અને ભક્તજનોના હૃદયને વિરહનો વિયોગ લગાડી ભાભારામ સ્વસ્થ ચિત્તે આસન પર સ્થિર થયા. તે સમયે કીકીબાઈને લાગ્યું કે ગુરુજી રથમાં બેઠેલા છે અને પ્રયાણ કરવા તત્પર થઈ ગયેલા છે. તે અત્યંત વ્યાકુળ બની દોડતી આવી અને ગુરુદેવ ઊભા રહો ! આટલી ઉતાવળ કેમ કરી રહ્યા છો ! એવું બોલી પોતાના અંતરની વિરહ વ્યથા વ્યક્ત કરી ગુરુજી સમક્ષ પદ ગાવા લાગી;

રથ રોકોને ગુરુદેવ, ઉતાવળ શીદ આવી રે,
મારે કરવી છે હૈયા કેરી વાત, દોડી હું તો આવી રે.

ગુરુજી અહીંથી થાવો છો વિદાય, ગતિ મારી શી થાશે રે,
તનડામાં તેલ ખૂટી જાય, દીપક બુઝાઈ જાશે રે.

ગુરુદેવ :-

સદ્દગુરુ નામનું તેલ, જ્યોતિ જલતી રાખો રે,
ન્યારા થયાની વાત, મુખથી નહીં ભાખો રે.

દેવામાં રહીને બહેન, તમે શું કરશો રે,
ચંપકવનમાં જઈ, ઠરીને ઠામ રહેશો રે.

એ ધરતી પર ઋણ, તમારું છે રૂડું રે,
જઈ વસજો ત્યાંય, કદી ન થાયે કૂડું રે.

કીકીબાઈ :-

ત્રણ ત્રણ વાર ગુરુદેવ, ઋણની વાતો કીધી રે
કીકીબાઈએ હૃદયમાંય, સહેજે લખી લીધી રે

સાધ્વી કીકીબાઈએ પોતાના મનનો સંશય ગુરુદેવના ચરણે રજૂ કર્યો. તે યોગે તેણીની શંકાનું સમાધાન થયું. ત્રણ ત્રણ વખત ગુરુદેવે તેણીને ચંપકવનમાં જવા માટે કહ્યું અને ત્યાં તારું ઋણ છે એવું કહ્યું તે પરથી કીકીબાઈ ગુરુજીનો હેતુ સમજી ગયાં અને તે આજ્ઞા શિરોધાર્ય ધરી વિનયથી ગુરુજીના ચરણે પ્રણામ કરી દૂર જઈ ઊભાં રહ્યાં. તે સમયે આસન પરથી ઊઠી ભાભારામ સમાધિ મંદિરમાં જઈ પદ્માસન વાળી સ્થિર ધ્યાનસ્થ થઈ ગયા.

વિ.સં. ૧૫૮૯ના ભાદ્રપદ સુદ-પાંચમના દિવસે ગુરુ ભાભારામનું મહા પ્રયાણ થયું. તેમનું સ્થૂલ શરીર પંચતત્ત્વમાં વિલીન થયું. સૂક્ષ્મ શરીર જ્યોતિ સ્વરૂપમાં વિલીન થયું. પછીના દિવસે કીકીબાઈએ ગુરુજીના આદેશ અનુસાર ચંપકવનમાં જવા માટેની તૈયારી કરી પણ તેમના પગ ચાલી શક્તા ન હતા. હૃદયમાં ઘણી જ ઉથલપાથલ થતી હતી. થોડા સમય માટે તો ત્યાં જ બેસી રહ્યાં. તેણીનું હૃદય ભરાઈ ગયું. નેત્રમાંથી અશ્રુ પ્રવાહ શરૂ થયો. વ્યથીત અંતઃકરણે તે બોલવા લાગ્યાં :-

ગુરુજી મુજને પોકારી મહારાજ, કહ્યું ત્રણ વાર રે,
તમે દેવાથી થાજો વિદાય, કહ્યું છે નિરધાર રે.

ગુરુજી અમે રહ્યા અબુજ, સમજ્યા નહીં વાતે રે,
તમે થઈ ગયા અંતર્ધાન, અવિગતના ઘાટે રે.

ગુરુજી દેવાથી કેમ જવાય, ચરણો નહીં ચાલે રે,
મારું હૈયું કરે વલોપાત, નૈના નીર વહાવે રે.

ગુરુજી અમથી અળગા થઈ, બેઠા છો અગોચર રૂપે રે,
તમથી નહીં રહીશું દૂર, શીદને છુપાયા છુપે રે.

બહેની રડે ચોધાર, ભાભારામ આવો રે,
મને દીધો બહુ ઉપદેશ, મિથ્યા ગયો માવો રે.

ગુરુજી વસમી વિદાય કેરી વાટ, મારગડો નહીં સૂઝે રે,
બાય ઝાલીને મહારાજ, સૂઝાવો તો સૂઝે રે.

પ્રગટ થઈને ગુરુદેવ, વદી રહ્યા વાણી રે,
તમે શીદને કરો છો સંતાપ, સિધાવો નિરવાણી રે.

ગુરુયે ઝાલ્યો સેવિકાનો હાથ, સાવધ થાવો બહેની રે,
કીકીબાઈ રહે કરજોડ, દેવાની વિદાયની કહેની રે.

દેવાથી જતાં હતાં ત્યારની મનસ્થિતિનું વર્ણન કરતી વખતે કીકીબાઈ ગદ્ગદિત બની ગયાં. તેમનાં નેત્રોમાંથી સતત અશ્રુધારા વહેવા લાગી. તે સમયે તેણીના વિરહ સંતાપ જાણી ભાભારામનું હૃદય દ્રવી ગયું, ત્વરાથી પ્રગટ તેઓએ કીકીબાઈને પોતાના હાથે ઉઠાડયાં અને જાણે કે માર્ગદર્શક બની કીકીબાઈને લઈ ધીમે ધીમે ચલાવવા લાગ્યા. તે સમયે સ્વસ્થ બનેલાં કીકીબાઈને ચિત્તની શુદ્ધિ આવી અને ગુરુજીને જોઈ પ્રેમાશ્રુયુક્ત ગદ્ગદ્ વાણીથી બોલવા લાગ્યાં;

દેવાથી વળાવો મહારાજ, વિદાય અમે થઈએ રે,
ચંપક વનની માંય, જઈને અમે રહીએ રે.

તમે કહેતા હતા ગુરુદેવ, નિરખો જેવું રૂપ રે,
તમે કરજો એ રૂપની પૂજાય, રિઝે ગુરુ ભૂપ રે.

ગુરુજી જ્યોતિ સ્વરૂપ થયા આપ, જ્યોતિ દર્શાયા રે,
તમો જ્યોતિ સ્વરૂપ ગુરુદેવ, ગુણલા ગાયા રે.

દેવાથી થઈને દૂર, ચંપકવનમાં જઈયે રે,
તમે ભક્તાધિન ભગવાન, જ્યોતિ રૂપ થઈયે રે.

જ્યોતિ રૂપે ગુરુદેવ, દેવામાં બિરાજે રે,
ચંપકવનમાં જ્યોતિ સ્વરૂપ, રહેજો મહારાજે રે.

પ્રગટ થયા છો આપો આપ, જ્યોતિ રૂપે સ્વામી રે,
કીકીબાઈ કહે ગુરુદેવ, પધારો અંતર્યામી રે.

'ગુરુદેવ ! આપ કહેતા હતા કે, જે સ્વરૂપે હું દર્શન આપીશ તે જ સ્વરૂપની તમે પૂજા કરજો. મહારાજ અમોને જ્યોતિ સ્વરૂપમાંથી જ આપે દર્શન આપ્યું હવે આપની આજ્ઞાનુસાર ચંપકવનમાં જવા માટે હું તૈયાર છું, પણ પ્રભુ ! આપ જે સ્વરૂપે અહીં બિરાજમાન છો તે જ જ્યોતિ સ્વરૂપે ચંપકવનમાં આપણા ધામમાં પણ બિરાજમાન થવું.' એવું બોલતાં કીકીબાઈ ગુરુદેવના ચરણે માથું નમાવી પ્રણામ કરવા લાગ્યાં અને ઊઠીને જુએ તો ગુરુદેવ અંતર્ધાન થયેલા જણાયા.

હવે તેણીના ચિત્તમાં ધૈર્ય આવ્યું હતું. ધીમે ધીમે ચંપકવનનો રસ્તો પકડી ત્યાં જઈ પહોંચ્યાં. તેને ચંપકવનની શોભા કંઈક અલગ જ જણાઈ. ચારે બાજુએ મંગલમય આનંદદાયક મધુરધ્વનિ, પશુ પક્ષીઓનાં મધુર કલરવનું ગુંજન તેને સંભળાવા લાગ્યાં. સંપૂર્ણ પૃથ્વી જાણે કે સુગંધ સૌંદર્યથી વિભૂષિત, નવ ચૈતન્યથી પૂર્ણ છે એવી દશ્યમાન થઈ. તે દિવ્ય આનંદનું વર્ણન તે એકપદમાં કરે છે;

ગુરુ આજ્ઞા શિર પર ધારીને, દેવાથી થયાં વિદાય,
આંખેથી આંસુડાં ભરતાં, મારગ હાલ્યાં જાય.

ભલે પધારો માતાજી તમે, કોયલડી કરે કિલકાર,
બપૈયા પિયુ પિયુ પોકારે, મોર કરે ટહુકાર.

મંગલ ગીતો ગુંજી રહ્યાને, વનમાં મચી રહ્યો શોર,
આનંદ ઊર્મિ ઉરમાં વ્યાપ્યો, નાદ થયો ઘનઘોર.

કીકીબાઈ તુમ નૈન બહાવે, હરિસે મિલન મંગલ ઘડી આય,
ચંપકવન જહાં ધ્યાન લગાવે, વહાં ભલે રહો સુખદાય.

વહાં હૈ તુમ્હારા ઋણ સુખ પૈ હો, તુમી સે કૈસે ન્યારે રહાય,
જૈસા રૂપ દેખન પાવે, વહાં ઐસા ધામ બનાય.

તાપ હૃદયના દૂર કરીને, આવ્યાં છે ફરીને કીકીબાઈ,
ચંપકવનમાં આવી વસીયાં, તપોભૂમિની છાઈ.

ગુરુજી મુજને આજ્ઞા દીધી, શિરસાવંદ્ય મેં તો કરી લીધી,
સ્થાન તમારું કયાં બનાવું, સૂઝતું નથી ગુરુરાજ.

ધ્યાન ધરી ગુરુદેવનું સૂતાં, સ્વપ્ન આપ્યું છે અવધૂત,
શીદને શોચ કરો કીકીબાઈ, સ્થાન બનાવો અહીં આય.

ગુરુજીયે સ્થાન બતાવ્યું, સુંદર ત્યાં મંદિર બનાય,
જ્યોતિ સ્વરૂપે પ્રગટ થઈને, આવી બિરાજ્યા અહીં આય.

પ્રગટ થઈને પધાર્યા સ્વામી, જ્યોતિ સ્વરૂપ આપે બહુનામી,
કીકીબાઈના કાજ સિધાર્યા, સદ્‌ગુરુ કૃપા નિધાની.

ગુરુજીએ સ્થાન દર્શાવ્યું તે સ્થળે થોડા જ દિવસો પછી મંદિર બંધાઈ ગયું. હવે તેના સંસ્થાપન વિધિનો સમય આવ્યો, તે સમયે કીકીબાઈ દીનતાથી ગુરુના ધ્યાન માટે બેસી પ્રાર્થના કરવા લાગ્યાં.

'ગુરુદેવ ! દેવામાં આપ જ્યોતિ સ્વરૂપે સ્થિત છો અને આપે આશ્વાસન આપ્યા મુજબ અહીં પણ આપને જ્યોતિ સ્વરૂપે પ્રગટ થવું પડશે. તે સમય હવે નિકટ આવી ગયો છે. અમ ભક્તોની મનોકામના પૂર્ણ કરો.' મંદિરમાં પૂજા વિધિનો મંગલ દિવસ આવ્યો. તે

દિવસ દીપકમાં દીવેટ વગેરે મૂકી સર્વ જણ ગુરુદેવના ધ્યાન ચિંતનમાં મગ્ન બની તેમના આગમનની રાહ જોવા લાગ્યાં.

ભાભારામ મહારાજ તો હાજર જ હતા. પોતાના ભક્તોની આ આર્તવાણી શ્રવણ કરતાંની સાથે જ તેઓ સ્વયં જ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા. આખું મંદિર તે ઉજ્જવલ પ્રકાશથી દીપવા લાગ્યું. સર્વ મંદિર પરિસર ઘંટનાદ, નગારાં, ઢોલ, મૃદંગના નાદથી ગુંજી રહ્યો. ગુરુદેવ ભાભારામ મહારાજ કી જય ! સાધ્વી કીકીબાઈ માતા કી જય ! સર્વ સદ્‌ભક્તોના જય ઘોષથી વાતાવરણ ભક્તિમય થઈ ગયું.

સાધ્વી કીકીબાઈનાં પ્રેમ, કરુણા અને ભક્તિથી સર્વ ભક્તજન પ્રભાવીત થયા હતા. તે બધાં સાધ્વી માતાજીને બધી રીતે જાણતા હતા. સંત ભાભારામ મહારાજ અને સાધ્વી કીકીબાઈનો અભેદ્ય, નિર્મળ, વિશુદ્ધ પ્રેમતંતુ બંધાઈ ગયો હતો. તેણીના મુખેથી જે વાણી નીકળતી તે સદ્‌ગુરુની કૃપાથી સર્વ રીતે પરિપૂર્ણ બનીને નીકળતી. ચંપકવનની તપોભૂમિ હવે તીર્થભૂમિ બની ગઈ હતી. દર્શનાર્થી કેટલીય આશા આકાંક્ષાઓ ઉરમાં રાખી આવતાં હતાં અને સાધ્વી કીકીબાઈના કૃપાશીર્વાદથી કૃતકૃત્ય બની પરમ ઉલ્હાસમય અંતઃકરણથી તે માતાજીના મહિમાનાં ગુણગાન કરતાં જતાં હતાં.

કારતક પૂનમ, વસંત પંચમી, ધૂળેટી, ગુડીપડવો, હનુમાન જયંતિ, અક્ષય તૃતીયા, ગુરુપૂર્ણિમા, જન્માષ્ટમી, ઋષિ પંચમી, વિજયા દશમી, શરદ પૂનમ અને દીપાવલીના દિવસોમાં ભંડારો ભરાતો. સાધુ-સંત, યોગી, અભ્યાગત, ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા થતી હતી. જ્યાં માતા અન્નપૂર્ણા દેવી સાક્ષાત્ આવી ઊભાં રહેતાં હોય ત્યાં પ્રસાદ ઘટી જવાની વાત કેમ હોય ? હજારો માનવી આવી તૃપ્ત બની જતાં હતાં.

ગુરુદેવ ભાભારામના મહાપ્રયાણ પછી બાર વર્ષ પર્યંત કીકીબાઈએ ઋણમાં ગુરુધામ ચલાવ્યું. અનેકાનેક સ્મરણમાં રહે એવા પ્રસંગો તેમના જીવનમાં આવ્યા. અનેક સત્પુરુષો, સંતો, યોગીઓ તેમને મળવા કે દર્શન માટે આવતા. સદ્‌ગુરુ મહારાજ પાસેથી પ્રાપ્ત થયેલા દિવ્ય અમૂલ્ય જ્ઞાન દ્વારા સત્સંગ કરી સર્વેને સંતોષ આપતાં હતાં. સંત સાધ્વી કીકીબાઈના મુખારવિંદમાંથી નીકળનારા જ્ઞાનામૃતનો અલભ્ય લાભ થયેલા ઘણા પ્રસંગો કવિ ગંગાસિંહ ગોહિલ અને શાયર બંસીલાલે કાવ્યમાં કથન કરેલા છે.

कीकीबाईके ऋणमे, सब कोई आवे लुभाई ।
भगिनी भाभारामकी, चरणा शिर झुकाई ।।

मेला के दिन आवते, होवे मंगलाकार ।
मेरामण उमटी रहे, करते जयजयकार ।।

कीकीबाई के धाममे, दर्शन के हित धाय ।
ऋषि पंचमी दिनको, महिमा लिखो नहीं जाय ।।

મેળાના દિવસે તો સર્વ વાતાવરણ તદ્દન મંગલમય બની જતું હતું. સર્વત્ર મંગળ આનંદ ઉલ્હાસ થઈ જતો હતો. ચારે બાજુથી દૂર દૂરના ગામોમાંથી આવી ભક્તજનોનો સમુહ ભેગો થઈ બધા લોકો આનંદથી ગુરુદેવ સંત ભાભારામનો, સાધ્વી કીકીબાઈનો જયજયકાર કરતા હતા. ઋષિપંચમીના દિવસે ખાસ હર્ષોલ્લાસ રહેતો હતો. તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. આ રીતે આંતઃબાહ્ય મંગલ આનંદ વ્યાપી જતો હતો પણ કીકીબાઈના હૃદયમાં જે ઉદાસીનતાની ગાઢ છાયા પ્રસરી રહેતી હતી, તે પોતાના ગુરુ ભાભારામના વિયોગથી ઘણાં જ વ્યથિત રહેતાં હતાં.

ગુરુજી ઉજળા દિવાળીના દન, કે હૈયે મારે હોળી બળે રે લોલ,
અમને તેડાવો તમ પાસ, દિલના દુઃખ ટળે રે લોલ.

દિવાળી જેવા આનંદના દિવસે પણ કીકીબાઈના હૃદયમાં વિયોગની દારુણ વ્યથા કાયમ રહેતી હતી. ઋષિપંચમીના દિવસે તો વિરહના વિયોગના સંતાપથી અશ્રુભીની આંખે તે સદ્‌ગુરુ મહારાજનાં ચરણ પાદુકા ભીંજવી નાખતાં. દરેક પ્રસંગે સંત ભાભારામને યાદ કરી તેમની આંખોમાંથી અશ્રુપ્રવાહ શરૂ થઈ જતો. વિ. સં. ૧૫૯૧ ના ઋષિપંચમીના દિવસે મંગલ સૂર્યોદયના સમયે તો વિરહાનલ તદ્દન અસહ્ય બની ગયો. તેઓ મંદિરમાં આવી અને ગુરુમહારાજને પ્રાર્થના કરતાં કહેવા લાગ્યાં :-

गुरुजी मे आवन चहु, मोहे बुलावो सांई ।
कीकीबाईके हियरा, अब तो धरत न धीर ।।

आ गई ऋषि पंचमी, मेरा गुरु हुवे विदाय ।
गुरुजी मोहे संग रखो, अब ना सहु जुदाय ।।

'હે ગુરુદેવ ! હવે મને આપની પાસે આવવું છે ! મને આપની પાસે બોલાવી લ્યો ! હવે મારા હૃદયમાં ધીરજ રાખી શકાતી નથી અને આપના આ મહાપ્રયાણના દિવસે જ મને બોલાવી આપની સાથે જ રાખી લો ! મને આપની પાસે જ આવવું છે ! હવે મારાથી આપનાથી અલગ રહી શકાતું નથી, તેથી હે ગુરુદેવ આ દાસી પર કરુણા કરો ! આ દાસીને આશરો આપો !' એવું બોલતાં બોલતાં કીકીબાઈ ખરેખર બેહોશ બની ગયાં, તેણીના હૃદયનો સંતાપ જાણી ગુરુદેવ ભાભારામ પણ દ્રવી ગયા. તેઓએ પોતાની પ્રાણ જ્યોતિ રૂપ બહેનને અગમ્ય વાણી સ્વરૂપે આશ્વાસન આપતાં કહ્યું;

आवन आवन मत करो, आवन को अब देर ।
आवन घडी जब आयेगी, तब मत लगेरी देर ॥

दस साल आनंदमे रहो, जपो हरि को नाम ।
ता पावे हरि धाम मे, कीकीबाई पाळो विराम ॥

'કીકીબાઈ ! ભાવનાવશ બની સંતાપ ન કર. મનને અંકુશમાં રાખ, તું જ્ઞાની છો, તું ભક્તિવાન છો, વિવેક રાખી શકે છે, ઈશ્વરની ઈચ્છા વગર કંઈ પણ થતું નથી. તને હજી દસ વરસ આ જગતના કલ્યાણ માટે જીવન પસાર કરવાનું છે, તેથી તું ચિંતા ન કર. ઈશ્વર કૃપા સ્વરૂપ તને આટલો સમય મળી રહ્યો છે ત્યારે આ અમૂલ્ય સમયનો સદુપયોગ કરી લે અને આનંદીત બની શાંત ચિત્તે શ્રી હરિનું સ્મરણ ચિંતન ધ્યાન કર. ભાવઘેલી ન બન, શાંત થા.' એવું કહી બ્રહ્મલીન ભાભારામે કીકીબાઈને શાંત કર્યાં. તેણીનું અંતઃકરણ સ્વસ્થ થયું. વ્યથા દૂર થઈ, હવે તે પોતાનો સમય આનંદમાં વ્યતીત કરી જનહિતના કામો કરવા લાગ્યાં. ગુરુદેવની વિરહ વ્યથા, તેમના ઉપદેશથી કાયમ માટે દૂર થઈ ગઈ. તેણીને અખંડ સુખની પ્રાપ્તિ થઈ. મહાસુખમાં દિવસો પસાર થવા લાગ્યા.

शोक संताप बिलाइया, सद्‌गुरुके उपदेश ।
कीकीबाई के हृदयसे, मिट गये सकल कलेश ॥

संत सेवा हरि भजनसे, निश दिन होत आनंद ।
कीकीबाईको दिन बीते, मानो महासुख कंद ॥

દસ વર્ષનો સમય હરણની દોડ જેમ પસાર થઈ ગયો. આ સમયમાં ઘણા સત્સંગના

પ્રસંગો થતા હતા. સંત શ્રી ભાભારામનો પરમ શિષ્ય મુક્તિરામ, સંત શ્રી નાયાજીનો પરમભક્ત ગંગાસિંહ ગોહિલ, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના પરમ શિષ્ય શાણાજી મહારાજ, આ બધાનું મંગલ મિલન થોડા થોડા દિવસે ચંપકવન (ઋણ)માં થતું હતું. તે સર્વને કીકીબાઈ યથાશક્તિ સમજાવી પરમ યોગ જ્ઞાનનો ઉપદેશ કરી સત્‌પંથધર્મનું માર્ગદર્શન કરતાં. મુશ્કેલીના સમયે સાધ્વી કીકીબાઈ તેમને સહાય પણ કરતાં હતાં.

बारा बरस बीत गये, ऋण मे रहे सुखधाम ।
कीकीबाई गुरु चरणमे, अब तो दियो विश्राम ॥

व्यथा पुरानी फिर जगे, उरमे छाय उच्याट ।
छीन मे वे दिन आ गये, लगे हरि का हाट ॥

દેવાથી ઋણમાં આવીને બાર વરસ પૂરાં થયાં હતાં. હૃદયની જે વિરહ વ્યથા હતી તે હવે શાંત બની ગઈ હતી, પણ નિયુક્ત સમય આવતાંની સાથે જ કીકીબાઈના હૃદયની જૂની વેદના જાગૃત થઈ, સામેનો કિનારો - હરિનો ઘાટ આવ્યો અને ઋષિપંચમીનો દિવસ પણ આવી ગયો.

सेवा किय गुरु देवकी, मानो हुवेरी भोर ।
गुरुदेव मै आवन चहु, विनंती सुनोरी मोर ॥

भाभाराम गुरु चरण मे, भोर ही निंद भर सोई ।
कीकीबाई की यो गति, देखत जनता रोई ॥

સૂર્યોદય પહેલાં એક પ્રહર રાત્રી હોય ત્યારે એટલે કે બ્રહ્મમુહૂર્તમાં ઊઠી સ્નાનાદિ કર્મોથી પરવારી કીકીબાઈ સેવા પૂજા કરવા તત્પર થતાં હતાં. પોતાના આ નિત્ય નિયમાનુસાર આજે પણ કીકીબાઈ પ્રાતઃકાળે ઊઠી ખટકર્મથી નિવૃત્ત બની ગુરુદેવના ધામમાં જઈ સેવા કરવા લાગ્યાં, સેવા કરતાં કરતાં દીનતાથી યાચના કરવા લાગ્યાં.

હે ગુરુદેવ ! હવે તો સમય પૂરો થયો ! હવે અહીં રહેવાની ઈચ્છા નથી ! મને આપના પાવન ચરણે સ્થાન આપો ! અત્યાર સુધી મારાથી આપ અલગ રહ્યા નથી ! મને આપેલા વચન પ્રમાણે અનેક વખત દર્શન આપ્યાં છે ! મારા બધા જ મનોરથો આપે પૂરા કર્યા ! હવે મારી અંતિમ યાચના છે કે મને આપના ચરણકમલમાં પૂર્ણ વિરામ આપો ! મને આપના

સાનિધ્યમાં સ્થાન આપો !' એવી હૃદયના પૂર્ણ ભાવથી પ્રાર્થના કરતાં કરતાં સંત ચરણે પ્રણામ કરતાં કરતાં સદાયને માટે નમી રહ્યાં.

સુવર્ણમય સૂર્યોદય થયો. લોકો સંત ધામમાં દર્શન માટે આવવા લાગ્યાં. જોયું તો સંત ભાભારામના ચરણોમાં દંડવત્ પ્રણામ કરતાં નમેલાં કીકીબાઈ હતાં. તેઓએ કીકીબાઈને જગાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ સંત ચરણે તેણીએ ખરેખર આખરનો પૂર્ણ વિરામ લીધો હતો ! હવે તેને કોઈ જગાડી શકે તેમ નહોતું ! સંત ભાભારામના અનન્ય અનુરાગી ભક્તિમયી કીકીબાઈનું તે અંતિમ દૃશ્ય જોઈ ભાવિક હરિભક્તોની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગ્યાં. કીકીબાઈએ ખરેખર આલોકમાંથી દિવ્ય લોક પ્રતિ મહાપ્રયાણ કર્યું હતું.

भाभाराम गुरु देवकी, सेवा किन्ही सुखधाम ।
कीकीबाईको पाईया, संत चरण विश्राम ।।

संवत सोलहसो एकमे, ऋषिपंचमी बखान ।
गुरुदेवके विरहमे किये, कीकीबाई गवान ।।

જીવનમાં અનેક વર્ષ પર્યંત સંત ભાભારામની જેમને પ્રાણાર્પણ ભાવથી સેવા કરી હતી, તે કીકીબાઈએ આખરે સંત ભાભારામના ચરણ કમળમાં અંતિમ પૂર્ણ વિરામ કર્યો. વિ. સં. ૧૬૦૧ ના ભાદ્રપદ સુદ-પાંચમ એટલે ઋષિપંચમીના જ દિવસે મંગલ પ્રભાતે તેણીએ આલોકમાંથી અંતિમ પ્રયાણ કર્યું.

ऋषिपंचमी गुरुदेवजी, हो गये अंतर्धान ।
मंगल दिन सोही भोरको, किये कीकीबाई गवान ।।

जनता रोवत आई री, कीकीबाई महाभाग ।
प्रयाण पंचम को, किये धन्य तेरो अनुराग ।।


'કીકીબાઈએ મહાપ્રયાણ કર્યું !'


'ગુરુ સ્વરૂપમાં કીકીબાઈનો આત્મા પરમ વિરામ પામ્યો !'

આ ઘટના વાયુવેગે આસપાસનાં ગામોમાં ફેલાઈ ગઈ. આખું દેવા ગામ ચંપકવન (ઋણ)માં દર્શન કરવા આવવા લાગ્યું. અન્ય ગામોગામના લોકોનો અગણિત સમુદાય આવ્યો. કીકીબાઈનું અંતિમ દર્શન કરી તેમના ચરણે વંદન કરતે સમયે લોકોની આંખો ભીની થઈ જતી

હતી. દરેકના મુખમાંથી એક જ શબ્દ નીકળતો કે, 'ગુરુદેવ સંત ભાભારામ ઋષિપંચમીના દિવસે અંતર્ધાન પામ્યા અને સાધ્વી કીકીબાઈએ પણ ઋષિપંચમીના દિવસે જ અંતિમ પ્રયાણ કર્યું.' ગુરુ અને પરમ અનુરાગ ધરાવતી શિષ્યાનો એક જ દિવસ અંતિમ યોગ બની ગયો. ધન્ય છે કીકીબાઈનો ગુરુ પ્રતિ અનન્ય અનુરાગ !! ધન્ય છે કીકીબાઈની ભક્તિને !! ધન્ય છે કીકીબાઈની સેવાને !!

धन्य धन्य कीकीबाईको, धन्य तेरो अनुराग ।
भाभाराम गुरुचरणमे, अंत सोई महाभाग ।।





૬.

સંત શ્રી શાણાજી મહારાજ

સત્‌પંથના સંત મંડળમાંના સંત શાણાજી મહારાજ એક સદ્‌ભક્ત હતા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના જ્ઞાનોપદેશથી પ્રભાવિત થઈ શાણાજી બાળપણથી તેમના સેવાકાર્યમાં સમાવિષ્ટ થયા હતા. ગુજરાતમાંના લેઉવા પાટીદાર જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો. બાળપણથી જ ધાર્મિક સંસ્કાર તેમનામાં કેળવાયેલા હોવાથી તારુણ્ય અવસ્થામાં પદાર્પણ કરતાંની સાથે જ સાંસારિક જીવનથી વિન્મુખ બની તેઓએ પોતાનું સર્વ જીવન સંત મહાત્મા સત્‌પુરુષોની સેવામાં જ વિતાવ્યું હતું. સંસાર સુખ ખારું છે એવું જાણી અને સંત પુરુષોના મુખારવિંદથી નીકળતા જ્ઞાનામૃતનું પાન કરી તેને જગતની અસારતાનું જ્ઞાન થયું હતું. તેના ચિત્તમાં વૈરાગ્યના વિચારો જાગૃત થયા હતા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના નિત્ય સાન્નિધ્યથી અને તેમના અનુગ્રહથી તેમને ઈશ્વર સ્વરૂપના ધ્યાન સ્વરૂપ-સ્મરણ ચિંતનનું જ્ઞાન થયું હોવાથી આત્મસાક્ષાત્કાર થયો હતો. સંત ભાભારામ, સંત નાયાજી, સાધ્વી કીકીબાઈ એમના સાન્નિધ્યમાં આવ્યા બાદ તો તે નર રત્ન ભક્તિ-જ્ઞાનમાં વિશેષ તેજસ્વી બન્યા હતા. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જ્યારે ધ્યાનાવસ્થામાંથી મુક્ત થતા ત્યારબાદના સમયમાં તેમના પરમ સેવક હાજરવીર અને સંત શાણાજીની વારંવાર જ્ઞાન ચર્ચા થતી હતી.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સંપર્કમાં આવ્યા બાદ નાયા લૂંટારામાં થયેલું પરિવર્તન અને તેમને થયેલું યોગજ્ઞાન, એનો પ્રભાવ શાણાજી પર થયો હતો. એ જ કારણે

સદ્દગુરુનો પ્રભાવ પણ તેવો જાણતા હતા. સદ્દગુરુ એ પારસમણી નહીં પરંતુ મહાતત્ત્વ ચિંતામણી હોય છે. પારસમણી તો ફક્ત લોખંડનું સુવર્ણ બનાવી શકે પણ ચિંતામણી તો દરેક વસ્તુને પારસમણીનું સ્વરૂપ આપે છે. સદ્દગુરુના સાન્નિધ્યમાં આવેલા દરેકને તેઓએ આત્મતત્ત્વના સાક્ષાત્કારી બનાવ્યા હતા. થોડા થોડા દિવસોના અંતરે એ સર્વે યોગીઓનું અલગ અલગ સ્થળે મિલન, સત્સંગ, જ્ઞાન ચર્ચાઓ થતી હતી. તે દરેક વખતે સદ્દભક્ત શાણાજી મહારાજ સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજની સાથે રહેતા હતા.

એક વખત કુકસ ધામમાં સંત નાયાજીના આશ્રમમાં સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો નિવાસ હતો. તેમની સાથે હાજરવીર અને શાણાજી પણ હતા અને સંજોગવશાત્ સંત ભાભારામ અને સાધ્વી કીકીબાઈ પણ ત્યાં આવી મળ્યાં.

सद्‌गुरुकी संगमे, शाणाजी आये तेही ठाम ।
भाभारामको देख ते, हियरा पहूँचे हाम ।।

सद्‌गुरु साहेबके चरणमे, बैठे शिर झुकाई ।
साहिबको भली भात से, दिलकी गति सुनाई ।।

સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજની સાથે તેમના શિષ્ય શાણાજીને જોઈ સંત ભાભારામને અપાર આનંદ થયો. તેઓ બોલ્યા : 'શાણાજી, તમને મળવા માટે હૃદયથી ખૂબ જ ઈચ્છા થતી હતી. સંત નાયાજી સાથે તો ઘણા વખત મળવાનો યોગ આવ્યો, તેમજ સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજને પણ મળવાનો યોગ આવ્યો, પરંતુ તમને મળી શકાયું નહોતું. ત્યારે આજે અનાયાસે આ સંજોગ આવ્યો છે.

आज अचानक मिल गये, हियरा हुवा मगन ।
शाणाजी तोहे धन्य है, गुरुसे लागी लगन ।।

भाभाराम गुरुदेवकी, गति न जाने कोई ।
जेही गुरुका बनी रहे, सोही गुरुका होई ।।

'શાણાજી ! આપે સદ્દગુરુ સાથે અનન્ય પ્રીત જોડેલી છે. એવી પ્રેમ લગની લગાડનાર તમને ધન્ય છે.'

શાણાજી બોલ્યા; 'ભાભારામ ! સદ્‌ગુરુની ગતિ સમજી શકાય નહીં પરંતુ સદ્‌ગુરુનો થઈને રહે છે તે જ સદ્‌ગુરુને જાણી શકે છે.

योगी होकर आइया, भाभा परहितकार ।
मै तो सद्‌गुरु चरणमे, बैठ रह हूं निरधार ।।

गुरु बिन मेरा कोई नहीं, सोही बडे दातार ।
नैया बहे मझधारमे, साहिब खेवनहार ।।

ભાભારામ ! આપ તો યોગી પુરુષ છો. જનહિત માટે આપે અવતાર ધારણ કરેલો છે. હું તો કેવળ એક સદ્‌ગુરુના ચરણારવિંદે શાંત ચિત્તે બેસી રહેનારો અલ્પજ્ઞાની જીવાત્મા છું. મારા જેવા પામર જીવાત્માનો સદ્‌ગુરુ સિવાય કોઈ ઉદ્ધાર કરી શકે નહીં. આ વિકટ ભવસાગરમાંથી મારી જીવન નૌકા પાર લઈ જનાર સદ્‌ગુરુ સિવાય અન્ય કોઈ નથી.

गुरुको कबहु ना भूलो, गुरुसे बडा न कोई ।
शाणाजी साची कहे, गुरु करे सो होई ।।

मेरे गुरु इमामको, मैने पेख लिहा साहिब ।
सोही समर्थ सांईया, पहूँचा वही भव तीर ।।

તેથી જ કહું છું સત્ય સદ્‌ગુરુને ક્યારેય ભૂલશો નહીં. તેમના સિવાય કોઈ મહાન નથી, તે જે કરે છે તે જ બને છે. તેમને મેં સદ્‌ગુરુ રૂપે જાણેલા છે. તેઓએ જ મારા હૃદયની માયા-મોહરૂપી પીડા મટાડી છે અને તેઓ જ મને આ ભવસાગરમાંથી પાર લઈ જશે, તેથી મેં મારા ચિત્તમાં નિર્ધાર કરેલો છે કે સદ્‌ગુરુના નામ સિવાય બીજું કોઈ તત્ત્વ નથી અને બીજું કોઈ ગ્રાહ્ય પણ નથી. એ જ મને આત્મબોધ થયો છે.

पतित पावन सांईया, मोरे गुरु इमाम ।
शाणाजी मत भूलीयो, सद्‌गुरुको नाम ।।

सत्संग सद्‌गुरु साहेबका, सारी रेन बिताय ।
भोर ही शिर झुकायके, योगी हुवे विदाय ।।

સંત નાયાજીના ધામમાં આખી રાત સત્સંગ, ભજન, પૂજન અને જ્ઞાનચર્ચાઓ થઈ, યોગીશ્વર સંત ભાભારામ અને મહાસાધ્વી કીકીબાઈએ સવાર થતાં જ સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજને પ્રણામ નમસ્કાર કરી પોતાના સ્થાનક પ્રતિ પ્રયાણ કર્યું. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ પણ તેમના પરમ સેવક હાજરવીર અને શાણાજીને લઈ પોતાના ધામ તરફ ગયા.

सद्गुरु इमामशाह, किये अंतर्धान विचार ।
सेवक सबही हाजर हुवे, सांयाजीका पाया दीदार ॥

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જ્યારે અંતર્ધાન થવાનો વિચાર કરવા લાગ્યા ત્યારે તેમના આંતરિક નજીકના શિષ્યો અને સ્નેહીઓને સંદેશો મોકલ્યો. તે સમયે કુકસથી સંત નાયાજી મહારાજ સદ્ગુરુના ધામ પર આવી પહોંચ્યા. પ્રાતઃવંદનીય સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના જીવનમાં ઘણી ચમત્કારીક ઘટનાઓ બની હતી. તેઓએ પીરાણામાં પોતાનું સ્થાન બનાવ્યું હતું. નાયાજીને સાથે બેસાડી તેઓએ કહ્યું :

हम तो चोहसठ साल रहेरी, तुमी शतदस साल जियो ।
सद्गुरुकी बानी ज्ञान उपदेश, अमीरस पान कियो ॥

'નાયાજી ! હું તો કેવળ ૬૪ (ચોસઠ) વરસ જ આ દુનિયામાં રહીશ પણ તમને ૧૧૦ (એકસો દસ) વરસ અહીં રહી જગતની સેવા કરવી છે. સદ્ધર્મનો ઉપદેશ અને જ્ઞાનામૃતનું પાન કરાવવાનું છે. જનતાનું સદૈવ કલ્યાણ કરવાનું છે !' સદ્ગુરુએ ઉપદેશની અંતિમવાણી કથન કરી શુભાશીર્વાદ આપ્યો.

સર્વ ભક્તગણની સમક્ષ પોતાના ધામના ઉત્તરાધિકારી તરીકે શાણાજીને નિયુક્તિ કરી પોતાના હાથે તેમને ગાદી પર બેસાડયા. સર્વ વહીવટ તેમને સ્વાધીન કરી પોતે નિવૃત્ત થયા અને પછી તેઓએ સમાધિ લીધી.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે હિંદુને જ પોતાના વારસ તરીકે સર્વાધિકારી બનાવ્યા. સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે તેમના વતનમાં લીધેલી પ્રતિજ્ઞાને અંતિમ સમય સુધી યથાર્થપણે જાળવી રાખી હતી.

मूलस्थानीके बेनका, जख्म लगे ता दिन ।
हिंदवाको उपदेश दूं, मोमीन न मेरा समाज ॥

हिंदवा मेरा बनी रहे, मे हिंदवाका होई ।
मुलतानी तुम सुन लो, हिंदवा हम संगी होई ॥

❊ ❊ ❊

वंदु हुँ गुरु इमामको, नाद पे गये बलिहार ।
धन्य साध बखानिये, नाद से करे प्यार ॥

નાદ-શિષ્ય અને બુંદ-પુત્ર. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે પોતાના પાલક વંશજોને અથવા પાલક કુળના કોઈને પણ ગાદીના અધિકારી ન બનાવી પોતાના શિષ્યને ગાદી અર્પણ કરી. સર્વત્ર તેમનો જયજયકાર થયો અને ધન્ય માનવા લાગ્યા. સદ્‌ગુરુએ પોતાના વચનનું પાલન કર્યુ અને શાણાજીને અધિકારી બનાવ્યા, તેથી વિરોધીઓએ બહુ જ વિરોધ ઉપસ્થિત કર્યો, શાણાજીના હૃદયમાં ખરેખર ખેદ થયો.

साहिब मोहे क्यो दिये, आपने धाम अधिकार ।
तुम बीन यहां कैसे रहुं, डूब गये मझधार ॥

विरोधीयोंके दिलमे लगे, मानो विष कटयार ।
शिष्य नादको गद्दी मिली, यही वो हक्क हमार ॥

ગુરુ મહારાજ આપે મને આપના ધામના અધિકારી કેમ બનાવ્યા ? જે લોકો અધિકારની માગણી કરી રહ્યા છે, તેમને આ સ્થાનનો અધિકાર સોંપી દો. મને પામરને આ અધિકારની કોઈ જ જરૂર નથી.

उनका भाग वापस कियो, मै हुं तुम्हारा दास ।
दिन भर सेवा आपकी, रैन जपै आराम ॥

सेवकको गद्दी कहां, मे ना चहु अधिकार ।
जो चाहे इनको दियो, मुझे तो तुमी से प्यार ॥

ગુરુદેવ ! હું તો આપનો સેવક છું ! દાસ છું ! મને તો ફક્ત આપની સેવા કરવા સાથે કામ છે ! દિવસ રાત આપની સેવા સિવાય અન્ય કંઈ જોઈતું નથી ! આપે તો મને જણાવ્યું છે કે ધન, દૌલત, સંપત્તિ, વૈભવ, માન એ તો સર્વ ઈશ્વરભક્તિથી પરાવૃત્ત કરનારા છે. મને ખરેખર આ કોઈની જરૂર નથી ! જીવનપર્યંત કેવળ આપની સેવા જ આ દાસ દ્વારા થાય એ જ અપેક્ષા છે. સદ્‌ગુરુદેવ ! મને આ ઉપાધિમાંથી છોડાવો. સદ્‌ગુરુનાથ ! મારા પર કરુણા કરો અને આ અધિકાર મારી પાસેથી લઈ લો અને શાંત ચિત્તે આપની સ્મરણ સેવા મને કરવા દો !

सद्‌गुरु मोपे करुणा करो, ले लो अपना अधिकार ।
शाणाको शान्ति मिले, करै स्मरण सेवा सार ॥

शाणाको नैन बहावते, बैठे गुरुकी पास ।
सद्‌गुरु मोरे दयानिधि, मै हुं तुम्हारा दास ॥

बरखो नैन बहावते, हो गई आधी रेन ।
सद्‌गुरु वानी उचरे, सुनो शाणाजी वेण ॥

गुरु आज्ञा पालन करो, तुमी हो गुरुके दास ।
शाणा क्यो दिलमे डरै, मै हुं तिहारी पास ॥

દુઃખ અને શોકથી વ્યાકુળ બનેલા શાણાજી એક રાત્રે સદ્‌ગુરુની સમાધિ પાસે બેસી આંખોથી અશ્રુ વહાવતા પોતાના હૃદયની વ્યથા કહેવા લાગ્યા. આજે તેનું મન બહુ જ ખિન્ન બની ગયું હતું. અર્ધરાત્રી પસાર થઈ હોવા છતાં તેમનો કરુણ પશ્ચાતાપ ચાલુ જ હતો. અચાનક તેને સદ્‌ગુરુશ્રીની અગમ્ય વાણી સંભળાવવા લાગી. 'શાણાજી ! તું કેમ ગભરાય છે ? સતત સર્વ સમયે હું તારી પાસે જ છું. ચિંતા ન કર. તારા પર જે જવાબદારી સોંપી છે તે જ તું પૂર્ણ કર !'

शाणा शोच बिचारके, तुम्हे अपना बनाई ।
अब तो मेरा बनी रहो, कैसे चहो जुदाई ॥

शाणा कीसीसे मत डरो, शिर सद्‌गुरु को हाथ ।
तुम्हे अकेला क्यो रखे, मै हुं सदा संगाथ ॥

सद्‌गुरु की वानी सुनी, शाणा बने निश्चित ।
ता दिन शोक विलाइया, गुरु वचन धरे चित ॥

સદ્‌ગુરુના આશ્વાસનના શબ્દો પર વિશ્વાસ મૂકી શાણાજી શાંતિથી દિવસ પસાર કરવા લાગ્યા. પરંતુ વિરોધીઓના ચિત્તમાં ચેન ક્યાંથી હોય. એક દિવસે રાત્રે શાણાજીને મારવા માટે તેઓ દોડતા આવ્યા પણ સદ્‌ગુરુએ શાણાજીને અભય વચન આપ્યા મુજબ તેમનું રક્ષણ કર્યુ.

एक दिन आधी रेनको, लोगन आये धाय ।
'मारो मारो' सब कहे, बहुरी शोर मचाय ।।

शाणाजी गुरु देवको, ता दिन किये पुकार ।
सद्‌गुरु मोहे वचन दिये, प्रभु अब तो लिजे उबार ।।

आरत वानी सुनी के, आप घोडे असवार ।
मार मार भगाइया, जूठे लोग तेही ठार ।।

ता दिन जूठे लोगके, मिट गये उतपात ।
शाणाजी गुरु धामकी, सेवा करे भली भात ।।

વિરોધ કરનારા લોકોએ ગાદીના અધિકાર માટે બળવો કર્યો હતો અને તે માટે શાણાજીને ડરાવતા હતા. તેમને સદ્‌ગુરુએ એવી કંઈક સમજણ આપી કે પછી ક્યારેય તેઓ શાણાજી તરફ ગયા જ નહીં.

ગુરુબંધુ સંત નાયાજી મહારાજ પ્રત્યે સંત શાણાજી મહારાજને અપાર પ્રેમ હતો. તેથી ઘણી વખત તેવો કુકસના ધામ પર જઈ સંત નાયાજીને પોતાના હૃદયની ગૂઢ વાતો કરતા હતા.

नायाजी कैसे कहुं, मोरे सद्‌गुरु का हेत ।
बहुरी बिधन बिदारते, संग हो संग रहेत ।।

सद्‌गुरुको बुझे बीना, हम ही बडे अज्ञान ।
नायाजी गुरुदेवको, लिखे कृपानिधान ।।

ता दिन द्वन्द्व बिलाइया, कोउ शके नहि मार ।
भूंडे लोग भगा दिये, आये उबारनहार ।।

શાણાજીએ સદ્‌ગુરુનાં યશોગાન કરી પોતાનું હૃદય હળવું કરી પોતાના અનુભવો

કહ્યા. તેવી રીતે સંત નાયાજી મહારાજે પણ સદ્ગુરુના અનેક પ્રેરક પ્રસંગોનું વર્ણન કરી શાણાજીને કહ્યા.

शाणाजी सोही पिवको, पेखत उपने ज्ञान ।
बडो महिमा गुरुदेवको, कैसे बुझे अजान ।।

मोहे अधम लूंटेरेको, साया बना दिये संत ।
शाणा सद्‌गुरु देवको, महातम बडो अनंत ।।

बेर बेर चेताइया, माहे सद्‌गुरु सांई ।
आफतमे अलगा नहीं, भांगे हमारी भीर ।।

સંત નાયાજીના સાથે સત્સંગમાં બેસી હળવા હૃદયે વાતો કરવાથી શાણાજીનું હૃદય શાંત બની જતું. ગુરુબંધુના મિલનનું ખેંચાણ થતું ત્યારે તેવો કુકસના સંતધામ પર જતા. આ રીતે જ સંત નાયાજી પણ શાણાજીને મળવા માટે ગુરુદ્વારે પીરાણામાં આવતા હતા. તેમાં તેમનો બમણો હેતું સફળ થતો. એક તો શાણાજીનું મિલન અને બીજુ ગુરુમૂર્તિ જ્યોતિ સ્વરૂપ અને સમાધિ સ્થાનનું દર્શન થતું.

चलो सखी वहां जाइये, बसे ब्रीजराज ।
गोरस बेचत हरि मिले, एक पंथ दो काज ।।

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે સમાધિ લીધા બાદ તેમના પરમ ભક્ત સંત નાયાજી મહારાજ અને સંત ભાભારામે પણ સમયાંતરે સમાધિ લીધી. સદ્ભક્ત હાજરવીર પણ અંતર્ધાન બન્યા હતા. એવા સમયે તેમના પરમ પાવક ચરિત્રની યાદ ને તાજી કરી સંત શાણાજી એકાગ્ર ચિત્તે સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના સમાધિ સ્થાનમાં બેસતા હતા. અનંત યાદોના પ્રવાહમાં તે ભૂતકાળમાં સરી પડતા. મધ્યરાત્રી વીતી જતી તો પણ તેમને ભાન રહેતું ન હતું. ક્યારેક ક્યારેક સદ્ગુરુ મહારાજની અંતઃપ્રેરણાથી તેમને આત્મજ્ઞાનનું સ્ફુરણ થતું તો ક્યારેક ક્યારેક તેમની વિરહવ્યથામાંથી જાગૃત બની રાત દિવસ તેમનું જ સ્મરણ રહ્યા કરતું. એવા પ્રકારે દિવસ વ્યતીત થતા હતા. હવે ફક્ત પોતાનું મન હળવું કરવા માટે એક જ સ્થાન હતું તે સાધ્વી કીકીબાઈનું ઋણ. વચ્ચે વચ્ચે ત્યાં જઈને મહાવિદુષી પાસે જ્ઞાનચર્ચા, સત્સંગ કરતા હતા. કીકીબાઈના વિચાર અને માર્ગદર્શન સાંભળી લેતા. એક વખત સાધ્વી

કીકીબાઈ પાસે તેઓએ એક પાવન પ્રસંગનું વર્ણન કરી કહ્યો;

तीनो पीराणा बैठिया, जलवा दिखावत कौन ।
जंगाशाह येही चहे, फिर नहीं आवा गौन ।।


એક દિવસે રાત્રીના સમયે ઊંઘ આવતી ન હતી તેથી ઊઠીને બહાર ચોકમાં આવ્યો. જોયું તો સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ, સંત ભાભારામ મહારાજ, સદ્‌ભક્ત નાયાજી મહારાજ આ ત્રણે મહાપુરુષો એકત્ર બેસી સત્સંગ કરતા હતા. નજીકમાં જ તેમના પરમ સેવક હાજરવીર મહારાજ પણ બેઠેલા જોયા. હું પણ તેમની પાસે થોડા અંતર પર ધીમેથી જઈ બેઠો. તે જ્ઞાન ચર્ચા અત્યંત ગૂઢ, અગમ્ય અને આનંદમય હતી. એવા તે મંગલ સમયે કોણ જાણે ક્યાંથી અને કેવી રીતે જંગાશાહ નામનો એક ફકીર ત્યાં આવ્યો તે સમજવામાં પણ ન આવ્યું. પછી તે ત્રણેય મહાપુરુષો પાસે જઈ નમીને પ્રણામ કરી બોલ્યો; 'આજે ત્રણે પીરાણામાં એકત્ર આવી બેઠા છો પણ તમારા ત્રણેમાં પોતાનો પ્રભાવ કોણ દર્શાવે છે તે જોવું છે. સાંઈને કેવળ એક જ આશા છે અને તે એ કે વારંવાર નશ્વર જગતમાં આવવું જવું ન બને તે જ છે. આવાગમનનો ફેરો મટી જવો જોઈએ એ જ મારી યાચના છે.' એવું બોલી ફકીર શાંત ચિત્તે ત્યાં ઊભો રહ્યો.

જંગાશાહ ફકીર હતો પણ હિંદુ સંત સાધુઓમાં બહુ ફરેલો હોવાથી તે આવાગમનની વાતો કરતો હતો. પોતાની પ્રતિજ્ઞા મુજબ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ તેમને કંઈ કહી શકતા ન હતા. છતાં પણ એ સમયે તેઓએ પોતાનો હાથ લાંબો કરી તેને એક માળા આપી. ત્યાર પછી નાયાજીએ તેને નજદીક બેસાડી તેના કાનમાં મહામંત્રનો ઉપદેશ કર્યો અને ભાભારામે તેના શિર પર પોતાનો વરદહસ્ત મૂક્યો. પછી જંગાશાહ ત્યાં જ માળા જપતો શાંત ચિત્તે બેઠો.

રાત્રીના ત્રણ પ્રહર પછી તે ત્રણે દિવ્ય મહાપુરુષો હાજરવીર મહારાજ સાથે અંતર્ધાન પામ્યા. સવારે જોયું તો જંગાશાહ એકલો જ ધ્યાનસ્થ બેઠેલો જોયો. સાત દિવસ પર્યંત તે એ જ ધ્યાનાવસ્થામાં ત્યાં જ બેઠો હતો. આઠમા દિવસે ધ્યાનમાંથી જાગૃત થઈ આસન પરથી ઊઠી ઊભો રહ્યો અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની સમાધિ સ્થાનમાં જઈ દીનતાથી પ્રણામ કરી બોલ્યો; 'મહારાજ, આપે ખરેખર જ મને આ ભવાટવીના ભવસાગરમાંથી ભટકતો બચાવ્યો

છે. હવે મને રજા આપો.' એવું બોલી નમ્રતાથી તે ત્યાંથી જવા નીકળ્યો. તત્પશ્ચાત જંગાશાહને ક્યારેય અને કોઈ પણ જગ્યાએ ફરતો કોઈએ જોયો નહોતો.

એવો પાવન પ્રસંગ કહી સંત શાણાજી ઋણથી કીકીબાઈના ચરણાવિંદે નમન કરી



સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ, સંત ભાભારામ, સંત નાયાજીના નિર્વાણાનંતર (બ્રહ્મલીન) થયા પછી પીરાણામાં તેમનો અદ્ભુત વાર્તાલાપ નજરોનજર નિહાળી રહેલ સંત શાણાકાકા મહારાજ

ત્યાંથી રવાના થયા અને પીરાણાના માર્ગ પ્રતિ પ્રયાણ કર્યું.

एक दिन दिखे भंडारमे, खूट गयेरी अनाज ।
शाणा रेन सुमिरन करे, रखो गुरुजी लाज ॥

भोर ही पोठ ले आईया, साद करे बनजार ।
शाणाजीके नामसे, पोठ भेजी यही ठार ॥

बुंदेल खंड से आइया, कंथड मेरा नाम ।
पौठ उतारके दिजीये, अब तो मोहे आराम ॥

अपनी पोठ उतारके, कंथड मागे विदाय ।
बनझारा मोरा भाइया, रहो आज के दिन यहांय ॥

कंथड यहां कैसे रहे, जाना है दूर दूर ।
शाणा मेरा जुहार है, आगे मिलै हो जरूर ॥

बनजाराके वेणसे, शाणा अचरज पाय ।
नैनसे मिले नैनवा, गुरु मूरत दरशाय ॥

शाणा धाये दोडके, चरणा शिर झूकाय ।
कंथड कहा बनजार, कहा काहु देख न पाय ॥

भंडार भरके चले गये, दानी गुरु दयाल ।
शाणाजी को सद्‌गुरु, सचमुच किये निहाल ॥

नाथ मेरा बनी रहे, मोसे रहे न दूर ।
जब चाहु दिदार की, साहिब हाल हजूर ॥

સદ્‌ગુરુ મહારાજે આશ્વાસન આપ્યા મુજબ વચ્ચે વચ્ચે ઘણી વખત ગમે તે રૂપથી આવી તેઓ શાણાજીને માર્ગદર્શન આપતા હતા, અને પોતાના પરમાર્થ માર્ગ પર સુદૃઢ કરતા હતા. સમર્થ સદ્‌ગુરુનો વરદ્‌હસ્ત તેમના શિર પર હોવાથી કોઈ પણ વિરોધી શક્તિ તેમનો

વાળ પણ વાંકો કરી શકતી ન હતી. તેમ છતાં વિરોધી લોકોના મનમાં જે લાલસા હતી તે પૂરી કરવા માટે તેઓએ અમદાવાદના સુલતાન પાસે ઊંધુ-ચત્તું સમજાવી હિંદુ અધિકારી - ગાદીપતિ સંત શાણાજીને સતાવવા પ્રપંચ કર્યો અને તેમના કહેવાથી સુલતાને તેમની કસોટી પણ કરી.

शाणा वे दिनको लिखे, रुठ गये पादशाह ।
हिंदवाको ले आईयो, बहुरी सिपैया धाय ।।

शाणाजीको पकडने, आय खडे गुरु धाम ।
कांहु देख न पाईया, सिपैया तेही ठाम ।।

ता दिन सिपैया चल गये, लौटके आये दुबार ।
दिन पंच ऐसी बनी, शाणा न दिखे लगार ।।

लोगनको नैना दिखे, आसन बिराजे आप ।
सिपैयाको दिखे नहीं, उरमे जगे संताप ।।

सिपैया कहे सुनीयो हजूर, बडी ताजुबकी बात ।
शाणाजीको सब ही देखे, हमको नहीं देखात ।।

पादशाह अचरज हो गये, हम ही देखेंगे आज ।
शाणाजी वो कौन है, कैसे है हिंदवा महाराज ।।

पादशाह आये गुरु धामसे, आप घोडे असवार ।
आगे कदम नहीं बढ शके, द्वार खडे तोखार ।।

पैदल चलके आईया, पादशाही गुरु धाम ।
आसन बैठे देखिया, शाणाजी सुख धाम ।।

दिलकी जलन सब मिट गई, अनुरागी हुवे शाह ।
शाणाजीके चरणमे, आय झुके पादशाह ।।

सत्ता मदमे भूलके, खोई बैठे इतबार ।
सांया मोहे कीजो क्षमा, बक्षो गुना हमार ॥

ભક્ત શાણાજીની સતામણી કરવા માટે આવેલા બાદશાહ શાંત ચિત્તે તેમના ચરણે પ્રણામ કરી પાછા ગયા. સંત પુરુષને એવી વાતોની જાણકારી હોતી નથી અર્થાત્ તેઓ આ પ્રકારના લૌકિક વિષે અજાણ હોય છે, તેવો તો પોતાના ઈષ્ટ દેવતા સાથે, આરાધ્યમૂર્તિ સાથે તદ્રૂપ બનેલા હોય છે. આ મહાપુરુષના અંતર્ધાન વિષેની નોંધ એવી જણાઈ છે કે :-

शाणाजी पडदे हुआ, ता दिनका कहु बयान ।
अगली रैन गुरुदेवजी, दरशे कृपा निधान ॥

गुरुजी मे आवन चहु, अब तो तुमारी पास ।
चरण कमलमे रखे, मै हुं तुम्हारा दास ॥

शाणा सदा मेरा रहा, मोसे कहा न दूर ।
मेरा सोही मेरा बने, मोसे रहे हजूर ॥

એવી રીતે શાણાજીએ આત્યંતિક ઈચ્છા પ્રદર્શિત કરી સદ્‌ગુરુ ચરણે તેઓ વિરામ પામ્યા. એવા આ નિરાભિમાની સંત સર્વેને કહેતા હતા કે; મારામાં કંઈ જ નથી, હું તો સદ્‌ગુરુનો સેવક છું. સર્વ કરુણા અને લીલા સદ્‌ગુરુની છે.

शाणाजीमे कुछ है नहीं, कर्ता सो सद्‌गुरुदेव ।
मै तो सेवक उनही का, सदा उन्ही की सेव ॥



પ્રકરણ - ૮

❖ સમાપન ❖

ભાઈ જેમ દૂધમાં ઘૃત છુપાયા, અને તેણે પ્રગટ દેખે કોય રે,
પણ જો ન માંહેથી મંથી બાહેર કાઢીયે, તબ જા ઘૃત હોય રે.

'મુનિવર ચેતાવણી'

દૂધમાં ઘી છુપાયેલું હોય છે તે મંથન કર્યા સિવાય પ્રકટ થતું નથી. તે પ્રમાણે પ્રત્યેક વસ્તુ કે પ્રાણીમાત્રમાં આત્મ ચૈતન્ય રૂપે પરમાત્મા છુપાયેલા હોય છે, પરંતુ વિચાર મંથન કર્યા વગર તેઓની જાણકારી મળી શક્તી નથી. તે પ્રમાણે દરેક માનવમાં મહાન ધર્મ વ્યાપ્ત છે પણ વિચારોના મંથન સિવાય માનવતા ધર્મ પ્રગટ થઈ શક્તો નથી. મહાન વિચારો બુદ્ધિ સિવાય આવે નહીં અને બુદ્ધિનું પ્રાબલ્ય મનોમંથન સિવાય થાય નહીં. મનમાં અખિલ વિશ્વનું ચૈતન્ય છુપાયેલું છે પણ સ્વને તેની જાણ થતી નથી, કારણ પોતે મન જડ છે. તેને આત્માનો ચૈતન્ય પ્રકાશ પ્રાપ્ત થયા વગર તે પ્રકાશી શકતું નથી. એ આત્મિક ચૈતન્યરૂપ પ્રકાશ પણ પ્રત્યેક મનમાં ભરેલો જ હોય છે પરંતુ અજ્ઞાન - અવિદ્યાનું કાજળ તે પર છવાયેલું હોય છે તેથી તે તેને સમજી શકાતું નથી. વૈરાગ્ય, વિચાર અને સતત અભ્યાસ વડે આ અવિદ્યાનું કાજળ કાઢી શકાય છે. આકાશમાં છવાયેલું વાદળ દૂર થયા બાદ સૂર્ય જે પ્રમાણે દેદીપ્યમાન થાય છે તે પ્રમાણે અવિદ્યાના અસ્તિત્વને મિટાવ્યા પછી આત્મ ચૈતન્ય પ્રકાશ દેદીપ્યમાન થાય છે.

સત્‌પંથ પ્રેમી બાંધવો ! આ અવિદ્યા, માયા કે અજ્ઞાન નિવારવા માટે આપણા સત્‌પંથ પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે મહાન તત્ત્વજ્ઞાન ગ્રંથ સંપદા આપણા માટે નિર્માણ કરી રાખેલ છે. સદ્‌ગુરુ મહારાજ પોતાના સદ્‌શિષ્ય રૂપ બાળકને જ્ઞાનામૃત પીવડાવવામાં ક્યારેય કમી રાખેલ નથી. પરંતુ બાળક રડવા લાગે ત્યારે જ માતા જે પ્રમાણે તેને સ્તનપાન કરાવે છે તે પ્રમાણે જ્ઞાન પ્રાપ્તિની ભૂખ લાગે ત્યારે તે ભૂખ તૃપ્તિ માટે, યોગ્ય

અધિકારી વ્યક્તિ દ્વારા કે ગુરુ, સંત, મહાત્મા પુરુષ પાસે ગયા વગર આ જ્ઞાન ભિક્ષા તેને મળે નહીં. આજે આપણે ભૌતિક સુખમાં ગમે તેટલા પ્રમાણમાં આળોટતા હોઈએ (વસ્તુતઃ તે સુખ હોતું નથી, સુખનો કેવળ આભાસ હોય છે) તો પણ આત્મિક, માનસિક શાંતિ સિવાય બધા પ્રકારના સુખો ક્ષણિક હોય છે.

ભૌતિક અથવા લૌકિક સુખથી માનવ જીવનની પૂર્ણતા આવી શકતી નથી. આત્મિક કે માનસિક સુખથી માનવી પૂર્ણ તૃપ્ત બની શ્રેય લાભ નિર્માણ કરી શકે છે. સંસાર કાર્ય માટે, ઉદર નિર્વાહ માટે જે પ્રમાણે આપણે અવિશ્રાંત પરિશ્રમ કરતા હોઈ છીએ, તેમાં ઉણપ પડવા દેતા નથી. ખરેખર ઈંદ્રિયજન્ય સુખોની પૂર્તિ માટે જ આપણે પરિશ્રમ કરીએ છીએ, પરંતુ પરિણામ સ્વરૂપ ખોખોની રમત પ્રમાણે તે સુખ આપણા પલ્લે પડી શકતું નથી. કોઈ એક ભાગ્યવાનને જ તે સુખ પ્રાપ્ત થઈ શકે છે, બાકી તો સંસારની રજળપાટમાં રગદોળાઈ જઈ તે સુખથી પણ વંચિત થઈએ છીએ અને પરમાર્થમાંથી પણ અલિપ્ત બની જવાય છે. આ વાતનો સત્પંથના સાધક બાંધવોએ વિચાર કરી સવેળા જાગૃત બની જવું. હાથમાં આવેલ મનુષ્ય જન્મ સ્વરૂપ અમૂલ્ય અવસરને એળે જવા દેવા નહીં. ભૌતિક સુખમાં મગ્ન રહી શ્રેય પ્રાપ્તિને વેડફી ન દેવી.

પ્રેમી બાંધવો ! આપણા સર્વના સદ્ભાવ પ્રેરણાથી અને સહકાર્યથી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની મોટા ભાગની સર્વ ગ્રંથ સંપદા એકેક પુષ્પ આપણા હાથમાં સમર્પિત કરવાનું કર્તવ્ય યથાશક્તિ, યથાબુદ્ધિ અને યથાપરિસ્થિતિએ કર્યુ છે. દરેક સત્પંથી બાંધવનું કર્તવ્ય છે કે આપણી આ ધર્મસંપદા, જ્ઞાનગ્રંથ સંપદા દરેકના ઘેર હોવી આવશ્યક છે. આપણને અને આપણી ભાવી પેઢીને પરંપરાગત આ જ્ઞાન સંપદાનો લાભ થનાર છે તે નિશ્ચિત છે. ઘરમાં ધર્મગ્રંથ હોય તે ઘરનું ભૂષણ છે, એટલું જ નહીં પણ જે ઘરમાં ધર્મગ્રંથ, સદ્‌ગુરુ મહારાજ અને ઈષ્ટ આરાધ્ય દેવતાનો ફોટો - પ્રતિમા હોય છે અને તેમની ધૂપ દીપ પુષ્પોથી દરરોજ પૂજા કરવામાં આવે છે તે ઘરમાં કોઈ પણ પ્રકારનાં વિઘ્નો પ્રવેશ કરી શકતાં નથી. એવું અનુભવ સિદ્ધ મહાપુરુષોનું વચન છે. આપણે પણ તેનો અનુભવ કરવો અને સુખ-સંપન્ન અને ઉન્નતમય થવું એ જ આંતરિક અભિલાષા અને શુભેચ્છા.

- પ્રકાશક

realpatidar.com